पद्मकुमारी

૭૦૮૯

ध्रकुमारी.

(પ્રથમ ભાગ.)

લખનાર,

ચતુરભુજ માણેકેશ્વર ભટ્ટ.

અમદાવાદ.

શ્રી "ગુજરાત" પ્રિન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

સંવત ૧૯૫૫. સને ૧૮૯૯.

મૂલ્ય બાર આના.

પ્રસ્તાવના.

કોઇએક દેશમાં, આખો જનસમુહ સાંસારિક રિવાજોમાં અમુક રીતે વર્તન કરે, એનો આધાર એ દેશમાંના અમુક અગ્રેસરો પર છે; જાહેર છાપાં લખનાર, સર્વમાન્ય થાય એવાં પુસ્તકો લખનાર, જાહેરમાં વ્યાખ્યાનો આપનાર, એવા સ્વદેશહિતેચ્છુ પુરૂષોનો આ વર્ગમાં સમાવેશ થાય છે. એમની જે દિશામાં કલમ અથવા જીભ ચાલે, તે દિશામાં—જાદુગરની લાકડી જડ પદાર્થને દોરે તેમ—આખો દેશ પોતાના હાથ, પગને મન ચલાવે છે. એવા પુરૂષોના લખાણ અને શબ્દોમા, ઇશ્વર કૃપા ! કંઇક વિજળિક અસર છે, જે પ્રજાપર અંકુશ રાખવામાં સાધનભૂત થય છે; પ્રજાને અમુક રસ્તે જવા પ્રેરે છે, સ્નેહ ઉત્પન્ન કરે છે, અપ્રીતિ કરાવે છે, ખાડામાં નાંખે છે, ટેકરા પર ચડાવે છે, ધાર્યું કરે છે.

પણ આ નિયમ લાગુ પડવા માટે એક વાત ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે; એ દેશમાં કેળવણી રહિત એકપણ પુરૂષ કે સ્ત્રી મળી આવવી ન જોઇએ કેળવણી એટલે એકલું વાંચતાં લખતાં આવડતું જોઇએ. એમ નહિં પરંતુ દેશમાં ચાલતા ‘મહા સવાલો’ (Problems) ની તરફ—તેમને સમજવા જીજ્ઞાસા ઉત્પન્ન થયા પછી—લક્ષ ખેંચાવું જોઇએ, અને તે સમજવા માટે શક્તિ જોઇએ, એ સવાલોમાં ભાગ લેવાની ઇચ્છાને હિંમત જોઇએ—આ બધું કરવાને પૂરતું જ્ઞાન જોઇએ, તેનોજ અર્થ આ ઠેકાણે ‘કેળવણી’ સમજવો. ઉચ્ચ સ્થીતિનાં સ્ત્રી પુરૂષો તો સ્કુલો અને કોલેજોમાંથી એ જ્ઞાન સંપાદન કરી શકેજ, પરંતુ મધ્યમ સ્થીતિનાં માણસો પણ, દેશમાં શું થાયછે, એ સમજતાં હોવાં જોઇએ. મજુરો પણ અન્ન વિના ન ચાલે તેમ ‘છાપા’ વિના નજ ચાલે, એવું સમજતા હોવા જોઇએ!

આ ઉપરથી, આર્યભૂમિને આ નિયમ લાગુ નહિ પડે એ સમજાયું—કારણ, આપણા દેશમાં હજુ ‘કેળવાયલાઓ’ની સંખ્યા બહુ જુજ છે. ભણેલાઓને તો મ્હોટાં શહેરોમાંજ માત્ર દેખીએ છીએ અને એવાં શહેરોની સંખ્યા નાની છે. નાનાં નાનાં અસંખ્ય ગામડાં થઇ. આ હિંદુસ્તાન દેશની વસ્તીનો મ્હોટો આંકડો આપણે જોઇએ

છીએ. ઇંગ્લંડ જેવા સુધરેલા દેશમાંથી આવી, એપોલો બંદરપર ઉતરી, મુંબઇ નગરી જોયા પછી, એ મુંબઇ રૂપી-ચસમાંથીજ આખું આર્યસ્થાન કોઇ નિહાળે, તો અમેરિકા કરતાં પણ આ દેશ સુધરેલોને સુખિ હશે એવી ભૂલ ભરેલી ગણના કરે!

ત્યારે હવે પ્રશ્ન થાય છે કે 'આ આર્ય ભુમિમાંના અસંખ્ય મનુષ્યોને, ઉપર કહ્યું તે પ્રમાણે તેમના સાંસરિક રીત રિવાજો સાચવવા—અથવા ખોટા હોય એમ માલમ પડતાં તેમને ફેંકાડી નાંખવા કોણ કાબુમાં રાખી દોરે છે?!' કેળવાયલાઓને માટેતો કદાચ કેળવણીના અગ્રેસરો છે એમ ઉત્તર આપી શકાય. પણ વગર કેળવણીના અજ્ઞાન પશુ જેવા પામર જીવો જે દરેક કોમમાં, ઓછા વધતા, માલમ પડે છે, તેમને "આમ કરોતો સુખી થશો" એમ કહેનાર કોણ છે?

આર્યોને માટે એક રીતે, 'આર્યશાસ્ત્રો એક મહાન ઉપદેશકની ગરજ સારે એવાં છે' એમ કહી શકાય, પણ તે આ સમયમાં નહિં. હમણાં તો જે ભાષામાં અસલ તે લખાયલાં તે લગભગ, વિપરીત સમય આવવાથી, નષ્ટજ થઇ હતી, અને એનો પુનરોદ્ધાર કરવાનો હજુ પ્રયાસજ ચાલે છે એમ કહેવાય. વળી વિપરિત સંયોગોને લીધે, કેટલીક શાસ્ત્રની સુચનાઓનું એવું વિચિત્ર રૂપાંતર થઇ ગયું છે કે સમજુ પુરૂષોને અત્યંત ખેદ થાય છે; અને આવા વખતમા જો 'અમુક રિવાજ શાસ્ત્રથીજ વિરૂદ્ધ છે,' 'એમાં ફેરફારની આવસ્યકતા છે,' 'આર્યશાસ્ત્રો આમ કહેજ નહિં,' એવા શબ્દો જો અજ્ઞાની લોકોને કાને પડેતો, બાળકે સાપ ઝાલ્યો હોય અને 'મૂક, સુખી થઇશ,' એમ કહેવાથી ઉલટું રડે, હઠ કરે, એના જેવું થાય છે!

કેળવણીનો બરાબર ફેલાવો થતાં હજુ બહુ સમય જોઇએ. તે દરમીયાન સાંસારિક દુષ્ટ કુચાલોના પ્રતિબંધન થી અજ્ઞાન લોક જે વિટંબના સહન કરે છે, તે જોઇ સમજુ પુરૂષો ખેદ કરી અશ્રુપાત કરે છે. કેળવાયલા પુરૂષોથી એમની નિંદા સહન કરી એમને સુધારવા—ઉપદેશ કરવા પ્રયત્ન કરવાનું કામ કડવા ઓસડ જેવું લાગે છે. કોઇ

ઉત્સાહની લાગણીથી દોરાઈ, કોઇ નિઃસ્વાર્થ બુદ્ધિથી, કોઈ સ્વદેશ પ્રેમથી, પોતાના ઉભરા 'ધી ઇન્ડિયન નેશનલ સોશીયલ કોનફરન્સ' રૂપે બ્હાર કહાડે છે. પણ તેથી ઇચ્છિત કાર્ય સિદ્ધિનું દર્શન થતું નથી. 'સંતોષ માત્ર' ફલ રૂપે રહે છે. કોંગ્રેસની પેઠે એવાં મંડળ વિજયી નીવડે, એ બધું "માંહી કોણ કોણ છે? કોની સલાહથી થાય છે?" ઇત્યાદિપર આધાર રાખે છે. સંસાર સુધારો કરવો—કોઇ જ્ઞાતિમાં અમુક ધારો પસાર કરવો, એ બધું એ જ્ઞાતિના શેઠિયા પર છે. જેમને એ શેઠિયાઓ "ભ્રષ્ટ થએલા" "બુટસેલો (!)" ઇત્યાદિ ઉપનામ આપતા હોય, તેમણે બહેતર છે કે એવી હીલચાલોમાં કાંતો ભાગજ ન લેવો, અથવા એમનેજ અગ્રેસર રાખી કામ લેવું જોઇએ.

પણ આ નિર્જન વનમાં કરેલું રૂદન સાંભળે છે કોણ? હાલનું 'સોસીયલ કોનફરન્સ' કંઇપણ મહાકાર્ય કરે, તો તે એકજ છે. તે એ કે, દરેક મેમ્બર **ગામડાંમાં** જઇ વર્ષમાં દસથી વીશ ભાષણ આપે—ને શાસ્ત્રથી ઉલટું નહિં જોઇએ—કથા કરનાર શાસ્ત્રીઓની પેઠે થવું જોઇએ! શહેરમાંતો બધા સમજે છે કે 'ફલાણું ખોટું છે' 'મરે એટલે કુટવું એ અજ્ઞાન' 'સંમતિથી લગ્ન થાય તો પરિણામ સુખકર આવે છે' 'બાળલગ્ન બંધ પડેતો સારૂં' ઇત્યાદિ.

કથા કરનારા શાસ્ત્રીઓ પોતેજ આ કામ ઘણી ઉત્તમ રીતે કરી શકે એમ છે. પણ એ એમના વર્ગનાજ હોય છે!! માટે, કેળવાયલા આર્યો! આ ગુરૂ શિષ્યોની ગાંઠમાં વિઘ્ન નાંખી એ ગુરૂઓને પદભ્રષ્ટ કરી નવા ગુરૂ થતાં આવડશે? એમ કરવાથીજ 'સંસાર સુધારો' થશે—ને અવશ્ય થશે. કેળવણીનુ સાર્થક કરવું છે? અંતઃકરણમાં સ્વદેશાભિમાન—સ્વધર્માભિમાનની લાગણી છે?

કેળવાયલા ગ્રહસ્થોની પેઠે જ્યાં અજ્ઞાન લોકોનો સમુહ મળે છે, તેવા સ્થળોમાં—કોઇપણ સ્થિતિમાં રહેતા વિદ્વાનો, કંઇક વધારે કરી શકે તેમ છે; દાખલા તરિકે, ભજન કીર્તનશાળા, ને નાટકશાળાઓ.

ભજનકીર્તનશાળા કરતાં પણ નાટકશાળામાં અજ્ઞાન લોકોનું વલણ બદલી, એમનો સંસાર સુધરે એવી લાગણી

ઉત્પન્ન કરવાની ઉતમ તક છે—કારણકે સાધારણ હાવભાવથી રીઝી, લઘુમન એમાં આનંદ માને છે—તે સમયની એ મનની એ સ્થીતિનો લાભ લઈ, નાટકકાર ધારે એટલો દેશને લાભ કરી શકે છે. પરંતુ જોનારાની જરાપણ લાગણી વિરૂદ્ધ વર્તન થાયતો સ્વાર્થમાં ખામી આવે એમ કેટલાક ધારે છે; એ ધારવું ભૂલ ભરેલું છે, એ કહેવાની જરૂર નથી. પ્રજાનું એક બાજુથી વલણ ફેરવી બીજીબાજુએ લાવવું એ એક જાતનું ચાતુર્ય છે, ને જરાપણ નુકશાન થયા વગર અર્થ સરી શકે છે. માણસનું મન સીસમના લાકડા જેવું નથી, પરંતુ નેતરના જેવું છે, વાળ્યું વળે છે; તેમ કરતાં આવડવું જોઈએ. આધુનિક નાટકકારો શું કરે છે, ને શું થવું જોઈએ, એ બતાવવાના હેતુથી આ પુસ્તક લખવાનો શ્રમ કર્યો છે.

પ્રથમતો હાલનાં અસંખ્ય નાટકોમાં 'દેશની મ્હોટી ભૂલ આપણ જોઈએ છીએ. પ્રેક્ષકોને રૂચિકર લાગે માટે એક લડાઈ તો અંદર અવશ્ય હોયજ હોય! ને તે બીજા કોની લાવે? માટે હિંદુને મુસલમાન રાજાઓ વચ્ચેજ થયેલી હોય છે! હીંદુ અને મુસલમાન બાન્ધવો વચ્ચે આધુનિક કાળમાં, ઘણે સ્થળે કંઈક ગેરસમજથી કુલડો થયા છે; બેઉ કોમના અજ્ઞાન લોકોમાં કહેવાતી 'ધર્મની લાગણી' બહુ સાચવી, બન્ને કોમને સલાહ શાંતિ બતાવવાનો સમય છે. તેવે વખતે એક બાજુથી જ્યારે—સમય વીતવાથી—એ લોકો ભૂલવા માંડે છે, ત્યારે બીજી બાજુથી નાટકકારો—જો કે બહુજ થોડે અંશેપણ—પુનઃસુજીવન કરી, પ્રેક્ષકોને માલમ ન પડે તેમ એ લાગણીનું પોષણ કરે છે! આવું જાણીને કોઈ કરતું નથી, પરંતુ નાટકોનાં વસ્તું એવાં શોધી લાવે છે કે. આ દોષ અંદર હોયછેજ.

નાટકની અંદર દુર્ગુણી પુરૂષોનાં તોફાનો જોઈએ તેથી વીશેષ થાય છે. આખા નાટકમાં—જેમ એક આખી જીંદગી દુર્ગુણમાં—કુટિલતામાં, ગઈ હોય તેમ એક પાત્રે વર્તણુક ચલાવી હોય તેને "આ માણસને દેશ નીકાલ કરો!" એટલીજ એક પગવાર સુધી સત્ય રીતે જોતાં ચાલેલી, શીક્ષાથી ધારણા બર કદી ન આવે. મૂળ જો

નારા લગભગ એ પાત્રના જેવા ભેગા થયા હોય, તો તો વળી વાતજ શી? જ્યાં સુધી નાટક ચાલે ત્યાં સુધી એમની લાગણીઓને ઉત્તેજન મળે, અને દુર્ગુણની છાપ છેક ઉંડી પેસે, તેને પેલું શિક્ષાનું વાક્ય નિર્મુળ કરવાને સમર્થ છે? દુર્ગુણીને તો પ્રેક્ષકોના દેખતાં દુઃખ પડવું જોઇએ, ત્યારેજ એ સમજે કે આમ ન કરવું જોઇએ; વળી સદ્ગુણી, વિવેકીને સત્યવાદી પાત્રનું એટલું બધું ચલણ દેખાડવું જોઇએ કે તેના મ્હોડામાંથી પડતા શબ્દો દરેક પાત્ર પણ ઝીલી લે છે એમ જણાય—ત્યારેજ પ્રેક્ષકો પણ એ સ્વીકારે, સમજે, પોતાનું અંતઃકરણ ખોલી જુએ, પસ્તાય, ને કદાચ સુધરે.

કેટલાંક નાટકો ત્રણથી તે ચાર વાગ્યા સુધીનો બંધ નથી થતાં! આથી લોકોની તન્દુરસ્તીને કેટલું બધું નુકશાન છે? કારણ એમ કેટલાક લાગે છે કે ઘણો લાંબો વખત "ગમ્મત" ચાલે તો અજ્ઞાન વર્ગ સમજે કે પૈસા પડાવી લીધા નથી!! સમજુ—કેળવાયલા વર્ગમાંથી કોઇ આવ્યું હોય, ને કંટાળો આવવાથી ચાલ્યું જાય તેની ગણત્રી ત્યાં નથી રહેતી. ઇંગ્લાંડમાં જો નાટક કરતાં બાર વાગી જાય તો નાટક એકલી ખાલી ખુરસીઓજ જુવે છે!! આ વાત જાણીતી છે. આથી નાટકો એવી રીતે યોજેલાં હોય છે કે બાર વાગતાં પહેલાં પુરાં થાય. આપણા દેશમાં ત્રણ અંક સરખા ગણે છે. તેમાંથી ત્રીજો છેક ટુંકો રાખતા હોયને સાત વાગે શરૂ કરતા હોય તો ધાર્યા પ્રમાણે ઉતરી શકે. લાંબો વખત ગમત ચાલે એ જોવાનું નથી. અંદર શું શું છે. એ વિચાર કરતાં પ્રેક્ષકોને શીખવવું જોઇએ, ને તે અશક્ય નથી.

અંદર આવતા દેખાવોની યોજનામાં દ્રવ્યનું કામ છે, એ ખરી વાત છે. પરંતુ જે દ્રવ્ય નાટકકારો સાધારણ પડદા પાછળ ખરચતા હશે તેથી કંઇક વાજીપથી જરા મહેનત કરે તો છેક હાંસીને પાત્ર થાય છે તે ન થાય. દરિયો, નદી, દેખાડવા માટે પાટિયાં ચીતરીને હલાવે છે!! આ કેટલીવાર આંખને અજાયબી આપી શકે? શું નાટકકારો એમ સમજતા હશે કે જોવા આવનારા છેક બેવકૂફ હશે કે

પાટીયાંને પાણી માની લેશે !! આ ઓગણીશમી સદી પુરી થઇ, અને વીશમી બેશશે, ને માણસ કેવાં પાવરધાં થશે તે કહી શકાતું નથી! નાટકકારો ધારે તો પર્વત, નદી, જંગલ, ઇત્યાદી રમણીય દેખાવો આબેહુબ રજુ કરી શકે કંઇક દ્રવ્યનો વ્યય, કંઇક આળસનો ત્યાગ ને, ખંત, વગર તો કશું બને નહિં. પાત્રોની ઉમર ઉપર તો એકે કંપનીમા જરાએ લક્ષ અપાતું જણાતું નથી. બાર બાર વર્ષનાં રાજારાણી રાજ્યકારભાર ચલાવે છે! લડાઇઓ કરેછે, ને વનવાસમાં જાયછે. એ વખતે જાણે કૃષ્ણની બાળલીલા થતી હોય--રાસ રમાતો હોય એવો ભાસ થાય છે! બીજાં યોગ્ય પાત્રો ન મળી શકતાં હોય એવાત ખરી છે, અને મ્હોટા-ઉમરે પહોંચેલા છોકરાઓ નાલાયક ઠરતા હોય તેમ પણ હોય. પરંતુ જ્યાં સુધી એ ખોટ પૂરી ન પડે ત્યાં સુધી એ ભૂલતો ગણાયજ.

બીજી અસંખ્ય નાની નાની ભૂલો જોવામાં આવે છે. અમુક કાર્ય દીવસે થાય છે, એમ બતાવતી વખત પણ અંદર દીવા પ્રત્યક્ષ દેખાય છે! એક પણ દીવો દેખાઇ ન શકે છતાં પૂરતો દિવસ પ્હોંચી શકે એ યોજનામાં ઝાઝી મ્હેનત જણાતી નથી. નનાં બાળકોથી તે મ્હોટાં સુધી, (જ્યાં મોડું થાયને ઉંઘનાં ઝોકાં આવે અથવા શ્રમ પડે એટલે) પોપટની પેઠે બબડી જતાં દેખાય છે. એ શબ્દો ગમે તેટલા રસિક હોય પરંતુ નાંખી દીધા બરોબર થાય છે. ઘણાં પાત્રો કર્તાના જવાહીર જેવા વચારો, ઉતાવળે બોલી અગર બીજી ગફલતથી સાધારણ શબ્દોમાં કહાડી નાંખે છે; કેટલેક ઠેકાણે તોફાનની હદ રહેતી નથી. કેટલેક ઠેકાણે અસભ્યતા છેક સુધી દર્શાવવાની મુર્ખાઇ કરવાથી જોવા આવનાર સ્ત્રી પુરૂષને શરમાવું પડે છે, મર્યાદા સચવાતી નથી. કેટલે ઠેકાણે ક્ષત્રાણિયોના અંતઃપુરમાં, રાજાના મિત્રો ઇ. પ્રવેશ કરે છે! બીજી અક્કલની ખામીને લીધે ભુલોનો આવે, માણસ માત્ર દોષને પાત્ર છે. પરંતુ ઓગણીસમી સદીના સુધારા જોડે સરખાવતાં 'નાટકો' છેક અધમ દશામાં ન હત--પ્રજાને ઉંડા અનીતિ કૂપમાં ન નાંખતાં હત, તો આ પુસ્તક લખવાનો પરિશ્રમ ન કરત.

PREFACE.

Social problems have puzzled many generations—and in every nation. The reason is, that, God has left, it seems, for mankind to regulate their dealings with each other, in a way that would conduce to their welfare, and bring about a healthy progress—and this has become a difficulty. With us—Aryans, it is a proportionately more difficult task in as much as, many social questions are interwoven with religion. We are those who cannot change a custom without changing the word "religion"!

The best sons of India have been in life-long anxiety for the removal of several pernicious customs from the Hindu community. It was the life-work of Karsondas Mulji. It is the chief work of the hon. Mr. Justice Ranade, if not the main work. Hundreds of other enlightened Indian gentlemen, who are seen at the Indian National Social conference platform, have at their heart, the removal of those bonds, in which masses have lately incorporated religion-bonds which have more authority vested in them than an emperor—bonds which run riot into the heart of a progressing nation—bonds which if left without being shattered will lead to irreperable mischief—will undermine the whole community.

But, do the labours of our many reformers show us any satisfactory results?

Do we really progress in social matters? Ala s! the answer is a most emphatic denial.

The reason is, that in our hurry and anxiety to accomplish our object, we forget the masses—people who form the major portion of our community, to join us. It looks, as it were, the front of a soldiers' rank, is marching speedily, and the rear—the lame—the wounded—the sick—are left unseen in the horison!

We ask our rulers to consult the ruled, in matters affecting the administration of this country, but we ourselves, who stand almost in a position of rulers of social matters to the masses—we who are the Rishis of this Kaliyuga, neglect the ruled entirely! we claim justice, we claim equality, we claim fair play, but, pray, what is our behaviour towards those that want from us, justice, equality and fair play?

We want our widows remarried—we want to have our children attained maturity before they are handicapped with matrimonial ties—we want to close for ever the disgusting matrimonial market—a curse to our country, and a stain to our civilization! We want to put a stop to the shameful farce, displayed by our women, on mourning occasions! We want a hundred similar resolutions passed; but everything done, every resolution passed, without the consent and co-operation of the unlettered caste-people, is all simple moonshine!

The resolutions passed without their aid, shall stand for ever on paper; for, when the occasion arrives at our place, we shall dispay a lamentable lack of the required moral courage, to withstand the counter-forces of the unlettered! This may seem strong, but it is the truth.

The best telescopes of imagination, must most lamentably fail, without the observance of this guiding principle—taking into confidence the masses.

The way in which their co-operation may be saught is very simple—and I have made the experiment, times without number, with success!

If a reformer has the good of his country at heart, he must go from town to town, from village to village, and educate the masses. He must speak to them—not in platform oratory, for, they would not have it, but in simple natural vernacular; he must show them, in clear terms, that the Shastras they possess, are misinterpreted; he must go on, and go on until he finds that the gulf which exists between the educated and the uneducated is enirely bridged over.

Full remarks upon this subject would necessitate a separate pamphlet.

This book is written with a view that the dramatist, who comes in close contact with the masses, may embrace the op-

portunity he so nicely gets, (if he happens to be a true reformer, and a lover of his country,) of putting choice words into the mouth of the actor which would throw light npon the many social questions of the day. Our dramas do not run with the century they exist in; many of them have much of humbug in them, which not only keeps the people in dark about real progress, but rather, has the effect of misleading them.

The present book shows the kind of plot they may choose, with advantage to the public and gain to themselves. It directs them to the many social questions they can touch; and that they can also give a flying touch to politics of native states, as well as of the British Raj, bearing always in mind that they have to create and maintain, affection, between the rulers and the ruled.



પદ્મકુમારી ....અબોધશંકરના (સ્વર્ગવાસી) ભાઇ કુશળરામની (આધુનીક સમયમાંની કે જીવાયલી પુત્રી (નાયિકા.)

માલતી ....પદ્મકુમારીની સખી-(અંબાશંકરની પત્ની.)

વિજયા ....પદ્મકુમારીની સખી—


સુમતી ગવરી........અબોધશંકરની ધર્મપત્ની.

યશોદાબાઇ ....ભાનુશંકરની માતુશ્રી

ગુમાન ....એક બાળ વિધવા-રમણલાલથી આડા વ્યવહારમાં—

પ્રેમકોર— } જીવરામની હયાત સ્ત્રીઓ.
વખત— }
દીવાળી— }

તે સિવાય અન્ય સખીઓ, વકીલ, પોલીસના સિપાઇઓ, નોકરો, ભૂતડાં વગેરે વગેરે.



મુખ્ય પાત્રો—

ભાનુશંકર.........વિબુધનગરનો એક આધુનીક સમય નો કેળવાયલો બ્રાહ્મણ યુવક.(નાયક)

અંબાશંકર ....ભાનુશંકરનો એક બ્રાહ્મણ મીત્ર.

પેસતનજી ....ભાનુશંકરનો એક પારસી સ્નેહી.

શેખ મહમદ.........એક કેળવાયલો મુસલમાન ગ્રહસ્થ ભાનુશંકરનો સ્નેહી.

જીવરામ ....'બ્રાહ્મણ' ઉપનામ ધરાવતો એક દુરાચારી પુરૂષ.

રમણલાલ ....એક ધનાઢ્ય ગ્રહસ્થનો ઉડાઉ પુત્ર જીવરામનો દોસ્ત.

અબોધશંકર ....વિબુધનગરનો એક ભોળો અશિક્ષિત બ્રાહ્મણ ગ્રહસ્થ

મદનસીંહ ....વિબુધ નગરની પાસેના પોકળપુર રાજ્યમાંનો બહારવટીઓ.

છોટાલાલ ....કુશળરામના વખતનો અબોધશંકરનો નિમકહલાલ ગુમાસ્તો—

પુંજીઓ ....જીવરામનો નોકર

હીરો ....ભાનુશંકરનો નોકર

બાલસિંહ.
ગુલાબસિંહ.
હીરીયો
બદુરીયો
} મદનસીંહના મળતીયા—

ઉત્તમરામ ....પોકળપુરનો લગ્ન થયા વગરનો એક વિદ્વાન બ્રાહ્મણ યુવક.

પદ્મકુમારી

અથવા

આધુનિક નાટકોનો ઉદ્દેશ શો દેખાય છે અને શો હોવો જોઇએ.

નાન્દી.

સર્વાન્તર્યામિ સાચા, સકલ દુખહરા, ભક્તના સુધ ત્રાતા,
અદ્વૈતાનંદ દાતા, મુનિજન હૃદયે; સૌખ્ય નિધી ગણાતા,
આદિ અંતે રહેલા, ભવજલ તરવા, સેતુરૂપે મનાતા,
દેજો શાંતિ તમોને! ભવ ભય હરતા, તાત માતા વિધાતા.

જય જય શારદ જગ જનની,
જય સરસ્વતી ! દેવી ભગવતી (૨)
શાંતા (૨) શારદા (૨)
હંસવાહિની, વેદ દયાગની. ...શારદ...
પદ્માસની સુરલોક વાસિની,
જગત્ પ્રણમ્ય અગમ્ય ગામિની,
કવિકુલ અર્ચિત કુસુમ ધારણી,
ભયહર સકલ ભુતલ વિહારિણી,
હારિણી, હારિણી. કષ્ટ સંહારિણી,
ચતુર ભુજા ! સેવક સુખ કારિણી,...શારદ...
જય જય શારદ જગ જનની.

સુત્રધાર—થયું; વિસ્તારની જરૂર નથી. સરસ્વતી-દેવીની પ્રભા, આર્યસ્થાનના તિમિરમય ભાગોમાં, વેગથી પ્ર-સરવા લાગી છે. એ દેવીનું આગમન એજ જન સમુહનુ કલ્યાણસુચકચિન્હ છે. હજારો વર્ષની ગાઢનિદ્રાથી કાટ

ચડી ગયેલાં ગાત્ર વાળા આર્યજનોને ઉઠાડી, સમયાનુસાર ઉદ્યમ કરતાં શીખવશે. એ દેવીની કૃપા થઇ ત્યાં હવે શી-ન્યુનતા રહેશે?! સેંકડો વર્ષોથી—ઉધઇથી ખવાઇ જઇ, જ-ર્જરિત થઇ ગયેલાં શાસ્ત્રોને ફેરવાવી અધ્યયન કરવા અભિ-લાષી કરી મતી પ્રેરશે! વૈધવ્ય દશાને પ્રાપ્ત થયેલી સ્ત્રી-ની પેઠે, ઘરમાં ભરાઇ રહેલા ભીરૂઓને અન્ય દેશોમાં પર્ય-ટન કરી, વિવિધ શાસ્ત્રોનું અવલોકન કરવાને ઉત્સાહ આપ-શે! સર્વત્ર પ્રસરેલા અંધકારમાં પોતાનાં કિરણોની પ્રાસા-દિથી ઉજાસ આપશે. ભૂમિમાંથી એવાં એવાં નરરત્નો ઉ-ત્પન્ન કરશે કે આ ભૂગોળનાં મનુષ્યો, સાનંદાશ્ચર્ય પામી અ-નિમિષ આંખે જોઇ રહેશે!

પણ એ થવાને હજુ કંઇક સમય જોઇએ. ત્યાં સુ-ધી દારિદ્રના દુસ્તર સમુદ્રમાં ડુબવાથી આર્ત સ્વરે રૂદન ક-રતાં આ આર્યબાળોનો કોણ ઉધ્ધાર કરે? સમય કેવો પ્ર-તિકુળ છે? સ્વધર્મ નષ્ટ થવાની ભીતિ રહે છે! આચાર વિ-ચારનું પાલન લોક ભૂલી ગયાં છે. પૂર્વે, અસુરોએ સૃષ્ટિમાં રમખાણ મચાવી મૂકી પ્રજાની શાંતિમાં ભંગાણ પાડયું હ-તું, તેમ આ કળિયુગમાં રૂઢિ નામનો મહારાક્ષસ પેદા થ-યો છે, ને લોકોનો સંહાર વાળે છે!! પ્રજાનો મ્હોટો ભા-ગ પણ, સમય વિચિત્ર હોવાથી, એને આધિન થઇ, દારિદ્ર કૂપમાં ડુબ્યા છતાં, પાસે રહેલી યત્ કિંચિત્ વિભૂતિ એના ચરણમાં મૂકિ, એ રાક્ષસને શીર નમાવિ ચાલે છે!! શીવ! શીવ! શીવ! સુપથ બતાવવા નિઃસ્વાર્થી પુરૂષો પ્રયત્ન ક-રે છે, તેમને વિઘ્નો નડે છે, અજ્ઞાની જીવો એવા પુરૂષોને પથ સરળ કર્યાને બદલે ઉપર નિંદા રૂપી કંટક પાથરે છે! હોય! સર્વે યથા શક્તિ શ્રમ કરી આ દેવભૂમિને પૂર્વે અ-નુભવેલા સાંસારિક સુખોના દિવસોનો, યત્ કિંચિત્ અંશ દે-

ખાડવાનો છે, ને તે ગીર્વાણ ભાષાનો પુનરૂધ્ધાર થશે ત્યારે સંપૂર્ણ રીતે દેખી શકશે. (નટી તરફ જોઈ) પ્રિયે!

નટી—પ્રાણનાથ !

સુત્રધાર—મને ખાતરી છે કે ત્હારી યોજનામાં સઘળું મ્હારી ઇચ્છાનુસાર થયુંજ હશે.

નટી—પ્રાણનાથ! એમાં તે ખામી હોય? સર્વ પાત્રજનો મુખ ત્હિકારી આજ્ઞાનીજ વાટ જોઈ રહ્યાં છે.

સુત્રધાર—ના, ના; મેં જાણ્યું કે બીજા પ્રયોગો જે આપણ કરિયે છીએ, તે કરતાં આ પ્રયોગનો ઉદ્દેશ ભિન્ન હોવાથી તૈયારી કરવામાં કંઇ અગવડ પડે; એમ હોયતો સુધારી લેવું.

નટી—આર્ય પુત્ર ! આપની યોજનામાં શું સુધારવાની આવસ્યક્તા રહે ! અમારે તો આજ્ઞા પ્રમાણેજ શબ્દ સઃવર્તન કરવાનું છે.

સુત્રધાર—ના, ના, ના, ના; એમ નહિ ! ત્હારા શબ્દો અંદર રહેલો કંઇક ધ્વની સુચવે છે. આ 'વસ્તુ' તને પ્રિય હોય નહિ એમ કંઇક લાગે છે. મહારા સમ ! સાચે સાચું કહી દે !

નટી—આર્ય ! કંઈ નહીં !

સુત્રધાર—ઓઓતો મહીં કંઇક હોય ત્યારેજ "કંઈ નહી" "કંઇ નહીં" એમ બોલે !

નટી—ત્યારે, આપનો આગ્રહ છે, તો સાંભળો ! આપણ આ નાટય પ્રયોગ કરીશું તે બીજા કરીએ છીએ એવું કદાચ્ રસિક નહિ થાય એમ મને ભીતિ લાગે છે, ક્ષમા કરજો પ્રાણનાથ !

સુત્રધાર—હું સમજ્યો ! કેમ વારૂ ?

નટી—જુઓ, પ્રથમતો, આપણા આ નવા પ્રયોગ-

માં એકે વખત યુદ્ધો આવતું જ નથી! દરેક ઠેકાણે આપણુ યુદ્ધ બતાવી પ્રેક્ષકોનાં મન રંજન કરીયે છીએ! બીજું, આમાં એકે વેશ્યા તો આવતીજ નથી! પેલા આપણા "મદન ચાતુરી" નામના પ્રયોગ વખતે ગુણકાઓ આવતી એ સમયે શ્રોતાજનોપર કેવી આનંદ દાયક અસર થતી?! એના હાવભાવથી એ ઘડી આખી શાળામાં શાંતિ પ્રસરતી! વળી આમાં શોખીન લોકો ઝાઝા આવતા નથી! એવા પુરૂષો ઝાઝા રાખવાથી હાસ્ય રસમાં વૃદ્ધિ થાય છે કે નથી થતી?! વળી દ્યુત રમવાનું, મદ્યપાન કરવાનું, ઇત્યાદિ રમ્ય સ્થળો કંઇ સ્હેજસાજે પૂરાં નથી! એ બધા બનાવો વગરનું તે વળી નાટક? બધાં ભગતડાં ભેગાં કરવાથી મોળુ મોળુ ન લાગે?

સુત્રધાર—(ખડ્ખડ્ હસીને) શાબાશ! શાબાશ! વાહ, પ્રિયે! એ બધા પ્રસંગો લાવીએ, ને એવું એવું બહુ વાર ચલાવીએ તેની પ્રેક્ષકોપર શી અસર થાય?

નટી—પણ એ અસર પછી ધોવાઇ ન જાય? પછીથી એમને શીક્ષા કરીએ છીએ તે શ્રોતાજનો **સાંભળે** છે ને?!

સુત્રધાર—આખી રાત્રિ સુધી દુર્ગુણની છાપ બેસારીએ, એને છેવટનાં વાક્યો દૂર કરી શકે ખરાં?

નટી—ન કરે?!

સુત્રધાર—હું તને દીવસના ત્રેવીશ કલાકને પંચાવન મિનિટ એક દુર્ગંધ મારતા કસાઈ ખાનામાં બેસાડી રાખી બાકીની પાંચ મિનિટ અત્તરની શીશીઓથી સ્નાન કરાવી એક દીવ્યમહેલમાં એક મહારાણી પદ આપી બેસારૂ, તો જમા ઉધાર થઈ જઇ બધું સરખું થશે?!

નટી—છટ! છટ! છટ! છટ્! નાથ! એ શું બો-

ક્ષા ?! હુંતો મરી જઉં !

સુત્રધાર—તો પછી આપણે ત્યાં નીતિ શીખવા માટે, દ્રવ્ય ખરચી, ઉજાગરા કરી, પ્રેક્ષકો આવે, એમને અ-નીતિનાં કુંડે કુંડાં આપી છેવટ નીતિ બીંદુ આપીએ, એ-થી એ સન્માર્ગે ચડે કે કુમાર્ગે ?! એમ કરવાથીજ નાટક વાળાઓએ પોતાની ફરજની મહત્વતા ખોઇ નાટક શાળાને કલંકિત કરી નાંખીછેતો ! નાટકમાં આવનારા માણસો અ-ને સ્ત્રીઓ કેટલા હલકા વર્ગનાં હોય છે ?! અને જે જુજ ભાગ ઉચ્ચ સ્થીતિનો હોય છે, તેને શરમાઇ શરમાઇને કો-ઇદેખે નહિ એવી જગા નથી શોધવી પડતી ? આ **સત્ય** છે કે નહિ ?! આમ થવાનું કારણશું ? "નાટક" એટલે એક કલાલની દુકાન જેવું, વેસ્યાના નાચ સ્થાન જેવું, જુ-ગારી પુરૂષોના ઘર જેવું, એક 'સ્થાન'—એમ અર્થ થઇ પ-ડયો છે !! એનું કારણ એકે ઉચ્ચમનના માણસોએ 'નાટ-ક' ભજવવાનુ માથે લીધેલું નહિ, અને દુર્ગુણી પુરૂષોની ટો-ળીઓ નાટકને નામે કમાઈ ખાવા ફરી,નેલોકને 'નાટક' વીષે હલકો વિચાર ઉત્પન્ન કર્યો ! થોડાં વર્ષ ઉપરજ કેટ-લાક સાક્ષરોએ, 'નાટક' એ એક મહાન્ કાળિદાસના વ-ખતથી ચાલતું આવેલું મનુષ્યને ઇશ્વરત્વ પ્રત્યક્ષ બતાવવા-નું ઉત્તમ સ્થાન છે એવું દેખાડવા માથે લીધું છે. પણ તેમ-ને પણ પેલી ટોળીઓની સહેજ અસર મહીં મહીં આવી જાય છે !

નટી—ખરીવાત લાગે છે !

સુત્રધાર—નાટકકાર ધારશે તો દેશમાં મૂળ ઘાલી-ને પેડેલા કુચાલોને નિકન્દન કરી શકશે. નીતિ પંથ બતા-વી શકશે. સ્વધર્મ સમજાવી શકશે. સ્વદેશ પ્રેમ ઉત્પન્ન કરી અનેક જાતના ઉધમ કરવાનું સુચન કરશે. મનુષ્ય પણું કો-

ને કહીએ તે બતાવી શકશે. હાલનાં નાટકોમાં ઝેર ઘાલીને લાડુ જમવા અપાય છે, અને આમ કરવાથી અનીતિ થોડીજ બતાવી, તેની શીક્ષા પણ તાદૃશ્ય દેખાડી, નીતિનો થાળ આગળ પીરસવાથી—લાડુમાં અમૃત અપાશે; અર્થની જોડે ધર્મ સરશે; પરોપકાર થશે; અંતઃકરણમાં સંતોષ થશે; ફરજ બજાવી કહેવાશે; પ્રજા સુધરશે.

નટી—ખરેખર, એમજ છે પ્રાણુનાથ! આ મને પ્હેલાં કેમ ન કહ્યું ત્યારે?

સુત્રધાર—હાલ કહ્યું તો શી અડચણ છે?

નટી—આ મેં મિથ્યા આપની જોડે વાદ કર્યો, તે ન કરત!

સુત્રધાર—કંઇ અડચણ નહીં; મને એવી, તારા જેવી હૃદય કહે તેજ બોલનારી સ્ત્રી ગમે છે. વારૂ, ચાલો, સમય થયો છે.

નટી—તો આપની આજ્ઞાનોજ માત્ર વિલંબ છે.

સુત્રધાર—પણ એક સુંદર ગાયન સભળાવીને જા.

નટી—જેવી આર્ય પુત્રની આજ્ઞા! પણ શું બોલું?

સુત્રધાર—પેલું વસતરૂતુનું વર્ણન બોલ!

નટી—

મનહર મદન મિલાપિ વસંત સમય સુખકાર છે રે!
વિવિધ રંગી પલ્લવ નુતન સજ્યા શણગાર છે રે!
ગુલાબ રંગી ભાત ભાતનાં,
ચંબેલી જુઇ જાત જાતનાં,
માનનીને ઉર શોદ ઉછળે આ હાર છે રે[1]!...મનહર

---

૧ ઉર ધબકૂ ધબકૂ એટલા જોરથી થાય છે કે હાર પણ ઉછળે છે!

કુસુમ ગુચ્છ સઘળે દેખાયે, ખીલે, ખરે, વળિ વિદ્ધિ થાયે,
કુસુમશરતણા તેથી અધિક શું પ્રહાર છે રે[1]?...મનહર,
સમિર પરાગનું સગપણ સાચું, વસંત સમયે જોઇ હું રાચું,
સ્નેહ તણા ચાલે સઘળે વ્યવહાર છે રે...........મનહર
આમ્રવૃક્ષની નુતન ડાળિએ, કોયલ "ટૌહુ" "ટૌહુ"
કરતી ભાળિયે!
મદન દૂતનો મુરખ પતી શીર માર છે રે !!.......મનહર
કિંશુક છાઈ રહ્યાં છે સઘળે, એ સંજ્ઞા જઈ કોઇ કળિકળે!
નાક જશે, નહિ આવોતો ધિઃક્કાર છે રે[2].........મનહર.
કલહથી માનનિ મન ન મનાયે, "ઉહું" "ઉહું" કરીને,
દૂર ખસી જાયે!
ભલે પધારી વસંત હવે શા ભાર છે રે ?.........મનહર
રમે રસિલી સખી મદ ઘેલી, મદન રંગ રસ રેલમ છેલી !!
વિરહી તણો શું વસંત મહીં અવતાર છે રે........મનહર
જીવનથી ચિરકાળ જગતમાં, દૂર વસિયે શું વસત સમયમાં?
સાથ દંપતિ તો સુખમય સંસાર છે રે..............મનહર

---

૧ કુસુમ ઝાઝાં, તેથી કુસુમશર (કામદેવ) ને શર (તીર) પણ જાણે ઝાઝાં મળે છે!

૨ સખીને વચન આપેલું કે "મ્હારે પણ પતીએ વસંત સમયે આવવાનું તો કહ્યું છે" તેથી નહિ આવ્યો તો મ્હારૂં નાક=આબરૂ જશે. હું જૂઠી ઠરીશ. (કેસુડાંનો આકાર એક સુંદર નાક-સમાન હોય છે.)

પ્રવેશ પેહેલો.

ભાનુ—શીવ ! શીવ ! શીવ ! શો સમય આવ્યો છે? આર્ય બાળોનાં મુખપરથી દરિદ્રતાએ નૂર ઉરાડી દીધું છે! ઉદ્યમહીન થઇ પડેલા હજારો લોકોએ "ભિક્ષાશ્રમ" નામનો, આર્ય શાસ્ત્રોથી અજાણ્યો પાંચમો આશ્રમ શોધી લીધો છે! બ્રાહ્મણોની યોગ ક્રિયાઓ "હુંમ" ને નામેજ ઓળખાય છે. વેદશાસ્ત્ર પણ ગોખણ પટ્ટીના તંતુપુલપરથી આ સદીએ ઝીલી ન લીધું હતતો સદંતર નષ્ટ થાત! ક્ષત્રીઓનુ શૌર્ય વાઘચર્મ સજ્જિત ગર્ધવ **સિંહચરિત્ર** કરે તેમ અન્ય જાતિ નાટકના તખ્તાપરજ કરે છે. ગોપાળક, સ્વધર્મ રક્ષક, પરોપકાર માટેજ સરજાયલી વૈશ્ય જ્ઞાતિએ પોતાના ધર્મ તરીકે, કપટ લાંચ, દુરાગ્રહ, એમને-પોતાનાં છોકરાંથી પણ અધિક સ્નેહથી-માની લીધા છે! શુદ્ર લોકો—હુન્નર-કારિગિરીથી સ્વદેશ સમૃદ્ધિ ન વધારતાં, આયર્લાન્ડ દેશના પાદરિયોના હાવભાવથી ભોળાઇ, તેમને હાથે બાપ્તિસ્મા સ્વીકારી આર્ય ધર્મને—જન્મ આપનાર માતાને નિર્દય બાળક જરા ઉમર થયે ત્યજી જાય તેમ—તજવા માંડ્યો છે! પારસીઓ અને મુસલમાન બંધુઓમાં પણ મુર્ખાઇના દાખલા ઓછા નથી. ઇંગ્રેજોના **જેવાજ** દેખાવામાં કેટલાક પારસી યુવાનો મોટાઇ માની તેમની—સદ્‌ગુણમાં કરવી જોઇએ તેમ—દુર્ગુણમાં પણ નકલ કરી પોતાને કૃતાર્થ થયા માને છે! દેશી પોશાકથી દેવાંગના જેવી દેખાતાં સંતુષ્ટ ન થયાથી પારસી સ્ત્રીઓ મડમોના કાપલા કુપલી, ચીંથરાં ટાંકણીથી ટાપ ટીપીઓ, પાશ્ચાત્ય ભૂમીનો પોશાક પ્હેરવામાં મોટાઇ માને છે. મુસલમાનો, હિંદુઓસાથેનુ-હવે તો હમેશનું-બંધુત્વ કેટલીક વખત ભૂલી જાય છે. ઇંગ્રેજોનાં ભાષણો-ઉલટી

નીતનાં હોય તો પણ તેમાં ભેળાઇ જાય છે. કેળવણી વગર હવે બીજો ઉન્નતિનો ઉપાય નથી એમ સમજવા છતાં જોઇએ તેટલા આગળ પડતા નથી. આ હા ! કેટલું દુઃખ ? વળી આ સર્વ મારા બંધુઓમાંના સંસારિક રિવાજોનું ટિપ્પણ અત્યંત ખેદ કારક છે. બાળવિધવાઓ—

શેખમહમદ ?—(એકદમ પ્રવેશ કરી વચમાં બોલે છે.) શું છે મિત્ર ? શેની બાળ વિધવાઓ ? હમેશ તારે એજ વિષયમાં મન રોકી વિચાર પ્રરત થયાંજ કરવું છે ? તારાં છેવટનાં વાક્યો કહી આપે છે કે તેં તારા હમેશના વિષયપરના વિચારમાં લીન થઇ મનને કષ્ટ આપ્યું છે ઇશ્વરના નિયમ પ્રમાણે સર્વ થયાં જાય છે. તારે જે પ્રથમ કરવાનું છે તે તો કરતો નથી.

ભાનુ૦—મારે આ દુનિયામાં આવી પ્રથમ એજ કરવાનું કે પિતા તો છે નહિ–ને માતા છે તેની સેવાકરી દેશ સેવામાં કાળ ગણાય એટલું પરમકૃપાળુ પ્રભુ પાસે માગી લેવું.

શેખ,—વાહ ! વાહ ! દુનિયામાં આવવાનું પ્રયોજન એટલુંજ કે ?

ભાનુ.—હા એટલુંજ, તું વધારે શું; કહેવા માગે છે તે હું, સમજ્યો.

શેખ.—આજ ફક્ત સમજ્યોને કાલ કદાચ વર્તીશ.

ભાનુ—મિત્ર ! બ્રહ્મચર્ય પાળવાની કિમ્મત તું ઓછી કરીશ નહીં. આપણા આર્ય લોકોમાં છેક કાચી વયે લગ્નો થાય છે તેથીજ મનુષ્યોનું આયુષ્યનષ્ટ થયું છે. અન્ય પ્રજાઓ—જેમાં આ બાળ લગ્નનો રિવાજ નથી તેમનાં કદાવર હૃષ્ટ પુષ્ટ શરીર તરફ દૃષ્ટિકર ! તેમની આગળ આપણે, વે-

તીનાં મનુષ્ય તેં સાંભળ્યાં છે ? તેમના જેવા દેખાઇએ છી-ઓ ! જો હું રાજા હોઉં તો એકદમ હુકમ કરૂં કે આર્યવંશીઓનો નિયમ તોડી પચીશ વર્ષ પહેલાં જે પુરૂષ પરણે તેને પાંચ વરસની કેદ ! !

શેખ૦—(હસીને) શાબાશ ! ભાઇ, શાબાશ, તારૂં ઈશ્વર કૃપાથી શરીરનું બળ, કાન્તિ, તારી સુમતિ, એ સર્વ એ બ્રહ્મચર્યનુંજ પ્રાબલ્ય છે. મેં તારાં પવિત્ર શાસ્ત્રો વાંચ્યાં નથી, પરંતુ તેમને માટે મને બહુ માન છે. વળી કોલેજમાં બીજી ભાષા તરીકે સંસ્કૃત શીખવતાં શાસ્ત્રીએ કહ્યું હતું કે પચીશ વર્ષ બ્રહ્મચર્યપાળી દરેક પુરૂષે લગ્ન કરવું. હવે તને પચીશમું તોપુરૂં થયું. હવે તારાથી શું નથી બની શકતું ? ઇશ્વર કૃપાથી થોડુંક દ્રવ્ય પણ પિતા મૂકી ગયા છે. ઝબ્બા વગરના બૅરીસ્ટર જેવી સાક્ષાત દેવી સમાન માતુશ્રી ગોઠવણ કરવા હાજર છે! હાલ કંઇ સ્વયંવરનો રિવાજ નથી કે તારે એ કામમાં ઉતરવું પડે; તો બોલ, જવાબ દે, શેની ઢીલ છે ?

ભાનુ.—ભાઇ, મને બોલીને બાંધ નહીં; હું હજુ એ બાબતમાં ઉંડો નથી ઉતર્યો તેથી સમજતો નથી. પરણવું એ પણ એક છે તો—

પેસતનજી—(એકદમ પ્રવેશ કરી) પ્રિયમિત્રો !—

ભાનુશંકર તથા શેખમહમદ ઉભા થઇ આવો ! આવો ! પધારો;

પેસતનજી—ભાઇ, બેસવાનો કે નિરાંતે વાત કરવાનો વખત નથી. જુઓ—

શેખ—શું છે ? હાંફો છો કેમ ? નિરાંતે બોલો—

પેસતનજી—નિરાંત તો ખોદા આપે ત્યારે—મારે કહેવાનું એમ છે કે ભાનુશંકરે "ડીતેકતીવ" નામના ન્યુઝપે

પેરમાં આરટીકલો લખવા માંડયા છે તેનો સારી રીતે નોતીસ લેવાય છે; તેમાંના કેટલાક શબ્દો **મી૦ લીસઓઆ** એ પોતાના પર ખેચી લઇ કે કોણ જાણે રાજ્ય પર ખેંચી લઇ, કેટલાક કઢંગા શબ્દો મી૦ ભાનુશંકર માટે વાપર્યાની ખબર મારે કાને આવી છે. આ વિષે વધારે તપાસ કરતાં મી૦લીસઓઆની ચાલ માટે જે મને માન હતું તે સઘળું નાશ પામ્યું છે. દેશીઓપર એની બહુ કરડી નજર છે 'નેટીવ્સ" નોધીક્કાર ભરેલો શબ્દ તેના મોડામાંથી કેટલી વખત દહાડામાં નીકળતો હશે તે હું કહી શકતો નથી. આપણુ જાણેકે આફ્રિકાના ગુલામો હોઇએ, એક જીતાયલી પ્રજા માટે આખિનમાં નોકર તરીકે રહેવા સરજેલા હોઇએ, કોઇપણ નજીવા કામ માટે પણ નાલાયક હોઇએ. ચામડી કાળી, માટે જાણે હૃદય પણ મહીંથી કાળાં હોવાં જોઇએ એમ એનુ માનવું છે. હું ખાતરીથી કહું છું કે જો એક મ્હોટી પરિક્ષામાં પાસ થયા પછી આ **આસીસ્ટંટ** કલેકટરની જગ્યા એને આપવામાં આવી હોય તો તેની વિદ્વતાને કલંક છે.

બ્રિટિશ સરકારે પોતાના ઉમદા વિચારોથી જે જગ્યા તેને આપી છે તેમાં તે ઠગાઇ છે. કયાં બ્રિટિસ સરકારના વિચાર, ને કયાં તેમને અમલમાં લાવનાર આ નોકર !

શેખ૦—મી. લીસઓઆના સ્વભાવથી હું તો અજાણ્યો નથી. એક દિવસ લાઇબ્રેરીમાં તે ગયો તે વખત એક વિદ્યાર્થી બેઠો બેઠો વાંચતો હશે તેણે તેને ઉભા થઇ સલામ ન કરી એટલે તેને તમાચો માર્યો ! પછી કલેકટર સાહેબ મી. ચાર્લ્સને ખબર પડી એટલે એને ઠપકો આપ્યો હતો.

ભાનુ૦—મારી પ્રકૃતિ પ્રમાણે હું એક પશુને પણ ખોટું લગાડતાં અચકાઉં છું. જો એ આપણા ઇંગ્રેજી રાજ્ય-

ની વિરૂદ્ધ મેં લખ્યું છે એમ ગણુતો હોય તો તેમાં તેની મોટી ભૂલ છે. હિંદુસ્તતાનમાં અક્ષય કીર્તિ કરનાર **શ્રી રામચંદ્ર**જી પછી કોઇ પણ રાજા થયો હોય કે જેમાં પ્રજાને શરીરની ધાસ્તી નથી તો તે આ ઇંગ્રેજનું રાજ્ય છે. બીજી આડકતરી રીતે જો કે આપણુને નુકશાન ખમવાં પડેછે પરંતુ ઉઘાડે બારણે પડી રહેતાં, "ઓ ચોર આવ્યા" "નાસો! નાસો!!" એ, આપણા પવિત્ર બાપદાદાઓને કાને પડેલા શબ્દો આપણુ ફકત ચોપડીઓમાં જ વાંચીએ છીએ, એ બહાદુર આંગ્લપુત્રોનોજ પ્રતાપ છે. પંખા ખેંચનાર કાળાઓના કેસોમાં, બરોલ મોટી ફયાના કેસોમાં, કોઇ હક માગતી વખતે, વગેરે પ્રસંગે આપણુને અન્યાય થતા હશે પરંતુ તે સાથે આ રાજ્યના ફાયદા ભૂલી જવા જોઇતા નથી. રેલવેનાં સુખ ઇંગ્રેજ હોય તોજ ભોગવાય. તાર, ટપાલ, રસ્તાની, બગીચાની સવડો, યંત્રોનાં સુખો, હાઇસ્કુલો, કોલેજો, પર્યટનનાં સુખો, એ એ લોકોએજ પ્રથમ ઉભુ કરી આપણુને સુખી કર્યાં—

પેસતનજી—હા, હા, એ બધું ખરૂં, પણ જે જે સુખો ઇંગ્રેજે હિંદુસ્તાનની રૈયતને આપ્યાં છે તેની કિમ્મત કરાવેતો પાઇએ પાઇ હિંદુસ્તાને આપી દીધી છે. ક્યારે આપણે કહ્યું હતું કે તમે અહીં આવોને અમને એ ફાયદા બક્ષવા કૃપાવાન થાઓ તેમને જીતનો લોભ હતો ને આવ્યા; 'વખતે તેમને યારી આપી" ને રેલવેને તાર એ ન કરેતો એ પણ શી રીતે સુખથી ફરે? એ તે એમણે એમના શોખ માટે કર્યાં કે તારે માટે તેની શી ખાતરી?

ભાનુ૦—ભાઇ પેસતનજી મહેરબાની કરી વચમાં નબોલ, તારાને મારા વિચાર એ બાબતમાં જુદા નથી કે આપણુ વાદવિવાદ કરીએ. એ સુખોમાંના કેટલાંક તેમણે

પોતાને માટે કર્યા હોય તોપણ હાઇસ્કુલો કોલેજો વગેરે ખાસ હિંદુસ્તાનના વતનીઓ માટેજ કર્યા છે, તેનો ઉપકાર ભુલી જવા મારૂં આર્યશાસ્ત્ર મને નાપાડે છે. ઘણા ઇંગ્રેજોના મનમાં એમ છે કે ગમે તેટલા ઉપકારો કરિએ પરંતુ આટલે આધેના લોકો એ ઉપકાર માનીને અમારા ઉપર દ્વેષ ન આણે એ શી રીતે મનાય? આ બાબતમાં એ મોટી ભૂલ કરે છે. જે વિદ્યાર્થી પોતાની કોલેજમાં શેકસપીયર, મીલ્ટન, કાઉપરનાં પુસ્તકો વાંચી તેનાજ જ્ઞાન પોપણથી બાલ્યાવસ્થામાંથી મોટો થયો છે, તેને તે મહાન કવીઓના વંશજો ઉપર કાંઇ પણ અભાવ આવે? હિંદી અને ઇંગ્રેજી પ્રજાનો ઘણા દીવસનો ગાઢસ્નેહ હવે બંધાયો છે જો કે હિંદુસ્તાનના વતનીઓને જરા પણ બેસી રહેવાનું નથી પરંતુ માગવાની રીત "એકદમ આપ નહીંતો તારી જોડે વર બાંધીશ" એમ નથી, પરંતુ માતા અને પુત્રનો સંબંધ થયો છે-ઇંગ્રેજે કેળવણી આપી, સમજણ દઈ મોટા કર્યા, અને હવે જે માતાએ જ્ઞાનના કોળિયાથી પોપણ કરી બાલ્યાવસ્થામાં રક્ષણ કર્યું તેના સામે કયા દેશીને અવળો વિચાર આવે? જો કોઇ અંગ્રેજો એમ ધારતા હોયતો એ મોટી ભૂલ છે.

પેસતનજી—તારા બધા લાંબા ભાષણનો સાર કહું તો બે શબ્દોમાં કહી જાઉં "ઇંગ્રેજનું રાજ્ય હિંદને લાભ કારક છે. એટલુંજને? હવે મારૂં વધારે કહેવું એટલું છે કે "સારૂં છે" પરંતુ કેટલાક ઇંગ્રેજો પોતાના સ્વાર્થના લોભથી, અગર બીજાં કારણોથી દેશીઓની વૃદ્ધિ થતી અટકાવવામાં પોતાનું પ્રાબલ્ય વાપરે છે; માટે હિંદના વતનીઓને માથે બે કામ છે. એકતો એવા દુશ્મનોને મિત્ર કરવા તનમન ધનથી યત્ન કરવો. બીજું કેળવણીની વૃદ્ધિ ક-

રી, પોતાના અજ્ઞાન બંધુઓને સુધરેલી પ્રજાઓને મળતા ઉચ્ચ સુખોના અભિલાષા કરવા, સમજ્યો ? !

ભાનુ૦—શું સમજ્યો ધૂળ ?! આટલાં બધાં છાપાંને પુસ્તકો વાંચી તેં સાર કહાડયો તે તો જો ! પ્રથમ આપણી ફરજ શી છે તે સાંભળ ! હિંદુસ્તાનમાં ચાલતી ભાંજગડોના ઢંગધડા વગરના રિપોર્ટ પાર્લમેન્ટમાં જાય છે ! એ ઉપરથી એ મેમ્બરોને ખોટી ખબર મળે છે—માટે એ મેમ્બરોને અને સમસ્ત બ્રીટિશ પ્રજાને 'ખરેખરી—નિષ્પક્ષપાતથી અપાયલી—ખબર' મળવી જોઇએ છે !! તે માટે હિંદુસ્તાનમાંથી ખાસ માણસો ઇંગ્લંડમાં રહેવાં જોઇએ છે—ખાસ છાપાં નીકળવાં જોઇએ છે—ખાસ સભાઓ ભરી હિંદુસ્તાનની સ્થીતિથી એ લોકોને વાકેફ કરવા માટે ઉત્તમ ભાષણકારોનાં વ્યાખ્યાન થવાં જોઇએ છે ! આખું ઇંગ્લંડ ખળભળી ઉઠશે, ત્યારે અહિંના અમલદાર સાહેબોની ખબર લેવાશે, ત્યારે દેશનું દરિદ્ર "નાગું સૌના દેખતાં મેદાનમાં ઉભું થયેલું દેખાશે !" વારૂ, પણ હવે આમ મ્હારા નિર્દોષ લખાણપર હુમલો થાય તેનો એક ઉપાય કરવો. મી જ્યોર્જ દેશીઓના લાભમાં છે; તે એક ખરો હ્યુમેન છે. દેશીઓની ગરીબ સ્થીતિપર તે દયાની નજરથી જુએ છે. તેના "જસટીસટુ ઇન્ડિયા" નામના પેપરમાં મ્હારા બચાવના પત્રો આપણે લખી આપણો અર્થ સ્પષ્ટ સમજાવવો.

શેખ૦—હું પણ એ સુચના કરવા જતો હતો-વારૂ ત્યારે રજા લઉં છું—

પેસ૦—હું પણ રજા માગું છું.

ભાનુ૦—ભલે, પધારજો

(બન્ને જાય છે.)

(અંબાશંકર પ્રવેશ કરે છે.)

ભાનુ૦—આવ ભાઇ સવારનો આજ કયાં હતો ?!

અંબા૦—અમે તો અમારે ગમે ત્યાં હતા, પણ આ એક મુસલમાન એક પારસી, એ મીયાં મહાદેવનું જોડું ઠીક બન્યું છે!

ભાનુ૦—તને પણ પેલી શોક્યની પેઠે અદેખાઇ આવે છે કે શું ?!

અંબા૦—(હસીને) છટ! છટ! છટ! એ શું બોલી ગયો ?! હિંદુઓ સાથે મુસલમાનો હમેશની મૈત્રિમાં રહે તે માટે તો મેં એક ચોપાનીયું લખી મફત વ્હેંચ્યું છે. પણ મેં સહેજ મશ્કરી કરી એમાં એવા શબ્દો કેમ વાપરી દીધા ? હવે તો તું ગમે તે કહે, પણ કંઇક ત્હારી ભાષામાં વ્યવહારીક શબ્દો આવવા લાગ્યા છે. હવે ગ્રહસ્થાશ્રમ નજીકમાં છે એવું ચિન્હ એ સુચવે છે હો!

ભાનુ૦—ઠી-ક તું આવ્યો, ને એ વાત ચાલી !

અંબા૦—પણ બંધુ ! આટલી કવિતાતો જરા મને વાંચી બતાવ.

ભાનુ૦—શું છે જોઉં ?!

(વાંચે છે.)

સરજી હોત નહિ સ્ત્રી સૃષ્ટિમાં, પુરૂષ તણી શા થતે ગતી!
ક્યાં જઈ કરતે, વાત મનતણી, ઓછી કરત ક્યાં જઈ વિપતિ?
પ્રચંડ તાપ જગતનો વેઠી શિતળ સરોવર ક્યાં જોવું ?
સ્નેહ સરિતા, ઘાટ વિના ક્યાં મલિન મન જૈને ધોવું ?
સુંદર શશીસમ મુખ અને પ્રિય નમ્રતાની આકૃતી!
અમૃત ઝરાસમ જે રૂડા, મૃદુ શબ્દ મુખથી ભાખતી!
થઈ કલાન્ત આવે ઘર પતી આ શ્લેષતી કોમળ કરે!

છે ધન્ય ધન્ય જગત મહિં વામા રૂડી એવી વરે!
શાસ્ત્ર ભણેલી ભાત ભાતનાં ભવમાં સઘળો ભય હરતા,
મળે કામની, કર્મ પ્રતાપે સુશીલા જગમાં સુખ કરતા—

(વાંચીને—)

લે ભાઇ, વાંચ્યું શું કહેવું છે તારે ? આપણામાં હજુ આવી કવિતાના ઉપયોગની વાર છે. આપણા લોકો હજુ સ્ત્રી કેળવણી એ કેટલી ઉમદા ચીજ છે-એક રત્ન રાશી છે—એક કલ્પવૃક્ષ છે, એવું હવેજ સમજવા લાગ્યા છે. સ્ત્રી કેળવણીથી મળતાં સુખો ભોગવવા ભવિષ્યની પ્રજાજ ભાગ્યશાળી થવાની છે.

અંબા૦—ને શું, તારા જેવા વિદ્વાનને એવી વિદુષી મળે એ હાલ અશક્ય છે ?

ભાનુ૦—હા; છે કોઇ એવી વિદુષી, આપણી ન્યાતિમાં છે ? ! હજુ તો વિદુષીઓનાં બીજ હવે રોપાય છે, તે વીશ વર્ષે પાકશે ! સમજ્યો ?

અંબા૦—ભાઈ, મ્હારાથી પડદો રાખીને વાત કરે છે ? ! નથી વિદુષી ? ! નથીજ ? !

ભાનુ૦—તો નામજ લઇ લેને !

(ચાકર પ્રવેશ કરે છે)

ચાકર૦—ભાઈ, માતુશ્રી બોલાવે છે.

ભાનુ૦—લે, અંબાશંકર, ઠીક થયું ! માતુશ્રી બોલાવે છે, હું જાઉંછું. વાત મુલતવી રહી! ફીકર ન કરીશ. ત્હારાથી કશું છાનું નહિ થાય.

(બધા જાય છે.)

પ્રવેશ બીજો

જીવરામ--હાં; હાં; (મૂછે હાથ દેઈને .... એ... એક, બે... એ...એ..., ત્રણ, ચાર; બસચાર; નહીં; નહીં પાંચ...એટલે પાંચ કેતાં પરમેશ્વર;

રમણલાલ—કેમ, દોસ્ત ! શું ગણવા માંડ્યું ?

જીવરામ—અરે; આવો, દોસ્તદાર ! ! તાળી આપે તો કહું ! બસ એકદમ તાળી આપ ! તાળી ! તાળી ! લાવ ! લાવ ! !

રમણલાલ—અરે પણ સમજ્યા વગર તાળી કેવી ? અમને કે તો ખરો ! શું કંઈ નવા જુની છે ?

જીવરામ—નહીં બસ ! પહેલા તાળી આપી દે ! લે લે ! ! તા...આ...આ...ળી.........

રમણલાલ—(તાળી આપે છે.) બોલ હવે, શું ગણતો હતો ?

જીવરામ—જો પહેલાં **દીવાળીને** તો હું પાંચમા વર્ષ પછી પરણ્યો હતો, દસમા વર્ષમાં બીજી વાર **વખત** જોડે લગ્ન કર્યું, પણ રાંડ કભારજા નીકળી ને ઘરમાં મારી મા જોડે લડવા માંડી એટલે વિદાય કરી, પંદરમા વર્ષ સુધી વાટ જોતાં દીવાળીને કંઇ સંતાન ન થયું એટલે કહીંથી કરમમાં લખેલી **પ્રેમકોર** જોડે મારા બાપે લગ્ન કરાવ્યું; બોલ ગણ; એક, બે, ત્રણ; બાયડીઓ, ત્રણ થઇ પણ હજી કશું નથી; પણ હવેજ છે તો; જે છે એતો...

રમણ૦—કહી દે ને હવે કહેતો હોયતો.—

જીવ૦—નથી કહેતા બસ જા—તેં તે દીવસે પેલું કહ્યું હતું ?

રમણ૦—શું ?'

જીવ૦—પેલું ગુમાન વીષેનું !—હા—એ તો વારા પછી વારો આવે !

રમણ૦—તે શું ? મેં જેમ એની જોડે ઉઘાડું પુનર્લગ્ન કરવા ધાર્યું હતું તેમ તેં કોઇની જોડે ધાર્યું છે ? વાહરે ! સુધારાના હિમાયતી ! જો એમ હોય તો તું ખરો મારો દોસ્તદાર ! જીવજાન દોસ્તદાર !

જીવ૦—તું સમજ્યો નહીં તો !

રમણ૦—પણ કહ્યા વિના શેનું સમજે ?

જીવ૦—જો સાંભળ ત્યારે ! આ દુનિયામાં સૌથી સુંદર રંભા જેવી વળી બહુ પૈસા લઇને આવે એવી, એક કુમારિકા મારાપર મોહિત થઇ છે—ને કહે છે કે જીવરામલાલનેજ પરણું—બસ બીજા કોઇને નહીં—કહે મારામાં કંઇ પણ બ્હાદુરી હશે ત્યારે ને ?

રમણ૦—એનું નામ શું ?

જીવ૦—નામ તે લેવાતું હશે કે ?

રમણ૦—પ્હેલાંની સ્ત્રીઓનાં બધાં નામ દઇને ગણાવી ગયોને આમાં શી હરકત છે ? વળી હજુ તો પરણ્યો પણ નથી.

જીવ૦—એ તો બધી ખોટી—બાતલ—રદ થયેલી બાયડીઓ—એટલે એમનાં નામ લેવાય. આ તો રંભા જેવા રૂપવાળી ને વળી ધન લઇને આવે એટલે ખરી બાયડી માટે એનું નામ ન લેનાય—

રમણ૦—અરે મુર્ખ ! લગ્ન થયા પ્હેલાં કંઈ નહીં કહી દે.

જીવ૦—જો સાંભળ ત્યારે, ધીમે રહીને ને વળી તનેજ કહું છું ; “ પદ્મકુમારી ” આહા ! કયા સરસ નામ છે ? નામ પ્રમાણે ગુણ પણ છે, ગુણ કરતાં ધન વધારે

છે, ધન કરતાં રૂપ વધારે છે—ને એ રૂપના પ્રમાણમાં આ ભૂપ જેવો ભર્તાર પણ મળ્યો છે ! વાહ ! વાહ !

મળ્યું સરખે સરખે સરખુ જોડું ! !
હવે વેવીશાળ નવ તોડું !
આ પાંચમી નાર પરણુશું,
વળિ લાખ રૂપૈઆ લઇશું.
કૂળવાન ! અમે કુળવાન ! મળે સન્માનરે મળ્યું—

રમણ૦—બેસ, બેસ, બેવકુફ ડામ દેવો પડશે !

જીવ૦—જો કુળ અમારૂં કેવું ?
દે લાખ રૂપૈઆ એવું ! !
ભણતર વિદ્યાનાં થોથાં—
સૌ ગમાર ખાયે ગોથાં ! !
નાદાન ! અરે નાદાન ! બધા અજ્ઞાનરે. મળ્યું—

પ્રવેશ ત્રીજો.

પદ્મકુમારી—બાલ્યાવસ્થા જોતા જોતામાં પસાર થઇ ! આજ કાલ કરતાં પિતાને મરી ગયે પાંચ વર્ષ થવા આવ્યાં, હવે બધું કાકાના હાથમાં-કાકાને કાકી સમજે છે કે હજુ છોકરી બાલ્યાવસ્થામાં છે, ને તે એમનું માનવું ભુલ ભરેલું પણ નથી. આર્યબાળાઓ ઘણીખરી અભણ રહે છે એટલે બાલ્યાવસ્થામાં અડધું પડધું રાંધવાનું. ગાળો શીખવાનું, ને દુષ્ટાઓનું અનુકરણ કરવાનું જ શીખે છે ! હું તો બધું શીખી ! ચોપડીઓએ પાવરધી કરી ! "પતિ" શું "સ્નેહ" શુ "સંસાર" શું ઇત્યાદિ અમુલ્ય વિષયો સમજી વિચાર કરતાં આવડયો ! આથીજ ભણેલી ને યૌવન ગ-

માર કરતાં વ્હેલું આવે છે! આ શું કેળવણીનો એકાદો ગેરલાભ? ના, ના; ભણેલીને યૌવન સન્માનાર્થે વ્હેલું ભેટે છે! શું અભિમાન! કોઇ સાંભળે તો વિદ્યાને માથે પાણી ફરે! પણ ત્યારે હવે કરવું શું? કાકા, ને કાકી, વિચાર કરે છે કે નહિ તેની શી સમજ પડે? વિચાર કરતાં હશે તોપણ એ શી રીતે જાણી શકાય? મારાથી એમને કયા શબ્દોમાં કહેવાય? ધારો કે એ વિચાર કરશે તો ક્યાં દૃષ્ટિ નાંખશે? મને લાગે છે કે એમાં એ વિચાર નહિ થાય—જેનું હું સ્મરણ કર્યા કરૂંછું ત્યાંજ તે વિચાર કરશે-આજ કાલ મારી સ્થીતિ, મારા વિચાર, પ્રમાણે મને બીજું કોઈ યોગ્ય લાગતું નથી—જ્ઞાતિહિતના કામમાં, પ્રજાહિતના કામમાં, **ભાનુશંકરનું**જ નામ આવે છે. છાપાવાળાઓ એમની કીર્તિ સર્વે ગાઇ રહ્યા છે! આનંદની વાત એ છે કે થોડી ઉમરમાં આટલું જ્ઞાન સંપાદન કરી કીર્તિ મેળવી છે! શું એમનું સંસ્કૃત જ્ઞાન! 'બાળલગ્નપરનું એમનું ભાષણ વાંચીને વિચાર કરૂં છું તો એમના હૃદયમાં શું છે એ મારાથી ધારી શકાય છે, એવું બીજું ભાષણ ક્યારે આવે ને હું વાંચું? હવે તો જાતેજ સાંભળવા જઇશ. જોઇશ તો ખરી કે કેમ બોલે છે, કેમ ઉભા રહે છે. ઇત્યાદી પણ હું આશા વિચાર કરૂં છું? આ અધર્મ ખરો કે નહિ? હજુ કશો પત્તો નથી તે પહેલાં આ શું? એ ક્યાં ને હુ ક્યાં? એમનું જ્ઞાન ક્યાં ને મારૂં ક્યાં? એમની આગળ આ મારા વિચારો જાય તો હસી કહાડે! ખરે, ઇશ્વરે એમનેજ માણસ ઘડયા છે! એમને પાલે કોઇ મહાભાગ્યવાન્ સ્ત્રી પડશે તેજ સૃષ્ટિનું ખરૂં સુખ સમજી શકશે- એ સ્ત્રી કોણ હશે? ભાનુશંકર! ભાનુશંકર! અરે! આમ કોઈ સાંભળી જશે તો! હું ગાંડી થઈ જઇશ! સાહેલીઓને મારી ચિત્તવૃ-

તિ જરા સ્થીર રહે માટે બે ઘડી આલાપ માટે કહ્યું છે. તે પણ હજુ ન આવી–એ આવી–ઠીક થયું—

માલતી—સખી ! તારા મનને ઉદ્વેગ શાથી થયો છે ! કંઇ માઠા સમાચાર સાંભળ્યા છે.

પદ્મ૦—માઠા સમાચાર એમતો કંઇ નહિ પણ મને આજ બધે અંધકાર જેવું લાગે છે આજે ભાનુ—

(મનમાં) (હાય હાય હવે ?)

માલતી—"ભાનુ એટલે રવી" તેનું શું ?

પદ્મ૦—હા, તે નથી, એટલે આકાશમાં, જગતમાં, ને મારા હૃદયમાં મને અંધકાર લાગે છે !

માલતી—તું ઘેલી થઇ ગઇ ! હૃદયમાં સૂર્ય જતે અંધકાર શેનો ? તારા જેવીના હૃદયમાં જ્ઞાનદીપક હમેશ સતેજ છે.

પદ્મ૦—જ્ઞાનદીપક તો હોલવાઇ ગયો છે!

વિજયા—આતો હૃદયનો દીપક જોઇએ છે ! તું સમજી નહીં ? એ જ્ઞાનની રસીલિના વિચાર સ્હેજ ના સમજાય. જ્ઞાનિઓની વાતો ગૂઢાર્થ ને ધ્વનીમાંજ થાય સ્પષ્ટ અક્ષર-શબ્દોની આવશ્યકતા પ્રજ્ઞોના આલાપમાં નથી રહેતી. આપણ મૂર્ખાં એમાં સમજી પણ ના શકિયે–

પદ્મ—તારૂં ભાપણ મારે નથી જોઇતું ! મને કંઇ થાય છે !

વિજયા—તને થાય છે તે હું બધું સમજૂં છું તો–

પદ્મ૦—શું તું સમજે છે ? આ મને જાણે તમ્મર આવે છે. ! ઊંચેથી જાણે પડિ જતી હોઉં, મુઝાતી હોઉં–અજ્ઞાનજ બની જતી હોઉં—સ્વપ્નાવસ્થા અનુભવતિ હોઉં એ તું સમજે છે કે બીજું ?

વિજયા—એ–ને બધું એ !

પદ્મ૦—ઠીક સમજે છે તો એનો ઉપચાર બોલ જોઇએ-

વિજયા૦—એવાં દરદોની હું વૈદ્ય નથીતો ! વૈદ્ય-નું ઘર બતાવે તો ઉપચારની યોજના થાય !

પદ્મ૦—હું તો કોઈ વૈદ્યને ઓળખતી નથી કંઇ દરદ વગર પ્રસંગ પડ્યો નથી ને પ્રસગ વગર ઓળખાણ શેની થાય ?

માલતી—બ્હેન આતો એનું દરદ વધારવાના ઉપાય થાય છે. પેલો ગરબો જે એણીએજ શીખવાડ્યો છે તે બોલવાથી એના મનનું સમાધાન થાય તો બોલીએ.

વિજયા—એ ગરબો તો કંઈ સમજાતો નથી ! આ-વી સંસ્કૃત ભણેલીઓ બધી ભાષા હવે બગાડશે !

પદ્મ૦—(સ્મિત હાસ્યથી) વાહરે મ્હારી ગુર્જર ગી-રાના વકિલાત કરનારી વ્હાલી સખી !

માલતી—આ જોને ! બોલતાં બંધાતી નથી ! ભણે તે આવું પાવરધું થાય. શું કરવું પરણ્યા પછી છોડ-વું પડ્યું !

પદ્મ૦—વારૂ ચાલો ગરબો બોલીએ.

ગરબો-

[1] સુંદિર યૌવના પેઠી યૌવન મન મહીરે,

---

૧ ટીકા—આ ગરબો પદ્મકુમારીએ પોતે લખી, પોતાના ટેબલના એક ખાનામાં મૂકિ રાખ્યો હતો; ભાનુશં-કરને પત્ર લખવાનો ગમે તેમ કરી પ્રસંગ આણી તેમાં આ ગરબો લખવાની એની ઉત્કંઠા હતી, પોતે લખ્યો છે એમ નહોતું જણાવવું, પણ એક "મુગ્ધાની વિટંબના" "જરા પથ:કકરણ કરી સમજાવશો," એવું પત્રમાં લખવું હતું; એ-ક સમયે સખીઓ સાથે આનંદમાં હતી. ત્યારે આ ગરબો એમને શીખવાડ્યો હતો.

અર્થ—યૌવના યૌવન નામના જાણે વનમાં પેસે છે,

આશા તરૂવર ખીલ્યાં વિધ વિધ સરવે ભાત,
વ્હાલા! રસિયા! દિનમણી![1] વેગે વ્હેલા આવજોરે,
મનથી જોઈ રહી છું મન વસિયા[2] તમ વાટડીજો,
સખી શશી મુખથી[3] સ્વામી હૃદય તિમિર કયમ જાય?
—વ્હાલા—
અંબર સુંદિર ઓપતું[4], ભલી કુસુમતણી ભાત[5],

વનમાં જેમ અનેક જાતનાં ઝાડો ખીલી રહ્યાં છે, તેમ આ-યૌવન રૂપી વનમાં અનેક જાતની **આશા**રૂપી વૃક્ષો ખીલ્યાં છે.

૧ રાત્રિ હોવાથી, વન જેમ દિનમણીને[2]—સૂર્યને માટે જાણે વિરહી થઇ જાય છે, તેમ આ યૌવના પણ ભાનુ (ભાનુશંકર) માટે તલપી રહી છે.

૨ મનવાસયા—સૂર્ય પોતાની શક્તિ—કિરણોવડે વનના મનમાં પેઠો છે, આ ભાનુ (ભાનુશંકર) મનમાં વસી રહ્યો છે.

૩ સખીશશી મુખ—વનની સખી શશી-ચંદ્ર તેનું મુતે ગમે તેટલું ચળકતું છે પરંતુ રવીવગર હૃદયના તિમિરને તે ટાળિ શકતું નથી, અર્થાત્ જમીનમાં રહેલાં વૃક્ષોનો ઉદ્ભવ કરનાર રવીજ છે, તેમ સખીઓ (માલતી વિજયા વિગેરે)નાં મૂખો શશી જેવાં અનંદદાયક છે, પરંતુ ભાનુશંકરના વિના હૃદયમાં પથરાઇ ગયેલું તિમિર કંઈ એ સખીઓથી ટળી શકતું નથી.

૪ ચંદ્રના પ્રકાશથી અંબર—આકાશ સુંદર ઓપે છે; પદ્મકુમારીએ અંબર—વસ્ત્ર પહેર્યું છે તે શોભે છે,

૫ મહીં કુસુમ—ફુલની ભાત છે, અર્થાત્ આકાશમાં તારા છે, પદ્મકુમારીના વસ્ત્રપર ફુલની સુંદર ભાત છે.

કિરણપ્રભા શા કામની ? ભરી જરી ઉંચી જાત[1],
મોતી ગુચ્છ ભર્યાં શુભ પલ્લવપર ચતુરાઇનારે[2],
રવીવિણ ક્યાં જઇ કરવી પટ નિરખ્યાની વાત ?

... વ્હાલા—

સ્થીતિ સ્મરણ પછી જાયછે, અશ્રુપાત માંહે રૂત[3] !
સખી વૃંદ છતાં એકલી કર્ણ ધરો કલ્પાંત[4] !
મન વન નુતન બન્યું છે નાથ નિરખવા નેહથીરે[5]

---

૧. પણ તે (ચંદ્રના) કિરણની પ્રભા જેમાં જરી જાણે ભરેલી હોય એમ ભાસે છે તે મારે શા કામની ? વનનેતો રવીનુંજ કામ છે !

પદ્મકુમારી કહે છે કે, મારૂં સુંદર વસ્ત્ર જેમાં ઉંચી જાતની જરી ભરવાથી તેનાં કિરણો પડે છે તે કિરણપ્રભા શા કામની ?

૨. (એ અંબરના પલ્લવપર)મોતીનાગુચ્છ ચતુરાઇથી જાણે (ઇશ્વરે ભર્યા છે) અર્થાત્ આકાશમાં માંહે માંહે મોતીનાં ગુચ્છ પેઠે સમર્પી મંડળ જેવા તારા છે, પદ્મ કુમારીના વસ્ત્રના પલ્લવપર મોતી ભર્યાં છે.

૩ (વન કહે છે, કે સૂર્ય !) મ્હારી સ્થીતિનું સ્મરણ (ઘણીવાર) કર્યા પછી મને અશ્રુપાત થાય છે, અર્થાત્ લગભગ રાત્રિ વહીગયા પછી પ્રભાતમાં ઝાકળ પડે છે ! પદ્મકુમારી પણ રાત્રિમાં અશ્રુપાત કરે છે.

૪ સખીઓનું વૃંદ (ચંદ્ર, તારા ઇત્યાદિ) છતાં હું એકલી છું; વિજયા, માલતી છતાં પદ્મકુમારી એકલી છે એમ એને લાગે છે.

૫ આ મનરૂપી વન તમને જોવા નવા ફેરફાર સાથે તૈયાર થયું છે, અર્થાત્ રાત્રિમાં ઝાડોમાં કંઇક ફેરફાર થઇ જાય છે, પદ્મકુમારી કહે છે કે મારા મનરૂપી વનમાં (બાલ્યાવસ્થાના વિચારો જતા રહી) નવા વિચારો પ્રગટ થયા છે.

વિધ વિધ અવયવ પલ્લવ ખીલી સુંદર વાટ[1]...
વ્હાલા.....

બંધ પડયા વ્યવહાર સૌ, [2] ભોજનપર નવ[3] ભાવ
ઘડી ઘડી પીયુ છબી નિરખવા, ઉરમાં થાય ઉઠાવ[4] !
સમજુ સમજી લેશો દુઃખ કથા દુઃખિનારનીરે,
નફટમદન નટ માંડે હૃદયધરાપર નાચ !!!
વ્હાલા! રસિયા. દિનમણી ! વેગે વ્હેલા આવજો રે.

---

૧ નવાં ફુળફુલ રાત્રિમાં આવીને આ વાટ–રસ્તો શોભી ઉઠયો છે (માટે હે રવી ! પધારો !); પોતાના અંગમાં–અવયવોમાં થયેલા ફેરફારની સુચના પદ્મકુમારી કરેછે

૨, બધા વ્યવહાર બંધ પડયા છે, (સૌ રાત્રિએ શાંત થવાથી વ્યાપાર, ખેતી, ઇત્યાદિ કાર્યો બંધ છે, તે જાણે તમારા વિરહથી એક જાતની મેં હડતાળ પાડી વ્યવહારો બંધ કર્યા છે); વ્યવહાર=કામ; પદ્મકુમારીથી (ખાવું, રમવું, ભણવું, ગાવું; વીગેરે) કશું હવે જાણે થતું નથી.

૩ વનને રાત્રિએ ભોજન ભાવતું નથી એટલે દિવસે 'નાઇટ્રોજન' ખાય છે તેનુંજ રાત્રે (ઑકસીજન લે છે માટે) વમન થાય છે, એમ કહી ભોજનપર અભાવ છે એમ સૂચવ્યું; પદ્મકુમારીને ખાવાપર રૂચી નથી.

૪, ઘડીએ ઘડીએ જાણે વનનું મન રવી જોવાને ઘણુંજ વિરહાતુર હોય તેમ ઉર=છાતી=ધરતીમાંથી ઉઠાવ થાય છે–ફણગા ફૂટી આવે છે !! (રાત્રે ઘણું કરીને વૃક્ષો માંથી ફણગા ફૂટે છે, તે જાણે પીયુ–રવી નિરખવાની આકાંક્ષાએ બહાર નીકળી આવે છે !); પદ્મકુમારીને ભાનુશંકરને જોવાના ઘડીએ ઘડીએ તરંગ ઉપજે છે.

માલતી—સખી ! બાલ્યાવસ્થારૂપ અંધકાર ભરેલી રાત્રિ વિત્યા પછી પ્રાતઃકાળ સમું યૈવન તને પ્રિય નથી લાગતું ?

પદ્મકુમારી—હા; પ્રિય સખિ ! રવી વગરનો પ્રાતઃકાળ જેટલો પ્રિય હોય, તેટલું આ યોવન પ્રિય ખરૂં.

માલતી—ક્ષમા કરજે સખી—તારા જેટલું જ્ઞાન મને નથી; પરંતુ પ્રાતઃકાળ થયા છતાં રવિ દૃષ્ટિમાં ન આવે ને જરા આથે હોય તો નથી એમ ન ધારવું. **ઉજાસ** એનું આગમન ચિન્હ છે. કેમ નહિ ? જો:—

તારા ગણ સમ શીશુ રમતોને,
મદન રવી કાઢે પ્હેલો—
તેજસ્વી કરી નિજ મંદિર પછી,
નિવાસ કરશે અલબેલો—

પદ્મ૦—ક્યાં મારાથી ભિન્ન આ તારાજ તરંગ જન્ય પ્રવાહમાં તણાય છે ! ! હું શું ધારૂંછું ને તું શું બોલે છે ! યૌવન નિશા મારાથી તો તને અધિક લાગે છે ! મદન સદન બનાવી દીધેલું આ તારૂં હૃદય મદનઆલાપમાં મારાથી અધિક આનંદ માનતું જણાય છે !

માલતી—હું બીજી વખત ભૂલી, "રવી"થી મેં **મદન** ને તેં **પતી** અર્થ કરેલો; અરે વાહરે ! તારૂં જ્ઞાન ! તારી અપેક્ષા ! પ...ણ હવે પૂછું ત્યારે ભેગા ભેગું ? !

પદ્મ૦—તારા પૂછતા પ્હેલાંજ કહી દઉં તો ?

માલતી—સ્નેહથી જોડાયલાં- અદ્વીતીય જેવાં હૃદયોને એક બીજાના વિચાર જાણવા અઘરૂં નથી; માટે કહીશ તો કંઇ અજાયબી ભરેલું નથી.

પદ્મ૦—જો સાંભળ; મારાં માતુશ્રીને મરી ગયે બહુ વર્ષ થઇ ગયાં- પાંચ વર્ષ પર પિતાએ પણ સ્વર્ગ વાસ

કર્યો, તેમના "વીલ" પ્રમાણે એમની પુષ્કળ મીલકત ની વ્યવસ્થા મારા કાકાશ્રી કરે છે, મને યોગ્ય વર સાથે પરણાવવાનું કાર્ય પણ એમને માથે છે; માટે એ હવે પિતાને ઠેકાણે રહી યોગ્ય હુકમ કરશે તે ઉઠાવવો પડશે. તે સિવાય હું કશું જાણુતી હોઉં તો તારા સમ!

માલતી—પણ, પૂછું તો, તને ખોટું તો નહિ લાગે ને?

પદ્મ૦—તારા શબ્દોએ કદી ખોટું લગાડ્યું છે?!

માલતી—તો, વારૂ; યોગ્યાયોગ્યનો વિચાર પણ તેમને સોંપ્યો છે?

પદ્મ૦—સખી, આર્ય શાસ્ત્રોની સુચના પ્રમાણે સંચિતમાંથી બંધાયલા પ્રારબ્ધ પ્રમાણેજ આપણો સંયોગ અથવા વિયોગ થાય છે; માટે એ કંઇ કાકાને નથી સોંપ્યું, પણ માત્ર **ભાવી**નેજ સોંપ્યું છે.

માલતી— અરે, આ ભાવીમાં વિશ્વાસ ભરી ભોળી ભામા! ભણેલી થઈને કેમ ભૂલે છે? આજ કાલના કાકા! ને વળી દોલત મળે સ્વાહા કરવા, એટલે વિશ્વાસમાં આંધળી થયેલી ભત્રિજીને ભુલથાપ ખવડાવવી એમાં શું!

પદ્મ૦—સાક્ષાત્ ધર્મના અવતારસમા જણાતા મારા કાકા ઉપર આ આરોપ? માલતી! એકદમ ભૂલ સુધાર! આ અયોગ્ય વચન મારાથી સહન નથી થતું!!

માલતી—મારાથી તારો સ્વભાવ વધારે સહન નથી થતો! આટલું જ્ઞાન છે; ગીર્વાણ ભાષાનો તને સારી રીતે સંસ્કાર થયો છે; ગુજરાતિમાં પણ એક્કા છે; અંગ્રેજીનો પ્રસાદ પામી મડમો જોડે વાતો કરવામાં કુશળ છે; આર્યજાતિ, આર્યસ્વભાવ, આર્ય લોકો અને આર્યભૂમિપર

તને અસાધારણ પ્રેમ છે; પરંતુ આ એક અવગુણ ઇશ્વરે મૂકયો છે—સ્વાર્થ સામી દૃષ્ટિજ નહીં— પોતાનું સંભાળવું પણ નહીં—એ ચંદ્ર મુખી ! તારાપર કલંક છે !

પદ્મ૦—આ તો વળી મારાપર પણ નાનો સરખો આરોપ ! તારે આટલે લાંબે જવાનો કંઇ આધાર છે?—

માલતી—ના—તારે તો—નિરાધાર હવામાં દોડતાં હશું !

પદ્મ૦—(એકદમ ચમકીને) હેં–હેં-પ્રિય સખી ! શો આધાર? બોલ એકદમ ! !

માલતી—હું બોલું તે પ્હેલાં વચન આપ કે હું કહું તે યુક્તિઓથી તારે તારા સ્વાર્થ તરફ લક્ષ આપવું.

પદ્મ૦—લે આ વચન.

માલતી—દુષ્ટ લોકોના દુષ્ટ હૃદયમાં જન્મ પામેલા દુર્વિચાર બોલી મારૂં મુખ અપવિત્ર નહિ કરૂં—કહુંછું આ બહુ બોલકણી વિજયાને તે સઘળું **"સાક્ષાત ધર્મ સમા"** કાકાનું પોકળ પ્રકટ કરશે !

પદ્મ૦—(મનમાં) શો સમય છે ? ! પણ મારે આમાંથી શું સમજવું ? ! હું મુઝાઉંછું ! શું મારા કાકા **મારાથી પણ** કપટ રમશે ? ! મારા લગ્નની વાત **મને** પૂછયા વિના કરશે ? ! કરે પણ ખરા ! આર્ય લોકોમાં કયાં કન્યાનો મત પૂછાય છે ! અરે આર્યો ! તમારા આ વેપારને માથે હું કેટલા શ્રાપ આપું ? ! તમે તમારી પુત્રિઓનું હિત ઇચ્છતા હો તો, તેમની સંમતિ વગર લગ્ન જેવા મહાકાર્યમાં પગલું શી રીતે ભરોછો ? તમારે જાતે કયાં એ ગાંઠમાં ભળવું છે કે તમે એ વ્યવહારમાં વગર પૂછે માથું ઘાલો છો ? પાશ્ચાત્‌ભૂમિનો પ્રસંગ પડતાં એમના દુરાચાર કોરે મૂકી, સદ્‌ગુણ સ્વીકારતાં કયો નિ-

ષપક્ષપાતીજન ના પાડશે ? અરે, પણ હા; માલતીજ આમાં ઠગાતી હશે, ભોળવાતી હશે, તો !! એનાં માર્મિક વાક્યોમાં શી સુચના છે એ સમજાતી નથી. હશે, હમણાં બધું ખુલ્લું થશે.

વિજયા ને માલતી—કેમ બ્હેન ! શા વિચારમાં પડી ? ગભરાઇશ નહિ.

વિજયા—તારા જેવી સુશિક્ષિત સ્ત્રીએ દુઃખમાં ધૈર્ય રાખવું જોઇએ-વિદ્વત્તાનું ભૂષણજ સહન શીલતા. સખી ! સાંભળ તારા કાકા તારા પિતાના ભાઈ થવાને યોગ્ય નથી; તારા કુટુમ્બમાં જન્મ લેવા લાયક નથી; એમના જન્મથી તારૂં કુટુમ્બ ઘણું સુખી, તેજસ્વી છતાં પૂર્વ જન્મનો કોઇ શ્રાપ અનુભવે છે; એમને દુર્જનોની સોબત છે ! તે તને ખબર હશે—

પદ્મ૦—હું-હું-પછી ?

વિજયા—એ દુર્જનોના પ્રસંગથી એમની વૃત્તિમાં ફેરફાર થયો છે. તારી ઉમર થતાં તારે માટે યોગ્ય પતિ શોધવામાં એમણે એમની દુષ્ટ વૃત્તિનો ઉપયોગ કર્યો છે!

પદ્મ૦—હાય ! હાય ! આ તું શું બોલે છે, આ તને કહ્યું કોણે ? માલતી, આશું ?

વિજયા—તું પુરે પુરૂં સાંભળીશ, તો તારે પ્રશ્નો પૂછવા નહિ પડે એવું રાખીશ. પેલો જીવરામ, તને ખબર છે ? એના દુર્ગુણ જગ જાહેર છે; બ્રાહ્મણ છતાં એકેમાં ઓછો નથી—

પદ્મ૦—ના, ના, મે તો એનું નામ પણ સાંભળ્યું નથી—પણ—

વિજયા—તું વચમાં ન બોલ; સાંભળ, ચોરી કરનારા દુષ્ટ વૃત્તિના છોકરાઓનો એ શિક્ષા ગુરૂ છે; વ્યભિચાર પાશનો મુખ્ય યોજક છે; **યૌવનવન**માં દોડી રહેલી [1] **લંબાક્ષિ**ઓનો પારધી છે; આર્યાઓને અત્યંત પ્રિય પાતિવ્રતનો હોમાગ્નિ છે; દ્રવ્ય **ગલ** [1]**પાણીમાં** મૃકિ મિનાક્ષિઓને પકડે છે; [2] **ઝેરથી ભરેલાને** ભક્ષ કરે એવો [3] **કલાપિ** છે; પશુસમાન સ્ત્રીઓનો [4] **કૂટપાશ** છે; ગાંજાખોરિઆને આશ્રય આપનાર છે; મદ્ય પિનારાનો ઉત્તેજક છે, અસત્યનો સેવક છે; ઠગવિદ્યાનો ઉપાસક છે; ટુંકામાં, સર્વ દુર્ગુણોની જન્મ ભૂમિ સનાન આ દુષ્ટસાથે તારો યોગ કરવા કાકાશ્રી **દ્રવ્ય લોભ** નામની તરવારથી **ધર્મ** નામની માતાનો શિરચ્છેદ કરે છે!

પદ્મ૦—ઓ ચતુરા! આ તારી પાસે વાત ક્યાંથી આવી? પ્હેલાં મને એ કહે—

વિજયા—માલતી! આ અધીરીને શાંતિથી બેસાડ! જો સાંભળ–એ દુષ્ટ જીવરામે બે ત્રણ–કે કોણુ જાણે કેટલી–સ્ત્રીઓ તો આગળ કરેલી છે, તેમાંની એક પ્રેમકોરનો મને સમાગમથતાં, એ મૂર્ખે કહેલા બડાઇના કંઇક શબ્દો મારે કાને આવ્યા; આમથતાંજ હું ચેતી–તારાં કાકીશ્રી પાસે ગઈ; એમને વાત પૂછી; આંખમાં આંસુ આણતાં કાકીએ મને વાત કરી, મેં એમને ધૈર્ય આપ્યું; યુક્તિ બતાવી. "એ વાત મને ગમતી છે. એમ કહી બધો

---

૧ લંબાક્ષિ=મૃગી; સ્ત્રી–

૧ જળ; હાથ; ૨ દુષ્ટલોકો; વીંછી.

૩ કળાવાળો; મોર, ૪ પાંજરૂં.

ખેલ તપાસો," એમ કહ્યું—હું પણ એ વાતમાં મળી ગઇ. બધું સાંભળ્યું. દુશ્મનની છાવણીમાં ભેદુ થઇને સખીધર્મ બજાવવા પેઠી.

પદ્મ૦—પછી!

વિજ્યા—પછી, બધું સાંભળ્યું, જે જે ઘાટ ઘડાય છે તે બધા સવિસ્તર તને જાતે જોઇને કહીશ. કાકા એ જીવરામને કહ્યું કે 'જુઓ પદ્મકુમારીના પિતા ને મારાભાઇ કુશળરામે બે લાખની પુંજી મૂકી છે. અમે વ્હેલાં વ્હેંચી લીધું હોવાથી પદ્મકુમારીના લગ્ન પ્રસંગે આ બે લાખ એને આપી દેવાની સત્તા એમના વીલમાં આપી છે. હવે તમારી જોડે એને હું જોડું તેમાં અડધો અડધ મને તમારે આપવા—કારણ કે એના તમે માલિક થશો એટલે એના ધનના પણ માલિક છો. સ્ત્રીધન બ્રીધન આપણ સમજીએ નહીં. ઇંગ્રેજના રાજમાં ઇંગ્રેજી કાયદો! જીવરામે આ વાત કબુલ રાખી"

પદ્મ૦—આ બધું હું શી રીતે માનું? તું અસત્ય બોલે છે એમ પણ કેમ કહું? ઓ માતા પિતા! મને મૂકીને મરી ગયાં, તો લઇનેજ જવું હતું! નિરાધાર બાળકીને નાંખી દઇને જવું હતું તો આ દુષ્ટ મિત્ર કરતાં કોઇ દાના દુશ્મનના હાથમાં બધું સોંપવું હતું! અરે, આ કરતાં તો મ્હારી માના એક પિત્રાઇભાઇ, હતા તેમના હાથમાં—જો તે ન્હાસી ગયા ન હત તો—મને સોંપી હત તો સુખી થાત! પણ એ કયાં ગયા એ વાતનો પત્તોજ નથી! જન્મધરી મેં એમને જોયા પણ નથી. માતા પિતા વગરનાં છોકરાંપર પડતો જુલમ હે વસુંધરા! તું શી રીતે સહન કરે છે? હવે હું એમને કયાં શોધું? આ ક્ષણભંગુર સૃષ્ટિ નાટકમાં મારો ભાગ કયરે પૂરો થશે?! માલતી!

માલતી ! મારાથી ઉભાં નથી રહેવાતું !

માલતી—પ્રિયસખી ! હજુ સમય પુષ્કળ લાગે છે; વળી તું વિદુષી છે; ભાવી પર તારો દૃઢ આગ્રહ છે. પાણીનું એક બીંદુ આગળ ચાલતાં તારા ફક્ત હુકમથી સો પાળ બાંધી શકાશું ! તારી સખીઓ કહે, તારી દાસીઓ કહે, તારા જ્ઞાન આગળ, તારા ધૈર્ય, તારા ચાતૂર્ય આગળ અમે આધીન છીએ ! ! ફીકર ન કર, ધૈર્ય રાખ ! ફક્ત હુકમ કર ! !

પદ્મ૦—શુન્ય મગજની હું હજુ કાકાની ભૂલ છે–આ સત્ય છે–એમ કહી શકતી નથી–માલતી ! વિજયા ! મને આ મારી આંખે દેખાડો !

વિજયા—ઓહો ! તૈયાર; એ દુષ્ટ જીવરામ એક વખત પાછો કાકા પાસે આવવાનો છે; તું હું કહું ત્યાં સંતાઈ પેસી બધું જો–કાકીની સંમતિ છે એટલે અડચણ નથી. કાકા સાથે વાત પ્રસંગે પાછું તે ગમે તેમ સમજાવે તેમ ભોળાઇશ નહિ.

માલતી—એટલે બધે સુધી ભોળપણ એતો ગાંડપણ કહેવાય; એટલી મૂર્ખ એ નથી; એનું જ્ઞાન એ વખત એને સહાય થશે.

(બધાં જાય છે).

પ્રવેશ–૪થો

સ્થળ—અઓઘશંકરનું ઘર.

છોટાલાલ—આહા ! સમય કેવો વિપરિત છે; આ બિચારી પદ્મકુમારી ઉપર બધું તર્કટ રચાય છે, તે જાણતી નથી કે એનું શું થશે ! સુશિક્ષિત છતાં આ અધમની જાળમાં સપડાશે–હું એના પિતાનો અસલ નોકર આ-

વા વખતમાં જો મારી વાણિયામતીનો ઉપયોગ નહિ કરૂં તો શા કામમાં આવીશ ? ચાલ એને બોલાવું. અહીં કાંઇક ઘરમાં કોઇ ઓરડામાં પેસી જઇ વાંચ્યા કરતી હશે—ઓ આવે—ઠીક થયું.

પદ્મકુમારી—ભાઇ, છોટાલાલ, મારા પિતાના વખતનો—એમણેજ તને ધંધે વળગાડેલો તું નોકર છે તું ગમે તેટલો નિમકહલાલ ને પ્રમાણિક હોય તોપણ તારી યુવાવસ્થા રહી એટલે અમે સ્ત્રીજાતિ સ્વાભાવિક રીતેજ તારી જોડે એકાંતમાં વાત કરતાં અચકાએ પરંતુ કોઇ ગંભીર પ્રશ્ન તને પૂછવાનો સમય આવ્યો, એટલેજ પૂછું છું કે તું યોગ્ય ને સત્ય જવાબ આપીશ ? તું હજું પણ પ્રમાણિક રહ્યો છે કે કાકાની સોબતની અસર થઇ છે ?

છોટાલાલ—તારો પ્રશ્ન સારી રીતે સમજ્યું છું. મારી જોડે એકાંતમાં વાત ન કરાય એ તને જે શાસ્ત્ર શીખવાડે છે, એ સર્વથા પુજ્ય છે. એ નિયમ બાંધનારાઓ મરી ગયા છતાં જીવે છે ! તું મારી બ્હેન છે, તારા પિતાએ મારી સ્થીતિ જોઈ મને આજીવિકા બાંધી આપી છે, તારાં અત્યુતમ પુસ્તકોના ઉપયોગે મને તારી વૃત્તિઓ તરફ પુજ્યભાવ ઉત્પન્ન કર્યો છે, બ્હેન, ગભરાઇશ નહિ; મારી બુદ્ધિનો ઉપયોગ યથાશક્તિ કરવા ચૂકીશ નહિ. તારા આવવા પ્હેલાંજ તારાજ વિચારમાં આ તારો રંક બંધુ શોકગ્રસ્ત થઇ વિચાર કરતો હતો, તેનો ઇશ્વર સાક્ષી છે.

પદ્મ૦—ધન્ય છે ભાઈ તને ! તારા સુવિચારોને લીધે, મારે ભાઇ નથી તો તનેજ ભાઇ ગણું છું, પરંતુ મને આમાંથી ઉપાય બતાવ. વાત ક્યાં સુધી આવીછે ને શું શું થાયછે તે જણાવ.

છોટાલાલ—તું કાકા પાસેજ એમના દિવાનખાનામાં ચાલ, તારી જાતેજ અનુભવ કર; હું પણ આવું છું. જે થાય તે જો.

પદ્મ—પણ એ વાતજ નહિ ઉપાડે તો ?

છોટાલાલ—તો મારૂં મોડું છે ને ? તારી આગળ કંઇક શરમ રાખું-એમની-પુરૂષ આગળ સ્પષ્ટ કહેવામાં શું છે ? ઠીક, જા, બ્હેન, વ્હેલી આવ.

(દીવાનખાનામાં જાય છે)

અમોઘશંકર—(વિચાર કરે છે) પૈસો બડી ચીજ છે; મથાને મારૂ ઘર ખોતરીશનો પચાશ હજાર રૂપિયાની પુંજી છે-ને તેથી પણ ચાર ગણા મફત-તદન મફત આવે છે ! પણ છોકરી ચાલાક છે; હોય; તેને સમજાવનાર હું કયાં ઓછો ચાલાક છું ? એ ચોપડીઓનાં પાનાં ફેરવી હોંશીયાર બની છે ને હુ યુક્તિ પ્રયુક્તિઓ કરી મોટો થયો છું. પેલા છોટાલાલ ગુમાસ્તાનું ઠેકાણું નથી. નાની ઉમર છે, પાસે પૈસાનું ઠેકાણું નથી ને મોટા ધર્મરાજા-પ્રમાણિક પણાનું ડોળ ઘાલે છે; જાણતો નથી કે હું છોકરીનો કાકો ! બાપને ઠેકાણે, જે કરૂં તે થાય ફીકર નથી; એક વખત પૈસા આવવાદે હાથમાં, પછી બધી દુનિયાં હાથમાં ! પૈસો ધારશે તે કરશે

પૈસાની ગુલામ—પૈસાની ગુલામ—
આ દુનીયાં—
પૈસો આવ્યો પાસ—થશે સહુ દાસ—
પૂરી જાશે તેનો તો સઘળો દમામ—
આ દુનિયાં—
હશે જો વિદ્વાન, સહુ શાસ્ત્ર જાણ,
પાસે નહિ પૈસોતો તેનું શું કામ ?
આ દુનિયાં—

મુરખ સરદાર, ગધ્ધોને ગમાર,
પૈસાવાળાને સૌ કરે છે પ્રણામ!

છોટાલાલ—(પ્રણામ કરેછે) શેઠજી સાહેબ!
આ દુનિયાં!

અબોધશંકર—છોટાલાલ, તું સમજુ છે, એટલે તને વધારે કહેવાની જરૂર નથી; ઘણોખરો વહીવટ તું કરે છે– ને કરી જાણે છે, માટે એથી પણ વીશેષ મારે તારા હાથમાં નાંખવો એમ મારો વિચાર છે.

છોટાલાલ—હાજી, પ્રમાણિકપણે જેટલું થશે તે કરવા હું તૈયાર છું.

અબોધશંકર—પ્રમાણિકપણું શું એ તું સમજે છે કે ફક્ત શબ્દ વાપરી તારી હોંશીયારી જણાવવા માગે છે?

છોટાલાલ—"એકડો" શીખવો એના કરતાં એ વ્હેલું સમજીને શીખી શકાય છે; મુર્ખ પશુ જેવાએ સમજેતો છે, પણ તત્વજ્ઞાનીઓ, મહાન્ પંડિતો, ને ધર્મ ગુરૂઓએ સમજ્યા છતાં પાળવામાં ભૂલો ખાધી છે!

અબોધશંકર—ત્યારે એ ભૂલો કરનાર ગાંડા હશે?

છોટાલાલ—નાજી ડાહ્યા; સમજુ, પણ અંતઃકરણમાં ઉછાળા મારતી દુર્વાસનાની ઉર્મીઓને સુમતિજોડે યુદ્ધથતાં પેલી દુર્વસનાને જીતમળેલી; દુસ્તર સમુદ્રમાં નિશાળમોજાં વચ્ચે, હોડી ચલાવતાં ખલાસીની ચાલાકી ઓછી તેથી ડબેલી.

અબો૦શ૦—શું મોટા જ્ઞાનીનો આડંબર કરેછે!! હું તો તારૂં એવું કશું સમજતો નથી! ટુંકામાં કહેને એ ગાંડા હતા?"

છોટાલાલ; ત્યારે એમ, સાહેબ (મનમાં) (સમજેછે બધુંએ, પણ સ્વાર્થ આગળ સૂઝતું નથી)

અબોધ૦—વારૂ, ઠીક પેલા રૂપિઆ વીષે મેં તને બધું કહ્યું છે તે બેંકમાંથી લઇ તૈયાર રાખજે.

(સુમતીગવરી ને પદ્મકુમારી પ્રવેશ કરે છે.)

અઘોરશંકર—બ્હેન પદ્મકુમારી, આમ આવ સાંભળ, તારી હવે પરણવા લાયક ઉમર થઇ છે તારે માટે યોગ્ય પતિની તપાસ કરવામાં મારા રાત્રિ દિવસ ચિન્તાગાં જાય છે હું ધરાઇને જમતો નથી-ઉંઘ જતી રહી છે.

પદ્મ૦—(ચૂપ રહી નીચું જોઇ રહી)

અઘોર૦—કેમ બ્હેન, બોલતી નથી.

પદ્મ૦—એ બાબતમાં હું શીરીતે બોલું? મારા આપ શીરછત્ર છો !—

અઘોર૦—(વચમાં બોલે છે)-એટલે જે કરીશ તે ખરૂં કરીશ-બરોબર છે, શાબાશ ભણેલીને આનુ નામ!

છોટાલાલ—પણ એને એનું વાક્ય તો પુરૂં કરવાદો.

અઘોર૦—અમારી વાતમાં વચમાં બોલવાને- તને કોણે આધિકાર આપ્યો ?

છોટાલાલ—મારી ફરજે;

અઘોર૦—આમ બોલવું એ વિનય કહેવાય કે ?

છોટાલાલ—અધર્મ અટકાવવા અવિનયી થવું એ અપરાધ નથી એમ આર્યશાસ્ત્રો કહે છે (મનમાં) (આગળ એનાથી વાત બોલી જવાયનો ઠીક થાય)

અઘોર૦—કેમ બ્હેન, મારા પરિશ્રમને બદલે સામી મને મદદ કરવી રહી અને આ બોલવું યોગ્ય છે? હું શ્રમ કેટલો વેઠું છું તે મને ખબર છે. તું કંઈ આનો ઉત્તર આપ, આ બાબતમાં મુંગી ન રહે.

પદ્મ૦—કાકાશ્રી! સર્વ પ્રજાઓમાં બાળકીઓનું હિત મા બાપો પ્રથમ જુએ છે-ઘણું કરીને માતા પિતાતો ફ-કત સંમતિ-ને તે વળી પાછળથી-આપે છે. બાકી પોતા-

ને માટે લાભાલાભ તપાસી યોગ્ય પતિની તજવીજમાં રહેવું એ ઉમર લાયક થયે સ્ત્રીને પોતાને માથે પડે છે. ને એ બોજો સ્ત્રીઓ સહર્ષ ઉપાડી લઈ, માબાપોને મુક્ત કરે છે. એથી ભવિષ્યમાં માબાપોને દીકરીનું દુઃખ જોવાનો પ્રસંગ ક્વચિત્જ આવે છે. આર્યોમાં એ રીત નથી; માટે કંઇ આર્યબાળાઓની સંમતિ પણ ન લેવી એવો એમણે અપરાધ નથી કર્યો! સ્ત્રીના માથાનો મુકુટ, જીંદગી પર્યન્તનો પોષક ને રક્ષક, જેની ભક્તિ એજ સ્ત્રીને મોક્ષ ગતિ આપનાર એવો **પતિ** શોધવામાં સ્ત્રીની પોતાની સંમતિની આવશ્યકતા છે. "બ્હેન, તને આ કપડું ગમશે? આ સાડી સારી દેખાશે? આ બંગડી પેંક ચાલશે?" એ પ્રશ્નો કરનાર માબાપો નિર્જીવ—નકામી ચીજોમાં સ્ત્રીનો મત પૂછે છે, ને આ મહાન વિષયમાં બેદરકાર રહેતો તેમની ભૂલ છે. ને દીકરીના ભવિષ્યના સુખ દુઃખના તેઓ જવાબદાર છે. આ વિષયપર મારો મત આવો છે એ સહજ આપને જણાવ્યું—મને ખાતરી છે કે આપ એથી વધારે જાણો છો ને તેમજ કરશો—આતો ફક્ત મેં મારા વિચારો જ જણાવ્યા છે.

અબોધ—આ બધા વિચારોપર ધ્યાન આપીનેજ મેં તારે માટે શોધ કરી છે—ને તે હવે તને જણાવું છું—જેને મેં તારા પતિ તરીકે શોધી કહાડ્યો છે, તેની ઉમર ત્રીશથી કંઇક વધારે હશે—બહુ બાહોશને ચાલાક છે—ધન પણ છે—દેખાવડો પણ છે—જરાક દુઃખ એ છે કે—એક બે સોકયો છે, પણ તે નકામી છે ને વેઠી લેવા જેવું દુઃખ છે તે વેઠી લેજે—બધું સુખ ક્યાંથી મળે? કંઇપણ દુઃખતો હોયજ.

પદ્મ—(મનમાં)-(ખરીવાત—ઠીક, ગભરાટને મુઝા- વાનો—ક્રોધ કરવાનો પ્રસંગ નથી). (પ્રકટ) કોઇપણ દુઃખ ન હોય. છતાં એક પણ સોકય હોય તે સમાનબી- જાું શું દુઃખ છે ? કાકા, આપની તપાસમાં ભુલ હશે, આપ છેતરાતા હશો.

અબોધ—હું છેતરાઉં ત્યારે થઇરહ્યું તો ! માણ- સ ઘણો દુનિયાદારીનો અનુભવી લાગે છે; મારે જો પોતા- નીજ છોકરી હોય તો આના સિવાય બીજાને હું જોઉં ન- હિ—તારામાંને મારા પોતાના સંતાનમાં મારે તફાવત ન- થી; વળી મોટામાં મોટી હર્ષની વાતતો એછે કે એ ઘણો- જ ઉંચા "કૂળ"નો છે; એના બાપદાદાઓ અસલ મહાન ઋષિઓ હતા. "કૂળ" એજ કળિયુગમાં જોવાનું છે. નીચ કૂળના લોકો આ વખતમાં મોટા થઇ ગયા છે ! કુળાભિ- માન લોકોને જતું રહ્યું છે; પુર્વજન્મે બહુ પુણ્ય કર્યા હોય તેનોજ ઉંચકૂળમાં જન્મ થાય છે.

પદ્મ—કાકા, આપની વય, ને જ્ઞાનના પ્રમાણમાં આપનું બોલવું નિર્દોષ કહી શકાય, પણ સત્ય નથી.

અબોધ—કેમ બ્હેન, મારા કહેવાપર જાણે તને દ્વેષ હોય તેમ મર્મનાં વાક્ય કહાડે છે ?

પદ્મ—આપનાપર ઇશ્વર મને દ્વેષ ન કરાવે; મને અસત્યને વ્હેમપર દ્વેષ છે. આપે શોધ કરી હશે. પરંતુ તે ગૃહસ્થની નિંદા મારે કાને આવી છે. હું તે નિંદા સત્ય માનું કે આપનું કહેવું સત્ય માનું તે પહેલાંજ એક મોટી બાબતમાં વિચાર કરવાનો છે કે પુરૂષે એક સ્ત્રી છતાં બીજી કરવી એ શાસ્ત્રથી વિપરિત, અધર્મ માર્ગ દર્શાવનાર છે; જેમ સ્ત્રીઓએ પતિવ્રતનું સેવન કરવું લખેલું છે, તેમ પુરૂષે

પણ પતિવ્રતનું મહા કષ્ટે પણ રક્ષણ કરવું, એજ નાતિને એજ ધર્મ લાગે છે, જેમ પાતિવ્રત સમાન મહાવ્રત નથી, જેમ પાતિવ્રત સ્ત્રીને સ્વર્ગ મેળવી આપે છે, તેમ પુરૂષને પત્નિવ્રત સ્વર્ગીય સુખ આપનાર મહાવ્રત છે. પતિવ્રતા સ્ત્રીઓએ જેમ અન્ય પુરૂષને ભાઇ, પિતા, સમાન ગણવાનો છે, તેમ પુરૂષે પણ અન્ય સ્ત્રીઓને ભગિની, માતા સમાન ગણવાની છે—તેમ ન થાય તો સ્ત્રીનું પાતિવ્રત કામનું શું ? એમતો એમ એટલુંજ નહિ, પણ જો બધા આર્ય શાસ્ત્રકારો ભેગા થઇ એક નિર્ણય ઉપર આવી જાય કે વિધવા વિવાહ શાસ્ત્રવત નથી તો એ સભા વચ્ચે ઉભી થઇ, આ મારી આર્ય ભગિનીઓની વકિલાત કરવાનું એકદમ બોલું કે “એક સ્ત્રીના મરણ પછી, પુરૂષે બીજી સ્ત્રી ન કરતાં, સ્ત્રી જેમ વૈધવ્ય દશા ભોગવે છે, તેમ પુરૂષે પણ પત્નિવ્રત સાચવી બેશી રહેવું જોઇએ.” એવો બીજો ધારો પસાર કરો !

સુમતિસગરી—પણ બ્હેન, શાસ્ત્રમાંતો એવું નથી સાંભળ્યું જો !

પદ્મ—આર્યશાસ્ત્રકારોનો મુખ્ય ભાગ પુરૂષોનો હોવાથી આર્યબાળાઓને એમણે અન્યાય આપ્યો છે; તેમ નહિ થયું હોય તો તેમણે ભૂલ કરી હશે, તે આપણે સુધારવી જોઇએ. મનુએ કહ્યું છે કે દેશ, કાળ, રૂઢિને અનુસરી વર્તવું જોઇએ. ધર્મ શાસ્ત્રના નિયમો સમયને આધિન છે, દાખલા તરિકે, હવે અટક આગળ અટકાશે નહિ! કાશી ! એતો રોયા કાબલી લોકો મારી નાંખતા એટલે એમ લખ્યું હતું ! અને એ પ્રતિબંધન કેટલે દરજ્જે પળાય છે એ બધી જ્ઞાતિમાં તમે જુઓ છો; રોજ વાંચો છો.

અને દરવાજા ખુલ્લા થતાં ટુંક સમય છે એ પણ બ-નાવીશ; દુનિયામાં પારીસમાંના પ્રદર્શન જેવાં પ્રદર્શનો ખુલ્લાં મુકનારને મારી આર્યપ્રજા તરફથી હું અભિનંદન આપુંછું એજ રસ્તો ખુલ્લો કરશે આગળ સ્વધર્મ પ્રમાણે જ્યાં જઇએ ત્યાં ચાલવું તો જોઇએ.

અબોધ—શાબાશ ! જેવા તારા વિચાર છે તેવાજ પેલા ગૃહસ્થ-જેની આપણ વાત કરિયે છિયે-તેના છે; તે જોઈ મને વધારે આનંદ થાય છે.

પદ્મ—કાકા, એ વાત લંબાવવાની જરૂર નથી. જો એ માણસ "**જીવરામ**" નામનો હોયતો મેં એના દુર્ગુણની કથા સંપૂર્ણ સાંભળી છે. એના નામનું સ્મરણ પણ ન જોઇએ !

અબોધ—છોકરી! તારી આગળ એનું નામ કોણે કહ્યું?

પદ્મ—કદાચ્ કોઇએ કહ્યું તો તેણે અપરાધ શો કર્યો?

અબોધ—અપરાધ કેમ નહિ ?

પદ્મ—શો ?

અબોધ—(જરા વિચાર કરી) આવડી છોકરી વળી મને બોલવામાં બાંધનાર ?! તારૂં ડહાપણ જવાદે હવે—બ-સ ! હું કહુંછું તેમ કરવું પડશે. તારા પિતાને ઠેકાણે છું ! નહિ માને તો ક્યાં જઇશ ?

પદ્મ—કાકા, જાણી જોઇને કુવામાં નહિ પડાય ! તમે કાકા છો પણ પિતાની સમક્ષ પણ હું એજ શબ્દો બોલ-ત—તમે તમારા સ્વાર્થ તરફ દૃષ્ટિ કર્યા વગર બધું ચોખ્ખે ચોખ્ખું કહ્યું હોય એની મને શી ખાતરી ? તમે જુના વિ-ચારના ને વળી અભણ, તમને માનવા એ અમારો ધર્મ બને, પણ તે "જુના વિચારના ને વળી અભણ" એક-લા હોત, ત્યારેજ.—વચમાં કાળું ધોળું થાય એટલે એ

મર્યાદા. સુખેથી મૂકાય ! સમજ્યા. !

અમોઘ—દુષ્ટ છોટાલાલ ! આ બધો તારો રચેલો પ્રપંચ જણાય છે—તેં જ આ બધું કહેલું હોવું જોઇએ—તું આજથી મારી નોકરીમાં ન જોઇએ—ચાલ, જા એકદમ અહીંથી—આજથીજ—આ વખતથીજ તારી નોકરી બંધ છે—

છોટાલાલ—જોયા સાંભળ્યા વગર ન્યાય આપીજ દીધો ? મેં કહ્યું એમ શી રીતે માન્યું ?

અમોઘ—મુર્ખ ! જુઠું બોલી બીજો ગુન્હો કરે છે!

છોટા—સત્ય બોલવાપર મારી પ્રીતિ પ્રભુ કદી ઓછી ન કરે એમ યાચું છું. આપને અપ્રિય એટલું બધું જુઠું ?

અમોઘ—મારે તારો શબ્દ નથી સાંભળવો, જા, જા એકદમ-મારો બોલ ફરવાનો નથી.

સુમતિગવરી—'આવો પ્રમાણિકને જુનો નોકર મને ફરીથી નહિ મળે' એવું આપ એકદમ બોલ્યા હતા. એટલું યાદ દેવડાવી આપવા રજા છે ?

અમોઘ—પતિ આગળ પરપુરૂષનું હિત બોલવું એ કેટલું જોખમ ભરેલું છે એ ભૂલિ જાય છે !

સુમતિ૦—મારે છોટાપણુ એ મારૂં બાળક છે.

છોટાલાલ—બા, બોલશો નહિ. જ્યાંથી ન્યાય. સત્ય, કહીં ગયાં, સ્વાર્થપરજ દૃષ્ટિ રહી ત્યાં રહેવું પણ ઠીક નથી. એ રજા નહિ આપે તો હવે તો હુંજ જાઉંછું-મારામાં ઇશ્વરે ધર્મ સાચવી રાખવાની મતિ આપી છે ત્યાં સુધી એજ મારો પાલનકર્તા છે-હું ભૂખે નહિ મરૂં-કુશળરામ દશ વરસનો મને અહીં લાવ્યા હતા—તે વાતને આઠ નવ વર્ષ

ગયા આવ્યાં, એ ચાર વર્ષથી વહીવટ મારા હાથમાં છે, એ દરમીયાન એક પાઈ મારે હાથે બગડી નથી. આજ તમારી બાબતમાં કહાડો છો તે હું બધું સમજું છું-તમારે ગમે તેમ કરજો પણ બ્હેન પદ્મકુમારીનો સ્વાર્થ ન બગાડશો. બા, તમનેજ એ ભલામણ કરૂં છું—સ્ત્રી જાતિ ધારશે તો પતિને કુકર્મ કરતો અટકાવી શકશે—ફક્ત એ ટકુંજ કહું છું કે તમને લાખ રૂપિયાનો લાભ થશે પણ આ બાઈનો સ્વાર્થ ઠીક બગડશે—

અબોધ—ચુપ ! મુર્ખ. નીકળ એકદમ અહીંથી—

છોટાલાલ—તમારે ગમે તેમ કરજો સારે, હું આ ચાલ્યો. (જાય છે.)

પદ્મ—કાકા! લાખ રૂપિયા શેના ? એતો વળી તમે બોલ્યાજ નથી ! નક્કી આમાં કંઈક હોવું જોઈએ.

અબોધ—તને એક વખત કહ્યું કે તારાપર મારો સંપૂર્ણ અખતિયાર છે-હું જે કરીશ તેને તારે તાબે થવું પડશે. ચિંતા કર્યું નહિ કરે, સમજીને તાબે થઈશ તો ઠીક છે. એ માણસને કહાડી મૂકયો તે પારકો થયો એટલે ગમે તેમ બોલે, એને શું ! હું તારૂં અહિત ઇચ્છી કામ કરીશ?

પદ્મ—અહિત નહિતો બીજુ શું ? ખુલ્લે મનથી વાત તો કરતા નથી; હવે હું કંઈ છેક નાની છું કે નાસમજુ?

અબોધ—હું તારો એક શબ્દ સાંભલનાર નથી— કારણ કે તને કોઈએ ભમાવી છે.

પદ્મ—હું પણ તમારો શબ્દ સાંભળનાર નથી. મારા રૂપિયાને ગમે તે કરજો મારા પોતાના પર કોઈનો હક નથી—હું જાણીશ, ભિખારીની સ્થીતિમાં ફરીશ, પણ અ-યોગ્યની તાબે નહિ થાઉં; તમારા કુળ શોધવામાં સ્વાર્થ ત-

મારી આંખોમાં ધુળ નાંખી જણાય છે !

પદ્મકુમારી—(પાસેના પોતાના વિચાર ભુવનમાં જઇને)* ઓહો ! સ્વાર્થવૃત્તિ કેટલી પ્રબળ છે ? આટલી જીંદગી તો અભ્યાસમાં જ ગઇ, પરંતુ સૃષ્ટિની નિશાળમાં પ્રથમ પાઠ શીખવાનો પ્રારંભતો હું હજુ હવે કરૂં છું ! પિતાએ પોતાનો ભાઇ ગણી સર્વસ્વ સોંપ્યું છે, પોતાને કશું સંતાન નથી, છતાં આ સ્વાર્થવૃત્તિ શા સારૂ ? હવે ક્યાં જાઉ ? નિરાધાર અબળા—હું કોની સલાહ લઉં ? આથી શું બીજું દુઃખ ? ચાલ, માલતીને મળું.

સુમતીઅવરી-(પ્રવેશ કરીને) મારી લાડકી ! મારાથી તારા કાકા આગળ બોલાતું નથી. હું સત્ય બોલું છતાં, એમનો સ્વભાવ તું જાણે છે; આટલે વર્ષે પણ મારાપર બીજી સ્ત્રી આવે ! જ્ઞાતિમાં ક્યાં ખોટ છે ?! પણ તું ગભરા નહિ; તને ગતાવું તે યુક્તિ કર, આજ પેલો દુષ્ટ બધો "કરાર" નક્કી કરવાઆવવાનો છે, તે વખતે તું ઘરમાં તારા કાકા ન જાણે તેમ પેસી રહી બધું સાંભળ; તે બધું થઇ રહે એટલે એકદમ તારા કાકાને તારે શબ્દતીરથી વીંધી નાંખવા જેવું કરવું—ગમે તેવા પુરૂષ છે પણ નરમ પડશે. જેનું હૃદય પાપી હોય તે ટપકો સહન કરી શકે છે—ને પસ્તાઇને તારા કહેવા પ્રમાણે જ બધું કરશે—પછી મારી ધ્યાનમાં તારે માટે બીજી વાત છે તે હું તને ખુલ્લાસેથી કહીશ—

પદ્મ—પણ મારી સાહેલીઓ પાસે ન જાઉં !

સુમતિ—પછી જજે—હમણા ચાલ મારૂં મન ખોલીને જ્યારે તને વાત કરીશ, ત્યારે તું જેટલું દુઃખ છે એટલું ભુલી જઇશ. મારો પ્રાણ જશે પણ એ દુષ્ટ સાથે તારૂં પાણીગ્રહણ થતાં અટકાવીશ ! જા ! મેં નજર નાં

ખી છે, એથી આ સૃષ્ટિમાં તને વધારે સુખ નહીં. જો, કુળ, શીળ, વિદ્યા, જે જોઈએ તે ત્યાં છે—એ પુરૂષ સાક્ષાત્ દેવાંશી જેવો છે! પણ હમણાં એ વાત હું ઉપાડતી નથી. નિરાંતે વાત—

પદ્મ—કાકી, મને સમજાવો છો? હવે હું બાળક છું?

સુમતિ—મ્હારી દીકરી! તું શામાટે ડરે છે? ચાલ ત્હારા પુસ્તકાલયમાં. તારૂં મન ત્યાં ઠરશે. (જાયછે.)

પ્રવેશ ૫ મો.

જીવરામ—એક, બે, ત્રણ, ચાર;—ને બેડોપાર! રૂપિઆ લાખો લેતી આવે, ને રંભા જેવી સ્ત્રી મળે! એ કુળનો પ્રતાપ! બ્રાહ્મણને વળી ઉંચું કુળ! સોનું ને વળી સુવાસ! નાની નાની ટેવો હોય તેમાં શું—અંહ—એનો ચાલતું આવે છે! અગ્નિને કંઇ આભડછેટ છે?

પુંજીઓ—શેઠ, ઘરમાં બોલાવે છે!

જીવરામ—લુચ્ચા, **ઘરમાં** એટલે શું! પુરેપૂરૂં કહે, નામ લે, ઠામ લે; રાજાને ત્યાં સો નોકરો હોય, તેમાં કયો બોલાવે છે તે શી સમઝ પડે?

પુંજીઓ—શેઠ! નોકરો કદી રાજાને બોલાવે? રાજા નોકરો ને તો બોલાવે!

જીવરામ—લુચ્ચા! મારી સામે કેમ બોલ્યો? હું નોકરને એ રાજા?—બસ, જા નથી આવતા—એકદમ એ લોકોને અહીં બોલાવ—બધાને બોલાવ; ચાલ, જા; એકદમ મારે હાજરી લેવી છે;

પુંજીઓ—બધાને એટલે હું શું સમજું? એક પીયેર હોય, એક ન્હાડી ગુકી હોય, કોઇ રીસાણી હોય,

એમને બધાંને હું ક્યાં ભેગાં કરૂં ? એ કામ નોકરનું નથી. આપનું છે. અમારા શુદ્ર લોકોમાં બે ચાર પરણવા મળતી નથી, એટલે એ વાતનો અમને તો અનુભવ નથી આપને—બ્રાહ્મણને એ અનુભવનો હોય—

જીવરામ—જા, બસ; સામું બોલ્યો માટે તું અવિવેકી છે. મારી નોકરી કરવાને લાયક નથી, માટે રજા છું આપું.

પુંજીઓ—શેઠ. મેં તો એમ કહ્યું કે આપ બ્રાહ્મણ ભાગ્યશાળી છો, તે વધારે સ્ત્રીઓ પરણવા મળે છે—હું કંઇ ભણેલો છું તે બરોબર બોલતાં આવડે ? (મનમાં) (કંઇ કરતાં મુરખો માને છે),

જીવરામ—એક અક્ષર વધારે નહિ સાંભળું ! આ છાપરા નીચે એક મિનિટ ઉભો રહીશતો તારી કમબખ્તી થશે.

પુંજીઓ—(ચીડાઇને); લાવો, ચાલો; મારો પગાર ગણી આપો ! હું જાઉંછું.

જીવરામ—હજુ સામું બોલે છે ? જા પછી પગાર લઈ જજે; તારૂં મ્હોડું ન બતાવ !

પુંજીઓ—હવે સામું બોલવાનો વાંધો નથી; હવે તમારોને મારે શેઠ ચાકરનો સંબંધ મટી ગયો—હવે તમારી નોકરી છોડી એટલે હું તમારો પગાર માટે લેણદાર થયો—પગાર મળશે ત્યાં સુધી આ છાપરા નીચેજ ઉભો રહેવાનો મારો હક છે.

જીવરામ—(એકદમ ઉઠી પગાર આપીને) લે ચાલ, ઉપાડ; ચાલ્યો જા; ગણી જો, ફરીથી તારૂં મોડું જોવાનો પ્રસંગ ન આવે—

પુંજીઓ—આટલીવાર ત્યારે; પરિશ્રમ કરી મ્હેનત કરનારને નોકરીનો ટોટો નથી.

(એમ કહી ચાલ્યો જાય છે).

જીવરામ—અરે ક્યાં ગઇ, ઘરમાં છો કે બધીઓ, એકદમ આમ આવો !

દીવાળી—કેમ છે; શું છે; હું એકલી છું, બધું કામ હું કરૂં છું, એકને તમે કહાડી મુકી છે ને બીજી રીસાઇ ગઇ છે.

જીવરામ—ચૂપ ! બધું કામ કરવું પડશે; વળી નોકર ગયો એટલે એના ભાગનું એ કરવું પડશે.

દીવાળી—હાય ! નોકર કેમ ગયો ? ક્યાં ગયો ? કાઢી મુકયો ?

જીવરામ—ચૂપ ! કહ્યું વધારે ન બોલ !! એકદમ જા ને પેલી બેન્નેને જ્યાં હોય ત્યાંથી બોલાવી લાવ, ચાલ, જા બધાની હાજરી લેવી છે; જાય છે કે લઉં સોટી હાથમાં ?

દીવાળી—આ ચાલી—

(જાયછે)

જીવરામ—બસ હવે; આજ અબોધશંકરને ત્યાં જવાનું છે; લખત બખત બરોબર કરાવવું અથવા આગબાદ જ રૂથ ગાંઠે બાંધી વાત કરવી—કુલીન છૈયે, ક્યાં મફત આપે છે ? કહીશું કે તારે પરવડે તો આપ, નહિતો નાંખ કૂવામાં ! અમારે ઘેરતો રોજનાં વીશ માગાં આવે છે !! કુલીન કોનું નામ ? ઘરડાંએ કુલીનપણું ઠીક કાઢ્યું છે ! (ગાયછે).

કેવું છે આપણું (૨) આ કુલિન પણું !!
સુખ આપે ઘણું [૨] આ કુલિન પણું !!

મળે ઘેર બેઠે દામ ! કરે સર્વે પ્રણામ !
કરે "કુળ" કેવું કામ ? વશ દુનિયાતમામ !
કુળ શોધનાર તમે જીવો ઘણું—અમર થયું છે નામ
વડવા તણું—હાં-હાં "કુળ" થકી પાંચમી વખત પરણું
કેવું દિસેછે આ કુલિનપણું—કેવું—

(જાયછે)

પ્રવેશ ૬ ઠો.

અબોધશંકર જીવરામ (પદ્મકુમારી છુપી રીતે)

સ્થળ અબોધશંકરનો ખાનગી ઓરડો.

અબોધ—આવો જીવરામ !

જીવરામ—હાજી; બોલો, ચાલો જલદી;

અબોધ—કેમ ઉતાવળ ?

જીવરામ—આવાં કામ ત્વરાથી થવાં જોઇએ છે.

અબોધ—ખરી વાત છે નહિતો—

જીવરામ—નહિતો વિઘ્નો હજારો આવે.

અબોધ—જુઓ ત્યારે, અડધો અડધ રૂપિઆ તમારે મને આપવા એવું તમે કબુલ કર્યું છે, તેનું લખત કરી આપો; વારૂ, પણ મને આમાં કેટલાક વાંધા બહુ લાગે છે; ધારો કે તમને એ કદાચ્ ન માને ને કોરટે ચડે ત્યારે ?

જીવરામ—અરે જાઓ મારા સાહેબ ! તમે બધું નક્કી કરો ને ! પછી જોઇ લઇશ એ શું કરે છે એ ! એક કોટડીમાં પૂરી રાખી, સામ, દામ, ભેદ, દંડથી મનાવીસ. એતો અમારૂં કામ, એવામાં અમે પ્રવીણ છીએ, તમારા જેવા બ્હીકણ નથી. બૈરાં જોડે કેમ વર્તવું એ અમને શીખવવું ન પડે. "ચુ" કે "ચાં" ન કરી શકે. અ-

રની બ્હાર ન કઢાય, કામમાંથી પરવાર ન આપવો. ને ગરગડ કરે તો સોકય લાવવાની ધમકી આપવી!

અંબોધશંકર—તમને સોપ્યા પછી તમારે ગમે તેમ કરો ! !

પદ્મ—[વચમાં એકદમ ઝાપો મારીને]—"ગમેતે મકરો "—એટલે મારી નાંખો—કુવામાં નાંખો !! ધિક્કાર છે તમારા જેવા બ્રાહ્મણ છતાં ચાંડાળનું કૃત્ય કરવા તૈયાર થયેલા કાકાને ! તમારે સંતાન નથી—છતાં આટલી બધી મિલકતનો વૈભવ એકલા કરવાની દુષ્ટ વૃત્તિ શી ? "તારૂં હિત ઇચ્છીને બધું કરૂં છું" એ શબ્દો હવે નીકળશે ! તે હું જોઇશ ! આહાહા !! આ અધમ કૃત્ય કરનાર મારા પિતાનો ભાઇએ કેટલી શરમની વાત છે ?.

જીવરામ—[મનમાં) [અહીં હવે આપણે ઉભા રહેવાનું પ્રયોજન નથી— એ બે લડો કે ગમે તે કરો. આપણ રસ્તો પકડિયે તોઠીક—) [નાસીજાય છે]

અંબોધ—તારે ગમે તે બોલ! છોકરી, મારી વૃત્તિને તારે તાબે થવું પડશે.

પદ્મ—તમારી વૃત્તિ ? દુષ્ટને વૃત્તિ શી ? પાપી, ચાંડાળ, અધમ કૃત્યના કરનારની ઇચ્છાને તાબે થાઉં ? અરેરે ! આ પ્રમાણે આ આર્ય ભૂમિમાં કેટલી નિરપરાધી બાળાઓની દુર્દશા થતી હશે ? અરે ! દુષ્ટ કસાઇ પણ પોતાનાં છોકરાં પરતો દયા આણે છે !

અંબોધ—(મનમાં) (આ ઠેકાણે હવે ધીમા પડવું એજ યુક્તિ છે—) [પ્રકટ] બોલ, ચાલ, ત્યારે, તારી મરજી પ્રમાણે કરીએ ! અમારૂં કરેલું રહ્યું ! પછી ?

પદ્મ—કંઇ કરવું પણ નથી, ને કંઈ કહેવું પણ

નથી; એક વખત વિશ્વાસઘાત કરનારનો ફરીથી વિશ્વાસ કરવો એ મૂર્ખાઇ છે—બસ ! મારા નામના જે રૂપિઆ બેંકમાં હોય તે હાજર કરવા ! આ મારા પિતાનાજ ઘરમાં, મારી ઇચ્છા સુધી હું તમને રહેવા દઇશ.

અબોધ—(મનમાં) (હવે અહીંથી તો છટકાય તો સારૂ) (પ્રકટ) ઠીક, ત્યારે એ રૂપિઆ સંબંધી હું વ્યવસ્થા કરવા જાઉંછું—(જાય છે).

પદ્મ—ઓહો ! આર્યસ્થાનમાં વગર ભણેલી કેટલી અબળાઓ ઉપર આમ દરરોજ પ્રપંચ રચાતા હશે ? કેટલાં સ્વાર્થી—દુષ્ટ વૃત્તિનાં, મલિન હૃદયનાં માબાપો નિર્દોષ બાળાઓને, ચોરી કરનાર, જુગારી, ગાંજા પિનારાઓને પૈસાને લોભે આપી દઇ, હમેશના કંટકશયનને સ્વાધીન કરતાં હશે ? આર્યો ! તમે નહિ સમજો ? તમે તમારી બાળાઓને ભણાવવામાં હજુ વ્હેમી રહેશો ? શું ભણવાથી અમારી વૃત્તિ ચંચલ થઇ અમે દુષ્કર્મો કરીએ છીએ ? જો એમ સમજતા હો, તો તમારી મોટી ભુલ છે. અધુરી કેલવણીજ નિષ્ફળ નીવડે છે. બે ત્રણ ચોપડી ભણેલી, બાલ્યાવસ્થામાંથી અભણ કુલટાઓની સોબતમાં રહેલી સ્ત્રીઓજ આડે માર્ગે દોરાઇ જાય છે. સંપૂર્ણ કેલવણી આપો, નીતિને માર્ગે દોરો, સત્સંગનો અમૃતસ્વાદ ચખાડો અને જુઓ કે શું પરિણામ આવે છે ! એવી સ્ત્રીઓ જાતે વિચાર કરતાં શીખશે—આવાં પ્રપંચ રચાતાં હશે તે શોધી કહાડી પોતાનો સ્વાર્થ બગડતો હશે તો તેનો તત્કાળ ઉપાય કરશે—‘દુર્ગુણી વડિલોને તાબે થવું એ પણ દુર્ગુણ છે’, એ સમજતાં શીખશે. હાય ! આર્યસ્થાન ! પવિત્ર માતૃભૂમિ ! સીતા, તારા, દમયંતિ, ને જન્મ આપનાર ભૂમિ ! તારી આ અવદશા છે ? અરે સ્વયંવરો ! તમે કેમ અદ-

સ્ય થઇ ગયા છો ? આર્યસ્થાનને દેદિપ્યમાન કરનાર દે-
વતાઓ ! તમને આ આર્ય બાળાઓની દયા નથી આવતી?
નાટકના તખ્તા સિવાય સ્વયંવરો જોવા નહિંજ મળે? મને
લાગે છે કે જ્યાં સુધી સ્ત્રીઓ જાતેજ ભણી મ્હેનત કરશે
નહિ ત્યાંસુધી સ્ત્રી જાતિ આગળ પડવાની નથીજ. ત્યાં
સુધી આવા પાપીઓ પ્રપંચ રચી પોતાની સ્વાર્થ જાળમાં
બિચારીઓનાં જીવિત બાંધી નાંખશે.

રે આર્ય લોક ! પાપી બનશો ? ! !
પાપી બનશો—વ્હેમી બનશો. (૨)
દુઃખ રૂઢિનું ક્યાં સુધી સહશો...............રે આર્ય
સ્ત્રી કેળવણી તણું સુખ ખરૂં—ઉછેરો ના કયમ કલ્પ-
તરૂ—છે શું અઘરૂં-લાગે કપરૂં?............રે આર્ય—
બાળાને કેલવણી આપો—શાળાઓ સર્વ સ્થળે સ્થાપો—
દઃખી ભુમીનુ દુઃખ તમે કાપો—રે હાય ! કયે દીન
સુધરશો ?—રે આર્ય લોક !

સુમતિગવરી—બ્હેન, તું ક્યાં સુધી શોકમય બેસી
રહીશ ? કદાચ હવે ધારેલી અસર થશે—તારા ચિત્તની
આવી સ્થીતિ સમયે તારી બે પ્રિય સખિઓ, માલતીને વિ-
જયાને મેં તેડાવી છે. તું ફીકર ન કર. મેં એવો વિચાર
કર્યો છે કે તારી ચિત્તવૃત્તિ શાંત થાય માટે તું એમની
જોડે ગાડી જોડાવી શ્રી નારાયણેશ્વર મહાદેવનાં દર્શન કર-
વા જા. ત્યાં ત્રિવેણી સંગમ પર સ્નાન કરી, શીવજીનાં
દર્શન કર્યાથી તારા મનનું સમાધાન થશે; એ સ્થળ બહુ
પવિત્ર લાગે છે, ને પૂર્વે કોઇ રૂષિનો આશ્રમ હશે એમ
લાગે છે. જા, બ્હેન, ઉઠ; શંકર તને સહાય થશે—આ
તારી સખીઓ પણ આવી. જો !

વિજયા—મ્હારી વ્હાલી સખી ! તું સ્તબ્ધ શા માટે થઇ ગઇ છે ! વિધાના શુભ પટકુળથી તું આભુષિત છે. તારે ગ્લાનિ શી ?

સુમતિ—તમે બન્ને એને પેલા રમણીય આશ્રમમાં લઇ જાઓ !

માલતિ —નારાયણેશ્વર મહાદેવમાં ?

સુમતિ—હા;

વિજયા—એ આશ્રમ તો પદ્મકુમારીનું એક પ્રિય-સ્થાન છે, એ આશ્રમમાં એક બાગ છે, તેમાં એક બેઠક પર બેસી એક વખતે એણીએ અમને એક નાનકડી ક-વિતા લખી આપી હતી !!

સુમતિ—કયારે ?

વિજય—પ્હોર વસંતરૂતુ ચાલતી હતી ત્યારે !

માલતિ—તને એ યાદ હશે ?

વિજયા—હા. ચાલો. આપણુ બોલીયે. (ગાયછે]

મન હરણુ શું ઉપવન મહિં મંદિર બહુ શોભે
શોભા વધારી છે સારી— દર્શન સુખકારી.
શ્રોત્રહારી આસમયે ગાન પક્ષિઓનું,
જોડે વહે ત્રિવેણી વારી— દર્શન સુખકારી
સકળ ભુવન સ્વામી દેશો વિદ્યા વધારી,
કાપશો મતી સહુ નઠારી—દર્શન સુખકારી.
ત્રિપુરારિભસ્મ પ્યારી નંદી તણી સ્વારી,
લેજો વિનંતિ સ્વિકારી—દર્શન સુખ કારી.

(બધાં જાયછે)

પ્રવેશ ૭ મો.

સ્થળ—રસ્તો; પછીથી વકિલનું ઘર.

છોટાલાલ—હાય !! છેક અનર્થ થાય છે ! દુષ્ટ આઘોઘશંકર પેલી બિચારી પિતા વગરની છોકરીને રખડાવશે—કુશળરામનું લૂણ ખાઇ હું ઉછર્યો છું. હું કોઇ વખત ઉપયોગી થઇ પડું તો તે આજ છે. બે લાખ રૂપિઆ જોઇને એ પાપીનું મન કબુલ કરે? પણ હવે મારે કરવું શું ? ગમે તેમ કરી આ લગ્ન થતું અટકાવવું—પદ્મકુમારી ગાફલ નથી—પણ સ્ત્રી તે સ્ત્રી—જીવરામને આડું અવળું સમજાવી ભૂલાવામાં નાંખવો—હા, એ ઠીક છે, પણ એ લુચ્ચો—કાળેલ છે ! ને કંઇક મારૂં કાટલું કાઢતાં વાર ન કરે ! મૂર્ખનો સંસર્ગ મારે કેવો ? પદ્મકુમારીના એકાદા પુસ્તકમાં કંઇક લખ્યું હતું કેઃ—

> "वरं पर्वत दुर्गेषु भ्रान्तं वनचरैस्सह
> नमूर्ख जन संपर्को सुरेन्द्र भवनेष्वपि।"
>
> भर्तुहरि।

જીવરામને બીજી કંઇક લાલચ આપું—પણ મારી પાસે પૈસા નથી. જગદીશ્વર ! હવે શું કરવું ? હાં; મને લાગે છે કે—નાગરદાસ—વકિલ પાસે જઇ તેમને સલાહ પુછું. કુશળરામ એમના સ્નેહી હતા તેથી એ મને ઠીક રસ્તો બતાવશે.

[સ્થળ—નાગરદાસ.—વકિલનું ઘર—]

છોટાલાલ—મ્હેરબાન સાહેબ !

નાગરદાસ—આવો, છોટાલાલ કેમ છે? આઘોઘાશંકર શું કરે છે. ?

છોટા—સાહેબ, મેં એ નોકરી છોડી છે.

નાગર—તમારી મોટી ભૂલ થઇ; શા માટે છોડી?

છોટા—સાહેબ, છોડવી પડી—

નાગર—તો એમની ભુલ છે. કંઇ કારણસર છોડી કે એમને એમ? તમારા પ્રમાણિકપણા વીષે મારો ઉંચો મત છે.

છોટા—હવે થોડાં વર્ષ પછી પ્રમાણિકપણું એક દુર્ગુણ ગણાવા માંડશે એમ મને બીક લાગે છે, સાહેબ!

નાગર—એમ ન થાય! તમારા મનની સ્થીતિજ તમને એમ બોલાવે છે; તમારા મ્હોડા પરથી તમારા મનની સ્થીતિ વ્યગ્ર લાગે છે; બોલો, શું પ્રયોજન છે?

છોટા—સાહેબ, હું આપની પાસે સલાહ લેવા આવ્યો છું.

નાગર—શી?!!

છોટા—કુશળરામે બે લાખ રૂપિઆની પૂંજી મૂકેલી છે; એમના વીલથી અઘોરશંકરને ટ્રસ્ટી નીમ્યા છે.

નાગર—તે હું ધારૂં છું કે તમને પણ ટ્રસ્ટી નીમ્યા છે—નહિ વારૂ?

છોટા—નાજી, હું તો મોટો થાઉં ત્યારે. અંદર લખ્યું છે કે "છોટાલાલ યોગ્ય ઉંમરે આવે ત્યારથી એની સંમતિ લેવી."

નાગર—તમને કેટલાં વર્ષ થયાં?

છોટા—વીશ.

નાગર—ત્યારે તમે પણ ટ્રસ્ટી તરીકે સામેલ થયા કહેવાઓ; વારૂ. પછી,?

છોટા—એ બે લાખ રૂપિઆ બેંકમાંથી ઉપાડી.

એક મૂર્ખ જોડે એ બાઇનું વેવિશાળ કરી અંદરથી અડધા રૂપિઆ લઇ લેવાનો વિચાર અબોધશંકરે કર્યોછે–જો એ રૂપિઆ એના હાથમાં જશે તો એ બધું નક્કી કરી છોકરીને રખડાવશે—

નાગર—એમને? વારૂ; તમારે બીજા ટ્રસ્ટી તરીકે કોર્ટને અરજી કરવી કે " બેંકમાંથી રૂપિઆ અબોધશંકરના હાથમાં તમારી સંમતિ વગર ન જાય એવો હુકમ કોરટે લખવો"--તમે કાલ નિવૃતિએ આવો, હું તમને બધું તૈયાર કરી આપીશ—કોઇવાતે ગભરાશો નહિ.

છોટાલાલ—વારૂ, સાહેબ, રજા લઉછું.

પ્રવેશ ૮ મો.

સ્થળ. ભાનુશંકરનું દીવાનખાનું

અંબાશંકર–જુઓ, "જસ્ટીશ ટુ ઇન્ડિયા" માં આ શેખમહમદનો આર્ટીકલ! એના શબ્દોપરથી ગમે તે વાતની ખાતરી થાય કે હિંદના વતનીઓ બ્રીટીશ રાજ્ય માટે કેવી સારી લાગણી ધરાવે છે.

ભાનુશંકર—ભાઇ અંબાશંકર વાંચ્યો જોઇએ.

(ચાકર પ્રવેશ કરે છે).

ચાકર—ભાઇ માતુશ્રી ઘરમાં બોલાવે છે.

ભાનુ—હા, કહે કે આવુંછું.

અંબાશંકર—ત્યારે હું પણ રજા લઉંછું. કાલ મળીશું. આ પેપર વાંચજો;

આ પ્રમાણે આર્ટીકલો તમારે પણ લખતા રહેવું; આપણાં અંતઃકરણ સારાં છે એમ સ્પષ્ટ બતાવી આપવું.

ભાનુશંકર—એ વિષયપર એક પુસ્તકજ લખવાનો મારો વિચાર છે—એમાં કેટલાક વ્હેમી છઓજનોના મનનું સમાધાન કરવા યથા શક્તિ શ્રમ કરીશ—મેં કેટલોક પ્રારંભ પણ કર્યો છે તો ખરો.

અંબા—તો પુરૂં કેમ કરતા નથી ?

ભાનુ—શી રીતે પુરૂં કરૂં ? માતુશ્રી પાસે હોય કે મિત્રો હોય, કંઇક ચાકરો ગરબડ કરે; ઘરમાં તે કંઇ બનું બની શકે છે ?

અંબા—ઓહો ! પરણ્યા પછી બૈરાં છોકરાંને ઘરમાંથી ક્યાં કહાડી મૂકશો ?

ભાનુ—ગરબડ થવાની મનની પ્રકૃતિ જે વિદ્યાર્થી સ્થીતિમાં નાજુક હોય છે તે ગ્રહસ્થાશ્રમમાં કઠણ થાય છે.

અંબા—તે પરણ્યા પહેલાં શી રીતે જાણ્યું ?

ભાનુ—એટલું જાણવામાં પરણવાની જરૂર રહેતી નથી.

અંબા—વારૂ ત્યારે, જો તમને એ પુસ્તક લખવું અહીં ઠીક ન પડે તો હું ઉપાય બતાવું. શ્રી**નારાયણેશ્વર** મહાદેવમાં એક નાનો બંગલો છે—ત્યાં એક ગજાનન બ્રહ્મચારી રહે છે, તેની સાથે બંદોબસ્ત કર્યા થકી એ તમને થોડા દીવસ આપી શકશે—એ એકાંત સ્થાન ઘણું રમણીય થયું છે!

પદ્મા—નારાયણેશ્વર મહાદેવમાં બંગલો કેવો ? ! એ સ્થળ તો ભયાનક છે; શીવલીંગની આસપાસ કોટપણ નથી. પાસે વાઘને સિંહનાં કોતરો છે; જવાને રસ્તો પણ એક માણસ ચાલે એટલો ને વળી વાંકોચૂકો છે.

અંબા—હમણાં તો પાસે રહેતા ભૂદેવોના ઉત્સાહે આ પવિત્ર ભૂમિમાં નૂતન ફેરફારો કર્યા છે. આસપાસ કોટ, બાગ, સડક, તથા નવા બંગલાથી આ રમ્ય સ્થળ કૈલાસ જેવું લાગે છે. માટે ત્યાં જઈ પુસ્તક પુરૂં કરવા ધારશો તો થઇ શકશે.

ભાનુ–એમ!!! ઠીક ત્યારે, આજેજ ફુરસદ છે તેથી હું ત્યાં જઇ એ નક્કી કરી આવું. માતુશ્રીની આજ્ઞાની જરૂર છે, તો એમને મળીને જાઉં.

(અંદર ઘરમાં જાય છે).

ભાનુ—માતુશ્રી; કંઇ કાર્ય પ્રસંગે હું શ્રી મહાદેવનાં દર્શનાર્થે જાઉં તો આજ્ઞા છે?

યશોદાબાઇ—બેટા! ખુશીથી જા; પણ મારે તને કંઇ કહેવાનું છે તે મને નિવૃત્તિએ મળજે.

ભાનુ—શું છે? આપની તરફથી કંઇ કહેવાનું હોય તે વખતે મને નિવૃત્તિજ છે.

યશોદા—બાઇ, સુમતિગવરી કરીને કોઇ બાઇ આપણી જ્ઞાતિમાં છે, તેમની તરફથી એક સ્ત્રી આજ મારી પાસે આવી હતી તેમને ત્યાં એક કન્યા છે, જરાક વાંધા જેવું એમને અંદર અંદર છે—એટલે કલેશ જેવું; એમ બહારથી મારા સાંભળવામાં આવ્યું છે, પણ કન્યાના રૂપ ગુણથી મારી વૃત્તિ તે તરફ ખેંચાય છે;

ભાનુ—(મનમાં) ઓહો! માતુશ્રીનો જીવ કેવો છે? પાછળથી મારે માટે તૈયારી કેટલી કરે છે પણ મને જાણવા પણ નથી દેતાં! પણ મ્હારે એમની પરિક્ષા લેવી છે કે મારી સંમત વગર એ કંઇ કરી શકે કે નહીં.

માતુશ્રી ! (પ્રકટ) આપની વૃત્તિ ખેંચાતી હોય તો મને પૂછવાનું શું પ્રયોજન ?

યશોદા—એકલું પૂછવાનું પ્રયોજન તો નહિ, બેટા, તારી સંમતિની પણ જરૂર જોઇએ.

ભાનુ—એ કયા શાસ્ત્રમાંથી સાંભળ્યું છે ?

યશોદા—શાસ્ત્રકરોને એ લખવાનો પ્રસગ કદાચ્ નહિ આવ્યો હોય, તે નથી લખ્યું; પણ નીતિશાસ્ત્ર કયાં નાશી ગયું છે ? મારે હવે ચાર દહાડા જીવવાનું રહ્યું, તે પછી જીંદગી સુધીના બંધનમાં મારી મરજી પડે તેની સાથે તને નાંખતી જાઉં, એ કઇ નીતિ ? મારી વયનાં ઘણાં માબાપો આવાં કાર્યોમાં ભૂલો કરે છે. કોઇ વખતે સ્વાર્થથી, કોઇ પ્રસંગે મુમતથી છોકરાની ઇચ્છાનુસારે નથી થતું ને પાછળથી જોડું દુઃખી થાય છે. આર્યસ્થાનમાં પુષ્કળ પુરૂષો અને સ્ત્રીઓ નાનપણમાં ઢીંગલા ઢીંગલી પેઠે કરેલાં લગ્નોથી નાખુશ થઇ ખુણામાં આંસુ પાડે છે એ પાતક એવાં માબાપોને છે; હું એ પાપમાં શામાટે પડું ? તારા પિતાના શબ્દો હજુ મારા કાનમાં ભણકારા મારે છે; સ્વપ્નમાં આવીને ઘણી વખત હવામાં તરતો–ઉડતો એમનો દેખાવ મને કહી ગયો હશે કે "જો જે; હું તો અહીંછું, પણ મહા પુણ્યથી મળેલા આ પુત્રરત્નનો ભવ એની સંમતિ વગર બગાડી, નર્કની અધિકારી થઇશ નહીં ! કોઇ દુષ્ટાના જન્મ પર્યંતના સંસર્ગથી આ અમૃત પ્યાલામાં ઝેર મળી બધું ઝેર રૂપે થશે !! સુવર્ણપર પીતળનો ઢોળ ચડાવવાની મુર્ખાઇ ન કરીશ ! જીંદગીના કોથળામાં ભરેલાં–ગોંધાઇને પૂરેલાં–મુઝાતાં, પશુવત્ બનાવેલાં બે જણ દુઃખ સહન કરશે તેનાં જવાબદાર ગણાઇશું.

એ કોથળાપર સપ્તપદીનો " સિક્કો " યમરાજના હુકમ વગર તૂટશે નહિ—છેક સુધી એ દુઃખ ભોગવશે. જો જે; આ ધ્યાનમાં રાખવાનું છે; એને પોતાની મેળે વિચાર કરવાની તક આપી જવાબદારી એને માથેજ નાંખજે; કોઇ નિંદા કરે તો ડરીશ નહિ. એક બાજુ પતિની આજ્ઞા છે ને બીજા પલ્લામાં લોક નિંદા છે, એમાં કયું વધે છે એ તુંજ સમજજે !"

ભાનુશંકર—ધન્ય છે! માતુશ્રી તમને! આવી આર્યા વગરજ આર્યસ્થાનમાં અંધારૂં છે ! આવીજ માતાઓનાં છોકરાં સુખી થાય છે; લોકાપવાદને કોરે મૂકી સત્યનું પરિચણ કરવું એજ સુજ્ઞનું ભૂષણ છે; માતુશ્રી, એ વિષયપર હું વિચાર કરી જોઇશ-હાલ આજ્ઞા છે ?

યશોદા—જા, બેટા, સુખેથી—પણ આ વાત યાદ જે. તારે કાને કંઇ એ કુટુંબમાં કલેશની વાત આવે તો ગણકારીશ નહીં. ધુળમાંથી પણ રત્ન લેવું.

ભાનુ—ઠીક.

પ્રવેશ ૯ મો.

ભાનુ--માતાજીના છેલ્લા શબ્દો " ધૂળમાંથી પણ રત્ન લેવું" એમાં કાંઇ ગૂઢાર્થ રહેલો છે. એ મને શી રીતે વધારે પૂછાય ? એ રત્ન કોણ હશે ? મને એની વધારે ખબર જાણવાની જીજ્ઞાશા થાય છે. કોને પૂછું ? પેલો ગુમાસ્તો હીરો કહેશે ? ગુમાસ્તાને મારાથી કેમ આવું પૂછાય ? કેમ ન પૂછાય ? એ માણસ બહુ ચતુર છે, ને ઘરમાં માતાજીને મારા કરતાં પણ વીશેષ જાણે છે; બોલાવી તો જોઉં ?

ભાનુ—હીરા; આમ આવ;

હીરો—સાહેબ, શો હુકમ છે ?

ભાનુ—તું મારો જુનો નોકર છે; ગુજરાતિ જ્ઞાન તારૂં સારૂં હોવાથીજ પાટીદાર હોવા છતાં વૈશ્યનું કામ તને સોંપ્યું છે. તારા પ્રમાણિકપણા માટે ને બીજા વ્યવહારના કામો માટે હું તને શાબાશી આપુંછું—

હીરો—નોકર તો શેઠની ખુસામત કરે પણ શેઠ નોકરની આમ ખુસામત કરે એ આજ જોઉંછું.

ભાનુ—તું સમાન વયનો હોવાથી, તારી આગળ એક વાત ખુલ્લી કરૂં ?

હીરો—પણ આમ દીન મૂખ કેમ બનાવી દીધું છે ? મારાથી આપના મુખ સામું જોવાતું નથી. હુંતો નોકર છું ને મને હુકમ કરીને વાત કરવાનો આપને અખતિયાર છે.

ભાનુ—કોઈ વખતે તને કંઇ પણ પૂછવાથી તેં એમ નથી કહ્યું કે "એ હું નથી જાણતો !" પણ આમાં કહીશ એમ ભ્રાંતિ લાગે છે !

હીરો—સમજ્યો ! નહિ એમ કહું "બોલો; પૂછો—

ભાનુ—પૂછું ?

હીરો—મારેતો ઉતાવળ છે; બહુ કામ છે; પૂછતા હોતો જલદી પૂછોને !!

ભાનુ—મારે તારા કરતાં વધારે ઉતાવળ છે !

હીરો— હવે બોલશો ?

ભાનુ—જો સાંભળ ત્યારે; સુમતિગવરી કોણ છે ?!

હીરો—અબોધશંકરની વહુ !

ભાનુ— (મનમાં) હવે શું પૂછવું ? (પ્રકટ) ને અબોધશંકર કોણ છે ?

હીરો--સુમતિગવરીના વર ?

ભાનુ--તું મને આમ ઠગે છે કેમ ? પાંશરા જવા બ આપને ?

હીરો—પણ તમે પૂછો ત્યારે કહું ને ? !

ભાનુ—એમને સંતાન શું શું છે ?

હીરો—એ એ જણુ એમનાં પોતપોતાનાં માતપિતાને પેટ સંતાન છે; બાકી ન લેવા ન દેવા—

ભાનુ—[મનમાં] ઓ હો ! આતો કોઇ બીજા વિષે પૂછાઇ ગયું-આ સુમતિગવરી બીજી ને પેલી બીજી. આ કંઇ જાણતો જ નથી પછી આગળ પૂછવાનું શું રહ્યું ! નકામી સોનાની જાળ પાણીમાં બોળી—

હીરો—ભાઇ. શો વિચાર કરો છો ? આપનો પૂછવાનો કંઇ મર્મ ન સમજાયો—

ભાનુ—કંઇ નહિ—તને મર્મ સમજાવવાથી કંઇ વળે એવું નથી, હું જાઉછું;

હીરો—ક્યાં જાઓછો ? જ્યાં જશો ત્યાં મ્હારૂં કામ પડશે! મને બધું કહીદો,

ભાનુ—તારા કહેવાનો ભાવાર્થ હું સમજ્યો નહિ.

હીરો—આપનો સમજાવો; એટલે થયું.

ભાનુ—ગરબડ શું કરવા કરે છે? તને ન કહેવાય તેવું હોય તે પણ કહેવું ? હુંતો જાઉછું;

હીરો—કુભારહો ત્યારે કોને કહેશો ?

ભાનુ—વખત આવ્યે વાત—

હીરો—આ વખતજ બરાબર છે—

ભાનુ—તું હઠ કરે છે એ ઉપરથી મારે શું સમજવું ?

હીરો—અધીરા બનાવી ઇનામ કહડાવાનું સમજ્યા !

ભાનુ—ઓહો ! બધું તારીપાસેજ હોય એમ જણાય છે ને ! અધીરો બનાવવા માટે ઇનામ નહીં પણ શીક્ષા મળવી જોઇએ. હવે બોલીશ ?!

હીરો—હવે તો શીક્ષા થયા પછી બોલીશ.

ભાનુ—શીક્ષા માફ ! હવે બોલ—

હીરો—શીક્ષા કરી ને વળી માફ કરી, એ ન્યાય કયો !

ભાનુ—તારા કપાળનો !

હીરો—ઓ માથાફોડી આ ! હુંતો જાઉછું.

ભાનુ—તે આમ ગાળો દીધે કામ થશે ?

[આવીને)

લે, લે, કહે હવે જે જાણતો હોયતે-

હીરો—(હસીને); માતુશ્રીએ આપને વાત થોડીજ કહી હશે, પણ અંદર અંદર એકઘરથી બીજેઘર ભેટો જવામાંડી છે; સમજ્યા ! સુમતિગવરીએ ગઇ કાલેજ કંઇ ક મોકલ્યું હતું.

ભાનુ—પણ એમને તો કંઇ સંતાનજ નથીને !

હીરો—એમની ભત્રિજી છે.

ભાનુ—હા, ઠીક; પછી ?

હીરો—એને માબાપ મરી ગયાં છે-સૌંદર્યમાં એથી અધિક કોઇ નથી—ભણવામાં એકકો છે. બીજા ગુણોનો પ્રસંગ મને હજુ નથી થયો એટલે શું કહું ?

ભાનુ—બસ, એટલુંજ ?

હીરો—ત્યારે હું કવીછું તે એનું વર્ણન કરૂં ?

ભાનુ—પણ જોયું હોય તે બોલે ખરો ને ? વારૂ, કાલ ભેટ આપવા ગયો હતો તે પછી શું થયું ?

હીરો—ભેટ ટેબલપર મૂકી—

ભાનુ—કોની આગળ ?

હીરો—સ્ત્રી વર્ગની વચમાં—વળી બીજે કયાં ?

ભાનુ—સ્ત્રી વર્ગમાં કોણ કોણ હતું ?

હીરો—સુમતિગવરી, તેમની ભત્રિજી, ને બીજી બે ત્રણ કોઇક હતી—હુ ઓળખતો નથી.

ભાનુ—તેનું નામ શું ?

હીરો—પદ્મકુમારી—

ભાનુ—(મનમાં) (ચાલતા જમાનામાં શું લોકોએ નામ રાખવા માંડયા છે?!!!) (પ્રકટ) પછી ?

હીરો—પછી મને પાંચ રૂપિઆ આપ્યા, તે મેં પાછા ટેબલ ઉપર મૂકી દીધા, ને હું સામે એક પદ્મકુમારીની છબીના સામું જોઇ રહ્યો હતો, અટલામાં એક સ્ત્રીએ કહ્યું કે'' ત્યારે એ છબી એને જોઇતી હોયતો લઇ જવા દો'' પદ્મકુમારીએ આંખોથી સંમતિ એ સ્ત્રીને આપી તે મેં તપાસ્યું, બીજીએ ઉઠીને એ છબી મારા હાથમાં મૂકિ.

ભાનું—તે તું લાવ્યો ને ?

હીરો-ટેબલપર ભુલી આવ્યો ભાઇ.

ભાનુ—તારી બધી ચતુરાઇને માથે પાણી ફર્યું ! તારી અકકલ ગુમ થઇ છે; તેં મોટી ભુલ કરી.

હીરો—ભાઇ, હું આજેજ જુઠું બોલ્યો, માફ કર જો. આ રહી લ્યો.

ભાનુ—[મનમાં] ઓહો અવધી કરી છે !!! સૌંદર્યનીજ પ્રતિમા થતી હોયતો આવી હોવી જોઇએ ! બ્રહ્માએ ચાતુર્યની પરિસિમા આ પામર પ્રાણીઓ આગળ બતાવવા કરતાં આ સ્ત્રીને દીવ્ય ભુમીમાંજ ઉત્પન્ન કરવી જોઇતી હતી !

સર્વથા જયછે આ હુન્નરના શોધનારને કે જેથી સૌંદર્ય-ની છાયા કાગળપર, અમર થઇ જાય છે ! પણ આ હું શું કરૂંછું ? મૂતાએ ફક્ત વાતજ કહાડીછે એટલામાં આ બાળાની છબી જોવાનો મને અધિકાર થયો ? વળી, ફક્ત રૂપથીજ કિંમત કરનારાઓમાંનો હું પણ એક ખરો ? ઠીકછે, પ્રારંભ કરેલું કાર્ય પ્રથમ તો કરૂં—મહાદેવ જઇ બંગલાનું કાર્ય પ્રથમ કરવાનું છે.

હીરો—ભાઈ, છબી ?

ભાનુ—છબી, મારી પાસે છોરહી.

હીરો—પાંચ રૂપિઆ લીધા હત, તો તેપણ કામ તો આવત ?

ભાનુ—લે, પાંચ રૂપિઆ—

હીરો—નાજી; માફ કરો; આપે આપેલી છૂટનો મેં ફક્ત લાભજ લીધો છે—એ છૂટનો ગેરઉપયોગ નહિ કરૂં—આપના પ્રસંગથી આપના વિચારો માટે પુજ્ય ભાવ ઉત્પન્ન થાય એ સ્વાભાવિકજ છે—એ રૂ. ૫) રહેવાદો—વખત આવ્યે વ્યાજ સહિત પચાસગણા લઇશ—

ભાનુ—વારૂ, ઠીક, જા, ઘરમાં; હું જાઉંછું.

(છબીસામું કેટલીકવાર જોઇ રહ્યા પછી)

શું કદલીગર્ભનાં કંકણુસ્થાન બનાવિયાં રે ? !
શું વિદ્યુત તરૂફળ ચક્ષુસ્થાને અવિયાંરે ? !
શું અધરયુગલ અમૃત પ્યાલાનું મુખછેરે ? !
લાવણ્ય તણું સામ્રાજ્ય શું મુજ સનમુખછેરે ? !
મનહરણ મૂરતી જોઇ જઇ એકાંત મહીંધારીધારી—
તદપિ શાથીઆ આંખ તલપતી ફરીફરી જોવાને મ્હારી !!!

શું સ્ફટિક ધવળ તનુ! બેઠી ઉમંગ અભંગમાંરે!
શી ચંદ્રપ્રભાસમી ધવળ સાડી શુભ અંગમાંરે।
તુજભાલ વિશાળ—ગગનતલમાં શા ચાંદલોરે!
રૂપવાન થઈ જનમવું જનમ બહુ દોહ્યલોરે!!
શું રત્નજડિત એરીંગ મજાનાં કાનમાંરે!!
સ્મિત હાસ્યથી શું શ્યામા! સમજાવે સાનમાંરે?
પાકયુંછે આફુલ ધન્ય! કઇ ઉદ્યાનમાંરે?!
છે ધન્યધરા! શી પ્રજા, પ્રજાપતિ સ્થાનમાંરે—
છે ધન્યમાત આ જવાહીરો જણનારનીરે!
કટુતા, દર્શનથી, ઓછી થાય સાસરનીરે!
રે! રે! રસિલિ! આ હેમસદનને શું કરેરે?
કયું હૃદય સદન તૈયાર? તું વાસ કરી ઠરેરે?
કોઇ દીવ્ય ગ્રહે, દેવી બનવા તુજને ઘડીરે!
ભવમાં ભમતાં ભૂગોળ મહીં ભૂલી પડીરે!!
જાળવજે રૂપવતિ! કુસુમાયુધ કેરાં શરોરે!
આ પાપપ્રધાનપ્રચંડસમય નથી પાંશરોરે!
રૂપસાથ શિયળ જળવાય પછી શું બાકી રહેરે?
સોનાને આવે સ્વાદ ધન્ય! સરવે કહેરે!

આહા! અમેરિકામાં મુખપરથી ગુણ કહી બતાવવાની કોઇ સમાજ નીકળીછે એમ સાંભળ્યું છે, તે સમાજનો નોંધાયા વગરનો જાણે હું સભાસદ હોઉં તેમ આ મુગ્ધાના મુખપરથી જે તેના અનુપમ ગુણો હશે તેનું સહજ અનુમાન કરી શકું છું! પ્રારબ્ધ! તને શીરીતે જાણી શકું? હશે, જેમ કામ મોટું તેમ વિચાર કરવાનો વખત પણ લાંબો લેવો જોઇએ. હજુ સમયછે.

પ્રવેશ. ૧૦ મો

મહાદેવનું મંદિર.

પદ્મકુમારી, માલતિ, વિજયા—

માલતી—સખી ! આ સ્થળ કેવું રમ્ય લાગે છે ! ત્યાગી પુરૂષોને માટે એકાંત અને પવિત્ર સ્થળ જોઇએતો આ પાસેની ગુફા છે; સેંકડો વર્ષ સુધી યોગાભ્યાસમાં લીન રહેનાર સાધુ પુરૂષોને યોગ્ય સ્થળો અત્રે છે—

પદ્મ—હા; ને સૃષ્ટિના વ્યવહારમાં પ્રવર્તનાર માટે ચિન્તામાંથી એ ઘડી મુક્ત થવાનું આરામ સ્થળ છે—

માલતી—સખી, ભોગી કરતાં યોગીને આ સ્થાન ઘણું પ્રિય લાગે છે; ભોગીનું મન જંજાળોમાં ભટકે છે, ને કદાચ્ આથી વધારે આનંદ બીજી કૃત્રિમ ચીજોમાં માને એવું એનું મન હોય છે.

પદ્મ—આ ઉપવનમાંના સુંગધમય, મોગરો, ગુલાબ વગેરે પુષ્પો, એવાં પુષ્પોની પરાગ મિશ્રિત આપવન, એ પવનનો વૃક્ષોની ડાળિયો સાથે મધુર આલાપ, એ આલાપને પક્ષિઓના કુજનથી અપાતું અભિનંદન—પ્રત્યૂ૧ર,—

આ સર્વે-**વિજયા**-(વચમાં બોલેછે). આ સર્વે "ભગવાન્ કુસામાયુધનાં શસ્ત્રો," કે તારે બીજાું કંઇ કેવુંછે?

પદ્મ—ના, ના; બહુ બોલનારી ! હું તો એમ કહેવા જતી હતીકે એ સઘળાં યોગી કરતાં ભોગીને વિશેષ સુખ કરછે; મનેપણ આ સ્થળ જોઇ સહજ આનંદ થઇ આવે છે—યોગીથી વિશેષ; એ એનો દાખલો.

માલતી—પણ તું હાલ યોગી કહેવાય કે ભોગી ?

વિજયા—નહિ હિંદુ, નહિ મૂસલમાન;

પદ્મ—તમે બેસો અહીં, હું તો મારે એકલી બેલા બાગમાં જઇ બેસીશ—

માલતી—કેમ રીસાઇ ગઈ? એટલામાં ચીડાવાની જરૂર શી?

વિજયા—પ્રેમકલહ સમયે રીસાવાનું પ્રથમથી અહીં અભ્યયન કરેને! ફરી ત્યાં કોણ શીખવશે? ત્યાં તો અહીંથી શીખેલું અમલમાં લાવવાનું છે—ભાનુશંકર ભાઇ એવો પ્રસંગ તો નહિ આણે!—

વિજયા—માલતી—[પોતાની જીભદાબી સાનો કરેછે કે આશું બોલાઇ ગયું! હવે ચૂપ રહેવું]

પદ્મ—આ નામ તને કોણે કહ્યું? એકદમ બોલ! મારા હૃદયમાંથી તેં શી રીતે ચોરી લીધું? (મનમાં) મેં એક શબ્દ સરખો બ્હાર કહાડયો નથી, અને આ આને કોણે કહ્યું હશે? હૃદય પેટી એવી સજ્જડ રાખી છે કે એક ઇશ્વરજ જાણે! આતો અજાયબીની સીમા!

માલતી—સખી! તું શા માટે વિચારમાં પડે છે? આપણું હૃદય હરનિશ જેને સ્મરણમાં રાખિ ચિંતન કર્યા કરે છે; એક ક્ષણના વિસ્મરણને વિયોગ સમું ગણી દુઃખી કરતા સ્મરણનો પણ આશ્રય લેછે એવા, ઇચ્છા ઉપરાંત—એની મેળેજ—સ્વજન થઇ જતા, માણસના ધ્યાનનું પરિણામ તને કયાં ખબર નથી? તેં તારા મનમા ગમે તેમ કરી પૂરી રાખ્યું હશે, પણ નિદ્રામાં તારા શબ્દોએ બધો ભરેલો ભંડાર લૂટાવી દીધો! ઉંઘમાં "ભાનુશંકર" "ભાનુશંકર" એ શબ્દો તે સેંકડોવાર ઉચ્ચાર્યા હશે; બીજાં વાકયો બોલી ગઇ તેનું પણ ભાન કે સ્મરણ તને શાનું હોય? વળી—

પદ્મ—આ બધું તને કોણે કહ્યું પણ ?

માલતી—કાકીએ. વાત કરતાં કરતાં આ વિષયપર કાકીએ તારાં વાક્યો—એમને સમજાયાં તેટલાંનો સાર કહી કહ્યું કે "આ સ્નેહનું સુખકર પરિણામ જોવા હું ભાગ્યશાળી શી રીતે થાઉં ? ક્યાં એના કાકાની સ્વાર્થદૃષ્ટિને ક્યાં આ સંયોગ ? વળી મારે ધારેલે સ્થળેજ આનો સ્નેહ છે એથી મને વીશેષ આનંદ થાય છે. ગમે તેમ થશે પણ મારી—ને હવે એની પણ—ઇચ્છાનુસાર થવા પ્રયત્ન કરીશ."

પદ્મ—ઓ મારી વ્હાલી કાકી ! તારી હું કેટલી આભારી છું ? તારા ન્યાયી વિચારોને કેટલું માન આપું ?

વિજયા—જુગતે જુગતું થયું—કાકી ભત્રિજીના વિચાર મળ્યા એટલે આભારી ! !

પદ્મ—હા; એમાં અઘટિત શું છે ?—પણ—હવે તું અંદર જઇને જોઇ આવ. કોઇ પુરૂષ વર્ગ ન હોયતો આપણ દર્શન કરી આવીએ.

વિજયા—માલતી—ઠીક; અમે જોઇ આવીએ ત્યારે.

પદ્મ—ઓહો !

"પડ્યું મારે **નંદનાકુંવર** સાથે પાનુંરે,
"હવે હુંતો કેમ કરી રાખીશ છાનુંરે !"

એના જેવું મારે થયું ! હવે છુપાવ્યું કેમ છુપાય ? નિદ્રાએ ભરમ ભાંગ્યો હશે એ વાતપણ ખરી ! મારી-મચ્છીને એ પ્રિયનામને ગુંગળાવીને પુરી રાખ્યું તેની નિદ્રાને દયા આવી ? મારા અંધકારથી ભરેલ હૃદયરૂપી કેદખાનામાં એ કીર્તિના પ્રકાશના ભોગવનાર નામને ગમે ? નીકળી ગયું ! હાય, હવે શો ઉપાય ? હું મુઝાઉંછું ! મન

ખુલ્લીને વાત કરવાનું પણ કોની જોડે ? કાકી આગળ કેમ થાય ? સખીઓ આગળ કહીશ, તો ચીડાવીને બધું કહે-વરાવશે. ને પછી એમાંથી કશું ન થાય તો મુરખ ઠરૂં; ભાનુશંકર ! ભાનુશંકર ! અરે ! જો ! વળી પાછી ? આમ જાગતાં બોલુંછું તો ઉંઘમાં હું શું નહીં બબડતી હોઉં ?

માલતી—બ્હેન, હાલ દર્શન નહિ થાય. મ્હારાજ આ સમયે હમેશાં થોડો વખત સમાધિક્રિયા કરે છે; ને જઇશું તો કદાચ્ એમની ક્રિયામાં સ્ખલન થશે. તે દિવસે આપણ દર્શન કરવા આવ્યાં ત્યારે મ્હારાજ કહેતા હતા કે "એવે સમે આવનારે સાવધ રહેવું! પૂરતો તપાસ કરી આવવું; એકાંત સ્થળ દેવળ પાછળ મારે હજુ બદલવું છે કે જેથી મને કોઈ અડચણ ન કરે; ત્યાં સુધી આવનારે જોઇને આવવું—અથવા કોટ ફરીને પાછળનો દરવાજો ઉઘાડો હોય તો ત્યાંથી આવવું."

પદ્મ—ત્યારે કૃપા કરીને જોઇ આવો કે એ દરવાજો ઉઘાડો છે ?

વિજયા—(માલતીને) આ બધું એના ચિત્તની સ્થીતિ ન બદલવાની યુક્તિ છે હો !

માલતી—તોપણ શું ખોટું છે? ચાલ જોઇ આવીએ.

(જાયછે)

પદ્મ—અહો ! સ્નેહની શી આકર્ષક શક્તિ છે! એક પળ પણ અંતઃકરણ વીસરતું નથી ! અંતઃકરણ પરવશ થઇ જાય છે; ને આ સ્થૂલ દેહ પણ તેમ થાય તે માટે સામા માણસનું થઇ જઇ, અધીરૂં બનીને સ્મરણ આયુધ સજી દેહને તાબે કરીને દોરે છે ! સૃષ્ટિના મનોરંજક, ચિત્તવેધક પદાર્થો પરથી મોહ ઉઠાવી, આ સર્વ મોહના

સામ્રાજ્ય પર દૃષ્ટિ કાયમ રખાવે છે ! મોક્ષની ઇચ્છા રાખનાર યોગીઓ, પ્રથમનો "એક ચિત્ત" થતાં શીખે છે, તેમ આ યૌવનસુખની ઈચ્છા માટે તત્પર થયેલી મુમુક્ષુ કુમારિકા પાસે, મદન ગુરૂ, એક ચિત્ત થવાનો શું પ્રથમ પાઠ આપતો હશે ?

(ભાનુશંકર પ્રવેશ કરેછે)

અહો ! પણ, આ દીવ્ય પુરૂષ કોણ હશે ? ખરે ! આ સૃષ્ટિ આના સ્વરૂપને માટે યોગ્ય નથીજ. અથવા શું મનુષ્યોમાં સ્વર્ગ સુખની ઈચ્છા થાય, માટે "સ્વર્ગીય પુરૂષોમાં આવું રૂપ હોય છે, માટે સત્કર્મ કરો ને એવા બનો" એમ આ સૃષ્ટિમાંના સુજનોને ચેતવવા બ્રહ્માએ નમુના તરિકે આ પુરૂષને મોકલ્યો હશે ? આટલાં પાપ ધારણ કરનાર પૃથ્વીથી એવું કયુ પુણ્ય થયું હશે કે આ પુરૂષની ઉત્પત્તિ એનાપર કરી એને પ્રજા પતિએ પારિતોષક રૂપે અર્પી દીધો છે?!સર્વથા જય છે તે જનની કે જેણે, આ સાક્ષાત્ દેવ સમા પુરૂષને જન્મ આપી આ સૃષ્ટિને સદાની આભારી બનાવી દીધી છે ! "ભાનુશંકર આવા હોય તો કેવું ? !" એ પાપ જન્ય વિચારોનો ઉદ્ભવ થતો અટકાવું એ પ્હેલાં કેટલી ત્વરાથી એ વિચાર થઈજ જાય છે ! ને પાછો મને—પાપિણીને એથી શોક પણ થતો નથી એ શું ? આ પરપુરૂષ પર દૃષ્ટિ કરનાર, એ દૃષ્ટિથી પ્રસન્ન થનાર હું અધોગતિ નહિ પામું ? ખરે, આ દીવ્ય પુરૂષને મારા વિચાર જાણવાની કદાચ્ શક્તિ હશે, તો મારા વિષે કેવો બિચાર એ કરશે ? અરે ! પણ આ ક્યાં જાય છે? કદાચ્ જાણ્યા વિના અંદર જશે ને બ્રહ્મચારી શ્રાપ દેશે તો ?! મારે એમને ચેતવવા ન જોઇએ ? પણ આ પરપુરૂષ

જોડે ભાષણ શી રીતે—શા માટે કરવું ? પણ તે ગમે તે હોય, એમને શ્રાપ આપે, માટે ચેતવવા, એ કારણ એમની જોડે ભાષણ કરવા માટે બસ નથી ? એમને કહેવું કે "ત્યાં ન જશો"—બસ એટલુંજ—એમાં શો અપરાધ ? એ અપરાધ થાય કે ન થાય એનો નિર્ણય પણ કોણ કરે ? હમેશનું સારા નરસાનું વિચાર કરનાર **મન** તો પક્ષપાતિ થઇ એમનીજ તરફેણમાં ચુકાદો આપે છે !

(જરા પાસે જઇને કહે છે).

પદ્મ—(જરા ધીમેથી) ત્યાં ન જશો, બ્રહ્મચારીજી સમાધિમાં હશે.

ભાનુ—છે, કે હશે ? (મનમાં) ઓહો ! આતો જાણે તેજ છબી-નકલની અસલ ! પણ કદાચ્ ન હોયતો ? ન હોય તો પણ કુમારિકાજણાયછે, તેથી અડચણ શી ! **कन्यकाहि निर्दोष दर्शना भवन्ति ॥** પૂછું ? ! ઓહો ! પૂછવાની જીજ્ઞાશાનું પ્રાબલ્ય કેટલું જણાય છે ? !

(પ્રકટ)

પરિજન વગર આ નિર્જન અરણ્યમાં આ સ્ત્રીરત્ને આવવું ઉચિત્ કેમ ધાર્યું હશે એમ શંકા કરી એ વિષે મારાથી તમને પ્રશ્ન પૂછાય ?

પદ્મ—[મનમાં] ગીર્વાણ ભાષાપર સ્નેહ સુચવતુ, ગુજરાતિ શબ્દોમાં પણ સંસ્કૃત વાક્ય રચના રાખી પૂછાયલું આ વાક્ય એમનુંજ ! પેલા મારા વાંચેલા એમના ભાષણમાંએ આમજ બોલે છે ! પણ ખાતરી કેમ થાય ? નથી થઇ ત્યાં સુધી ઓઢી લીધેલા આજ્ઞાનપટ પાછળ રહી બોલીશું તેમ બોલશે !

[પ્રકટ]

કદાચ્ આપ—દેવસમા પુરૂષ—ના દર્શન નિમિત્તે વીધિએ અહીં મને આણેલી ! તે સિવાય શું પ્રયોજન ?! પરિજન સાથે નથી, પરંતુ બે સખિઓ છે.

ભાનુ—તે કેમ જણાતી નથી ?

પદ્મ—પછવાડેનું દ્વાર ઉઘાડું છેકે બંધ તેનો તપાસ કરવા ગયેલી છે; પણ એમને આવતાં સહજ વિલંબ થશે.—

ભાનુ—તમારા વિનયથી દોરાઇને તમારૂં નામ પૂછું તો કંઇ અપરાધ થશે ?

પદ્મ—મુજ અભાગીણિના નામથી, કુતુહલની શાન્તિ શિવાય આપને શો લાભ ?

ભાનુ—કુમારિકા ? તમારી ભૂલ છે—એ વ્યાપારી ઘણા વર્ષના સંબંધી હોય, અને જો ફકત નામથીજ એક બીજાને ઓળખતા હોય, અને કોઇ સ્થળે બન્ને મળતાં નામ ન પૂછેતો એમનો મેળાપ નિરર્થક જવાનો ! જો એમાં મને કંઇ લાભ નથી, તો તમને પણ ગેરલાભ શો ? જો તેમ હોય તો પૂછવું માટે ક્ષમા કરશો.

પદ્મ—ના, જી; ના. તેમ કંઇ નથી; મારા પિતાનું નામ કુશલરામ—

ભાનુ—ને તમારૂં પદ્મકુમારી ?

પદ્મ—એ શી રીતે જાણ્યું ?

ભાનુ—મારે ત્યાં આવેલી તમારી છબીપરથી !

પદ્મ—[ભાનુશંકરને ઓળખી જવાથી શરમાઇને નીચું ઘાલી ઉભી રહે છે.] [મનમાં] (આ શું ? વ્હેમ પડ્યા છતાં પૂરતી તપાસ કર્યા વિના હું એમની આગળ કેટલાં વાક્યો બોલી ગઇ હવે એ બોલાઇ ગયેલાં વાક્ય માટે

ક્ષમા માગવાની પણ મારામાં હિમત નથી. મારા જીભજ ઉપડતી નથી એ શું?)

ભાનુ—કેમ, હવે બોલશોજ નહિ કે?

પદ્મ—(ચૂપ ઉભીજ રહે છે.)

ભાનુ—મેં કંઇ અપરાધ તો નથી કર્યોને?! હા; કે ના કહીદો, એટલે હુ જાણીશ?

પદ્મ—(મનમાં) (અરેરે! અપરાધ તો આ હું કરૂં-છું કે બોલતી નથી—પણ શું કરૂં? બોલાય ત્યારે બોલું ને?) [ઉભીજ રહેછે.]

ભાનુ—મને ઓળખ્યો ન હત, તો મધુર વાક્યો પુષ્કળ સંભળાવત, અને ફક્ત ઓળખી જવાથી આમ મૌન થવાનું પ્રયોજન માત્ર સંભળાવશોતો કૃતાર્થ થઇશ.

પદ્મ—[ધીમેથી બોલે છે] જાણીને તે કોઈ પૂછતું હશે?

ભાનુ—બસ; તો મિથ્યા બોલવાનો શ્રમ ના લઇ-શ; જ્ઞાન સંપાદન કર્યાથી કંઇ સ્ત્રી જાતિથી પોતાનો જાતિ સ્વભાવ ત્યજાતો નથી એમ સાંભળ્યું છે. આમ લજ્જિત થવું એ પણ એક સ્ત્રીનું ભૂષણજ છે, અને તારી કાન્તિ-થી પણ આ ગુણની કિંમત હું અધિક કરૂંછું. આર્યાઓ ભલે માતૃ ભાષા શીખી અન્ય ભાષાઓ શીખે, ભલે **સ્વધર્મ સાચવી આંગ્લ** ભૂમીમાં પર્યટન પણ કરે, પરંતુ આ-મ તારી પેઠે **આર્ય સ્વભાવ** દૃઢતાથી પકડી રહે એવી મારી ઉત્કંઠા છે. તારા જ્ઞાનની, ગુણોની પ્રસંશા મેં સાંભ-ળી છે; સર્વે ગુણોનો વિજય ધ્વજ આ તારો વિવેક જોઇ હું બહુ પ્રસન્ન થાઉંછું! તારા કુટુમ્બમાં કલેશની વા-તથી મારૂં અંતઃકરણ ભેદાય છે, પણ હું હાલ શું કરૂં? સુખ દુઃખમાં સમાન રહેવાનુ તને સુચવવું પડે એમ

નથી. ધૈર્યની કથા તારી આગળ કરી પુનરૂક્તિ કરવાની જરૂર નથી. આપણ મનુષમાત્ર દુઃખ સહન કરવાને સરજાયલાં છૈએ—(પદ્મકુમારી દુઃખ સાંભરી આવવાથી રડી પડે છે).

ભાનુ—અહો ! આ અશ્રુપાતનું કારણ હું થઇ પડ્યો ? તને આશ્વાસન શબ્દ સિવાય બીજી રીતે આપવાને હું હાલ અસમર્થછું; એ તું જાણે છે આ સહન કરવાની પણ મારામાં શક્તિ નથી ! મારો ઉપાય શો ? પદ્મકુમારી ! મને નિરપરાધીને આ દુઃખ સહન કરવાની શીક્ષા શા માટે કરે છે?

પદ્મ—મારા ભાગ્યનો વાંક; આપ શું કરો ! મારા કાકાને જરાપણ દયા નથી; બાકી; કાકીતો—

ભાનુ—જવાદે; પુનઃસ્મરણથી પાછો અશ્રુપાત મારે જોવો પડશે-એ બધી કથા મારે કાને આવી હતી; પણ આ રૂદન બંધ થશે ?

પદ્મ—હાય ! નિરૂપાય ! નિરૂપાય ! આર્યોની રૂઢીને કોઈ નહિ કાઢે ?

ભાનુ—આતો દુષ્ટની દુષ્ટવૃત્તિનીજ વાત છે, એમાં ક્યાં છે આર્ય રૂઢીનું આડું આવવું ? ને શામાટે નિરૂપાય—અરે ! પણ પેલું કોણ આવે છે ? હવે ?

પદ્મ—આ બ્રહ્મચારી—મહારાજ હશે. આપને આટલો સંકોચ લાવવાનું પ્રયોજન નથી.

ભાનુ—મહારાજ નમન કરૂંછું

મહારાજ—અહો ! આ પવિત્ર સ્થળમાં સ્ત્રી પુરૂષનો પરસ્પર આલાપ ?!! અનુચિત્ વર્તન શિવાય આ એકાંત સ્થળનો આશ્રય લેવાનું તમારે શું પ્રયોજન ? છોકરી ! બોલ આ કોણ છે ?

પદ્મ—મહારાજ અમે બન્ને નિર્દોષ છીએ !

મહારાજ—તમે નિર્દોષ છો ? ! આશ્ચર્ય ! નિર્દોષ દંપતી માટે એમનાં વિલાસગ્રહ અવિચલ રહો ! આવું એકાંત સ્થાન સુખી દંપતીને શા માટે જોવું પડે ? આ સ્થાનની શોધ એજ તમારૂં પાતક સુચક ચિન્હ છે. તમારા મૂખપરની ભીતિ વાદળ સૂર્યને ઢાંકે એમ સત્ય છુપાવેલું મને કહી દેછે ! પદ્મકુમારી ! સત્ય બોલ !

પદ્મ—આહા ! મહારાજ મારૂં નામ આપને ક્યાંથી ખબર ?

મહારાજ—તારૂં નામ પણ ખબર છે, ને તારૂં લગ્ન પણ નથી થયું એ ખબર છે ! વિશેષ હકીકત પણ આપી શકું એમ છે.

પદ્મ—ઓહો ! આતો કોઇ ત્રિકાળદર્શી મહાત્મા જેવા છે !—

ભાનુ—કુમારિકા ! છેક અબળા ના થાશો; સાવધ થાઓ ! જો મહાત્મા હોયતો આપણાં અંતઃકરણોમાં પ્રવેશ કરી અંદર રહેલા શુદ્ધ સ્ફટિકમય સ્નેહને કેમ જોઇ શકતા નથી ?

પદ્મ—હાજી; એ પણ સત્ય લાગે છે; મહારાજ ! અમે અસત્ય નથી બોલતાં—આ સ્થળ અમે શોધ્યું નથી—વીધિએજ અચિંતવ્યો સંયોગ કર્યો છે ! તો આપને અપ્રિય ગ્રહસ્થાશ્રમમાં અમે ભવિષ્યમાં જોડાવાનાં હોઇએ, તો પ્રથમ કદાચ્ સ્વભાવ જાણવાના કુતુહલે—કે સ્નેહથી આકર્ષાઇ—થોડાં વાક્યો બોલ્યાં એ અપરાધથયો ?

મહારાજ—હું સમજ્યો ! અરે ! કળિયુગનાં મનુષ્યો ! મહાશ્રમે આ પ્રાણાયામ માટે શુદ્ધ સ્થળ, આ

પ્રલયકાળ સમા કળિયુગના પ્રચંડતાપ સમમે શોધી કહાડયું છે તેને ધણી અર્વાચિન "સ્નેહ સ્થાન" કરી મૂક્યું છે? આતે કંઇ મુંબાઇ પુરીનું "એપોલોબંદર," "માલેરાન" કે "મ-લબાર હીલ" કરી મૂકવા માગવું છે? આંગ્લબાળાઓના મોહક મંત્રોને સાધન કરવાનું સ્થાન કર્યું છે? આર્ય ભૂમી-ને પાશ્ચાત્યભૂમીનાં પાતકોનું સંગ્રહ સ્થાનતો કરી દીધું છે.

ભાનુ—મહારાજ, ક્ષમાકરો! આર્યસ્થાન વીગેની લાગણી માટે ઉપકાર થયો—પરંતુ આપનું માનવું એવું છે કે આર્યબાળોને લગ્નની પવિત્ર ગાંઠે બાંધતાં પ્હેલાં પૂછવું માત્ર પણ નહીં! લાકડે લાકડાં સાંધવાનાં છે? ઢીંગલેઢીં-ગલાં જોડી દેવાનાં છે? કે સેંકડો વર્ષ સુધી સ્નેહથી ભેગાં રહી શાસ્ત્રાનુસારે દંપતી ધર્મ બજાવવા બે મનુષ્યોને ભેગાં રાખવાં છે? ને શાસ્ત્ર શું કહે છે? એક બીજાની સંમતિથી અનેક અરસ્પર વચનો આપી વરકન્યા એક બીજાને વરે છે—એ વચનોમાં વર કહે છે કે" જ-ગતપાલક સર્વ સાક્ષી ઇશ્વરે તને મને સોંપી છે; પોષણ ક-રવા યોગ્ય તું મારી પત્ની થા. ને સોશરદ્ ઋતુનું આયુષ્ય ભોગવ"—કન્યા કહે છે "ઇશ્વર કૃપાથી તમને મેં પતી તરિકે સ્વીકાર્યા છે તો આ સૃષ્ટિમાં મારે સેવા કરવા યો-ગ્ય અન્ય દેવ નથી. જીવિત પર્યંત આપનું પુજન કરીશ. જેમ તમે મારા સિવાય બીજી સ્ત્રી પર પ્રીતિ નહીં કરો તેમ અન્ય પુરૂષની ઇચ્છા હું નહિ રાખું" આ વચનો સંમતિ વગર શી રીતે બોલાયજ?! શાસ્ત્ર જાણ્યા વિના, વ્યાકરણ હીન, ઉદર નિમિત્તે, ધર્મને બ્હાને જૂઠાં જૂઠાં, સંસ્કૃતમાં, સંસ્કૃત ભાષાથી અજાણ પ્રજાનાં, લગ્નો કરના-રા આધુનિક બ્રાહ્મણો માટે કયું નર્કસ્થાન યોગ્ય થશે એ

સમજાતું નથી !!! બાળપણમાં મૂગાં પ્રાણિયોનાં લગ્નોની પેઠે થયેલાં લગ્નોનાં હાનિકારક પરિણામો આ જંગલની ગુફામાં આપને કોણ કહે ? વસ્તીમાં જાઓ !! ત્યાં અનુભવ મળે—સેંકડો સ્ત્રીઓ દરરોજ કુવામાં પડતી હશે ! સંમતિ વગર થયેલા અણગમતા પતીથી કંટાળેલી સહસ્ત્ર આર્યબાળાઓ રોજ આત્મઘાતથી પ્રાણત્યાગ કરી છુટતી હશે ! ઘણી વખતે વિદ્વાન સુશીલાનું લગ્ન ગાંજાખોરિયા, ભાંગપીનારને વ્યભિચારી પતી જોડે થયાથી અનેક આર્યાઓ સહન શક્તિ રાખી પોતાનો દુઃખી ભવ પૂરો કરે છે ! કેટલીક વખતે સાક્ષાત્ દેવ સમા, સરસ્વતી સંપન્ન, સુશ જોડે ક્રોધ ક્રોધી, દ્વેષી, ને આચાર વિનાની કુભાર્યા જોડી પુરૂષનું જીવિત હમેશને માટે બાળાપો નકામું કરે છે ! સંમતિ વગર થયેલા લગ્નથી કંટળી કેટલાક આર્યો બાવા થઇ ન્હાસી જાય છે—

(મહારાજને મૂર્છા જેવું થઇ નીચે પડી જાયછે)

અહો ! આશું ? પદ્મકુમારી ! પાણી લાવો ! પાણી લાવો ! જુઓ અંદર હશે ! મહારાજને સાવધ કરીએ !

મહારાજ—ભા–આ–ઇ હું સા–આ—વધછું–પાણી લાવવાનો શ્રમ ના લેશો.

(પદ્મકુમારી પાણી લાવી આપે છે)

મહારાજ—બેટા ! તારૂં સૌભાગ્ય ચિરકાળ રહો ! લાવ, પાણી.

ભાનુ—આવું કદી આપને થાયછે, મહારાજ ?

મહારાજ—પ્રથમ તો હું વિપરીત બોલ્યો હોઉંતો ક્ષમા માગુછું.

ભાનુ—પણ આપને આશું થયું તે કહેશો ?

મહારાજ–મારી હવે લગભગ વૃદ્ધાવસ્થા છે; બીજું શું?

ભાનુ –નહિં, નહિં; મહારાજ; એ કેમ મનાય? આપની ઉમર બહુ નથી. આપનો બોલવાનો જુસ્સો હતો તે ગયો! ઘડિકમાં જાણે સાત્વિકપ્રકૃતિ થઇ ગઇ! મારાં વાક્યો આપને કાંઇ મર્મસ્થળે વાગ્યાં હોય એમ ધારૂંછું કેમ! પદ્મકુમારી!

પદ્મ—હું તો જાણે સ્તબ્ધ છું, કશું સમજી શકતીજ નથી; સ્વપ્નવત્ હોઉં એમ ભાસ થાય છે.

ભાનુ—મહારાજ! હવે ઠીક છે?

મહારાજ—ઠીક છે ભાઇ; કંઇ પ્રયોજનથી અનુચિત બોલાઇ ગયું તેનું તાત્કાળિક ફળ મળ્યું. હું અંદર જાઉં છું.

ભાનુ—ભલે, આપની એમ ઇચ્છા હોય તો હું કહેવા આગ્રહ કરતો નથી પણ–મહારાજ! કંઇ કાર્ય પ્રસંગે હું પણ આપની પાસેજ આવવાનું ધારી અહીં આવ્યો છું, માટે આપની પછવાડે આવું છું.

મહારાજ—ભલે આવો.

(મહારાજ જાય છે.)

ભાનુ—પદ્મકુમારી! આ તો બોલાઈ ગયું! હવે જવું પડશે!

પદ્મ—બોલતાં વિચાર ના કર્યો? મારૂં અંતઃકરણ ભેદાય છે! હું નિરાધાર છું! આપ જાઓ છો! મારે કયું આશ્વાસનસ્થાન!

ભાનુ—એક ઇશ્વરનું આશ્વાસન સ્થાન હાલતો! મને રજા આપ.

પદ્મ—કઇ રીતે? બોલાતુંજ નથી, હું પત્ર લખું તો **શાંબો** પ્રત્યુત્તર લખશો ?

ભાનુ—સત્યસ્નેહ સાંકળને મજબુતી આપવા "પત્ર"—ચીથરાનાં છોકરાં શું કરી શકવાનાં હતાં ?

પદ્મ—તોપણ आधिक याधिकंफल: ।

ભાનુ—ભલે; પણ મને આ અહીં વિલંબ થાય છે તે વિષે મહારાજના મનમાં શો વિચાર આવશે ? મને જ, વાદે. જો, પેલી બે તારી સખીઓજ આવે છે !

પદ્મ—હાય ? હાય ! હવે ?!

ભાનુ—હવે શું ? એને તું કરો મધુર વાદવિવાદ ! જાઉં છું.

પદ્મ—પણ આ મેળાપનું પ્રયોજન શું બતાવવું-કુંહતા જાઓ, મારા સમ !

ભાનુ—અરે ! સ્ત્રી જાતિ ! એટલુંજ નહીં સમજાય ?

(જાય છે.)

(માલતીને વિજયા પ્રવેશ કરે છે.)

માલતી—અરે વાહ ! વાહ ! રસિલી ! ભણેલી વિદુષી કેમ
તારા વિચાર અમે જાણીએ ?
મહાજનોના પ્રૌઢ વિચારો પારખાય પામર પ્રાણિએ ?
યુક્તિ પ્રયુક્તિ કરીને અમોને મોકલ્યાં તેં દ્વાર બાળ કાઢવા !

પદ્મ—મ્હારાજ સમ ! મ્હારી વ્હાલી સખી ! જો આમાંનું હું
કંઇ જાણવા—

વિજયા—સ્નેહ વ્યાપારમાં જુઠું બોલ્યાનું પાતક ગણે
લેજ પાપીઓ !
હૃદય મંદિરે પ્રીતમ પુરોહિત ! મદન મણી સ્તંભ સ્થાપીઓ !!
કેવી જુઠી ! ત્યારે જુઠી; હવે સાચી; ત્યારે સાચી ! અરે
વાહ વાહ—

જયા—દ્વાર પેલી બાજુનું ઉઘાડું છે; ને હવે તો આમે ઉઘાડું હશે; જાઓ દર્શન કરવા, સર્વે અંદર છે, ઠીક ફાવશે વાત કરવાનું.
પદ્મ—માલતી! જરા આની જીભને અંકુશ નહિ રાખે?
વિજયા—અમારા મનપર અક્કલનો અંકુશ આટલો બધો તું રાખે છે, ને વળી જીભપર પણ રખાવ!
પદ્મ—હું સત્ય કહું છું કે આ બધું દૈવયોગેજ આવી બન્યું.

વિજયા—વારૂ સમાગમ દૈવયોગે થયો, પણ જીભ પણ દૈવયોગે ઉપડી?

પદ્મ—પણ કેટલી બધી વારે, ન ચાલ્યે મારે જરીક બોલવું પડયું.

માલતી—વારૂ, જરા વર્ણનતો કર, શી બીના બની?

પદ્મ—મને સ્મરણ માત્ર પણ દુઃખકર થઇ પડે છે. અરે મને કંઇક થાય છે.

વિજયા—શું થયું? શું થયું? સખી! પેટમાં દુખેછે? માથું દુઃખેછે? હેં હે! જરા તારૂં દરદતો કહે!

માલતી—વિજયા તું વૈદ્ય થા—એની નાડ તપાસી કહે જો એને શો વ્યાધિ છે? ઉપચાર કહેજે હોં—

વિજયા—આતો પેલું તેં વર્ણન કરવા કહ્યું તે ન કરવાના ઢોંગ—જો; હું નાડ તપાસી એનું દરદ કહું—

કામજ્વર કે વિરહજ્વર કે મદનજ્વર આનું નામ;
સ્નેહપીડિતજ્વર આપ્યું હશે કોઇ વૈદ્યે આનું ઉપનામ.
એનો ઉપચાર છે સખી આમ—ધીમે ધીમે સાંભળજે—
સ્નેહ સરીતામાં સ્નાન કર્યા વિણ એને રહે નહી ભાન,
સ્નેહી અંગ સુલેપ કરીને આપે સુરત દીવ્ય દાન;
એક સ્નેહ એનો અવલેહ—કામજ્વરકે..

અંક બીજો.

પ્રવેશ પ્હેલો.

જીવરામ—પ્રેમકોર—પછીથી રમણલાલને ગુમાન-

જીવરામ—(લવલવાટ કરેછે)

મેં સીંહ શિકારે ચલાગડા મતવાલા !
લે ! લે ! લે ! લે ! આ જાય પકડલે લાલા—
... ...
તુજ નખરેસેંતો લગે હૃદયમેંતીર—અરેરે ભાલા !
પીલાદે પ્યારી હમકુ પ્રીત રસ પ્યાલા !

પ્રેમકોર—અરે ! આ શું તોફાન ઘરમાં ? આ બિભત્સ બોલોછો ને કોઇ સાંભળશે તેનું એ ભાન નથી !

જીવ—

તોરી ઠમક ઠમકતી ચાલ ગુલાબી ગાલ નેનદો કાલા-
પીલાદે પ્યારી હમકુ પ્રીતરસ પ્યાલા—

પ્રેમકોર—આ જોને ! મારૂંતો જાણે સાંભતાજ નથી !

જીવ—તારૂં એકવાતે સાંભળું—જો;

પદ્મકુમારીને અહીં આ મંત્રણ આપ-પેલી શાગળભટની કરેલી કથા શાસ્ત્રીએ કહી હતી તે નથી સાંભરતી ? સ્ત્રીઓતો સ્વામીનું અડધું દુઃખ ઓછું કરે છે—અને જો પછી; સાંભળ; આમ આવ—

પ્રેમકોર—(જીવરામનું મોડું દુર્ગંધ મારતું જોઇને) સત્યાનાસ જજો ! આ મોડામાંથી દુર્ગંધ મારેછે; આ બકવા કરવાનું પ્રયોજન હવે સમજાયું ! અરે આર્યાવ્રત ! તા

રી આ અધમ દશાછે ? બ્રાહ્મણો ! સર્વના શીરોમણી ! તમારામાં આ પાતકનો પ્રવેશ થયો છે તો તમે શુદ્રને યવનથી પણ નીચ કેમ નહીં ? ગંગાજેવી પવિત્ર નદીઓપર પર્ણકુટી બાંધી રહેનાર સમર્થ રૂષિઓના પુત્રો ! તમે ઘરઘર ભિક્ષા માગો છો એ શીક્ષા તમને આપવામાં વીધીએ ભૂલ કરીછે—તમે વધારે શીક્ષાને પાત્રછો—આખા આર્યમંડળના અગ્રેગર તરીકે વેદાધ્યયન જે તમારૂં પ્રથમ કર્તવ્ય તે તજી, અનેક મહાવ્ય-સનોને આધીન થઇ તમે યવનો બન્યા છો—

જીવરામ—તું શું લવલવાટ કરેછે ?

પ્રેમકોર—તમને પરણીને મારા ભાગ્યને હું રોઉછું ! શું કરૂં ? આર્યધર્મ પ્રમાણે ગમેતેવો પણ પતી ! નીભાવી લેવો એ આર્યાનો ધર્મ છે. આપઘાત કરી પ્રાણત્યાગ કરવાના મહા પાપથી ડરૂંછું. ધિઃક્કારછે તમારા માતપિતાને કે લાડમાં ઉછેરી તમારો ભવ બગાડયોછે—ભલે, તમે મારાપતી છે !—હુ મારૂં શીયળવ્રત ખાંડાની ધારે સાચવીશ, પણ મારે પીયર જાઉછું.

જીવરામ—અરે, ઉભી રહે; મેં પેલું કહ્યું તે ભૂલી ગઇ ?

પ્રેમકોર—શું ?

જીવરામ—પેલું પદ્મકુમારી વીષે ?

પ્રેમકોર--પદ્મકુમારી વીષે શું પણ ?

જીવરામ--એક વખત કહ્યું તોપણ શામાટે બીજી વખત બોલાવેછે !

પ્રેમકોર—તમારી વિપરીત બુદ્ધી થઇછે તેમાં--તમારા જેવા ગાંજો પીનાર બ્રાહ્મણ થઇ દારૂના પીનારને

એ કાચની પૂતળીજેવી કન્યા વરતી હશે ? એતો અંગ-રેજી રીત પ્રમાણે પરણી,પેલા ભાનુશંકરભાઇને. તે સુણી થશે--

જીવરામ—હેં ! હેં ! પરણી ? ! પરણી ? ! સાચું બોલ !

પ્રેમકોર—હવે ભાન ઠેકાણે આવ્યું ! એનું હૃદયતો પરણી ચયું છે-દેહને પણ થોડા વખતમાં પરણાવશે-પણ હવે તમારૂં ભાન ઠેકાણે આવ્યુંછે તો હું પુછુંછું કે જો તમે આ વ્યસન નહીં છોડોતો હું છેક સુધી પીયેર રહીશ, ને અહીં કદી નહીં આવું.

જીવરામ—આતું પીયેરમાં રહીશતો હું પણ પીયેર આવીશ; પણ હવે આ નવું લગન શીરીતે કરવું તેની જરા યુક્તિતો બતાવ ! કથામાં આવ્યું હતું કે પુરૂષ કરતાં સ્રીમાં ચારગણી બુદ્ધિ હોયછે.

પ્રેમકોર—શું કરવા ! એ સાક્ષાત્ સ્વર્ગમાં રહેનાર દીવ્ય મૂર્તીનો ભવ તમારી સાથે પરણાવી બગાડવા ? પ-ત્થર સાથે રત્ન પછાડવા ? પીતળની વીંટીમાં મણી મઢ-વા ? એ નિર્દોષ અબળાનું ખુન કરવું તે કરતાં તમારા જે-વાનો હસ્ત મેળાપ કરાવી આપવામાં બહુ પાપછે !

જીવરામ—ઉભી રહે, રંડા ! તને એક પૈસો ઉનો કરાવી કપાળમાં ડામ દઉં ! અરે કોઇ છે કે આ પૈસો તપાવી લાવો !

પ્રેમકોર—(મનમાં) (એ પૈસો તપાવશે એટલામાં તો હું પીયેર પ્હોચીશ. ક્યાં આઘું છે—પાસે પીયેર તેને સુખતો ખરૂં.)

(નાસી જાય છે).

જીવરામ—નાઠી ! ગઇ !! ચાલો, અડચણ નહીં. પીડા ઓછી. કાઢી મૂકવી તેના કરતાં એની મેળેજ નાસી જાય તો પાછો એનોજ વાંક કહાડવા થાય—પણ હવે કંઇયુક્તિ કરવી જોઇએ. હાં, હાં, ઠીક થયું. પેલો રમણુ અહીંજ આવે છે. એ કાંઇ મદદ કરશે.

(રમણુલાલ પ્રવેશ કરેછે)

જીવરામ—આવ, રમણુ. તારોતો પાછો પત્તોજ નહિ કે? અરે, પણ તારી પછવાડે પેલું સંતાતું સંતાતું કોણ આવે છે?

રમણુ—તારા ઘરમાં કોણ કોણ છે?

જીવરામ—કોઇએ નથી—એક નવો ચાકર છે તે કંઇ કામ કરતો હશે કે કંઇ ગયો હશે—બાકી હું ત્રણ બાયડીઓનો ભર્તાર હાલતો એકલોછું. જો દીવાળીને કહાડી મૂકી—બીજી વખતને પણ કહાડી પડી—ને ત્રીજી પ્રેમકોરને પણ—એતો એની મેળે નાસી ગઇ!

રમણુ—ત્યારે તો ગુમાન, નિર્ભય આવ—બ્હીવાનું કારણ નથી.

(ગુમાન પ્રવેશ કરેછે)

જીવરામ--ઓહો ! આ ગુમાન કે ? તું કહેતો હતો તેજ કે! ઠીક થયું. ચાલો તમે બે હવે મને આ મહાભારત કામમાં મદદ કરો—

રમણુ—શું કામ છે બોલ—

જીવરામ—અરે, આવેલો શિકાર હાથથી જાય છે; પદ્મકુમારી વીરે પેલો ઘાટ ઘડાતો હતો, તેમાં અમોઘશંકર ફસાયો તેના ઉપર કોરટનો હુકમ આવ્યો કે પદ્મકુમારીના નામના રૂપિઆને કોરટના હુકમ સિવાય એણે હાથ અડાડવો નહિ. પણ હજુ મને પરણાવી દેવાની એની મ-

રજી જણાય છે. પણ પદ્મકુમારીની પોતાની પેલા ભાનુશંકર જોડે પરણવાની મરજી છે. એની કાકીની એમાં સંમતિ છે. બાજી હાથમાંથી જશે. થોડા રૂપિઆ ખરચ થાય પણ પરણવાની ગોઠવણ થઇ જાયતો એના નામના બધા રૂપિઆ આપણી પાસે આવશે, ને અબોધશંકરને પાઇએ નહીં મળે. પણ હવે આ બધી યોજના કેમ કરવી તે તમે મને બતાવો!

રમણ—જો આમ કરતાં સપડાયા તો ભાનુશંકરનું તો આખું શહેર, ને આપણા જૂદા પડીશું–ને કદાચ એમાંથી કંઇ આડું ફાટે તો મરીએ માટે જોઇને કામ કરવાનું છે.

ગુમાન—અરે, પુરૂષ થઇને આમ ડરોછો શું? હું બતાવું તે યુક્તિ કરો—એને લઇ ચાલો મારે ગામ—ત્યાં કોઈ પૂછે કે કરે—પછી એને ગમે તેમ સમજાવી ત્યાં લગ્ન કરવું.

રમણ—હા; હા. એ યુક્તિ ખરી! અહીંથી લઈ જવી! પછી ગમે તે રસ્તે! પણ ગુમાન એમાં તારી સંપૂર્ણ મદદ જોઇએ.

ગુમાન—હું જે કહો તે કરવા તૈયાર છું. હું એની પાસે કહેશો તો જઇશ–મેં એને સારી પેઠે થોડા દીવસ પર જોઇ છે ને સ્હેજ ભાષણ પણ થયું છે. એને કોઇ ઠેકાણે હું લઇ જાઉં ત્યાં ગાડી તૈયાર રાખવી. ને ઉચકી જવી; હમણાંનો પ્રધાન કોઇ પારસી છે તે બહુ ચીકણોને જરા ન્યાયીપણાનો ડોળ ઘાલે છે તેની બદલી થવાની છે ને કોઇ અંગ્રેજ ત્યાં આવે છે. એને ત્યાં મારી વગ ચાલે એમ છે.

રમણ—અંગ્રેજ શાનો, પેલો મી. લીસબોઆ—પણ એને ત્યાં તારે શી રીતે વગ પ્હોચશે?

ગુમાન--મારે ગમે તેમ, તેની તમારે પંચાત છે?

રમણ--વારૂ; ઠીક. એને ને ભાનુશંકરને છાપામાં કંઇ લખાણ બાબત તકરાર પણ ચાલે છે, એમ કોઇક કહેતું હતું--તેથી કદાચ્ દાદ ફરીયાદ કરે તોપણ કામ આપણા લાભમાં થશે.

જીવરામ--પણ હું તો આમાં કશું સમજતો નથી.

રમણ--હું તને બધું સમજાવુંછું.

ગુમાન--ત્યારે હું જાઉ? તૈયારીજ કરવા માંડુ.

રમણ--થાય છે, જવાય છે; અહીં આવવાનું કંઇ પ્રયોજન રાખવું જોઇએ. એક ફક્કડ ગાયન સંભળાવ!

જીવરામ--ગાયન પણ શીખી છે?

રમણ--તને હજુ કયાં બધી ખબર છે? કેટલીતો ઠુમરી, લાવણી, ને ગઝલો મેંજ એને શીખવાડી છે. પેલી ગોવાથી આવેલી ચંદા પાસે એક દહાડો નૃત્ય પણ દેખાડોશું. જોયું કે તરત એને આવડશે. "હારમોનીયમ" મારી પાસે શીખે છે! પછી જોઇ લ્યો, એનો રંગ! રોજ ઘેર ખરેખરૂ નાટક! ગુમાન! પેલું કાલ રાતે બોલી હતી તે જરા બોલી સંભળાવ-પછી જા.

ગુમાન--(ગાય છે)

(ધરી) શીરપર ગગરી, ઓરી ચુનરીઆં મેં, ભરન ચ-
री જમુનાં તીર પાની--
આવત મોહન મુરલી બજાવત, દૂરસું મોયે નઝર પી-
છાની--શીર-
'દૂર રહો! શ્યામ દૂર રહો' મેં માણું કર જોર, મોરી
બિનતિ ન માની--શીર
'છોર હૃદયસેં, દૂર રહું મેં' એસી એસી મધુર સુનાઇ
મોયે બાની--શીર

દયા પ્રિતમ ગીરધારિલાલપર બઇ સખહી બ્રિજનારી
દીવાની—શીર—

રમણ—
જીવરામ— } શાબાશ ! શાબાશ.! !

રમણ—જીવરામ! પેલી કબાટમાંથી શીશીતો જરા લાવ!

જીવરામ—આજતો જવાદે દોસ્ત ! એનોજ હમણાં કજીયો થયો છે. આટલું કામ પૂરૂં થવાદે.

ગુમાન—હું જાઉછું ત્યારે! હું તમને ચીઠી લખું તે પ્રમાણે કરજો.

જીવરામ—તને વળી ચીઠી લખતાં આવડે છેકે? શાબાશ!

રમણ—તને કયાં બધી ખબર છે? ત્રણ ચોપડી સુધી શીખી છે. જેવું તેવું લખે વાંચે છે. એને લીધેતો માસ્તરને ઘેર બેસવું પડયું—

જીવરામ—ગુમાન, એ શી રીતે !

ગુમાન—મને એક દહાડો પાઠ ન આવડયો તેથી શીક્ષા કરી—મેં બે ત્રણ છોકરીઓને શાક્ષી થવા કહ્યું, ને મહેતાજી ઉપર તોહોમત મૂકી શ્રીફળ અપાવ્યું. ત્યારથી ધારો પડયો કે નિશાળમાં સ્ત્રી વગર શીક્ષક રાખવો નહીં.

જીવરામ—ઠીક.

ગુમાન—વારૂ, ત્યારે હું જાઉં છું.

(જાય છે.)

જીવરામ—રમણ! આ બધો ખટલો શી રીતે ઉભો કર્યો છે?

રમણ—એ કથા વિચિત્ર છે. એમાં ગાફલ માણસનું કામ નથી. બાપદાદાની બધી પૂંજી એમાં લગભગ ઉડી ગઇ ! જો, સાંભળ, અહીંથી વીશેક ગાઉપર પોકળપુર શહેર

છે. ત્યાં અંગ્રેજનું રાજ્ય નથી, પણ દેશી રજવાડાનું રાજ્ય છે. ત્યાંની એ રહીશ છે. એના બાપે એને પાંત્રીશ વર્ષના વર સાથે એ દસ વર્ષની હતી ત્યારે પરણાવી હતી. વર તો બાપડો ગરીબ કંગાલ હતો પણ બાઇસાહેબનો મિજાજ તું જુએ એવો છે! હજુ તને અનુભવ નથી. દરરોજ નવી સાડી જોઇએ. બજારમાં જે નવી "ફેશન" વપરાઇ તે દેખવી જોઇએ કે હું લાવવાને બંધાયલોજ સમજવો. મારે બધે જોવાની ફરજજ સમજવી કે કંઇ નવું છે?

જીવરામ—વારૂ, એ વર્ણન કર્યા વગર આગળજ ચલાવ. તારીને એની પ્રથમ ઓળખાણ શી રીતે થઇ તે કહે.

રમણ—એક વ્યભિચારના કેસમાં મારો દોસ્ત સપડાયો હતો. જે માજીસ્ટ્રેટ આગળ કેસ ચાલતો હતો તેના ઉપર અહીંથી એના એક મિત્રની ચીઠી લઇને હું તેને મળવા ગયો હતો.

જીવરામ—તે ત્યાં આવું એ ચાલે છે ખરૂં કે?

રમણ—ત્યારે બીજું શું!

જીવરામ—ત્યારે તો આપણને કદાચ્ ઠીક ફાવશે. હા, પછી?

રમણ—એ તો વાત બહુ લાંબી છે પણ જો ટુંકામાં કહું, હું ત્યાં ગયો પછી મારી વૃત્તિ એની નિશાળ ભણી ખેંચાઇ. મહેતાજી જોડે જેવી તેવી ઓળખાણ કહાડી હું ત્યાં ગયો. જતાં એનો ને મારો લગભગ સ્નેહ થયો. મેં એને એકાંતમાં બોલાવી એનો ઇતિહાસ સાંભળ્યો. ત્યાંથી ચાર પાંચ ગાઉ એને પરણાવી હતી. ત્યાં એને જવું પડ્યું ત્યાં હું પણ વ્યાપારને અર્થેજ જાઉં છું એવું જુઠું ઘેર લખી વાળ્યું; એને ને એના વરને બનતું નહીં. છેવટ

ફુટાળી એનો વર ક્યાંય ન્હાસી ગયો એ પીયેર આવી. એના વરનો પત્તો ન મળ્યો. પછી એના વરના કોઇ મિત્રના નામનો મેં જૂઠો કાગળ લખી લખ્યું કે એતો મરી ગયો છે. એટલે ગુમાન વિધવા થઇ, ને તે સાથે તદ્દન છૂટી થઈ. સ્વતંત્ર થઇ. ઘેર મ્હાનું કહાડ્યું કે મારે હવે તીર્થ યાત્રા કરવી જોઇએ. એમ કરી અહીં આવી છે. સમજ્યો ! વારૂ, એ આવે એટલામાં પત્તાં રમીએ ચાલ !

પ્રવેશ બીજો.

પદ્મકુમારીનું સરસ્વતી મંદિર.

પદ્મકુમારી, પછીથી ગુમાન, છોટાલાલ, ને સુમતિગવરી.

પદ્મકુમારી—"હવે શું કરવું"—આ પ્રશ્નનો જવાબ ક્યાં મળે ? હૃદય—મન—જાણે માંરૂજ નથી—જાણે નષ્ટજ થઇ ગયું છે. વાયુમાં તણાતા એક તણખલાની પેઠે હુંજ બધી આ મહા સ્નેહવાયુના ઝપાટામાં જાણે તણાતી ચાલીછું ! શ્રાવણ માસમાં ભરજોસમાં—ઉછળતી નદીના પ્રવાહમાં જાણે ખેંચાઉછું ! આહા ! શ્રાવણ માસની સરિતા ! ભાગ્ય શાળી તો તું ખરીજ !!

ચાલી ચાલી સરિતા વેગથી ! પતિ પાસે !
ઉર ધબકે ! તું ઝબકે કેમ ?" જાઉં સખિ આદમાસે!"
શણગારી, આસાળુ સજી ચાલી તું સખી શાને ?
મદમાતી ! કથન નહિ કોઇનું ધરે કાને !
ઘેલીથામાં ઘડીકમાં જુવાની આ ચાલી જાશે—

અરે, પણ હું એને ક્યાં શીખામણ દઉછું ? એ તો અરૂંજ છેકે **परोपदेशे पांडित्यं सर्वदा सुकरं नृणाम्।** મારૂં પોતાનું મન તો હું તપાસીને જોતી નથી ! આહા !

પુરૂષના વિશુદ્ધ સ્નેહના પ્રભાવની આ જાણે પ્રથમ મને ખબર પડે છે ! મને હમેસનો આનંદ આપનાર, આ ડાહી ડાહી વાતો કરતાં પુસ્તકો પરનો પ્રેમજ ઘટી ગયો છે ! ગ્રહકાર્ય•તો જાણે શોખીનજ નથી એમ લાગે છે—ઘરના કલેશનું વિસ્મરણ કરાવી, ઘર કલેશને પદભ્રષ્ટ કરી, માંહિઆ નૂતન કલેશે એક જુલમી ભૂપની પેઠે જગ્યા લીધી છે ! ભાનુશંકર ! ભાનુશંકર ! સ્નાન કરી, હમણાં શીવપૂજા કરવા ગઇ, ત્યાં પણ શીવલીંગનેજ સ્થળે જાણે ભાનુશંકર બેઠા છે !! પુસ્તક ઉપાડી જોઉછું તો માંહે પ્રિયતમનીજ મૂર્તિ !! આકાશ સામે જોઉં તોપણ, અને પૃથ્વી સામે જોઉં તોપણ આંખો આગળ સુવર્ણમય કાંતિનો ભાનુશંકરનોજ આકાર !! મદન મહાભૂપે, એની આજ્ઞાના ઉલંઘનની શીક્ષારૂપે આંખના કાચમાંજ જાણે એ પ્રિય મૂર્તિ ગઠીલઇ આ બધી સૃષ્ટિ ભાનુશંકરમય બનાવી દીધી છે !!! આ નવા સંકટના નવા અનુભવથી દુઃખને આશ્ચર્ય બે થાય છે ! નક્કી, આ સંકટ સહન થઇ શકે એતો કંઇ સુલભપથ હશે ખરો પણ મને ખબર નથી ! વિદ્વાન આર્યાઓ શું આમ મૂર્ખ બનતી હશે ? ખરે ! પાશ્ચાત્ય કેળવણીના કંઇક સંસ્કાર ને લીધેજ, ભ્રષ્ટ થયેલી હું એ સુલભપથ જોઇ શકતી નથી. જો વળી પાછી વ્હેમી ! પણ હવે શું કરવું ? હું ક્યાં જાઉ ? એ મને ક્યાં મળે ? અરે ! મને મળશે નહિ, મારા સામું જોશે નહિ, તોપણ હરકત નથી—પણ હું એમને ક્યાં—શી રીતે જોઉં ? એક વખત-ફક્ત એકજ વખત, ધરાઇને જોઉં તોપછી કશું નથી જોઇતું ! દેવાલયના મેળાપ સમયે હું મુર્ખા શરમાઇ ગઇ; બરોબર જોયું નહીં, બહુ બોલાવું પણ નહીં, કંઇ કા-

લાવાલા પણ ન થયા, ને એક પળમાં જાણે સ્વપ્નાની પેઠે બધું થઇ ગયું ! અરે પણ પેલું એકદમ અહીં કોણ આવતું હશે ?!

(ગુમાન પ્રવેશ કરે છે)

પદ્મ—બાઇ ! તમે કોણ છો ! ને અહીં શીરીતે આવવા પામ્યાં ?!

ગુમાન—કેમ વારૂ ! મને ભુલી ગયાં ! આપણે રસ્તામાં તે દીવશે વાતો કરી હતી ને !

પદ્મ—બ્હેન, એવાતનું મને વિસ્મરણ થયું હોય, તો ક્ષમા કરજો, તમે કોણછો, એ બીજી વખત પૂછુંતો ક્રોધ ન કરશો.

ગુમાન—હું એક દુ:ખી સ્ત્રી છું; (મનમાં) (બીજું શું કહું ?)

પદ્મ—આ સુકુમાર વયમાંથીજ વૈધવ્ય પ્રાપ્ત થયું છે એજ મહાદુ:ખતો સ્પષ્ટ છે, તોપણ એટલેથીજ કંઇ બધો ઉત્તર આવી જાય ?

ગુમાન—હું જે છું તે તમારા લાભને માટેજ આવેલીછું.

પદ્મ—ભલે; પણ અહીં શી રીતે આવ્યાં ?

ગુમાન—કેમવારૂ ? અહીં કોઇ નહિ આવતું હોય ?

પદ્મ—(જરા હસીને) ના જી; આતે ખણરૂં,પ અહીં મારા કાકાને કાકીને બેસવાના દીવાનખાનામાં થઇનેજ આવવું પડેછે, માટે જો મારી ઓળખાણનું માણસ ન હોયતો તેને પ્રવેશ કરાવતાં પહેલાં મારી કાકી જરા મારે કાને નાખેછે, એજ બીજુ શું ?

ગુમાન—ઓહો! એટલું બધું હોયતો હુંતો આ ચાલી આવી; મને તો ભાનુશંકરે મોકલી એટલે અહીં આવી હતી.

પદ્મ—બાઇ; માફ કરો, ઉભાં રહો, લો, હું તમારે પગે પડુંછું, મને તમારી હકીકત સવિસ્તર કહેતાં જાઓ!

ગુમાન—મને તમારી પેઠે લાંબાં ભાષણોથી બોલતાં નથી આવડતું, પણ શહેરબ્હાર મોતીભુવન બાગપાસે એમણે તમને આવવા કહુંછે-કહ્યુંછે કે જરૂર આજ આવજો—સાંજે સાત વાગે.

પદ્મ—એક લીટી એક અક્ષર પણ તમને **લખીને** નથી આપ્યો?

ગુમાન—આપ્યો હોયતો મેં તમને એ પેહેલાજ આપ્યો ન હોય?

પદ્મ—એ ખુશીછે? શું કરતા હતા? તમે એમને કયારે છેલ્લા જોયા હતા? મને જરા લંબાણથી બધું કહો.

ગુમાન—હા; ખુશીછે ને કહ્યુંછે કે સાંજે જરૂર આવજો, કેમ આવશો ને?

પદ્મ—હા; પણ—મારી કાકીની જરા સંમતિ જોઇએ.

ગુમાન—કાકીની સંમતિનું વળી એમાં શું કામછે? એમની રજા વગર બ્હારજ નથી નીકળતાં?

પદ્મ—યોવનમાં દરેક નિર્દોષ કાર્યોમાં પણ, અને મુખ્યત્વે શંકા ઉપજાવી વડીલોને વ્યથિત કરે એમાં અવશ્ય એમની આજ્ઞા જોઇએ એમ હું ધારૂંછું. જુઓ, દરેક પૂર્ણીમાએ શહેરબ્હાર મારાપિતાએ ઘણા વર્ષપર બં-

ધાવેલા બાગમાં જાઉંછું, મ્હારી સખીઓને બોલાવુંછું, ત્યાં બે ઘડી આનંદ કરીએ છીએ. આજથી ચોથે દીવસે પૂર્ણીમાછે તે ત્યાં જઇશું, પરંતુ જતાં પહેલાં 'કાકી હું ભવનમાં જાઉંછું' એટલા શબ્દો પણ કાનમાં નાંખીશ ત્યારે મારો પગ ઉપડશે–તો પછી આવા કાર્યમાં તો જરા વધારે સ્પષ્ટીકરણ કરીનેજ આવવું; કેમ ખરૂંને ?

ગુમાન—ખરૂં શું ? ખોટું બધું—ભાનુશંકર એમ જાણશે કે મને મળતાં પહેલા વળી કાકીની રજા લેવા ગયાં હતાં તો કેટલું ખોટું લાગશે ?

પદ્મ—તમે કેમ આમ અવળું અવળું બોલોછો ? જો એ એમજ જાણેકે વડિલોની આજ્ઞા—પછી તે ગમે તેવા વિવેકી શબ્દોથી ખેંચી લેવી પરંતુ તે લીધા—વગર હું એમને મળવા આવીશું તો મારા વીષે એમના પવિત્ર અંતઃકરણમાં કેટલો હલકો વિચાર આવે ? એ પોતેજ મારા જ્ઞાનપર હસે ! મારી વિદ્યાને કલંક લાગે ! મારામાંથી આર્યત્વ નષ્ટ થયુંછે એમ એ ધારે. વારૂ, એમણે એમ કહાવ્યું છે કે 'રજાવગર પણ આવવું' ?

ગુમાન—(મનમાં) (આતો બધી બાજુથી બાંધે છે; હું બધા ઉત્તર આપતાં બંધાઇ જઇશતો પોકળ અહીંનું અહીં ફુટશે. કંઇક યુક્તિ કરી અહીંથી રજાજ લઇ લઉં ! પેલાઓની પાસે જઇ બીજી યુક્તિ લડાવું !)

પદ્મ—બાઇ તમે શો વિચાર કરોછો ? રજા વગર આવવું એવી એમની ઇચ્છા છે !

ગુમાન— હા;

પદ્મ—આશ્ચર્ય ! તમે એમનાં શું સગાં થાઓ ? !

ગુમાન—(મનમાં) (હવે આનો શો ઉત્તર ? ! હવે શો ઉપાય ! હા; હા. એમ કહું કે ભાનુશંકર મારાપર સ્નેહ રાખે છે ને મારી જોડે પુનર્લગ્ન કરવા ધારે છે, ઠીક સુઝયું; એથી એના પ્રેમમાં પણ ભંગાણ પડશે !)

ગુમાન—ભાનુશંકર મારાપર--

(છોટાલાલ એકદમ પ્રવેશ કરે છે.)

છોટાલાલ—દુષ્ટા ! આ પવિત્ર સ્થળમાં તારો પગ ક્યાંથી ! રંડા ! પાપિણી ! તારે અહીં આવવાનું શું પ્રયોજન ! બોલ, એકદમ !

પદ્મ—ભાઇ છોટાલાલ, તું ક્યાંથી ! આને ઓળખે છે ! આ કોણ છે !

છોટાલાલ—આને તમે નથી ઓળખતાં ?! આ સૃષ્ટિમાંનું અધમમાં અધમ પ્રાણી ! આ દુનિયામાં થતાં અનેક કાળાં કર્મો જો એકજ પ્રાણીમાં જોવાં હોયતો આમાં છે ! આ સ્ત્રી ખુની, જાર કર્મ કરનાર. ને બીજાને ફસાવનાર હાલજ આ શહેરમાં આવી છે ! આનું મુખદર્શન એજ એક મહાપાપ છે. બ્હેન, એનો આ ઘરમાં પ્રવેશ શી રીતે થયો ?!

(શોરબકોર સાંભળી સુમતિગવરી આવે છે.)

સુમતીગવરી—શું છે ? શું છે ? ભાઇ છોટાલાલ તું આટલા માટે હમણાં દિવાનખાનામાંથી દોડતો આવ્યો ?! ને આ કોણ છે ? !

છોટાલાલ—આ, આ અધમ કૃત્ય કરનાર ચાંડાલણી છે ! એ અહીં શી રીતે આવી એજ મારે જાણવું છે.

સુમતીગવરી—બ્હેન, પદ્મકુમારી ! તેં કેમ એને

બોલાવી છે ? છોટાલાલ, એ કોણ છે એતો કહે !

પદ્મ—કાકી ! મેં એને નથી બોલાવી તમે ત્યાંથી શીરીતે આવવાદીધી ?!

સુમતિ—મને એણીએ કહ્યું કે પદ્મકુમારીએ મને બો- લાવી છે. દુરથી આવેલી હું એની સખીછું" ત્યારે મેં કહ્યું કે પદ્મકુમારી અંદર છે.

છોટાલાલ—તમે એને પકડી રહો, હું સિપાઇને બો- લાવી લાવું—

સુમતિ—ના; ના. જવાદે. એતો આ સમાનાં ચોર, લુગડું લત્તું લઇ જવા-અથવા કંઇ પટાવી લેવા ઘણાંએ આવે છે; આપણું કંઇ નુકશાન નથી થયું માટે જવાદે.

છોટાલાલ—ભલે ત્યારે, [ગુમાનને] જા દુષ્ટા ફરીથી આવીશ તો પકડાવી તારી કમબખ્તી કરાવીશ—

સુમતિ—તથા—પદ્મ—બાઇ એ કોણ છે ?

છોટાલાલ—અદ્યાપિ સુધી એનાં ચરિત્રથી હું અ- જાણ હતો. બેત્રણ દીવસપર એક વીધવાએ પેલા ગરનાળા માં મુવેલું બાળક નાંખી દીધું હતું, ત્યારે એક જણે એ વાતભેગી આની વાત ઉપાડી-તમે બન્ને બ્હેન અને માતુશ્રી સમાન છો-તમારી આગળ વધારેશું કહું ? એ વિધવા છે; પણ રમણલાલ-નહિ પેલો જીવરામને એ બે દોસ્તદારછે એ- ની જોડે ઘરબાંધી રહેલી છે-બીજાં અનેક કાળાં કૃત્યો એ કરેછે. જીવરામના ઘરમાં એક નવો રહેલો નોકર છે તે રાત દહાડો જુએ એટલે આવાત તેણે કેટલાકને કહી છે- શહેરમાં ઘણાલોક જાણતા નથી પણ હવે વધારે છાનું નહીં રહે--હું અહીંથી થોડે છેટે મોતીલાલ શરાફની દુકાન છે, ત્યાં

નોકરી રહ્યોછું, ત્યાં આવીને મનેજ એણીએ જરા ધીમેથી પૂછ્યું કે પેલા અબોધશંકર કયાં રહે છે ? મેં જાણી જોઇને ખાતરી કરવા પૂછ્યું કે અબોધશંકર કયા ? તેણીએ કહ્યું કે ! પેલી પદ્મકુમારી કરીને ભત્રિજી છે એ મેં મુરખાએ જાણ્યાવિના ઘર બતાવ્યું ! પછીથી પેલો માણસ જેણે વાત કરી હતી તેણેજ મને કહ્યું કે પેલી ગુમાનતે આ !” હું જાઉં. જાઉં, કરતો હતો એટલામાં મોતીલાલશેઠ દુકાને આવ્યા ને મને બેંકમાં જવાનું કહ્યું, ત્યાં જતાં રસ્તામાંથી હું અહીં આવ્યો. હવે મારે બેંકમાં જવું છે તે જાઉછું. બ્હેન ! હું નિવૃત્તિએ બનશે તો આવીશ. બા ! સાચવજો આવાં દુષ્ટ માણસોનો પગપેસારો શાસારૂ હોયએ ન જણાય ! હું જાઉછું,

પદ્મ—ભાઇ; આવજો.

સુમતિ—ભાઈ આવજે–છોટાલાલ જેવા આ દુનિયા પર થોડાજ થાય છે-

(છોટાલાલ જાય છે.)

સુમતિ—બ્હેન, આશો બનાવ બન્યો ? તું શું કરતી હતી ?

પદ્મ—અરે, કાકી ! પણ મારે ક્હેવું છે તેનો બધું સાંભળો ! એણીએ આવીને મનેતો કંઇનું કંઇ કહ્યું.

સુમતિ—શું ?

પદ્મ—મને એમ કંઇક કહ્યું કે તમને—તમારે— (મનમાં) (શું કહું ?)—મોતીબાગ આગળ જવાનું છે— તમને ત્યાં બોલાવ્યાં છે—

સુમતિ--હેં ! હું કંઇ સમજી નહિ, બહેન.

પદ્મ—કાકી ! બધું સ્પષ્ટ—એ માણસનું નામ સુદ્ધાં હું શી રીતે કહું ?

સુમતિ—હું સમજી બ્હેન; જોઇ રાંડ ધુતારી! એના મનમાં શું હશે, એ કેમ જાણી શકાય ? જોને, કેવો પ્રપંચ રચી, આવી છે ? તારે સાવધ રહેવું; બ્હેન ! તને શું કહેવું પડશે ?

(જાયછે.)

પદ્મ—(મનમાં) અહો ! વળી આ દુષ્ટા કોણ હશે ? એમનું પવિત્રનામ બોલી એટલેજ મેં એની જોડે આગળ વાત પણ કરી. હશે; મારી ચિતવૃતી જરાપણ ક્લેશમાં રાખવાનું મ્હારાથી ન બને માટે કંઇક ઉદ્યમમાં રહેવું. પણ શો ઉદ્યમ કરૂં ? હાં; હાં. એમનેજ એક લાંબો પત્ર ઘડી ક્‌હાડું—ને પાછો એવોને એવો લાંબો જવાબ મંગાવું—એમ કરવાનું એમણેજ દેવાલયમાં કહેલું છે. ચાલ, આજ રાત્રે ઘડી ક્‌હાડી કાલનો દીવસજ એમાં ગાળું. કાકી જોડે ગમે તેમ કરી એ સમાગમ કરે, કાકાને સમજાવે, વખતનો નિરર્થક વ્યય ન કરે એમ સુચવું ! પણ કદાચ એમના મનમાં એમ વિચાર આવશે કે "મને એ શીખામણ દેનાર ?" ના, ના. એમ નહિ આવે ને આવશેતો છો આવતું! બોલવામાં મુંગી થઇ જાઉછું, પણ લખવામાંતો શૂરી થઇશ !!

પ્રવેશ ત્રીજો.

જીવરામ—રમણલાલ—ગુમાન.

[જીવરામને રમણલાલ પત્તાં રમે છે]

જીવરામ—બસ, હવેતો આ રમત રહેવા દે ! મારૂં ચિત્ત ઠરતું નથી !

રમણ૦—એક વખત રમીને પછી બસ.

જીવ૦—ના, ના. ગુમાન હજુ કેમ ન આવી ?

રમણ—એ ગાફલ નથી; કંઈ યુક્તિ કરતાં વારજ લાગેલી. લે, આ આવે !

[ગુમાન પ્રવેશ કરે છે]

જીવ—કેમ ગુમાન ! નક્કી !

ગુમાન—હું ફસાતાં સ્હેજજ બચીછું. હજુ સુધી હું એમ ધારતી હતી કે શહેરમાં કોઇ મને ઓળખતું નથી. પણ બધે મારીજ વાત થાય છે. રમણલાલ ! હવે અહીં રહેવાનો ધર્મ નથી—હોં ! જો જો;

જીવ—ત્યારે પદ્મકુમારી વીષે કશું ના બન્યું ?

ગુમાન—બનશે તો ખરૂં; લગાર તમારે ચાલાકી વાપરવી પડશે. પણ આજને આજ નહીં બને. પૂર્ણીમાને દીવસ એ કેટલીક સખીઓ સાથે એના 'શાંતિભવન' બાગ આગળ જશે. તે વખતે તમારે હવે ગાડી તૈયાર રાખી એવી યુક્તિથી એને લઈ લેવી કે કોઇ જાણે નહિ.

રમણ—જોયું ? ગુમાન થોડી ચાલાક છે ?!

જીવ—ગુમાન ! પણ એ બધી ગોઠવણ પારપડશે?

ગુમાન—હા; પડશે. પણ મને બહુ ધાસ્તી છે. છોટાલાલ નામનો એક એમનો પ્હેલાંનો ગુમાસ્તો બહુ પાવરધો છે. એને આખા શહેરમાં શું બને છે તે ખબર હોય છે. નોકરી છોડી દીધા છતાં એમને ઘેર આવે જાય છે. એ જરાપણ જાણી જશે તો આપણું કરેલું બધું રદ જશે ને પકડાઇશું.

જીવ—હા, એ લુચ્ચો છોટાલાલ ! હું ઓળખું છું એને! મને મળેતો શીક્ષા કરૂં! એણેજ બધું ભાંગી પડાવ્યું છે!

ગુમાન—મને પણ એનીજ બીક લાગે છે. ને કદાચ ફાવીશુંતો છેક પોકળપુર પ્હોંચીશું ત્યાંસુધી મને એની

બીક રહેશે.

રમણ—વારૂ, ગુમાન ! ત્યાં પ્હોંચ્યા પછી તું મને શી રીતે મળીશ ?

ગુમાન—તમે કેમ ડરોછો ? હું જાત્રાએથી આવી એમ ઠરશે. હું ત્યાં સ્વતંત્રછું, બેફીકર રહો ! વળી જીવરામ પણ ત્યાં ઘર લઇને આપણા નવા કેદીને ગાંધી રાખશે. ત્યાં એને રીઝવી એનું મન મનાવશે; ત્યાં તમે રહેજો. ને હુ "એક પરદેશી—યાત્રામાં ભેગી થયેલી સખી અહીં આવી છે તેને મળવા જાઉછું" કરીને તમારે ત્યાં આવતી રહીશ—કેમ, કેવી યુક્તિ ?

રમણ—શાબાશ ! શાબાશ !

જીવરામ—વારૂ ત્યારે, કંઇ સારૂં ગાયન સંભળાવ જોઇએ—

ગુમાન—(ગાય છે)

પંખીડા ! પ્રીતમ પાસ જા ઉડી પ્યારા !

પંખીડા—પંખીડા—પંખીડા—પંખીડા—

પંખીડા—પ્રીતમ પાસ—

સમિર લહિર મહિં ઉડજેરે—પ્હોંચી જા પ્રીતમ પાસ—

રેહાં સમિર—

પ્રેમસદે—શો કહેજે, "ન કરો પિયુજી—નિરાશ"—

પંખીડા (૪)

પંખીડા ! પ્રીતમ પાસ જા ઉડી પ્યારા !

જીવરામ—શાબાશ ! વારૂ, ગુમાન, ગાડી વગેરે રમણને માથે નાખીશું. પણ ભવનમાંથી પદ્મકુમારીને બહાર લાવવાનું તારે માથે છે હોં !

ગુમાન—તમે જુઓતો ખરા—હું પુરૂષ વેશે ત્યાં

જઈશ. 'ભાનુશંકરના હાથનો લખેલો છે' એવું કહીને એક કાગળ આપીશ. એ બહાર આવે કે ઉપાડીને માંહિ નાંખવી. બેંધાંએ બેસી જવું, ને ઘોડાને પૂરપાટ દોડાવવા; આગળ જઈને શું કરવું તેનો વિચાર કરવાનો વખત મળશે.

પ્રવેશ ચોથો.

પદ્મકુમારિ અને સખિઓ—
સ્થળ શાંતિભવન.
ગરબો.

વ્હાલાં સ્નેહીની વાત—વિરહી ! વસંતમાં વિચારિયેરે—
જાયેના દીન રાત—વિરહી વસંતમાં વિચારિયેરે—
જન્મે—વિરહી વસંતમાં વિચારિયેરે—
ગુલાબ મનહર મોગરો, માલતીને મુ:સકંદ,
વળગ્યાં તરૂએ સ્નેહથી વિવિધ વેલીના વૃંદ;
આશો સમિરનો સુસવાટ—કેસુડાંથી શોભે વનવાટ!
ખીલ્યાં પુષ્પો પસારે પરાગ, પૂજે મદન ભૂપતિને બાગ!
વહે ધીમે સરીતાનાં નીર, જોતી જાય મદન રણધીર ?
પ્હેર્યું વને વસંત શુભ ચીર ! બાળાઓ શી જોઈ બની સ્થીર ! ! !
વિરહ અસુર લુટી ગયો, સ્વામીરૂપી શુભ ઢાલ
તીવ્ર કુસુમશર વાગતાં, થયા હાલ બે હાલ;
એસે વિવિધ મદન રંગ—મચ્યો કુસુમશરથી જંગ—
થઇ લલનાઓ દંગ—શોધે સ્વામીનો પ્રસંગ—
ધરી, મળતાં, ઉમંગ, યુવતિ રમે પતિ ઉત્સંગમાંરે;
શીતળ કહીયે ચાંદની—દાહ શમાવનહાર,
અનિલ જવાળ સમ વિરહમાં વિણુ હૈયાના હાર !

લૂટાયે કીડાની લંક—સાથે રક્ષાના અંક—લખજે વિધીનિઃશંક
શું આ પુષ્પનો પર્યંક!! ખેલે મદનભૂપ બાળિયેરે—દિલ બાળિયેરે
આંસુ ઢાળિયેરે, બેસી બારિયેરે—વ્હાલાં સ્નેહીની વાત—

માલતી—સખી ! આ ગરબાથી કંઇ જાણે તારી શાન્તિમાંતો ફેરફાર થયોજ ન હોય એમ જણાયછે. તારા જેવીને હું શું શીખામણ આપું ? નાસીપાસ થયેલા કાકાને કાકીની સંમતિ પ્રમાણેજ હવે કરવું પડશે; એટલે હવે તારી ઇચ્છાનુસાર થવાને ટુંક સમયજ છે.

વિજયા—પણ હવે થાકયાના ગાઉ કેટલા લાંબા હોય એતું કયાં જાણેછે ? સ્નેહવ્યથાનું શાન્તન જો સખિઓથી થતું હત, તો પરણવાની શી જરૂર રહેત ? સુસ્વર ગીત, ચંદ્રશાળાની ચાંદની, ઇત્યાદિ પદાર્થો શાંતિ પ્રેરક નથી પણ સાક્ષાત્ મદન દૂત છે ! અનિલ જ્વાળામાં ઘૃતધાર રેડીને પૂછેછે કે બોલાતું કેમ નથી ? કેવી મૂરખાઇ ! પદ્મકુમારી! હું અસત્ય બોલતી હોઉંતો કહે !

પદ્મ—સત્ય ખરૂં પણ તીવ્ર એટલે ભાવે ? મને ખીજવીને તું આનંદ માને છે; તારાં વાકયોમાંથી તીવ્રભાગ કહાડી નાંખી—હંસ દુધ જુદું કરી પીએ તેમ—ફકત સત્ય લઇ લેવાનું માથાફોડિયું કામ મારે માથે પડે છે !

વિજયા—સખી ! હું આટલું બધું બોલુંછું, તેમાં એક વાક્ય પણ—એક શબ્દ—એક અક્ષર પણ તારે મર્મસ્થળે વાગતો હોય; તને આનંદ આપવા સિવાયના બીજા કોઈ પ્રયોજને હું બોલુંછું એમ લાગતું હોય, તોમને ક્ષમા કરજે;

હું સેંકડોવાર, સહસ્રવાર ક્ષમા માગુંછું. મારો અપરાધ-

પદ્મ—(વિજયાને બાઝી પડેછે) તારો અપરાધ?

ભાસ્કર—બ્હેન! તારાં વાકયોએ મને અહર્નીશ આનંદજ આપ્યો છે. વિવેકને આધિન થઇ, હું તને ઠપકો દેવા જાઉં, પરંતુ તેજ સમયે મારૂં અંતઃકરણ મનેજ ઠપકો દેતું હોય છે. આ સમયે મારા ક્હેવાનો ભાવાર્થ તને ઠપકો આપવાનો નહોતો, પણ સ્હેજ નિર્દોષ વિનોદ ખાતરજ. મારી ભગિનીઓ! મારી બાલ્યાવસ્થાની આનંદ સરિતા! તમારા સહવાસે મને માતપિતા વિસારી મૂક્યાં છે! (આંસુ આવી જાયછે) ઇશ્વરેચ્છા! હું એમનું સ્મરણ કરી ઉભયનાં અંતઃકરણ દુઃખી કરવા માગતી નથી; પરંતુ આનૂતન વ્યથાની મને કંઇ ખબર નહોતી. હું, આ પીડા માટે તૈયાર નહોતી! અન્ન શું છે, સ્વાદ શું છે, ભૂખ શું છે, એ હું હવે સમજતી નથી—ભૂલીજ ગઇછું. નિદ્રાનો ત્યાગ કર્યો છે. શરીર કાષ્ટવત્ થઇ ગયું છે; પરંતુ આ મહા કષ્ટમાં તમારો સમાગમ ન હોયતો હું જીવતીજ હોઉં? પણ અરે વિજયા! પેલો પુરૂષ આ સમે કોણ આવે છે?

(ગુમાન પુરૂષ વેષે પ્રવેશ કરેછે)

વિજયા—ભાઇ! કોણછો તમે?

ગુમાન—(બહુ ધીમેથી) હું આમ જતો હતો એટલામાં ભાનુશંકરે આટલો પત્ર અહીં આપીને પછી જવાનો મને આગ્રહ કર્યો.

પદ્મ—ભાઇ, એ કયાં છે?

ગુમાન—પેલા ઉભા—અહીંથી બહુ છેટે નથી. આ ભવનના કોટથી સો પગલાં છેટે પણ નહિ હોય—તમે અહીંથી બહાર નીકળશો એટલે એમને જોઇ શકશો. એમને

માથે કંઇ આફ્ત આવી છે, એ બીજે તમારી કંઇ સલા-હ લેવી છે. બીજુ કંઇ કામ નથી જણાતું—પછીતો કો-ણ જાણે.

પદ્મ—વિજયા, લાવ જોઉં પત્ર—

વિજયા—તારી રજા વગર, પત્રતો મારાથી વંચાઇજ ગયો-અક્ષર બહુ મોટા છે ને આખું એક વાક્ય છે, બહુ ઉતાવળથી લખ્યો જણાય છે. જો—

"**પદ્મકુમારી**—"મને મળશો તો— બે મીનિટનુંજ "કામ છે-કાંઇ સલાહ પૂછવાની છે-લી. તમારો,

ભાનુશંકર ,,

માલતી -સખી! આટલી અસભ્ય રીતે કેમ લખ્યો જણાય છે? તને કદી પ્હેલાં એમણે પત્ર લખ્યો હતો ?

પદ્મ—ના; આ પ્રથમજ. ઘણી ઉતાવળ હોય તો પણ આમ ના લખે! આ ઉપરથી એમ જણાય છે કે મનની સ્થીતિ છેક દુ:ખી હશે- પણ દુ:ખી સ્થીતિમાં આમ શૈલી ભૂલી જાય ?

વિજયા—પણ આવા વિદ્વાનના અક્ષર કેમ આમ કંઢગા છે ?

ગુમાન—એતો અંગરેજી ભણેલાના ગુજરાતિ અક્ષર તો એવાજ આવે! હું તો જાઉંછું-એમને શું કહું ?

પદ્મ—વિજયા! માલતી! તમે કહો તેમ કરૂં-

વિજયા—સખી ગભરાઇશ નહિ. ત્યાં જઇ એમને આગ્રહ કરી અહીં બોલાવ- પછી એમના મનનું સમાધાન કર. નિર્દોષ અંત:કરણનાં ભવિષ્યનાં દંપતિ થનાર સ્ત્રી પુરૂષ! તમારા મનમાંનો ગભરાટ, નિર્દોષ રહી, વિવેકી રહી, આશાપદ્વારા કહાડવામાં હું હરકત જોતી નથી-લે, અમે

બધાં ઘોડે છેટે પેલા હોજ પાસે શાંતિથી બેસીએ છીએ-
જા; સખી વ્હેલી પાછી ફર-

પદ્મ—હા. ઠીક, ત્યારે હું એમને અહીંજ બોલાવી લાવું.

(ગુમાન સાથે જાય છે.)

ગુમાન—(ભુવનમાંથી બહાર નીકળીને) જુઓ ! બાઇ, પેલી સામે ચંદ્રના પ્રકાશને લીધે, ગાડી જોઇ શકોછો ?

પદ્મ—હા; બાઇ. એ ગાડી એમની છે ? પણ એ ક્યારે ગાડી રાખે છે ? !

ગુમાન—તેતો કોણ જાણે ત્યારે ! કદાચ્ ભાડાની લાવ્યા હોય. તમે ત્યાં જઇને એ બધું પૂછો—હું તો મારે ચીડીની—અરે? (જીભ દાબે છે)—ચીઠીનો ચાકર ! !

પદ્મ—જોડે બીજો પુરૂષ પણ કોઇ દેખાયછે, એ કોણ છે?

ગુમાન—અરે, તમારૂં ભલું થાય ! મને બધું શું પૂછોછો ? જાતેજ જઇને અનુભવ કરોને !

(બન્ને ગાડી પાસે પ્હોચે છે)

પદ્મ—હાય ! હાય ! આતો ન્હોય એ ! !આતો પેલો દુષ્ટ છે ! વિજયા ! વિજયા ! માલતી !

રમણ—જીવરામ ! મૂઢ જેવો શું બની જાય છે ! બેસી જા ગાડીમાં—ગુમાન નાંખ એને ન માનેતો ઉંચી કરીને ગાડીમાં ! ચાલ ! હું બેસુંછું હાંકવા !

પદ્મ—હાય હાય ! ઓ માલતી ! ઓ વિજયા ! કોઇ બચાવો ! આ કપટ છે ! હું દુષ્ટોના હાથમાં સપડાઇ છું ! નિરૂપાય ! ઇશ્વર !!

(માલતીની સાથે કેટલીક સખિઓ બુમ સાંભળતાં પછવાડે દોડેછે. ગુમાન પદ્મકુમારીને ઉચકી ગાડીમાં બેસારે છે; ને પૂરપાટ ગાડી દોડાવી મૂકે છે.)

પ્રવેશ પાંચમો.

સ્થળ અબોધશંકરનું શયન ગૃહ.

અબોધશંકર, સુમતિગવરી.

અબોધશંકર—(મનમાં) ઓહો ! લાખ રૂપિઆ હાથમાંથી ગયા ! કોરટનો હુકમ મારાપર આવ્યો છે, એ વાત બધું ગામ હવે જાણે છે ! સ્વાર્થી જીવરામ હવેતો અહીં આવતોજ નથી, એટલુંજ નહીં, પણ રસ્તામાં-સામો મળેતો આડો થઇને ચાલ્યો જાય છે ! એને શું ? એને ક્યાં સ્ત્રી પરણવી હતી ? ફક્ત રૂપિઆનું કામ હતું !

સુમતિ—પ્રાણનાથ ! પ્રાતઃકાળમાં સ્નાનસંધ્યા વેળાસર આટપાયને રોજની પેઠે મોડું ન થઇ જાયતો સારૂં એવો મારો વિચાર હોવાથી, મેં આપને માટે તૈયારી કરાવી રાખી છે.

અબોધ—બળી સ્નાન સંધ્યા ! ! ! મને તું શામાટે સતાવે છે ? !

સુમતિ—ક્ષમા કરજો; પ્રાણનાથ. " આપ નિત્ય કર્મમાંથી પરવારો તો હું આપની પૂજા કરૂં, અને પછી મારા કાર્યમાં પ્રવૃત થાઉં " એ સ્વાર્થવૃત્તિએજ મને બોલાવી. માફ કરો, પણ આ ક્રોધ આંખમાંથી કુહાડી નાખો. મારાથી નથી સહન થતો; હું પગે પડુંછું. મારાપર આટલો ક્રોધ આપે કદી કર્યો હોય એ સાંભરતું નથી.

અબોધ—ના; ના—હું ક્યાં એટલો બધો ક્રોધ ક-કરૂંછું ? તું ગભરાય છે શું કરવા ? હુંતો એમ કહેવા જતો હતો કે હવે આપણી બધી યુક્તિઓ પાર ના પડી. રૂપિ-

આના રૂપિઆ ગયા, ને બેઆબરૂ થયા. 'દુધપણુના રહ્યું ને દહીંપણુ ન થયું' છોકરીનો શત્રુ થયો, ને સ્વાર્થે ના સર્યો !

સુમતિ—પ્રાણુનાથ ! જો આપના ક્રોધની ભીતિ ન હોયતો ખુલ્લી રીતે વાત કરૂં-પણુ મને બહુ બીક લાગેછે કે આપ ચીડાઇ જશો.

અબોધ—નહિ ચીડાઉં; બોલ-આ વાતથી હું એટલો બધો મુઝાઉંછું કે ઉંઘ ભૂલી ગયોછું. મને ખાવું પીવું સુઝતું નથી; તેથી તું જે કહીશ તે સાંભળીશ. તું મારા ક્રોધથી આટલી બધી શામાટે ડરેછે ?

સુમતિ--પ્રાણુનાથ-સ્ત્રીપર પતિનો ક્રોધ થાય, એ મરણુથી પણુ અધિક લાગે છે-બધું સુખ જાણે નાશ પામ્યું હોય એમ લાગેછે-ઘર બધું સ્મશાનવત્ લાગે છે. માટે મારાજેવી મૂર્ખ સ્ત્રીઓએ પતિનો સ્વભાવ જોઇનેજ કોઇ અયોગ્ય વચન બોલવાં જોઇએ.

અબોધ—પણુ તેમાં સ્ત્રીને શું, તે એટલું બધુ લાગી આવે !

સુમતિ—કેમ શું ? ઇશ્વરેચ્છા એવી હોય કે કશું સંતાન હોય નહિ. ઘરમાં બીજું માણુસ ન મળે. ક્રોધે ભરાયલા પતિના સામે જોવાથી ડર લાગે. સ્ત્રીજાતિ ! અબળા ! આવે વખતે કેટલું ગભરાય ? કેટલીક અભણુને મૂર્ખ હોય, તેને પતિ વીષે કેટલા બધા ખોટા વિચાર ઘડીકમાં આવે !

અબોધ—એમ કે ?!

સુમતિ—હા જી; ને કોઇ ઉત્તમ કુળની-સારા માતપિતાની પુત્રી હોય-તેપણુ ઘડીતો ગભરાય-એકાંતે રડે,

જણાવા ન દે-વખત વિચારી બોલે-અપમાન ન ગણે, ચેતી જાય. પણ આમ શૂળીપર જાણે રહેવાનું તેથી સ્નેહમાં ખામી ન આવે? આપજ બોલો.

અબોધ—હા; આવે. ત્યારે મારો ક્રોધ તદન નાશ પામે એનો ઉપાય બતાવ.

સુમતિ—હું રંક દાસી આપને શું બતાવું? ! આપ સમર્થ છો. શીવના ભાવિક ભક્ત છો એટલે એમનો અંશ આવે; પણ ધીમેધીમે કહાડી નાંખવો જોઇએ.

અબોધ—હાં; હાં. સમજ્યો. શીવમાં એટલો બધો ક્રોધ હતો એમ કહેવાય છે, તો પછી આપણે શું ? એનો મ્હોટા દેવ હતા, ને આપણે તો પામર મનુષ્ય છીએ તો થોડો ક્રોધ હોય એ કંઇ દૂષણ છે ?

સુમતિ—[મનમાં] (આતો અવળો અર્થ લે છે) હાજી, આપનું કહેવું સત્ય છે; પણ શાસ્ત્રમાં નથી કહ્યું, કે ક્રોધ નો જરા અંશ પણ આયુષ્ય ઓછું કરે છે ? શીવતો અલ્પક્રોધી હતા, ને તેપણ કંઇ દુષ્ટાચરણ સમયે, દુષ્ટ માણસને શ્રાપ આપવા સમયેજ એમને ક્રોધ પ્રકટતો; બાકી પાર્વતીપર એમણે ક્રોધ કર્યો હોય, એવું કદી સાંભળ્યુ છે ? કામને બાળી નાંખ્યો એટલે કવિયોએ ક્રોધી ઠસાવ્યા ! રાક્ષસોનાં દુરાચરણ સહન ન થયાં એટલે ક્રોધ કરવો અવશ્યક હતો તે કર્યો એટલે શીવ ક્રોધી ? ! પાર્વતીને પ્રસન્ન રાખવા તો કેટલી યુક્તિઓ કરતા ! હાસ્યથીજ વાત કરતા ! પાર્વતીનોજ ક્રોધ સહન કરતા ! ! ક્રોધી હોય તે ક્રોધ સહન કરી શકે ?—

અબોધ—પણ એમની વચ્ચે કદીઅણબનાવ થયો નથીજ ?

સુમતિ—આપનો પ્રશ્ન ઉત્તમ છે. શીવપાર્વતી વચ્ચે પ્રેમકલહના પુષ્કળ પ્રસંગો આવ્યા હશે; પણ તે બધા—પાર્વતી સ્ત્રી જાતિ—અબળા—એટલે એમના સ્વભાવને લીધેજ—શીવનો સ્વભાવ ન ઓળખે ત્યાં સુધી પાર્વતી ગરબડ કર્યાજ કરે! વળી પ્રેમકલહથી કોપાયમાન થયેલું પત્નીનું મુખ જોવાની કેટલાક પતિઓને અભિલાષા હોય છે; તેવી ઇચ્છાથી શીવ યુક્તિ પ્રયુક્તિથી કંઇક બનાવ બનાવી આખરે પાર્વતીનુંજ હાસ્ય ઉત્પન્ન કરાવે! બાકી પાર્વતીને જો કોઇ વાત ગમતી હોય ને શંકરને ન ગમે તો પોતે સમજી જતા—અરે, પોતાને અપમાન જેવું થાય તે પણ સહન કરી લઇ પાર્વતીનું મન મનવતા—

અબોધ—એતો તું ખોટું બોલતી હઇશ—

સુમતિ—પૂરે પૂરૂં સાંભળોતો ખરા! પાર્વતીને પિતાને ઘેર જવું હતું. આમંત્રણ આવ્યું નહતું જાણીનેજ એમ પાર્વતીના પિતા એ શીવનું અપમાન કર્યું હતું. છતાં પાર્વતીને જવાની ઇચ્છા થઇ. શીવે ના કહી, પાર્વતીએ હઠ પકડી-તે પછી રજા ન્હોતી આપી?

અબોધ—હા; હા; હા; ખરીવાત-ખરીવાત—કથામાં એમ આવ્યું હતું ખરૂં-ખરીવાત-ત્યારે, જા. આજથી હું કદી તારા ઉપર ક્રોધ નહિ કરૂં-

સુમતિ—નક્કી!

અબોધ—અરે વળી એમાં શક હોય?! નક્કી! આજથી ક્રોધનો સદાને માટે ત્યાગ! ક્રોધને સદાને માટે છેલ્લા પ્રણામ! સ્ત્રી! તેં મને આ ક્રોધ તજાવ્યો હોં! શાબાશ છે તને! તારા જેવી સ્ત્રીઓ હોય તે પતિને સુધારે ખરી.

સુમતિ—પણ પાછો કદી ક્રોધ આવ્યો તો?

અબોધ—તો પાછો તું મને સુધારજે !

સુમતિ—(હસીને)ત્યારે તજ્યો ન તજ્યો એમાં ફેર શું?

અબોધ—ત્યારે તું કહે એમ કરૂં.

સુમતિ—જુઓ, 'યોગ વશિષ્ઠ' નાં ચાર પાનાં વાંચ્યા પછી તમારે સુવું. કોઇપણ અયોગ્ય વિચાર ઉપજ્જ થાય તો તેની જોડેજ શુદ્ધ વિચાર ઉત્પન્ન કરી, મનને શુદ્ધને શુદ્ધ રાખતાં શીખવું: કેમ, આમ કરશો?

અબોધ—જરૂર.

સુમતિ—ત્યારે, હવે આ યોગ્ય વખત છે. માટે કહેવાદો કે આપે હમણાં કહ્યું કે "બળી સ્નાન સંધ્યા" એ શબ્દો ફરીથી ન બોલાય તેની સંભાળ રાખજો. દરેક બ્રાહ્મણે પ્રાતઃકાળમાં ઉઠીને દાતણને ત્યાગ કર્યા પછી સ્નાન આરંભવું. "મળ ત્યાગ સવારના પાંચ વાગે થાય એજ ભાગ્યશાળી—એજ આ સૃષ્ટિમાં વધારે વર્ષ જીવવાનો" એમ વૈદકશાસ્ત્ર કહે છે. માટે તેમ કરવા દરેકે—આ કામમાં તો બ્રાહ્મણે ને બીજાએ પણ, સાવચેતી રાખી, ટેવ પાડવી જોઇએ—જુઓ, તમેતો ચહા પીઓ ત્યારે જંગલ જવાની વૃત્તિ થાય છે! એ અંગ્રેજોની પદ્ધતિ! સવારમાં ઉઠીને ઉનું ઉનું—ઉકળતું પાણી માંહિ રેડવું—બધા અવયવોને ખોટી—કૃત્રિમ રીતે જગાડવા—આતરડાંને ઉશ્કેરી દસ્ત બેળેબેળે કરાવવો એથી કેટલું નુકશાન છે?!

અબોધ—પણ એટલુંતો હુંએ જાણુંછું—ગઇ સભામાં ડાકતરે ભાષણ કર્યું ત્યારે બધો મંડપ ગાજી ઉઠયો હતો. એમણે કહ્યું હતું કે "અરે આર્યો ! આ ઓગણીસમી સદી ચાલે છે! તમે નકલ કરી ભવિષ્યની પ્રજાપર શો જુલમ કરોછો ? અંગ્રેજોના દુર્ગુણોનું પણ અનુકરણ કર-

માથી તમારી શી સ્થીતિ થશે તેતો વિચારો ! દુર્ગુણો ઝટ લઈ લોછો, ને એમના સદ્‌ગુણોનો ભાવ પણ તમે પૂછતા નથી. અંગ્રેજ લોકો ચહા સાથે કેટલોક ખોરાક લેછે! એમનો આહાર વિચિત્ર છે! એમના ખાવા આગળ આપણા 'લાડુ બટ્ટો' હિસાબમાં નથી. એક 'લાડુ બટ્ટ' આખો દિવસ ખાય એટલુંજ એક સાધારણ અંગ્રેજ નાસ્તો કરી જાય છે! એવા લોકો ભલે ચહા પીએ! પણ તમે! સાત્વીક પદાર્થોનું સેવન કરનારા આર્યો! તંબાખુ, ભાંગ, અફીણ, ને ગાંજા કરતાં પણ આ માદક પદાર્થ છે—માટે એનાથી દૂર રહેજો! ચહા, તમારી ક્ષુધા નષ્ટ કરશે—એના ગુલામ તમને બનાવી દેશે—તમે પ્રાતઃકાળનાં કર્મોમાંથી નષ્ટ થશો—ક્ષુધા ગયા પછી તમે પાતળા થઈ જશો! ચહા બંધકોષ્ટ કરશે! મુત્ર વેગ વધારી 'કીડનીઝ' ને વીંખી નાંખી તમારા શરીરમાં—તમે નહિ જાણો તેમ—વ્યાધિ ઉત્પન્ન કરશે. માટે તમે ન ચાલ્યે, મહિનામાં એકાદ બે વખત લેશો તે પણ હાની તો કર્યા વિના નહિંજ રહે. અંગ્રેજો ગમે તે કરે! એતો રાક્ષસી માયા છે! પણ તમારામાં એ વ્યસન પેઠું હોયતો બંધ કરજો!"

સુમતિ—ત્યારે હવે પણ તમે એને નહિ છોડો!

અબોધ—પણ પછી મારા શરીરનું શું થાય? ડાકતરને મેં એ વિષે પૂછ્યું હતું, તેમણે કહ્યું કે ટેવ પડતાં પડતાં સવારમાં દસ્ત થવા માંડશે' પણ કેમ ટેવ પાડવી તે કંઈ ના કહ્યું!

સુમતિ—જુઓ, હું બતાવું—સવારમાં ઉઠીને પાંચ વાગે જંગલ જવું; ઇચ્છા હોય કે ન હોય, પણ જવું—

બરોબર આવે તેની સંભાળ રાખવી. એમ કરતાં કરતાં તમારૂં શરીર સવારમાંજ સ્વચ્છ થશે—પછી ટેવ જરૂર પડવાની. વારૂ, તેમ થયું, પછી સ્નાન કરવું. બ્રાહ્મણોનો સ્નાનવિધી બહુ નિંદા કરવા લાયક હોય છે. ન્હાવું એનો અર્થ "શરીર પલાળવું" એમ ન કરવો. ન્હાવું અટલે શરીરની બ્હારથી શુદ્ધી કરવી. માટે સારી રીતે નહાવું. તે પછી હું તમને જે પદાર્થો આગળ મૂકું તે વડે સંધ્યા કરવી. એમાં 'પ્રાણાયામ' પર ખાસ લક્ષ આપવું—ફક્ત નાકજ ન ઝાલવું. પણ પેલા વૃદ્ધ શાસ્ત્રીએ શીખવાડ્યું હતું તે તમે બે ચાર દીવસ કરી મૂકી દીધું. તે પાછું ચાલુ કરવું. 'પ્રાણાયામ' યથાવિધી થવાથી, શરીરની વાયુ વડે શુદ્ધી થાય છે. ભૂખ લાગે છે. એકાગ્રવૃત્તિ કરતાં આવડે છે. એકચિત્તે ઇશ્વરનું સ્મરણ થાય છે. શરીરમાં બળ અને તેજ વધે છે. પ્રાણાયામ સર્વ યોગ ક્રિયાનું પ્રથમ પગથીઉં છે. એનાથી અસલના મહર્ષીઓ શરીરના વ્યાધિઓ દૂર કરી લાંબુ આયુષ્ય ભોગવતા! મ્હોટાંકાર્યો કરવાનું બળ પ્રાપ્ત કરતા—

અબોધ—હેં! હેં! ફકત પ્રાણાયામથીજ આટલું થઇ શકે છે?

સુમતિ—ત્યારે!

અબોધ—ઠીક ત્યારે, હવે એ પણ નહિં ભૂલું. જો! આજથી, ક્રોધ ત્યાગ! ચહા ત્યાગ! ને નિત્ય કર્મ કરવું! પછી?!

સુમતિ—ઓહો! એટલું કર્યું હતતો તમે કોઇ ખોટું પગલું ન ભરત. તમારૂં ચિત્ત, હાલ શુદ્ધ છે, ને ક્રોધ ન કરવાનું તમે પણ લીધું છે તોજ હવે તમને કહુંછું કે ત-

મારા ક્રોધને, તમારી તૃષ્ણાંને તાબે થઇને પદ્મકુમારી જેવી પવિત્ર, સુશિક્ષિત, ને વિનયી છોકરીના લગ્નમાં તમે વિઘ્ન નાંખ્યું છે—

અબોધ—હા; હા. એ વિષે મને તું ખુલ્લી રીતે તારા વિચાર જણાવ; હું ગભરાઉંછું.

સુમતિ—તો સાંભળો! પ્રાણનાથ! આપણ એની ઇચ્છાવિરૂદ્ધ એને પરણાવીએ એ મહાપાતક છે. અરેરે! માબાપ વગરની બિચારી રંક બાળા! આપણે આશ્રયે પડી, આપણા પર વિશ્વાસ રાખી બેઠેલી, એનો ભવ આપણ બગાડિએ, તો નર્કના અધિકારી થઇએ! આપણે કયાં સોંબસેં વર્ષ જીવવું છે? એની પાસેથી ખુંચવી લીધેલા પૈસા વાપરવા માટે વર્ષ જોઇએ, એટલાં વર્ષ આપણ જીવી શકીશું?

અબોધ—એ વાત પણ ખરી—

સુમતિ—વળી, એ કયાં એમ કહે છે કે મને મારા રૂપિઆ આપો ને આપો. એની ઇચ્છાતો એવી છે કે ફક્ત એને માટે અયોગ્ય સ્થળના જુઓ! એક વખતે વાત કરતાં મારી આગળ બોલી ગઇ હતી કે "દ્રવ્યને ને મારે કયાં સંબંધ છે? માબાપથી વધારે સંભાળ રાખી મને ઉછેરી; પેટે સંતાન નહિ તેથી પોતાના સંતાન જેટલા સ્નેહથી મ્હોટી કરી, એનીજ કીંમત કરિયેતો આ દ્રવ્યથી વધારે છે! માટે ભલે મારા રૂપિઆ રહેવાદે! ભલે એ દ્રવ્ય વાળા કહેવાય ને હું નિર્ધન થાઉં! મારે તો મારૂં શ્રેય ઇચ્છી મને પરણાવે એટલુંજ જોઇએ છે.

અબોધ—ત્યારે તો છોકરી સમજુ લાગે છે હોં!

એને કુવામાં નાંખવા ઉભા થયા પણ એને તમારાપર જરા પણ અભાવ નથી થયો ! એના પુસ્તકાલયમાં મ્હોટે અક્ષરે લખેલું છે કે " કેળવણી પામીને વિનયી ન થવાયું તો અજ્ઞાનજ રહેવું સારૂં " માટે તમે ગમે એટલો જુલમ કરશો પણ એ એનો વિનય નહિ છોડે ! એની ઇચ્છાનુસાર લગ્ન કરવાથી આપણો ઉપકાર માનશે. વળી એકલપેટાપણું કરી દ્રવ્યનો ઉપભોગ પોતેજ કરશે એમ ન ધારવું. દ્રવ્યનું દ્રવ્ય મળશે, આવી પ્રવિત્ર, સુશીલા જોડે માબાપને સંતાનનું હેત ચાલતું આવ્યું છે તે રહેશે. સારે ઠેકાણે પડશે ને આપણને આશીષ આપશે. લોકમાં સારૂં કહેવાશે. મનેતો એના મ્હોડા સામું જોઇને, એની સાદાઇ, એની સુઘડતા, એના સદ્‌વિચાર, એની તીવ્ર વિચાર શક્તિ જોઇ બેહદ હર્ષ ઉપજે છે- તે બધા જોડે એનું સ્વર્ગીય સ્વરૂપ મને એના તરફ પૂજ્યભાવ ઉત્પન્ન કરે છે. એક દીવસ મેં બોળીએ આ બધું ભાગાં તૂટાં વાકયોમાં એની આગળ કહી દીધું, ને કહ્યું કે તારા સંપૂર્ણ સુખમાં એકજ દુઃખ છે તે એકે તારા કાકા વચમાં આવે છે. તેવારે બહુજ મૃદુ સ્વરે મને એણીએ કહ્યું કે " કાકી, મનુષ્યને એક પણ દુઃખ ન હોય એમ તમે કહો છો ? મારા સંચિતમાંથી બંધાયલું પ્રારબ્ધ—છાયાની પેઠે-મારી પછવાડે પછવાડે આવે એમાં આશ્ચર્ય પણ શું ને દુઃખે શું ! માતાપિતાએ સ્વર્ગવાસ કર્યો એજ પ્રથમતો દુઃખ ! એતો ઠીક છે કે તમે છો—નહિતો આ સૃષ્ટિ કારાગ્રહ જેવી થઇ પડે. ને મારા કાકાએ પણ અદ્યાપિ સુધી કયાં જુદાઇ રાખી છે ? પિતા કરતાં અધિક લાડથી મને ઉછેરી છે. કુસંગે એમનામાં તૃષ્ણા ઉત્પન્ન કરી છે-પરંતુ તે ચાર દહાડા માટેજ ! એમનું અ-

તઃકરણ સ્વચ્છ છે—ને આ કુસંગની અસર ધોવાઇ જતાં વાર નહિ લાગે—પછી તમે જોશો કે એ કેવા પસ્તાયછે! મારૂં કહ્યું નહિ ફાવેને મને કોઇ મૂર્ખ જોડે જોડી દેશે પણ એ કેટલા સુખી થશે? બકરીને કસાઇ વાડે બાંધી આવશે! ત્યાં રીબાશે! એનાપર ક્રુરતા વપરાશે! ઘુંદાશે! એ જોઇને એમનું વજ્રનું હૃદય છે તે નહિ પીગળે? ને નહિ દુઃખી થાય? પછી કંઇ ઉપાય ચાલશે?—

અબોધ—રહેવાદે! બસકર! મારાથી વધારે નથી સંભળાતું. સ્ત્રી! તેં મ્હારી દુષ્ટ વૃત્તિ દૂર કરી! તું જા! ઉઠ! એકદમ પદ્મકુમારીને અહીં બોલાવી લાવ! જા, એના પુસ્તકાલયમાં!

સુમતિ—એતો ભવનમાં ગઇ છે. એનું મન જરા શાંત થાય—કંઇ બીજા કાર્યમાં રોકાય એમ જાણીને મેં સખીઓ સાથે એને ત્યાં મોકલી છે.

અબોધ—તે ક્યારે આવશે? મારે એને જોવી છે! મારે એની માફી માગવી છે! લે, ચાલ; આપણ ત્યાં જઇશું? આવી પૂર્ણિમાની ચાંદનીમાં ભવનમાં ગયેજ મનેતો કેટલા બધા માસ થયા! સ્વાર્થમાંજ ગુંથાઇ રહી સુખ શું છે એતો હું સમજતોજ નથી! પણ હવે સ્વાર્થવૃત્તિ! તને પણ છેલ્લા પ્રણામ! શાબાશ સ્ત્રી! ધન્ય છે તને! મારી કેટલી કુટેવો તેં સુધારી! વારૂ, ચાલ, ગાડી જોડાવીશું?

(વિજયા એકદમ હાંફતી હાંફતી પ્રવેશ કરે છે.)

વિજયા—કાકી! જુલમ થયો! હાય! કષ્ટ જાળમાં ફસાયાં!!

સુમતિ૦—અને અબોધ૦—શું છે? શું છે? હાંફે છે કેમ?

વિજયા—જીવરામે ભાનુશંકરના હાથનો જુઠો પત્ર બનાવી, કોઇ નોકરને તે પત્ર ભવનમાં આપવા મોકલી તેની સાથે પદ્મકુમારીને ભવન પાસે બોલાવી લીધી. બે-મિનિટમાં પદ્મકુમારી પાછી ફરે છે એવું ધારીને અમે કોઇ જોડે ગયાં નહિ. જીવરામે જોડે માણસો કોઇક રાખ્યા છે, તેમની મદદથી બ્હેનને ગાડીમાં બેસાડી ગાડી દોડાવી દીધી !! બધાં પાછળ ગયાંતો છે. ગાડી પછવાડે દોડવું નિષ્ફળ જશે એમ ધારી હું તમને ચેતવવા આવી. હવે શું કરવું કાકી ! [રડીપડે છે].

અબોધ—હાય ! હાય ! દુષ્ટ અબોધશંકર ! તારી અધોગતિ થજો ! તું નર્કનો અધિકારી છે ! રંક બાળાને એની ઇચ્છાનુસાર ન કરતાં દુષ્ટ જોડે પરણાવી દઇ સ્વાર્થ સાધવા તૈયાર થયેલ મૂઢ ! તું ઉભયભ્રષ્ટ થયો ! પાછળમલિના બ્રાહ્મણ ! તારી અક્કલ ગુમ થઇ ! તું નચેત્યો ! દુષ્ટ પાપી, ચંડાળથી તે પ્રસંગ સાંધ્યો ! રૂપિઆ જોઇતા હતા ! હાય ! આવી પવિત્ર, વિવેકી બાળકી વેચી આ અધમ કાકો ધનાઢ્ય થવાની આશા રાખતો હતો ! હવે, શો ઉપાય ?! પ્રભુ ! કોને પૂછું ? હું મુઝાઉછું !

વિજયા—(રડતી બંધ થઇને) તમારી ઇચ્છા પ્રમાણે થયું છે ને તમે શા માટે બૂમો મારો છો ? તમે કદાચ્ ભેગા હશો તો કોને ખબર ?! તમેજ જીવરામને શીખવાડયું હશે તોપણ કોણ જાણવા બેઠું છે ?

અબોધ—હાય ! આ શબ્દ તીરોને માટે હું પૂરે પૂરો લાયક છું—મારી મલિનવૃત્તિ ને માટે જે કહેશોતે ઓછું છે. હું પતિત છું–હું દુષ્ટ છું–કોઇ પ્રાયશ્ચિત મને પવિત્ર નહિ કરે.

સુમતિ—[વિજયાને] બ્હેન, એમની ભૂલ એમણે

હાલજ સુધારી છે—એ હવે પસ્તાય છે. (અબોધશંકરને) પ્રાણનાથ ! દુઃખ આવે એટલે શોકમાં લીન થઇ જવા કરતાં એ દુઃખ મટાડવાના ઉપાય શોધવામાં મનને રોકવું એજ ઉત્તમ છે. ચાલો આપણ એ સ્થળે જઇએ; જોઇ તપાસીને માણસ દોડાવીએ. ભાળ કહડાવીએ. પ્રાણનાથ ! હિંમત રાખો.

અબોધ—ગાડી જોડાવો ! એકદમ ! એ ગાડી પછવાડે ગાડી દોડી શકશે ! માણસ પણ ભલે મોકલો.

વિજયા—એ ગાડીનો વેગ જોયો હશે એનેજ ખબર ! હજુ જોડાવશો, ત્યાં જશો, એટલામાંએ ચાર પાંચ માઇલ જતી રહેશે !

સુમતિ—વારુ, આપણ ત્યાંતો જઇએ ! વિજયા ! પોલીસમાં સંભળાવી દસ માણસને પછવાડે દોડાવવાં જોઇએ. પણ એ તારાથી નહિ થાય-હુંગુમાસ્તાને-ત્યાં મોકલું છું-તું છોટાલાલને ત્યાં ગમે તે રીતે ખબર આપ--

વિજયા—છોટાલાલ કોઇનેત્યાં રૂપિઆ ભરવા જતા હતા, તેમને તો મેં કહી દીધું છે ને તરત દોડ્યા તો છે.

સુમતિ—અરેરે ! છોટાલાલ એકલો શું કરશે ? કઇ દિશામાં દોડશે ? !

વિજયા—ઘણું કરીને એ ભાડાની ગાડી કરીનેજ એટલા જોરથી દોડાવશે કે પ્હોચી વળશે-એ વિષે દોડતાં દોડતાં મને કંઇ કહ્યું ખરું પણ બરોબર સંભળાયું નહિ. જો દોડશેતો જરૂર બ્હેનને લઇને આવશે.મને એમની તો સંપૂર્ણ ખાતરી છે.

સુમતિ—મને પણ એના જીવની ખાતરી તો છે, પણ બિચારા એનેજ મારી નાંખેતો ! દુષ્ટોને શું ?

અબોધ—લો, ચાલો ઝટ. ગાડી આવી-પોલીસમાં પણ માણસ મોકલ્યું- હવે ભવન આગળ જઇ જે ખબર મળશે તેમ પગલાં ભરીશું.

(જાય છે)

પ્રવેશ છઠ્ઠો.

સ્થળ જંગલ

જીવરામ--બસ ! રમણ ! હવે રાજા છઇએ !! ચંદ્ર મધ્ય આકાશમાં છે માટે બાર વાગ્યા હશે. હું ધારૂં છું કે આપણ દસ બાર માઇલ ઉપર આવી ગયા છીએ ! આ ખોકળપુરની હદમાં આવ્યા ! સહી સલામત ! શાબાશ !

રમણ--હું કેવો સરસ ગાડીવાન બન્યો !

જીવરામ--વાહ ત્યારે; હવે નિર્ભય છઇએ. અહીં જરા ઉતારો કરો. (મનમાં) (પદ્મકુમારીના મનનું સમાધાન કરીએ)

પદ્મકુમારી--(ગાડીમાંથી એકદમ ઉતરી પડીને) અરે ! દુષ્ટો ! આ તમને શી દુર્મતિ સૂઝી ? ખચીત તમારા જેવા પાપી જીવોપર ધિઃકાર છે ! મારા જેવી રંક નિર્દોષ અબળાનું આમ હરણ કરી લાવવાથી તમને શો લાભ !! અલ્યા દુષ્ટ જીવરામ ! આમ કરવાથી તું પૈસાદાર થવાનો છે ?! અધમ ! આવી રીતે લગ્ન કરવું છે ?! બ્રાહ્મણને ઘેર તેં ફક્ત જન્મજ લીધો છે, ને આ ધર્મ તો ચાંડાલનો સ્વીકાર્યો છે !--

જીવરામ--બસ, પદ્મકુમારી હું જાણુંછું કે તું ભણેલી છે, ને લાંબાં લાંબાં ભાષણો કરતાં આવડે છે, મારે તને બતાવવું છે, કે ભાનુશંકરના કરતાં હું તને વધારે

સુખ આપી શકું તેમ છે.

પદ્મ—અરે, પાપી! તારૂં કાળું મ્હોડું કર! મારા જેવી નિર્દોષ સ્ત્રીનું હરણ કરનાર! ગાંજાખોરિયા, ભ્રષ્ટ! તારીજ અધોગતિ થનાર છે તો તું બીજાનું શું શુભ કરનાર હતો!

રમણ—હવે તમારે આમ લડવું છે કે બેઘડી વિશ્રાન્તિ લઇને ચાલવું છે? કેમ ગુમાન!

ગુમાન—હું ધારૂં છું કે ગાડી ચાલવાજદો—એ લડાઇનો અંત અહીં નહીં આવે!

પદ્મ—ઓ હો! આતો પેલી દુષ્ટા! કૃતઘ્ની! કુલટા! તને તે દીવસેજ પોલીસને સ્વાધીન કરીદેવી હતી. પુરૂષ બની છે! રાંડ ધુતારી!

જીવરામ—પદ્મકુમારી! તુંતો કોઇને ગણકારતીજ નથી! જાણતી નથી કે તુ પરંતત્ર છે? તું હાલ મારા સ્વાધીન છે—પણ જો ફકત તું ધીમેથીજ બોલે તો હું બન્ને તારા સ્વાધીન છું—

પદ્મ—અરે પિશાચ! હું ઓળખુ છું તને! ધુર્ત! તારા વિચારો પણ સમજું છું!—

જીવરામ—બસ! બસ! ચાલો, બધાં બેસી જાઓ ગાડીમાં પાછાં. રમણ! ચાલ, ઉતાવળ કર. એ અહીં માનનાર નથી—

પદ્મ—આ શીરને ધડ જુદાં પડશે પણ એક ડગલું ભરનાર નથી. એક તસુ અહીંથી ખસનાર નથી! કોઇનું માનનાર પણ નથી—હું કોઇને સ્વાધીન પણ નથી—જાણ્યે અજાણ્યે આ કુલટા એ ફસાવી તે ફસાવી! લે, રાંડ—તું પણ—

[ગુમાનને જોરથી મુક્કો મારે છે]

જીવરામ--પદ્મકુમારી ! અતિશયતે થોડાને માટેજ ! તું બળ કરીને ક્યાં જવાની છે ? ! જ્યાં સુધી હું તને માફ કરૂં છું ત્યાં સુધીજ આ ખોટી હિંમત તારામાં છે; હાલ ફક્ત મારી ઇચ્છા પ્રમાણેજ વર્તવાથી તું સુખી થઇશ-બીજો ઉપાય નથી.

પદ્મ--ચુપ રહે ! તારી જીભ કાપી નાંખ ! ચાંડાળ! તારે ઇચ્છા કેવી ? તું મને મારી નાંખીશ તો પણ શું થયું ? આ ઠેકાણેથી ખસનાર નથી-માણસ જાત મરણથી શું વધારે કરી શકે તેમ છે ? મને મરણનો ડર નથી તો તારો ક્યાંથી હોય ? પછી તારી ઇચ્છાને અનુસરવાનું ક્યાં રહ્યું ?

(એક ક્ષત્રી પ્રવેશ કરેછે.)

ક્ષત્રી—અરે ! આ વખતે આવા જંગલમાં રખડનાર પ્રાણીઓ ! તમે કોણછો ? ! અહો ! આ ત્રણ પુરૂષો થઇ આ અબળાને હરી લાવનાર કોઇક ચોરછો ! સત્ય બોલો ! એના છેવટના શબ્દો ઉપરથી આ સુંદરી કોઇ દુઃખી છે ને તમે અધમ પાપી લોકોએ એનાપર જુલમ કરવાનો ઇરાદો રાખેલો જણાય છે.

પદ્મ--અહો ! ભાઇ તમે કોઇક શુરવીર ક્ષત્રીપુત્ર જણાઓ છો. તમને ઇશ્વરેજ મારે માટે મોકલ્યા હોય એમ ભાસે છે. એ બોલે તે પહેલા હુંજ કહી દઉછું કે હું એક નિર્દોષ, બ્રાહ્મણપુત્રી છું. હમણાં ચારેક કલાક પરજ હું મારા બાગમાં સખીઓ સાથે આનંદ કરતી હતી ત્યાંથી આ દુષ્ટો છળ કપટ કરી મને અહીં ઘસડી લાવ્યા છે !

ક્ષત્રી—તમે નિર્ભય રહો !—

સ્ત્રીસંરક્ષણ સમયે બોલનાર સમર્થ પુરૂષો સુષ્ટિમાં સર્વથા નિર્ભયજ રહો એવો મારો આશીર્વાદ છે! દાવાનળ સમાન દુષ્ટોથી ઘેરાયલી સ્ત્રીને "નિર્ભય રહો" એટલા શબ્દો એક સંતોષસરિતા રૂપે થઇ પડે છે! શીયળવ્રતરૂપી કોમળ કુસુમમુર્તિને સહસ્ત્ર બાણપ્રહારની સામે એક વજ્રઢાલ સમા બિરાજતા 'નિર્ભય રહો' એ શબ્દો આ કળિયુગમાં ક્યાં હવે વધારે સંભળાય છે ?! શાબાશ! ક્ષત્રી પુત્ર! ધન્ય છે તમને!—

ક્ષત્રી—તમે કોઇ વિદ્વાન બાઇ જણાઓ છો. તમે મારે આશ્રયેછો– હવે નિડર રહો! પણ આ દુષ્ટોને શીક્ષા શી કરવી? ચાલો! પરસ્ત્રીનું હરણ કરનાર પાપીઓ! તૈયાર થઇ જાઓ! આ પીસ્તોલની ગોળી છુટી તમારા શરીરમાં પેસે એટલા ટુંક સમયમાં ઇશ્વર સ્મરણ કરીલો.

જીવરામ—તમે ક્ષત્રી થઇને અમને બ્રાહ્મણનેજ– મારશો? મહારાજ, કૃપા કરો!

રમણ—મહારાજ! આપતો ગોબ્રાહ્મણ પ્રતિપાળક છો! માફ કરો!

ગુમાન—આપ કોઇ દેવાંશી નરછો–અમે શરણે આવેલા બ્રાહ્મણો છીએ– ક્ષમા કરો–

ક્ષત્રી—કહો, બાઇ, આ આવા ઘાતકી બ્રાહ્મણો શરણે આવ્યાતો માફી અપાય?

પદ્મ—ભાઇ, હું આપને શું કહુ? હમેશાં આવા પ્રસંગોમાં દયા માફી આપવા તરફ મનુષ્યને દોરે, અને ન્યાય શીક્ષા કરવા તરફ દોરે છે. જ્યાં ન્યાયજ આપવો અવશ્ય છે તે સ્થળે દયા શોભતી નથી; દયા ન્યાયને જરા નીચું ઘલાવેછે ને ન્યાય, મનુષ્યોમાં રહેલી દયાની અવગણના

કરે છે. ઉભયમાં ઘણે ભાગે વિરૂદ્ધતા છે, પરંતુ મનુષ્યના સમુહનું બંધારણ યોગ્ય રીતે સચવાય, માટે દયા કરતાં પણ ન્યાયને ઉચ્ચ સ્થીતિ આપેલી છે, તેમ છતાં મહાત્મા ઓ ન્યાયાસને હોય, તો એમનામાં રહેલી દયા ન્યાયને કોઈ જુદુંજ સ્વરૂપ અપાવી દેછે–કંઇક પોતાની તરફ ખેંચી સવરાવે છે–આશ્ચર્ય ઉપજાવે એમ, ગુપ્ત રીતે પક્ષપાત કરવાના મંત્રો પ્રેરે છે, અને એ પક્ષપાતથી અંતઃકરણ ઠપકો પણ નથી આપતું ! " દયા ન્યાયની સખતાઇ ઓછી કરે છે" હવે આ લોકોને આપજે શીક્ષા કરો છો એ ઘણીજ સખત છે–ને શરણે આવેલા ધારી જવા દેશો એ પણ ન્યાય વિરૂદ્ધ છે–

ક્ષત્રી—તમેતો ગોળ ગોળ કહ્યું, એ ઉપરથી મારે શું સમજવું? !

પદ્મ—એ કે એમને પોલીસને સ્વાધીન કરી દેવા એટલે ન્યાય પ્રમાણે શીક્ષા થાય !

ક્ષત્રી—પોલીસ અહીં ક્યાંથી લાવવી ? પણ ઠીક, મારે તમારા કહ્યા પ્રમાણેજ કરવું જોઇએ. અહીં હમેશને માટે ઉભેલાં ઝાડોજ એમને માટે પોલીસનું કામ કરશે ! મને ઠીક સુઝયું ! આ બધાંને આ ઝાડો સાથે સખત બાંધું છું ! કેમ ઠીકને ?

જીવરામ—મ્હારાજ ! અમને કોણ છોડશે ?

ગુમાન—અમે ભૂખે મરી જઇશું ! કૃપા કરો !

ક્ષત્રી—બસ ! એક અક્ષર બોલશો તો પ્રથમ કરતો હતો તેજ શીક્ષા કરીશ. ફકત આ સ્ત્રીના મધુર શબ્દોથી પીગળી—તેના માનની ખાતર તમને દયા કરૂંછું, એટલે પિશાચો ! તમે ગરબડ કરો છો ?

પદ્મ—(મનમાં) [આતો કોઈ વિચિત્ર માણસ લાગે

છે) (પ્રકટ] ક્ષત્રીપુત્ર ! તમારે માટે [આ કદાચ્ અયોગ્ય પગલું કહેવાશે. તમને આ શોભતું નથી. તમારૂં કામ અટકચાળામાં ખપશે. તેમ કરતાં ઉત્તમ રસ્તો તો એ છે કે આપણુ બધાં વિબુધનગર પાછાં જઈએ, અને આમને પોલીસને સોંપી દઈએ. વળી હું પણ એમ કરવાથી મારે ઘેર પ્હોંચીશ, અને આપને બોજો નહીં થઈ પડું.

ક્ષત્રી—(મનમાં) બહુ દીર્ઘદષ્ટીવાળી જણાયછે (પ્રકટ) તમે મને ઓળખે છોજ નહિં. તમને ખબર નથી કે વિબુધનગર અહીંથી તેર માઇલ થાય ! હાલ રાત્રિના બે વાગ્યા છે ! અહીં ચોરને બ્હારવટીઆની મોટી બીક છે ! પાસેનાં કોતરોમાં વાઘ, વરૂ, રીંછ વગેરેની બૂમો હમણાં સંભળાશે. આ શ્રેયગિરિ પર્વતની પાસેની ખીણમાં ગુફા, જે ત્યાં નાનું તળાવ છે, ત્યાં એક મોટો કદાવર સીંહ હમણાં પાણી પીવા આવશે. ત્યાંથી આપણો રસ્તો છે ! માટે તમારે સહી સલામતીથી ઘેર પ્હોંચવું હોય તો ઉતાવળ ન કરશો. સવારમાં જવાશે. પણ મને આ તમને પીડનાર દુષ્ટોને બાંધી દેવાદો ! [જીવરામને) ચાલો ! તૈયાર થાઓ !

(જીવરામ, રમણ. ને ગુમાનને ઝાડ સાથે સજ્જડ બાંધે છે.)

ક્ષત્રી—ચાલો હવે;

પદ્મ૦—ભાઇ મને તમે કયાં લઇ જશો, પણ ?

ક્ષત્રી—તમે જ્યાં જશો ત્યાં નિર્ભયજ જશો. અહીંથી થોડે છેટેજ એક મારૂં ખાસ આશ્રમસ્થાન છે ત્યાંથી સવારમાં તમને વિદાય કરીશ, પછી બસ ને ?

પદ્મ—ભાઇ, મને એક વખત ફરીથી કહેવાદો કે મારી તરફ તમારી વૃત્તિ શુદ્ધ છે ? હે શુરવીર ક્ષત્રી પુત્ર !

આર્ય અબળાઓને શીયળવ્રત સમાન જેમ બીજું અધિક પ્રિયવ્રત નથી તેમ ક્ષત્રી વીરોને પણ "સત્ય" નું મહાવ્રત સોયની અણીપર રહીને સાચવવાનું છે. શુદ્ધ ક્ષત્રી અને "સત્ય" એ બન્નેનું મિશ્રણ બ્રહ્માએ અનાદિ કાળથીજ કરેલું છે. યુદ્ધ પ્રસંગોમાં પણ ક્ષત્રીઓએ સર્વથા સત્યનું પરિપાલન કર્યું ત્યાં સુધી એમનો વિજયધ્વજ શુદ્ધ સ્ફટિકમય-કલંક રહિત આ પુરાતન કાળની પવિત્ર ભૂમીપર ઉડયા કરતો હતો ! તેમાં વિશેષે આવા પ્રસંગોમાંતો નિર્મળ વૃત્તિથીજ વર્તવાનું દરેક આર્યને શાસ્ત્રો સુચન કરે છે. માટે ફરીથી બોલુંતો કંટાળો કે ક્રોધ ન આણુતાં મને સ્પષ્ટ કહીદો તો ઉપકાર થશે.

ક્ષત્રી—સુંદરી ! મારે ત્યાં સઘળું તમારી ઇચ્છા પ્રમાણેજ થશે. સત્ય સત્ય, શું કરો છો ? હું કોણછું એ હજુ તમને કયાં ખબર છે ? જરા વિશ્વાસ લાવો. તમે કેવા ભયભીત સ્થળે ઉભાં છો એનું જરા ભાન લાવો; આ સ્થળ ખુલાસાથી વાત કરવા માટે યોગ્ય નથી. માટે ચાલો !

ગુમાન—(ઝાડથી બંધાયલી બોલે છે) જાઓ ! મરો ! તમારૂં સત્યાનાસ જજો ! તમને રસ્તામાં સાપ કરડજો ! તમને કોગળિયું થજો !

ક્ષત્રી—ચુપ રહે ! નાદાન ! આ કોઇ ચંડળ લાગે છે, જુઓને !

પદ્મ—ભાઇ એ સ્ત્રી છે; એ દુષ્ટાથીજ આટલાસુધી વાત આવી છે.

ક્ષત્રી—એમકે ? ! એને પુરૂષનો વેષ ધારણ કરવાનું શું પ્રયોજન ? !

પદ્મ—મને છેતરવાનું, બીજું શું ? !

ક્ષત્રી—ઠીક–ત્યારેતો તમારો પણ કાંઇ લાંબો ઇતિહાસ જણાય છે. વારૂ એને હાલ શી શીક્ષા કરૂં ? બસ ! એનું મોડું બંધ કરવું જોઇએ. આ પેસ ફાડીને એને મોડે એવો ઝાડ સાથે સજ્જડ બાંધું કે એ રંડા બોલતીજ બંધ રહે.

પદ્મ—(મનમાં) (ખરેખર, આ માણુસ કોઇ વિચિત્ર પ્રકૃતિ વાળો જણાયછે). (પ્રકટ) ભાઇ, આટલી શીક્ષા બસ છે. એની દુષ્ટ વૃત્તિનું ફળ એને આટલાથીજ મળશે.

ક્ષત્રી—નહિ બસ ! આ ત્રણે જણને બાંધુંછું ! ચાલ રંડા પ્રથમતો તુંજ ! બોલવું હોય તેટલું છેલ્લીવાર બોલીદે !

(બાંધેછે)

ક્ષત્રી—(રમણને)–ચાલ, તું તૈયાર થા.

(બાંધેછે)

(જીવરામનું મોડું બાંધતાં તે ક્ષત્રીની આંગળી જોરથી કરડેછે !)

ક્ષત્રી—અરરર ! મારી આંગળી કરડીખાધી ! આ પુષ્કળ લોહી નીકળે છે ! અહીં શો ઉપાય કરવો ? સુંદરી ! જરા આ કકડામાંથીજ આ આંગળીએ પાટો બાંધીદેશો ?

પદ્મ—ભલે; લાવો બાંધું, આહા ! ઢોર પણ આથીતો જરા ઓછું બચકું ભરે ! આતો માંસાહારી નહીં પણ મનુષ્યાહારી પ્રાણી જણાય છે !

ક્ષત્રી—થયું–હવે રહ્યું તે વડે એનું મોડું એવું સજ્જડ બાંધો કે એ બોલીજ ન શકે. મારાથી એક હાથે નહિ બંધાય.

પદ્મ—નાજી; તે કર્મ મારાથી ન થાય. અમે બ્રાહ્મણ સાત્વિક પ્રકૃતિનાં મનુષ્યો કહેવાઇએ. કોઇપણ નિંદ્ય-કર્મ અમારાથી ન થાય. આ દુષ્ટના મ્હોંડાથીજ મેં અનેક અવિવેકી શબ્દો હમણાં સાંભળ્યા છે. પરંતુ તેથી પણ ખરાબ શબ્દ બોલવાનો અપરાધ કદાચ્ એણે કર્યો હોય છતાં 'ક્ષમા' એજ અમારૂં ભૂષણ અમે સમજીએ છીએ. ક્ષમાનું અમને અભિમાન છે. ક્ષમામાં અમને આનંદ છે.

ક્ષત્રી—વારૂ; જો એમજ હોયતો હજુ આ જમણો હાથ સાબુત છે, એવડે આ તરવાર ઝાલી એના બધા દાંત તોડી પાડુંછું. ગમેતેમ કરી એનું મોડું બંધ કરવું એ મારો હેતુછે !

પદ્મ—એટલી બધી શીક્ષા કરવાનો સમય આવે તો ચાલો હુંજ બાંધુંછું.

(બાંધેછે)

ક્ષત્રી—હવે મને શાંતિ થઇ; ચાલો.

(જાયછે)

(થોડો વખત થયા પછી તેજ સ્થળે છોટાલાલ પ્રવેશ કરેછે).

છોટાલાલ—અહો ! વિધીની વિચિત્ર ગતીછે ! એકપળ પૂર્વે સ્થીતિ હોય તે હાલ હોતી નથી–અને પાછી પળમાં ફરી જાયછે.સુખ દુઃખ પ્રારબ્ધાનુસાર–રથચક્ર પ્રમાણે આવે છે. જાયછે. જન ડુબાય છે, ફુલાય છે. પદ્મકુમારીના જેવી સુખી સ્થીતિ કોની ? એને આ સૃષ્ટિમાં શું નથી ? મનની ઉચ્ચ સ્થીતિ માટે એક મહા તત્વવેત્તા જેટલુ જ્ઞાન છે; વૈભવ–સુખ માટે પુષ્કળ ધન છે. લગભગ સર્વગુણસંપન્ન–દેવસમો ભવિષ્યમાં ભર્તાર થવાનો છે ! તેવી બાળાને

આમ હરણ થવાનું દુઃખ ? ! અરેરે ? હુ એને ક્યાં શોધું?! પેલાં દુષ્ટ લોકો એને કેટલે લઇ ગયાં હશે ? રાત્રિ લગભગ પૂરી થવા આવી છે. મેં ઉતાવળે પ્હોંચી જવાની બ્હીકે ગાડી જરા પણ ઉભી રખાવી નથી. જરા થાક ખાવા ઉતર્યો છું, એટલામાં થાકેલો ગાડીવાળો પણ બાપડો માંહિ—ગાડીમાંજ ઉંઘી ગયો છે ! હવે હુંપણ નિરાશ થઉછું. અરે ! માબાપ વગરની નિર્દોષ બાળા ! તું ક્યાં રખડતી હઇશ ! ગમે તેમ કરી એની ભાળ કહાડવી જોઇએ. એ હોંશીયાર છે. કોઇ ઠેકાણે ફસાશે નહિ, પણ અબળા તે અબળા ! અરે, વાણીઆ ; તું જરા વ્હેલો ન દોડયો ! પણ શું કરૂં ? ખબર પડે ત્યારે ને ?! સારૂં થયું તે વિજયા મળ્યાં નહિતો, ઘરમાં ને ઘરમાં હત તો આટલા સુધી વાતજ ન આવત—અબોધશંકર તે ખરેખર **અબોધશંકરજ** છે ! હવે પેટ ભરીને પસ્તાશે, ને પહેલાં મને કહાડી મૂકતાં વિચાર ના કર્યો ! ખેર ! પણ હવે શું કરવું ? (ઝાડો સામું જોઇને) ઓહો ! આ વિચિત્ર ઝાડ કેવાં ? હાય ! હાય ! કંઇ બીજુ લાગે છે ! નક્કી ભૂત ! હાય ! હાય ! વાણીયા ! તું આ મોડી રાતરે આવા ભયાનક જંગલમાં શો વેપાર કરવા આવ્યો ?! અરે બજારના સિંહ ! તું આ સ્થળે શું કરીશ ? તારૂં અહીં નહીં ચાલે ! હાય ! જો પગ છે, હાથ છે. માથું છે—મહોડું નથી ! ! ! ભૂત ઝાડમાં રહે એ વાત પણ ખરી ! ઓ શ્રીનાથજી બાવા ! મારી વારે આવજો !

જીવરામ—[મ્હોડું બાંધ્યું છે, પણ કાને બધું સાંભળે છે તે આના ભયમાં વૃદ્ધી કરવા બોલે છે) હમ્ હમ્—હાં—હાં ઉહ ઉહ ઉહુ ઉહુ ઉહુ !

છોટાલાલ—ઓ મારા બાપરે ! ! હાય ! હાય !! હાય ? ! !

જીવરામ—(જીવરામનું જોઇને) ઉર્વોમ્ ઓ ! બોમ્ બોમ્ બોમ ! બોમ ! બં બં બં બં ભં ભં ભં ભં ! ભમ્ ભમ્ ભમ્ ભમ્ ! હા ! હા ! હા !

છોટાલાલ—હાય હાય ! ખાધોરે ! મુવોરે ! અલ્યા ગાડીવાળા ! ગાડીવાળા !

ગાડીવાળો—(આંખો ચોળતો આવીને) શું છે ? શું છે ? ! છોટાભાઇ !

છોટાલાલ—મૂર્ખા ! ભૂત છે, ધીમેથી બોલને ! !

ગાડીવાળો—(હસીને) તમેતો મ્હોટી બૂમો પાડોછો ને મને ધીમેથી બોલવાનું કહોછો એનો અર્થ શો ?

છોટાલાલ—જો; આમ આવ. પેલું શુંછે ?

ગાડીવાળો—કંઇક છે ખરૂં—હાં !

છોટાલાલ—હાય હાય ! નાસ ! ખાધા ! જો હમણાં ભડકો થશે !

જીવરામ—હા ! હા ! હા ! હા ! ભમ્ ભમ્ ભમ્ ભમ્. બં બં બં બં બં બં ! !

છોટાલાલ—જો ! હાય ! હાય ! તું ન્હાસી ક્યાં જાય છે, આમ આઘો આવને !

ગાડીવાળો—પણ ભૂત આમ ન બોલે હો ! આ કંઇક બીજું જનાવર છે !

છોટાલાલ—તે—ભૂત જનાવર હોય કે ? ને એ કેમ બોલે ? !

ગાડીવાળો—ઉભા રહો, એ વાત પછી; હું ખચીત

કહુંછું કે આ ભૂત નથી. તમે મારી જોડે ચાલો ! આપણ પાસે જઇને બરોબર જોઇએ.

(જઇને જુએ છે)

છોટાલાલ—ઓહો ! આતો માણસોજ છે ! [છેક પાસે જતાં] આતો પાપી જીવરામજ ! જેને શોધીએ છીએ તેજ ! (રમણ પાસે જઇને) ને આ એનો દુષ્ટ સોબતી ! ને વિજયા કહેતી હતી તે પુરૂષ વેષે પેલી રંડા હશે તે આ ! પણ પદ્મકુમારી કયાં ? ને આમની આ સ્થીતિ કોણે કરી ?

ગાડીવાળો—આ બધાંનાં મ્હોડાં બાંધી લીધેલાં છે. ઉભા રહો, છોડવા દો !

(જીવરામનું મ્હોડું છોડે છે)

જીવરામ—શાબાશ ! જેવી રીતે મ્હોડું છોડવા મહેરબાની કરી તેમ મને બધો છોડી દો ! જુઓ, આ બધા દોરડાના આંટાથી હું જરાપણ હાલી શકતો નથી-

ગાડીવાળો—તમને આવી અચ્છી રીતે બાંધી કોણે લીધા ? પણ—

(છોડવા જાય છે)

છોટાલાલ—સબુર કર ! મુર્ખ ! છોડવા કયાં જાય-છે ? વાણીયાબુદ્ધિનો ઉપયોગતો અહીંજ થશે તો !! એને છોડયો એટલે શત્રુ થઇ શું કરશે તે કોણ જાણે ? બાંધ્યો છે ત્યાં સુધી ગુલામ !!! અંદરથી સાંકળો મારી "આવો" "આવો" કરી લડવાવાળા અમે વાણીયા ભાઇ ! તને ખબર છે ?! "હું સૌને મારૂં ને મને કોઇપણ બોલેજ નહિ—એટલે હું જીતું !" એ અમારૂં હથિયાર!–જા પાછો! એને છોડવો ન છોડવો એ હું કહું એટલેજ. કેમ અલ્યા !

કૃતઘ્ની જીવરામ ! હું પૂછું એટલા પ્રશ્નોના ઉત્તર આપવા છે?!

જીવરામ—(નીચું જોઇ મુંગો ઉભો રહે છે).

છોટાલાલ—નહિ બોલે એટલે તું વ્હેલો છુટીશ?!

જીવરામ--છોડો એટલે બધું કહી દઉછું.

છોટાલાલ--નહિ બસ ! પ્હેલા રૂપિઆ લઇને માલ તોળવાવાળા અમે દીર્ઘ દૃષ્ટિવાળા વાણીયા તારાથી છેતરાઇશું ? ! પ્રથમતો તને કોણે બાંધ્યો તે કહે ! તને--આવા શઠને--ખળને પણ છેતર્યો એવો મહાખળ કોણ તેનું નામ લે ! પછી પદ્મકુમારીનું શું થયું તે યથાસ્થિત કહે, એ હાલ કયાં છે એ બતાવ !

જીવરામ—છોડયા વગર બોલનાર નથી !

ગાડીવાળો--છોટાભાઇ ! છોડી નાખો ત્યારે ! કહી નાંખે ને છુટકો મટે ! ઘેર જતા રહીએ ! કયાં સુધી રખડીશું ?

છોટાલાલ--[મનમાં] અહો ! વિધીનીજ આ પણ એક ચમત્કૃતિ છે કે નીચ પ્રકૃતિ પડી ગઇ હોય તો દોરડાજેમ બાળીયે ત્યાંસુધી આંમળો છોડતી નથી તેમ, એ પ્રકૃતિ-પડી ગયેલો જાતિ સ્વભાવ-છુટતો નથી ! નીચ પ્રકૃતિવાળો કોટાધિપતિ થયો તોપણ શું ! ને ઉચ્ચ પ્રકૃતિ--સ્વાભાવિક રીતેજ ઉચ્ચ સ્વભાવનો મનુષ્ય દ્રારિદ્ર ખાઇમાં હોય તોય પણ શું ? પ્રકૃતિજ જોવાની છે. આ જીવરામની દુષ્ટ પ્રકૃતિ આવા સંકટમાં એને વિશેષ દુઃખકર થઇ પડે છે ! માફી માગી, પસ્તાઇ, સુધરવાની કેવી સરસ તક એને માટે જાય છે? પણ જમીન નીચેથી દાટેલું ધન પ્રાપ્ત થાય તેમ સદ્‌ગુણ એકાએક જડતો નથી. (જીવરામને)અરે ! લુચ્ચા ! જીવરામ ! હું તને સત્ય કહુંછું કે તું ખરેખરી વાત કહી

દઇશ—ને તું નિર્દોષ હઇશતો—હું તને છોડીશ. પણ આમ તું હઠ કરીશ તો જીતીશ ? !

જીવરામ—ઠીક; જુઓ. ચોર આવ્યા હતા તે પદ્મકુમારીને ઉપાડી ગયા, ને અમને બાંધ્યાં છે, હવે મને છોડો ! ખરેખરૂં કહી દીધું !

છોટાલાલ—લુચ્ચા ! ચોર પાસેથી ચોર આવ્યા હતા ? ઠગારા ! તું સાચું નથી બોલવાનો ? ધુર્ત, ! બોલ શું થયું છે ?

(એક લપડાક જીવરામને મારેછે.)

જીવરામ—મને બાંધ્યો છે તેમાં માર ખાઉછું હોં !

છોટાલાલ—તે હું જાણુંછું ! ચાલ, ગાડીવાળા, દેવતા સળગાવ ! તારી ભાગલીતૂટલી ગાડીમાંથી કંઇ ખીલો—લોઢાનો કકડો કે કંઇ બીજું હથિયાર, એને તપાવ ! આ લોકો ડામ દીધા સિવાય માનશે નહિ. મને હું કહું તે પ્રમાણે તું મદદ કર.

છોટાલાલ—(જીવરામને) જો, જીવરામ ! તારી સ્થીતિ તું સારી પેઠે જાણે છે ! રાત્રિ પૂરી થવા આવી છે. તને ઝાડસાથે બાંધ્યો છે, કોઇ બાજુથી તને મદદ મળે એમ નથી. હું વાણીઓ, જીવના જોખમે આ જંગલમાં ફકત દયાની ખાતર આથડું છું તે તું જાણે છે, તેથી હું ગમે તે દુઃખ વેઠી—તને દુઃખ દઇને પણ ખરૂંશું છે તે જાણવા આતુર હોઉં એ પણ સ્વાભાવિક છે. તું જુઠું બોલીશતો હરેક પ્રકારે તારા જેવા દુષ્ટ પાસેથી પણ—ધૂળમાંથી સોનું કહાડે તેમ સત્ય કહાડી શકીશ, એ મને આવડે છે. ખરેખરૂં બધાં કહીદેશોતો મારા ધર્મના સોગન ખા- ખાઇને કહુંછું કે તમને કદાચ્ શીક્ષાતો થશેજ પણ તેમાંથી

ઘણીખરી ઓછી કરાવી શકીશ. હું વાણીયો છું ! મારૂં વચન પાળીશ !

જીવરામ—અરે વાણીયા ! તું મીઠું મીઠું બોલી છેતરવાનો ઉપાય કરે છે તે સમજું છું; એક વખત છોડેતો દેખાડું—

ગાડીવાળો—ભાઇ ! લો આ દેવતા સળગાવ્યો ને ખીલો લાલ ચોળ તપાવુંછું એની જોડે શું માથું ફૂટો છો ? એ પત્થર ઓગળવાનો છે ? જે કરતા હો તે કરો ને ! ઘેર જવા વારો આવે મનેતો હવે બ્હીક લાગે છે !

છોટાલાલ—તું ઉતાવળ ન કર– આ જીવરામની પ્રથમતો આંખો બાંધ.

ગાડીવાળો—(બાંધે છે) લો, હવે ?

છોટલાલ—હવે, એના હાથ જાળવીને છૂટા કર, ને એ ભેગા બાંધી ઝાડથી એને છોડ. જોજે હો ! લે, હું ત્હારી મદદમાં આવું. એનાથી નાસી ન જવાય ને જ્યાં લઇ જવો હોય ત્યાં લઇ જવાય એમ કર.

ગાડીવાળો—આ લ્યો એમ કર્યું–હવે એને લઇને ઘેર જઇશું ?

છોટાલાલ—બેવકૂફ ! "ઘર" "ઘર" શું કરે છે ! જો, હવે એને દોરીને લાવ મારી પાછળ. (જીવરામને પેલાં બે જણથી થોડે આઘે લઇ જઇ ને પૂછેછે). જીવરામ ! આ ખીલો લાલચોળ તપ્યો છે ! કપાળમાં લાંબો મૂકું છું ! પરંતુ એક તક તને આપું છું. સાચું બોલવું હોયતો બોલ. એમાં તને નુકશાન જરાએ નથી. ને ફાયદો ઘણો છે, નફાતોટા નું તોલ કરીશતો નફાનું પલ્લું નીચે બેસે છે ! બોલ, ચાલ; વખત જાય છે.

ગાડીવાળો—હા, ને પાછી બાઇને ઉંઘ આવે છે. જલ્દી બોલ.

જીવરામ—(મનમાં) (હવે છૂટકોનથી) ભાઇ ! ત્યાં મ્હારી કમબખ્તી આવી. સાંભળો કોઇ રાજા જેવો માણુસ આવ્યો હતો ! તે પદ્મકુમારીને સંભાળીને લઇ ગયો.

છોટાલાલ—હેં ! પછી !

જીવરામ—તે સવારમાં પદ્મકુમારીને ઘેર પ્હોંચાડશે.

છોટાલાલ—તેની શીખાતરી ? તે કોણ હતું પણ ? તેં નામ ઠામ ન પૂછ્યું ?

જીવરામ—જરા સામું બોલ્યો હત તો હાલ તમારી જોડે વાત કરવા જીવતો ન રહ્યો હત. મારી સામે પીસ્તોલ ધરી હતી.

છોટાલાલ—(ગાડીવાળાને] ઠીક લે. ચાલ. હવે આને પાછો કેદીની માફક બાંધી પેલા બીજાને લાવીએ.

(રમણને એજ પ્રમાણે આવે લાવી પૂછેછે.)

છોટાલાલ—જો—જીવરામે કબુલ કરીદીધું છે. માટે હવે જે ખરેખરૂં હોય તે છૂપાવવાથી છૂપું રહેશે નહીં. તારૂં કહેવું મને જરા પણ અસત્ય લાગશે તો આ તપાવેલો ખીલો કપાળમાં ધીમેથી મૂકિ દઇશ ! સમજ્યો ! બોલ સાચું !

રમણ—ભાઇ, હું તમારો તાબેદાર છું, તમે કહો તે કહીશ—પણ મને છોડી દો તો મ્હોટી કૃપા થશે. હું ગ્રહસ્થનો—લક્ષાધિપતિનો છોકરો છું, તે તમે નથી જાણતા ત્યાં સુધીજ આ મને મહાકષ્ટ પડેછે તે જોઇ શકો છો ! મેં આવું દુઃખ કદી નથી જોયું !

છોટાલાલ—શાબાશ ! લક્ષાધિપતિના છોકરા! ધના-

દયના છોકરાઓ આમ ચોરીને વ્યભિચાર માટે વળખાં મારી ઝાડે બંધાય, અને એમને ડામ દેવા માટે આમ ભી લા તપાવાય, એ પણ આ કળિયુગનું એક કૌતુક! ધિઃકા રછે તને ! દુષ્ટ ! ધનનો આ ઉપયોગ છે?! નર્કના અ- ધિકારી! તારી અધોગતિનો તને ભય નથી—જ્ઞાન નથી તેથીજ તું આ તુચ્છ—કનિષ્ટ—સુખોમાં મોહિત થયો! સ્વધર્મ સાચવી—ઇશ્વરથી ડરી રહેનાર લક્ષાધિપતિઓ આ સમયે પોતાનાં દીવ્ય વિલાસ ગૃહોમાં, પુષ્પથી આચ્છા- દિત મખમલ શય્યાપર, સુખે નિદ્રા ભોગવેછે! અને તું આ સૃષ્ટિનાં સર્વપ્રાણિઓ જંપ્યાં છે એ સમયે પણ એક કેદી કરતાં વિશેષ દુઃખ ભોગવેછે! વળી આટલા દુઃખમાં પણ અસત્ય પરનો તારો આગ્રહ મટશે કે નહિ, તેપણ હજુ જોવાનું છે!

રમણ—નાજી, હું સત્યજ બોલીશ.

છોટાલાલ—બોલ, ત્યારે—પદ્મકુમારીનું શું થયું?

રમણ—જુઓ, ગાડી અહીં ઉભી રહ્યા પછી એક કદા- વર ક્ષત્રી અહીં આવ્યો. પદ્મકુમારી પર પડતા દુઃખથી એને દયા આવી હોય એમ જણાયું. તેથી અમને એણે આ શીક્ષા કરી. અને પદ્મકુમારીને જોડે લઇ ગયો—ઘ- ણું કરીને તે કાલેજ વિબુધનગરમાં પદ્મકુમારીને પ્હો- ચાડશે.

છોટાલાલ—વારૂ, જીવરામ આથી કંઇક જુદું બો લતો હોયતો જુઠું સમજવું કે સાચું ?

રમણ—જુઠું—તદન જુઠું-આ મેં કહ્યું એજ ખ- રૂં છે. આખી જીંદગીમાં ઘણી વખત હું જુઠું બોલ્યો હઇશ—પરંતુ આ સત્યજ છે.

છોટાલાલ—(ગાડીવાળાને) હવે આને મૂકી આવી, ઝાડ સાથે બાંધી—પેલી રંડાને લાવ.

(ગુમાનને લાવેછે).

છોટાલાલ—(ગુમાનને) દુષ્ટા ! સાચે સાચું નહિ કહીદેતો આ તપાવેલો ખીલો કપાળમાં લાંબો મૂકિ દઉછું!

ગુમાન—ના, ના—મારાપર દયા કરીને ડામ દેશો નહિ—હું તમારે આધિન છું; મારૂં મ્હોડું છુટે એટલીજ વાટ હું જોતી હતી. હું તમને બધું સાચે સાચું કહી દઇશ—જુઓ, પદ્મકુમારીની આશા હવે તમે હમેશને માટે મૂકિદેજો !! પોકળપુર રાજ્યમાં મદનસીંહ નામનો એક પટાવત છે; એને બચપણથીજ દુષ્ટ લોકોની સોબત થવાથી એ ખરાબ લતમાં પડેલો છે. પિતાની બધી મીલકત અનેક જાતનાં વ્યસનોમાં એણે હાલ ઉડાવી દીધીછે! પાસે જ્યારે પાઇ સરખી ન રહી, ને તૃષ્ણાતો વધેલીજ, તેથી એણે પોતાના તાબાના ધનાઢ્ય પુરૂષો પાસેથી નાણું છીનતાં લીધાં. નાણું ધીરનાર કંટાળ્યા એટલે એણે જુલમથી માગવા માંડયાં ! તે તેમણે ન આપવા માંડયાં અને પોકળપુર મહારાજાને અરજી કરવાનો વિચાર કર્યો—એ વિચાર એણે સાંભળ્યો કે તરતજ યુક્તિ કરીને એમના મનનું એણે સમાધાન કર્યું—ક્ષત્રી છતાં એનામાં વાણીયા બુદ્ધિ છે, ને પ્રપંચ અને રાજનીતિમાં એવો તો કુશળ છે કે મોટા મોટા બહાદુર—રાજનીતિનીપુણ અંગરેજ પણ એનાં કામોનો પાર પામી શકતા નથી —કેટલાક અંગરેજો તો એના બળ—શૌર્યથી ડરી, અમુક ગુન્હામાં મદનસીંહ સામેલ છે, એમ જાણતા છતાં આંખ આડા કાન કરે છે !

રૈયત મહારાજાને અરજી કરેછે એ જાણીને તુરતજ એણે યુક્તિથી એ વિચાર બંધ પડાવી, છાની રીતે પ્રજા-ને લૂટવા લાગ્યો ! રાતમાં સાધારણ ચોરો જોડે મળી જઇ પૈસા લાવી પોતાની દુષ્ટ વાસનાઓ તૃપ્ત કરવા લાગ્યો ! એમ કરતાં કરતાં એક દીવસ સપડાઇ ગયો ! આગળથી તૈયાર થયેલી પચીસેક માણસની ટુકડીએ એને ઘેરીલઇ—બીજો કોઇ માણસ હતો એમ અમે તો જાણ્યું—એમ પછીથી બ્હાનું કહાડવાનો વિચાર કરી, એનીપર પ્રહાર ચલાવવો શરૂ કર્યો. બકરાંના ટોળામાંથી સીંહ એકાદ બ-કરૂં લઇને ન્હાસી જાય તેમ આ ટોળામાંથી પાસે રાખેલી પોટલી સહિત મદનસીંહ નાઠો ! પરંતુ બીજે દીવસેથી ચોરી ન કરવી એવો નિશ્ચય કરી દીધો ! એમ કરવાથી પૈસાની તાણ બહુ પડી ! એક દીવસે સવારમાં એક બ્રા હ્મણે આવીને અરજ કરીકે મ્હારાજ ! મારી જોડેના ઘ-રનો માલીક પોતાના ઘરનો પાયો ખોદાવતો હતો, તેમાંથી પુષ્કળ દ્રવ્ય નીકળ્યું છે. મારા ધારવા પ્રમાણે રાજ્યનો એપર હક છે, માટે આપના હક પ્રમાણે આપ લઈ મને પણ કંઇક ઇનામ દાખલ અપાવશોતો કૃપા થશે." એવું સાંભળતાંજ મદનસીંહે જઇને જાતે તપાસ કરી બધું ધન સ્વાધીન કર્યું. બ્રાહ્મણે ઇનામ માંગ્યું તેપણ એક પાઇ ન આપી ને જવાબ આપ્યો કે "વેદ ભણવો પડતો મૂકિને બ્રાહ્મણે વળી પાડોશીપર દ્વેષ કર્યો, અને વળી તેવું દુષ્ટ કર્મ કરવા માટે ઇનામ લેવા આવ્યો છે માટે તારો દંડ થશે !" બ્રાહ્મણ ચાલતો થયો.

મદનસીંહનો હાથ છુટો થયો. પાછો હમેશના નિય-મ પ્રમાણે વ્યસનને વળગી રહ્યો. પરંતુ વધારામાં એને એક ભૂત ભરાયું કે બધે મકાન ખોદાવી નવાં બંધાવવાં

એટલે એકાદમાંથી ધન નીકળે ! આથી એણે ગામોગામ પાયા ઉંડા ખોદાવી બંગલા બંધાવવા માંડ્યા છે !

દારૂના મહાવ્યસનથી એની પ્રકૃતિ વિચિત્ર થઇ ગઇ છે. ન પીધો હોય તોપણ જાણે ઘેનમાં હોય એમ જ જણાય છે. વિષયવાસનામાં હમેશાં લીન રહે છે, તે છતાં કેટલીક માત્રાઓ હમેશ ખાયછે—એટલા માટે કે હજુ વિષયપર ઇચ્છા વધારે દૃઢ થાય ! મલિન ઇચ્છા તૃપ્ત કરવા એટલાં બધાં પાપ—ને તે એટલી બધી ચતુરાઇથી હમેશાં કરે છે કે માણસથી તમારા આગળ કહેવાય પણ નહીં. જે આને તે ફસવવાની પ્રપંચ જાળ રચે, તે એમજ સમજે કે આ સૃષ્ટિમાં મનેજ દેખે છે. આટલી બધી મમતા કોઇપર નહીં રાખતા હોય, એટલા બધા મધુર શબ્દો ફક્ત કંઠમાંથી બોલે કે ગમે તેવી નિપુણ સ્ત્રી છેતરાય ! સાકર જેવા શબ્દો હોઠથી બોલે પણ બધી ધૂર્તતા !

છોટાલાલ—પણ હવે આ લાંબી કથાનો પાર આવશે ? તું તો નિર્લજ છે તે ગમે તેમ બોલીશ, પણ હું કેટલો અધીરો છું એ નથી જાણતી ?

ગુમાન—એ મદનસીંહ અહીં આવીને, સમજાવી પટાવીને પદ્મકુમારીને લઇ ગયા ! અમને બધાંને બાંધ્યાં ! તે એટલા માટેજ કે પદ્મકુમારીના મનમાં બરોબર ઠસે કે "આ શુરવીર ને પવિત્ર ક્ષત્રીપુત્ર, મારી વારે આવ્યો છે." પણ હવે શું થશે તે ઇશ્વર જાણે !

છોટાલાલ—પણ તું એ લઇ જનાર મદનસીંહજ છે એ શાથી જાણે છે ?

ગુમાન—હું એને ઓળખું, એનાં ઘણાં કારણો છે; મારો જન્મ પોકળપુરમાં છે; મારી બાલ્યાવસ્થા પોકળપુર

માં મેં ગાળી છે–તે વખતે એની ચાલ વીશે ગામમાં ચાલતી ચરચા મેં ઘણી વખત સાંભળી છે.

છોટાલાલ—[મનમાં] (હાય ! હાય ! **મદનસીંહ** નામતો બહુ ત્રાસ સાથે બોલાય છે ! એક બ્હારવટીઓ કહો ! એક મ્હોટો હુલ્લડખોર કહો! એક પ્રજાને ત્રાસ આપનાર ઘાતકી કહો ! બધાં ઉપનામ એ દુષ્ટને લાગી શકે તેમ છે ! ! પવિત્ર આર્યાઓનાં કર્ણદ્વારમાં એ શબ્દ પડતાંજં એમનાં રોમાંચ ખડાં થાય છે ! ! અરરર ! સત્યાનાસ ગયું ! જો એ દુષ્ટ, પ્રપંચ કરીને આ બિચારી પવિત્ર નિર્દોષ બાળકીને ઉપાડી ગયો હશે તો પૂરી કમબખ્તી ! પવિત્ર પદ્મકુમારી ! તારી અધમ દશા થઇ ! ભાનુશંકર! તમને પણ ખબર કયાંથી હોય ? અબોધશંકર ! લોભી બ્રાહ્મણ ! તું હવે ખરેખરો પસ્તાઇશ ! તેં પ્રથમ વિચાર ન કર્યો ! હાય, હાય ! અરે વાણીયા ! તું ઘેર જઇને શો જવાબ દઇશ ? ! પવિત્ર કુશળરામ ! હાય ! તેં સ્વર્ગવાસ કર્યો! કયાં તારૂં કુળ ? કયાં તારી પુંજી ? અને કયાં આ તારી નિર્દોષ, પવિત્ર, સુશિક્ષિત પુત્રીનું આમ દુષ્ટના હાથમાં જવું ?! અરે ! વિધી કેવું અઘટિત કરે છે ? પણ હવે મારે શો ઉપાય કરવો ? અહિંથી કયાં જવું ?

ગુમાન—તમે શો વિચાર કરો છો ? તમારે એની પછવાડે શોધ કરવા જવું છે ? જો તમે ગયાતો તમે પણ સપડાશો—એ બહુ પ્રપંચી છે. એતો હવે સપડાઇ ગઇ ! હવે ગઇ, એની આશા શું કરવા રાખો છો ? અને હજુ કંઇ લાગે તોપણ એમનાં સગાંને લાગે. તમારે શું ? તમે વાણીયા અને એ બ્રાહ્મણ.

છોટાલાલ—ચૂપરહે રાંડ કાગડી ! જીભ કાપી લઇશ ! દુષ્ટા ! કુલટા ! તારાથીજ આટલા સુધી વાત આવી-

છે ! ગમે તેમ કરીશ ! આકાશ પાતાળમાંથી શોધી લાવી-શ ! ચાંડાલની ! તને અને તારા સાથીઓને યોગ્ય શાસન કરાવીશ ! ચાલ, ગાડીવાળા લે આને ! બાંધ પાછી.

ગાડીવાળો—પણ પછી પાછાં ત્રણેને બાંધીને ક-રવું શું છે ?

છોટાલાલ—ત્રણેને બાંધ્યાં એટલે હું સહીસલામત એમની વચમાં સહીસલામત સુઇ રહું છું. તારે એટલુંજ કરવાનું કે હાલને હાલ વિશુધનગર જવું. સવારના પાંચેક વાગતે તું પ્હોચી શકીશ. ત્યાં જઇ અબોધશંકરને હું ચીઠી લખી આપું તે આપવી. બસ ! તારે બીજું કંઇ કરવાનું નહિ.

ગાડીવાળો—[ગુમાનને બાંધીને] છોટાભાઇ, હવે ત્યારે મને રજા આપો. તમને બીક લાગશે ?

છોટાલાલ—ફીકર નહીં, હું નિભાવી લઇશ. તું જે-મ બને તેમ વ્હેલો જજે. ને, લે, આચીઠી આપજે. ઉભો રહે, હુ વાંચી જોઉં. "પુજ્ય કાકાશ્રી અબોધશંકરની સેવામાં,

[વાંચે છે].

"નીચેના શબ્દો લખતાં મને અત્યંત ખેદ થાય છે.
"બ્હેનનો હજુ પત્તો નથી; જે સમાચાર મળ્યા છે, તે ખરા
"હોયતો બહુ ભીતિ છે. પરંતુ શાંતિભવન આગળથી પકડી
"જનાર ત્રણે જણને—જો પોલીસ સિપાઇઓ આપત્ર પહોંચ્યા
"પછી વેગાસર આવી પ્હોંચે તો, પકડી શકાય તેમ છે.
"માટે આપનાથી એકથી વધારે સિપાઈ લઇ બને તેટલી
"ત્વરાથી અત્રે અવાય તો કંઇક આગળ પર વધારે ખબર
"મળવાની વકી છે; વધારે લખતો નથી. પરંતુ સત્વર
"આવો, એજ. લી.

"આજ્ઞાંકિત
"છોટાલાલ,,

છોટાલાલ—લે. જા; હવે.

ગાડીવાળો—વારૂ, બીજું કંઇ કહેવું છે?

છોટાલાલ—હા, હા; ઉભોરહે, સાંભર્યું. એક બીજી ચીઠી ભાનુશંકરને આપીશ? લે, લખીઆપું.

ગાડીવાળો—હા, ભાઇ, લાવો. (મનમાં) રાત્રિ લગભગ પુરીથવા આવી છે! આજ તો ખરે ખરૂં દુખ પડયું છે. પણ હવે એકલા પાછું જવું પડશે એ સૌથી વધારે દુઃખ છે હાય, હાય! આ વાણીયાની હિંમત શીછે? આ ત્રણ દુસ્મનોની વચમાં એકલો પડી રહેશે! શાબાશ! વાણીયા! એને ધર્મ—પ્રમાણિકપણું કેટલું વ્હાલું છે, એ જોવાનું છે!

છોટાલાલ—લે, આ ચીઠી ભાનુ શંકરને આપજે. જા, હવે; વેલાસર પ્હોંચે માટે જરા ઉતાવળથી હાંકજે.

(ગાડીવાળો જાય છે.)

છોટાલાલ—[વિચાર કરેછે]. હવે મ્હારે આસ્થએ જરા વિશ્રાન્તિ લેવી જોઇએ. આ ત્રણને બાંધેલાં છે એટલે નહિ છૂટે! વાણીઆ! તું ભૂત! ભૂત! કહીને ખોટો ડરી ગયો! અરે! પણ ભાનુશંકરને મારો પત્ર વાંચી કેવી લાગણી થશે? હું તો માંહિ મારી માગવી પણ ભૂલી ગયો છું! બધાંથી નહિ થાય એટલું કાર્ય એ એકલા કરી શકશે! પ્રથમતો આ ત્રણને પોલીસને સોંપી હું એક કામ બજાવું. પછી હું પણ એ શોધમાંજ ફરૂં! [પેલાં ત્રણ જણને કહે છે.] બંધીવાનો! હવે તમે મુંગાં રહેજો! મ્હારી ઉંઘમાં બૂમો પાડી હરકત કરશો તો એક ઝાડની સોટી શોધી લાવી મારવા માંડીશ! દુષ્ટો! પાપીઓ! તમારાં અધમ કૃત્યો માટે જે તમને શીક્ષા થશે તેનો આજપાયો

નંખાય છે ! જે પારકી સ્ત્રીને પોતાની મા અથવા બ્હેન સમાન ગણતો નથી તેની આ સ્થીતિ આવે છે ! હજુ ક્યાં ? તમારા હાલ હજુ કેવા થશે ? સવારમાં વાત !

પ્રવેશ ૭ મો.

સ્થળ રસ્તો—પદ્મકુમારી અને ક્ષત્રી.

ક્ષત્રી—જુઓ, સામે પેલું સુંદિર મકાન ! એનો ઇતિહાસ તમને ખબર છે ? સાક્ષાત ઈંદ્રદેવે સ્વર્ગની સુંદરિઓને આ પૃથ્વીપર બતાવવા બ્રહ્માપાસે યાચના કરી લીધું છે ! ! એક વિશાળ બાગ—જેની અંદર પુષ્પ તરુની ન્યુનતા રાખી નથી, તેની વચ્ચે, આરસ પહાણથીજ વિશેષે બાંધેલું આ નૌતમ—રમ્યભુવન આવેલું હોવાથી જાણે પૃથ્વી પોતાના બાગ રૂપી કમળ કરમાં એક મોતીને ધારણ કરી રહી છે ! પૃથ્વી ઉપર સરજાયલા નરરત્નો—સ્વર્ગમાંથીજ એ આવેલા છે એમ સુચન કરવા આ સ્વર્ગભુવન બંધાવવાની પ્રેરણા કરાઇ છે.

પદ્મ—તમારૂં અદ્‌ભુત રસનું વર્ણન કરવાનું જ્ઞાન ઠીક લાગે છે. પવિત્ર નરો માટે મકાન પણ દેવાલય સમાં પવિત્ર હોય એમાં શું આશ્ચર્ય ! !

ક્ષત્રી—અહીંની સર્વ ચીજો એક બીજા જોડે 'પવિત્ર' સ્નેહથી ચિંટાઇ ગઇ છે. જુઓ આ પશ્ચિમમાં જતા શુદ્ધ—પવિત્ર ચંદ્રે પોતાના કરથી આ વનભુમીને ગાઢ આલિંગન દીધું છે ! ધવળ રંગનું સ્મિત હાસ્ય કરતી વનશ્રી ચંદ્ર જોડે સ્વેચ્છાએ વિહાર કરે છે ! ! પરતંત્રતા સમિપ આવવાની ભીતિએ આ દંપતિનાં સુખો ડગમગી રહ્યાંછે !—આ ચંદ્રનું મુખ—સમિપ આવતા અસહ્ય વિ-

વિયોગ ભારથી હમણાં ફીકકું પડી જશે એમ ભાસે છે! અને આ વનલક્ષ્મી—અતિશય સૌંદર્યે મહાતપનુંજ ફળછે એમ ધારી. દેવોએ આપેલા આશીર્વાદ જન્ય સહસ્ત્ર મુખે, વિરહ સમય સમિપ આવેલો જાણી, રૂદન કેરેછે!!૧* જુઓ આ પ્રાતઃકાળમાં ખીલતાં પુષ્પોની પરાગનું વાયુ જોડે મિશ્રણ! વળી જુઓ આ વનલતાઓ વૃક્ષોના વક્ષઃસ્થળમાંજ રહી, પૂર્વે કરેલા મહાપુણ્યનો પ્રસાદ ભોગવેછે! હુંતો અહીં બધે સ્નેહ સ્નેહ ને સ્નેહજ દેખુંછું! આકાશથી પાતાળ સુધી સ્નેહ સિવાય કશું છેજ નહિ। સ્નેહાકર્ષણથીજ પૃથ્વી કોઇ પદાર્થને પોતાની તરફ ખેંચે છે! સ્નેહથીજ પૃથ્વીપતિપાછળ પ્રદક્ષિણા કરી રહી છે! અને આ અસંખ્ય યોજનના વિસ્તાર વાળા મહાવ્યોમ વચ્ચે આ **અબળા** તટસ્થ રહી છે એ પણ સ્નેહજ!!

પદ્મ—[મનમાં] (હાય! હાય! પીટયો કોઇ લુચ્ચો લાગે છે! અહીં 'સ્નેહ' ના વર્ણનની વળી શી જરૂર છે? અને આ બધું જાણે ગોખી રાખેલું બોલે છે! પણ એને સ્વાધિન થઇ પડેલી હું આ નિર્જન વનમાં એનું અપમાન શી રીતે કરૂં?) [પ્રકટ] ભાઇ, રહેવાદો; તમે બોલોછો એની અત્રે આવશ્યકતા નથી. જડ પદાર્થોમાં પણ ચૈતન્યની ભાવના આપી, કવિઓ પોતાના કાવ્યનું માધુર્ય વધારવા આવું કોઇ વખત વર્ણન કરે છે—

ક્ષત્રી—(વચમાં બોલે છે)—અરે, પણ જડમાંજ એકલું કયાં એમ છે! આ સુંદર વૃક્ષોની ઘટામાં નનડા માળા બાંધી પક્ષિઓ પતિપત્નિ સ્નેહથી કેવાં સુખે નિદ્રાવશ થયાં છે? પશુઓ પણ ગુફામાં સ્નેહવ્યાપાર ચલા-

* જંગલમાં રહેલા પશુઓ-શિયાળો ઇત્યાદિ રૂવે છે.)

વી રહ્યાં છે! વસ્તીમાંનાં વિલાસગ્રહોમાં. સ્નેહપાનમાં ચ-
કચૂર નવોઢાનું અનુકરણ કરતાં, આ પક્ષિઓને પણ વિ-
લાસમાં વૃદ્ધી કરવાનું સ્નેહ સુચવે છે—એવી બ્હીક કે
હમણા ભાનુનો ઉદય થશે અને—

પદ્મ—['ભાનુ' શબ્દ સાંભળતાં જરીક કંપારી આ-
વે છે. પરંતુ બહુજ સાવધ થઇ જાય છે] ક્ષત્રીવીર! આ-
પણા આ અચાનક સમાગમને આ બાષણ ઉચિત નથી.
આ બધું નિઃષ્પ્રયોજન બોલાય છે. નાંખી દેવાય છે. પુન-
રુક્તિ થાય છે. આ બોલવામાં આપનો કંઇ ઉદ્દેશ નથી.
હું નિર્દોષ બ્રાહ્મણ પુત્રીછું. આપ નિર્બળને—અબળાને સ-
હાય કરનાર પવિત્ર ક્ષત્રી પુત્ર છો—

ક્ષત્રી—ના, ના; હું બ્રાહ્મણછું, કદાચ્ ક્રોધના આવે
માં "ક્ષત્રીછું" એમ બોલાઇ જવાયું હશે; તમારે વિચાર
કરીને શબ્દો બોલવા જોઇએ—

પદ્મ—બ્રાહ્મણછો? તમારા ઉદ્દગારોતો ક્ષત્રીના લાગે
છે! બ્રાહ્મણને ક્રોધજ કેવો હોય? [મનમાં] [આતો જુઠા
છે. કોઈ ધૂર્ત છે! હાય, હાય! હું શું કરીશ?]

ક્ષત્રી—ગમે તેમ હોય! બસ! તમારી હાલ એવી
સ્થીતિ છેકે હું કહું તે સઘળું તમારે માન્ય કરવું જોઇએ.
પેલા દુષ્ટોના હાથમાંથી મુક્ત કરી, એમના જેવા જુલમ
કરવાના હલકા વિચારો—સર્વ સાધન તૈયાર છતાં—હું મ-
નમાં નથી લાવતો એ થોડું છે?!

પદ્મ—તમે બ્રાહ્મણ હો, કે ક્ષત્રી હો, પરંતુ આમ
ઉપકાર કરીને કહી બતાવવો એ ક્ષુદ્ર બુદ્ધિ નહોતી વાપર-
વી જોઇતી. એમના જેવાજ તમે પણ વિચાર કરો, ત્યારે
એમનામાંને તમારામાં ફરશો?

ક્ષત્રી—અરે ! એવા પાપી-નિર્માલ્ય જીવોની મારી જોડે શીરીતે તમે, તુલના કરોછો ? મારાં પરાક્રમોથી અ-જ્ઞાન છો, ત્યાં સુધીજ તમે આ લગભગ અપમાનના શબ્દો ક્હાડશો, ત્યાં સુધીજ હું કહું તે બાબતમાં આનાકાની કરશો. મારાં પરાક્રમ મારે મ્હોડે કહી બતાવવાનું હલકું કામ-અપ્રિય છતાં મારે કરવું પડે છે. જુઓ, ધનાઢ્ય લોકો, જેઓ કૃપણને ભોળી હોય તેમની પાસેથી ધન લુટીલઇ, ગરીબો પર દયા આણી તેમને વ્હેંચી આપવું એ અમે પરમાર્થ સમજીએ છીએ. હજારો પ્હેરગીરના કબજામાંથી ધારેલે વખતે અમે ધન લાવી શકીએ છીએ. ઉત્તમકુળમાં ઉત્તમરીતે કેળવાયલા છતાં, ગીરનાર પર્વતના જેવી મહા-ગુફાઓમાં, જ્યાં સીંહ પણ રહેવું અનુચિત ધારે, તે સ્થળોને પ્રિય ગણી અમે ત્યાં સુખે નિવાસ કરિયે છીએ ! સૂર્યનાં કિરણો જેટલી ઉઘાડી તરવારો વચ્ચે ઝંપલાવતાં એક ક્ષણ પણ વિચાર કરતા નથી ! નથી વિચારતા રાત, નથી વિચા-રતા દહાડો, ટાઢ, તડકો, ચોમાસું એ બધું અમે સમાન સમજીએ છીએ ! જેઓ, હાલ શુરવીરોમાં ખપે છે તે અમારૂં નામ સાંભળીને કંપે છે ! ફકત અમારા રહેઠાણનું નામ સાંભળીને પણ ડરે છે ! અમે જીવીએ છીએ એ સાંભળીને તેઓ નિરાંતે ઉંઘતા નથી !

પદ્મ—(મનમાં) હાય, હાય ! ઓલામાંથી હું ચુ-લામાં પડીછું ! રક્ષણ નથી કરાયું ? આતો કોઇ ક્રુર છે !) [પ્રકટ] અરે ! એતો ઈંગ્લંડમાં થયેલા પેલા રોબીન હુડ-નાજેવી જીંદગી ! એથી શું સુખ—

ક્ષત્રી—જવાદો એ અનાર્ય દેશ, અને એ અનાર્ય મા-ણસનું નામ ! સુંદરિ ! અમે અપરાધ બીલકુલ સહન કરી

શકતા નથી ! હજાર ઉપકાર થયા હોય, પરંતુ એક સાધારણ અપમાન—એક સાધારણ અપરાધ, એ સર્વને ઢાંકી નાંખી ક્રોધ ઉપજાવે એવો અમારો જાતિસ્વભાવ હોય છે !

પદ્મ—પણ એ સ્વભાવ કેટલો ત્રાસદાયક કહેવાય ! પછી તમારામાં ને પેલા મદનસીંહમાં શો ફેર ?—

ક્ષત્રી—કેમ ? !!! મદનસીંહની જીંદગી ખોટી છે ?! એનું નામ તમે જાણો છો ?!!

પદ્મ—એવી લૂટારાની જીંદગીમાં લાભ શો ? જીંદગીનું સાર્થકજ લૂટવું, નિરપરાધીને કનડવાં એ શુરવીર ક્ષત્રીઓનુ ભૂષણ નથી. એટલું બધું શૌર્ય છતાં એવા લોકોનું વર્તન એવું કેમ થતું હશે, તેનું કારણ સમજાતું નથી.

ક્ષત્રી—અમને—એમને એમ કરવાની ફરજજ પડી જાય છે. એ જીંદગી એ લોકો સ્વીકરતા નથી, પણ અન્યાયી પ્રધાનો ને તાબે થનાર દેશી રાજાઓ પોતાના પગ પરજ કુહાડો મારે છે. એમાં એ શું કરે ? એમના પવિત્ર હકો પર, ભાઈ થઇને પણ તરાપ મારતાં સંકોચ નથી આવતો. એવી બુદ્ધિના દેસી રાજાઓ માટેજ અમને ઇશ્વરે સરજેલાં છે; જે પ્રધાને કહ્યું તે "હાજી" "હાજી"—

પદ્મ—પણ ભાઇ પાસે હક માગવાનો આ રસ્તો યોગ્ય છે ? તમે એનો ગમે તે રીતે બચાવ કરો, પણ એનાં કેટલાં બધાંતો કાળાં કૃત્યો યેં જાતે વાંચ્યાં છે. એ પરથીજ એનાપર કેટલો બધો હલકો વિચાર આવે છે !

ક્ષત્રી—એ બધાં કાળાં કૃત્યો નહિ, પણ પરાક્રમો સમજવાં ! તમે વાંચ્યાંએ હશે, પણ હજુતો કેટલાં પરાક્રમો એને હાથે થવાનાં બાકી છે !!—વારૂ, પણ ચાલો, આ અંમલો આવ્યો; એમાં નિરાંતે બેસો. વધારે વિવેચન પછી થશે. તમે વિશ્રાન્તિ લો. (બન્ને પ્રવેશ કરે છે)

પદ્મ—અહો ! આ ભવ્ય મકાન કોઇ અલૌકિકજ લાગે છે ! આતો કોઇ રાજાનુંજ સ્થાન લાગે છે ! કોણ આનો ઉપભોગ કરે છે ?

ક્ષત્રી—હાલતો તમારૂંજ છે! તમે પેલી સામેની ખુરસી પર બેસો. જુઓ, આપણી વાત ક્યાંથી રહી ? તમે મદનસીંહ વીષે હલકો વિચાર લાવોછો, માટે મ્હારે ક્હેવું પડે છે. હજુતો ભાનુશંકર કરીને વિબુધનગરમાં એક વિદ્વાન માણસ છે, પણ આડે રસ્તે દોરાયલો છે, તેને ઠેકાણે લાવવા એક ભોંયરામાં કેટલાંક વર્ષ સુધી કેદમાં રાખવાનું કામ એને હાથે થશે ! આ કામ બહુ જોખમ ભરેલું છે.

પદ્મ—(એકદમ ચમકીને) હેં ! હેં ! તમે આ શું બોલોછો ? તમે કોણછો એજ કૃપા કરીને ક્હેશો ?

ક્ષત્રી—આ વાત જે સાંભળે છે, તે એમજ ચમકી ઉઠે છે. પણ એને એમ કરવાનું કારણ સબળ છે. કદાચ ભાનુશંકર પોતાની હઠ નહિ છોડેતો તેની હયાતિની પણ શંકા સમજવી.

પદ્મ—અરે ! ! પણ એનું કંઇ કારણ ? !

ક્ષત્રી—એ વિદ્વાન છે, ને કેટલાંક છાપામાં મદનસીંહની જીંદગી વીષે એની કલમ બહુ આડે રસ્તે લઇ જાય છે. એને ધિઃક્કારી ક્હાડે છે. એને ઉપદેશ આપે છે. એની સંતાવાની જગોની શોધ માટે લોકોને ઉશ્કેરે છે. લોકો એને ધિઃક્કારે એવું લખાણ લખે છે.

પદ્મ—આટલોજ ગુન્હો છે કે કંઇ વિશેષ ?

ક્ષત્રી—એ શું ઓછો છે ! એથી મદનસીંહની જીંદગીને નુકશાન કેટલું છે ? માટે મદનસીંહે એનીજ જીંદગીને જોખમમાં નાખવા વિચાર કર્યો છે.

પદ્મ—તમે કોણછો એ કૃપા કરીને કહેશો ?

ક્ષત્રી—હું એને એક ખરા અંતઃકરણથી ચાહાનાર છું.

પદ્મ—તમને ક્રોધતો નહિ થાયને ?

ક્ષત્રી—ના; તમારે શું કહેવું છે ?

પદ્મ—એ એવું લખે છે, એ તમે જાતેજ વાંચ્યું છે?

ક્ષત્રી—આ રહ્યો એક ન્યુઝપેપરમાંથી કાપી કહાડેલો આરટીકલનો કકડો ? (આપે છે)

પદ્મ— (વાંચે છે)

બારવટીઆઓની જીંદગી.

આપણા લોકમાં ખરૂં પૂછાવોતો સાહસતોજ છે નહિ. હિંદુસ્તાનમાં જમ્યા પછી બપોરનો ઉંઘોગજ નથી-- અરે કોઇનેતો આખા દીવસોના દીવસસુધી-જીંદગી પર્યંત કશો પણ ઉદ્યમ નથી એવાઓનું સેનસસ કહાડયુ હોયતો ખચીત એક મ્હોટી સંખ્યા થાય ? પણ પ્રસંગ વગર ચંચળ વૃતિ આવેજ નહિ. અને પર્યટન વગર બીજા દેશો જ્યાં ઉદ્યમ ધમધોકાર ચાલી રહેવાથી પૈસાથી છલાછલ શહેરો ઉભરાઇ જાય છે એવાં શહેરો જોવાય નહિ ! તેથી એવા ઉદ્યમી નરોનો પ્રસંગ પણ આપણને નથી થતો.

આથી આપણામાંના કેટલાકોમાં સાહસીક વૃત્તિ કદાચ્ હોય છે તો તેપણ આડે મારગે દોરવાઇ જાય છે. દાખલા તરીકે જુઓ પેલો મદનસીંહ બ્હારવટીઓ! એણે આખી જીંદગીમાં કર્યા હશે ? નિરાધિઓને દંડી નાંખ્યા હશે ? કેટલી નિર્દોષ કુમારિકાઓને પંજરગત કરી લગ્ન કરવાની કબુલાત લઇ લીધી હશે ? એનાં કાળાં કૃત્યોમાં પણ જે શૌર્યનો વ્યય થાય છે તે એને સારે માર્ગે દોર્યો

હોયતો કેટલો લાભકારી થાય? રૂષિઆ ચઢી આવે એટલે એનેજ લઢવા મોકલ્યો હોયતો એ કેવું શૌર્ય દાખવી આર્ય ભૂમીને દીપાવે?!

° ° ° ° ° ° °

વારૂ, પણ એવા એક શુરવીર અનાડિને પકડવો અને યોગ્ય શાસન અપાવવું એપણુ એક સાહસજ છે. પરંતુ હજી સુધી કોઇ દેશીથી એટલું થઈ શકતું નથી. પર્વતની ગુફાઓમાં એવા લોકોનો ઘણો ખરો કાળ જાય છે ને સોળ માણુસોનો સમુહ યોગ્ય તૈયારી સહિત તપાસ કરે તો અલબત ખબર મળે.

° ° ° ° ° ° °

બ્હારવટીઆઓ ઘણું કરીને દેશી રાજ્યોમાંથીજ માલમ પડી આવે છે; ને નાસી પાસ થયેલા રાજવંશી ફટાયાજ ઘણું કરીને આ જીંદગી પસંદ કરે છે. આ ઉપરથી એ દેશી રાજ્યોનાં બંધારણો તરફ સહજ વિચારો આવે છે એવી શી વિચિત્ર વર્તણુક ચાલતી હશે કે એકજ કુળના કોઇ શુરવીર પુત્રને આમ નાસી પાસ થવાનું કારણ મળે છે? અમને દેશી રાજ્યોની દુર્દશાથી ઘણું લાગી આવે છે! એમને સુધરવાના ફક્ત બેજ ઉપાય છે.

(૧) અંગ્રેજોને અનુકરણ કરી કરેલું યોગ્ય બંધારણ.

(૨) સારા અમલદારોના હાથમાં કામ સોંપાવું.

આપણાં દેશી રાજ્યોમાં કોલ્હાપુર સિવાય આમાંનું એક નથી તો તે માંટે, વાંચનાર! આંસુ પાડી બેસી રહેવું જાઇએ કે પરિશ્રમ કરવો જોઇએ? આનો જવાબ એકજ હોય.

પદ્મ—(મનમાં) (આહા! ખરે! આ એમનાજ વિ-

ચારો ! એમનુંજ લખેલું ! ટુંક સહવાસથી પણ મને જા-ણુ એક યુગ સુધીનો સમાગમ હોય એમ તુરત એમના વિચારો જણાઇ આવે છે ! ફકત આજ ભાનુશંકરનો ગુન્હો ! એમાં શું થયું ? આટલા પરથીજ જો મદનસીંહ, ભાનુશંકર જેવા પવિત્ર માણસની પછવાડે થશે તો એનુંજ આવી બનશે ! એમની કલમ કંઇ દ્વેષથી લખતી નથી; મદનસીંહમાં ફકત શૌર્ય એકલુંજ છે.–બુદ્ધિ નથી, એમ જણાય છે. એના પાપનો ઘડો પૂરો ભરાયો હશે તેથીજ એણે એ પગલું ભરવાનો વિચાર કર્યો જણાય છે.

ક્ષત્રી—છોકરી ! બસ, મુંગી રહે ! તારા શબ્દોથી મારૂં લોહી ઉકળી જાય છે ! હું પોતેજ મદનસીંહછું ! જે ખુરસી પર તું બેઠી છે તે એકદમ તને તારે રહેવાનું સ્થાન દેખાડી દેશે ! ત્યાં તારી ચાલ મારી પ્રત્યે સુધરે, ત્યાં સુધી પડી રહે! એક શુરવીર ક્ષત્રીને માન આપતાં શીખ !

પદ્મ—પણ, તમે "ક્રોધ નહીં કરૂં" એમ કહ્યું હતું ત્યારેજ હું બો—

મદનસીંહ—(કંઇક ચક્ર ફેરવે છે—ખુરશી, નીચે એકદમ ભોંયરામાં જતી રહે છે !)

પ્રવેશ ૮ મો.

ભાનુશંકરનું વિચારભુવન.

ભાનુશંકર—આહા ! સ્નેહની શી ચમત્કૃતિ છે ? સર્વે દિશામાંથી પ્રવૃતિ ભૂલાવી, પોતાની તરફજ ખેંચે, એવું સ્નેહના પદાર્થને પ્રાબલ્ય કોણે આપ્યું હશે ? કોઇ પણ કાર્યપર હું લક્ષ આપતો—આપી શકતો નથી! લગ્ન સમયને પાસે ખેંચી લાવવો એ કંઇ સહેલ જણાતું નથી ! વચ્ચે અમોઘશંકરને બોધ કરી, ઠેકાણે લાવવાની મ્હોટી મુ-

શીખત છે! ધારો કે એ ન સમજે તો 'શું કરવું' એ વ-ળી બીજો મ્હોટો સવાલ છે. ભણ્યાં ગણ્યાં એટલે કંઈ એમ છેક વડિલોની આજ્ઞા વિરૂદ્ધ વર્તન થાય? અંગ્રેજ લોકોમાં પણ એવા વર્તન સામે કેટલીક વખત સખત ટીકા થાય છે--નિંદા સહન કરવી પડે છે. લગ્ન થાય ત્યાં સુધી હવેતો સ્મરણનેજ મેળાપ સમજવો પડશે; પત્રનેજ પ્રેમઆલાપ સમજવો પડશે! પણ એના લાંબા પત્રના પ્રત્યુત્તરમાં મેં એને જે પત્ર પાછો લખેલો, તેનો જવાબ હજુ કેમ ન આવ્યો? કદાચ ઘરમાં વિશેષ કલેશ થયો હશે--કાકાને આજુબાજુથી વગ લગાડી સમજાવવામાં એ કુમારિકાનો સમય જતો હશે. પત્ર દેખીનેજ જેવો હું ગાંડો થઈ ગયો હતો તેમ એ પણ-પ્રેમ ઘેલી બની ગઈ હશે! "એનો બરોબર ઉત્તર આપું" એ વિચારે પુસ્તકાલય ફેંદવામાં રોકાઈ હશે. કેટલી બધી નકલો કરીને "આથી હજુ સારા અક્ષરે લખું" એ વિચારથી પાછોફાડી નાંખતી હશે! દસ વીસ વખત પોતાનો લખેલો પત્ર "બરોબર છે કે નહિ" એમ બોલી, પાછી વાંચી જતી હશે! પણ સુકુમાર મુગ્ધા! તું એમ નથી વિચાર કરતી કે અહીંતો ફક્ત ગમે તેવો પણ તારો 'પત્રજ' આવવો જોઈએ છે! અંદર શું હશે, એ સવાલજ નથી! લાંબા ટુંકાં--ભાગાં તૂટાં--વ્યાકરણ દોષવાળાં પણ--તારાજ કરથી--મ્હારે માટેજ લખેલાં થોડાં વાક્યો મને આનંદ આપશે! એ મારી રસકૂપિકા થશે! એ અમૃતસરમાં હું ઝીલીશ! તો પછી, પદ્મકુમારી! આ અસહ્ય વિલંબની કારણભૂત શા માટે થાય છે? અરે! પણ આ હું એકાંત સ્થળનો લાભ લઈ જરા મ્હોટેથી શું બબડું છું? પણ ત્યારે, મારા વખતનો વ્યય પણ શી રીતે કરૂં? ચાલ, ફરીથી એનો પ્રથમજ પત્ર લઈને બેસું!

(વાંચે છે)

"પ્રથમતો શું વિશેષણ આપું એ વિચારમાં ત્રણેક
"કલાક ગયા હશે! બધા કોશ ફેંદી જોયા--ખરૂં પૂછાવો
"તો મારા હૃદયને જે શબ્દ જોઇએ છે, તેની આપણી
"ભાષામાં ખામી છે! કંઇપણ વિશેષણ વગરનો આપના
"નામનો શબ્દ અપ્રિય લાગે તો ક્ષમા કરશો? એ પ્રિય
"નામમાં સર્વસ્વ આવી ગયું છે!

"*** ભાનુશંકર,

"મારે જે કંઇ લખવાનું છે તે આપ જાણોછો!
"પણ ત્યારે, પત્રમાં કંઇકતો લખવું ને?! આપનો એક
"પત્ર આવશે એટલેતો પછી બધા લખતાં આવડશે, પણ
"આ શરૂ શી રીતે કરવું? મને મ્હોટી એક ચિંતા થયા
"કરે છે, એ આપ શી રીતે જાણો? તે એછે કે "આપને
"હું--અતિ પરિચિત--થયા પછી પણ, પ્રસન્ન રાખી
"શકીશ?" લગ્ન પાસે આવતું જોઇ કેટલાંક દંપતિ આ-
"નંદથી ઉભરાઇ જાય છે! કેટલાંક સ્નેહ ભરેલા પત્રો
"લખે છે! ભેટો મોકલાવાય છે, મેળાપ કરાવાય છે, પણ
"પરિચય થયે સ્નેહ લગભગ અડધો થઇ જાય છે! તેનું
"કારણ એ હોવું જોઇએ કે પુરૂષના મહાન વિચારોને અ-
"નુકુળ આવે એવું સ્ત્રીનું મન હોય નહિ. કહ્યું છેકે:--

"[1]तुंगात्मनां तुंगतराः समर्था मनोरथान्पूरयितुं न नीचाः।
"धाराधरा एव धरा धराणां निदाघदाहं शमितुं न नद्यः॥

---

१ ટીકા—મ્હોટાઓના મનોરથ પૂર્ણ કરવા મ્હોટા મનનુંજ મનુષ્ય જોઇએ: નીચથી ન થાય. જેમ પર્વતને ગ્રીષ્મ દાહ થાય છે તેને મેઘજ શમાવી શકે છે, નદીઓ-થી તે નથી બની શકતું.

"વારૂ, થઇ પડશે. ગમે તેમ હશે પણ પછીથી તો "અનેક દોષવાળા પણ આશ્રિત જનનો નિભાવ કરવો પડશે. "કેમ ! કરશોને ?

"આ વિલંબ થવાનું પ્રયોજન મ્હારા કાકાશ્રીજ છે- "એ નિશ્ચયપર આવે તે માટે બહુ પ્રયત્ન કર્યું છું—કાકીને "સમજાવ્યુંછું કે "સ્ત્રીઓ ધારેતો આવા નબળા મનના "પતીને સુધારી શકે છે" ઇત્યાદિ. પણ, એ નજ સમજે "તો શું ? એ બાબતનો હું ખુલાસો આપની પાસે માગી શકું ?

"બસ, આટલાજ મ્હારા સમાચાર! બીજુ શું લખું? "ભગવાન સૂર્યનારાયણને પૂજન સમયે એક દીવો કરી "નમસ્કાર કરિયે, તો તેમણે હસવું ન જોઇએ? પણ એતો "પ્રસન્ન થાય છે ! તેમ હું પણ મારા બાનુને જે બે શબ્દો "આવડે તે લખું, તે વાંચીને સંતુષ્ટ થશે મારા સંસ્કૃત "વાંચનમાં બે શ્લોક બહુ અઘરા આવ્યા છે, તેનો તરજુમો "આપને પૂછી શકાય? પ્રત્યુત્તર સમયે જણાવશો તો કૃપા થશે.

"[1]इयं प्रीतिर्वल्ली हृदय भुवि दैवात्स [illegible]दिता
"तथा यत्नाद्रक्ष्या प्रकृतिमृदुलापाय ब[illegible]ला ।

"આનું ફકત ઉત્તરાર્ધજ શુદ્ધ સમજવું છે.

"[2]शीतेऽतीते वसन मशनं वासरान्ते निशान्ते

---

૧ ટીકા—દૈવસંયોગે હૃદયભૂમિપર જે આ પ્રીતિવેલી ઉગેલી છે તેનું યત્નથી રક્ષણ કરવું જોઇએ, કારણકે એ ઘણીજ કોમળ છે.

૨—ટાઢ ગયા પછી વસ્ત્રની ઇચ્છા કરવી, દીવસ ગયા પછી ભોજન મળે, * * * * *

"क्रीडारम्भं कुवलयदृशां यौवनान्ते विवाहम् ।
"सेतोर्बन्धं पयसि चलिते वार्धके तीर्थयात्रा
"वित्तेऽतीते वितरणमतिं कर्तुमिच्छन्ति 'सुज्ञाः'(?)

*"વાંચતાં વાંચતાં કંઇ ગૂઢાર્થ માંહિ હશે એમ ધારીનેજ પૂછ્યું" છે. કંઇ અસત્ય લખાયું હોયતો ક્ષમા કરશો.

"બસ ! લખી રહી. લાંબું લાંબું લખવા ધારૂં છું, પણ હૃદયશુન્ય બની જાઉંછું ! હવેતોઃ—

"किमधुना किंविधुना किंसुधया किंवसुधया खिलया।
"यादि हृदयहारिचरितः पुरुषःपुनरोति नयनं योरनयम्

" લી૦
" સ્નેહાંકિત
" પદ્મકુમારી.

ભાનુ—શાબાશ ! ભણેલી સ્ત્રી ! તું એક કુદરતની મ્હોટી બક્ષીશ છે ! આ સ્ત્રીરત્ન મળશે એ હું કેવો ભાગ્યશાળી ? શું એના શુદ્ધ વિચારો છે ? બે શ્લોક સમજાતા નથી, એમ લખી મને સુચના આપવાનો માંહે ધ્વની

યુવાવસ્થા પછી વિવાહની ઇચ્છા, પાણી સુકાઇ ગયા પછી પાળ બાંધવી, વૃદ્ધાવસ્થામાં તીર્થયાત્રાની ઇચ્છા કરવી, અને ધનનો નાશ થઇ ગયા પછી દાન કરવાની ઇચ્છા **સુજ્ઞો**—કરેછે !!! (એઅજાયબી છે એમતો મૂર્ખ કરે !)

અસલ શ્લોકમાં સુજ્ઞને ઠેકાણે મૂર્ખ "**मूढाः**" છે, પરંતુ એ શબ્દ લખતાં કલમ ન ચાલવાથી 'સુજ્ઞ' શબ્દ લખી પદ્મકુમારી, ભાનુશંકરને સુચના કરેછે કે, સુજ્ઞો આમ કરે એ અજાયબી માટે લગ્નની ઉતાવળ થવી જોઇએ. આ શ્લોકનો અર્થ નથી સમજાતો એમતો બ્હાનું કહાડયુંછે.

રાખ્યો છે! અને વળી લખ્યું છે કે " અસત્ય લખાયું હોયતો ક્ષમા કરજો !" આવી ભણેલી સ્ત્રીઓના ભર્તારો તમેજ સ્વર્ગનાં સુખો ભોગવોછો ! ધન્ય છે તે માતપિતાઓને કે જે આમ સાસરે મોકલતાં પ્હેલાં પોતાની પુત્રીઓને કેળવણી આપે છે! આર્યસ્થાન ! હાય ! પવિત્ર દેવભૂમિ ! સ્ત્રી કેળવણી વગર ત્હારી આ અધમ દશાછે! **આર્યાવર્તના મહાન રૂષિઓના પુત્રો** ! તમારી પવિત્ર ભૂમિમાં વસતી, આર્યબાળાઓને શિક્ષણ આપવાનું હજુ કઇ સદીમાં શીખશો? **યાદ રાખજો** ! તમારી પાસે કુબેર ભંડારીની દોલત હશે, તમે **હજારો** મહા પરાક્રમો કરી ખ્યાતિ મેળવશો--આંગ્લભુમિની પાર્લમેન્ટમાં સભાસદો બનશો, **અરે ! તમે મહાન રાજ્યસુખોના ભોકતા થશો,** પરંતુ જ્યાં સુધી તમારી સ્ત્રીઓ ભણી નથી, જ્યાં સુધી ર૫ ઘરના નાનકડા ગામડામાં પણ **કન્યાશાળા** થઇ નથી ત્યાં સુધી, સ્વર્ગમાં વસનારને પણ દુર્લભ એવું સંસાર સુખ, તમારાથી ક્રોડ યોજન છેટે છે ! ! તમારામાં રહેલો સ્વદેશપ્રેમનો ઉભરો--ધી ઇન્ડીયન નેશનલ સોશીયલ કોનફરન્સ—રૂપે કહાડોછો, એ બધાં ફાંફાંછે ! મૃગજળ પીવા નાહક દોડોછો ! ધુમાડાની લાકડીઓનો તમે ટેકો માગોછો. તમારૂં કોનફરન્સ અલ્પાયુષીછે—એ દેવદારના પુલપર રેલવેગાડી ના દોડાવશો !

ગામડામાં રહેતા ગરીબ વર્ગમાંથી સંસાર સુધારો શરૂ થવો જોઇએ છે—ને તેમાં પ્રથમ સ્ત્રી કેળવણીથી ! ! કોઇપણ દેશને ઉન્નતિગીરિના શીખરપર ચડાવવો હોયતો તેમાંની બાળકીઓને ભણાવજો ! અમુક દેશને એક મ્હોટા ખાડામાં નાંખવો હોયતો ત્યાંથી સ્ત્રી કેળવણી એકદમ

નાબુદ કરજો. તમે આર્યભુમીમાંની હાઇસ્કુલો—કોલેજો—પાઠશાળાઓ—દવાખાનાં—હસ્પીતાલો—રેલ્વેઓ—તારઓફીસો— પોસ્ટ ઑફીસો સરવે બંધકરો, અને ફક્ત સ્ત્રી કેળવણી પરજ મચ્યા રહો, તો, તમારા દેશીઓ ભવિષ્યમાં એક સુધરેલી પ્રજા અવશ્ય કહેવાશે.

સ્ત્રી કેળવણી એજ દુઃખથી મોક્ષતણું બારૂં !
સ્ત્રી કેળવણી દુઃખ સૌહરશે આર્યભૂમી તારૂં !
સ્ત્રી કેળવણી કલ્પવૃક્ષ છું તુજ મા! ધારૂં !
સ્ત્રી કેળવણી વિણ આર્યભૂમીમાંહી અંધારૂં !!
ભલે થજો સૌ રાજનીતિ નિપૂણ ભણીસારા !
ભલે ભણો સૌ દેશદેશના વિવિધ ભાત ધારા !
બાળાઓ અજ્ઞાન રહીતો દશ ડૂબી જાશે !
બાળાઓ વિદ્વાન બનીતો સરવ સુખી થાશે !!

બાળકીઓને કેળવણી આપવાની વિરૂદ્ધ વિચારોવાળા અજ્ઞાન લોકો ! શું તમારે એટલુંજ કહેવાનું છે કે, કે "ભણવાથી અનીતિને રસ્તે જતાં સ્ત્રીઓને સુલભ પડે છે" ! ? પણ ભણવું—કેળવણી પામવી એનો અર્થ એક બે ચોપડી શીખવાડવી એમ નથી. તમારી બાળકીને **ધર્મની** કેળવણી આપો. બચપણમાંજ શીયળવ્રત શું છે એ સમજાવો. શીયળવ્રત સાચવવાથી આ લોકને પરલોકમાં એમને શું લાભ થાય છે એ સમજાવો. ને વાંચતાં લખતાં આવડે કે સતીઓનાં ચરિત્રો, પવિત્ર સ્ત્રીઓનાં રચેલાં પુસ્તકો, ધર્મ કથાઓ, એમના હાથમાં મૂકો ! મનને વિહ્વળ કરે એવાં પુસ્તકો એમનાથી અલગ રાખો ! ખોટી અસર કરે એવાં પુસ્તકોનું નામ પણ ન જાણે તેમ કરો ! ખોટી સોબતથી થતાં નુકશાનોથી વાકેફ કરો !

ભણેલી, વિદ્વાન, સુશીલાની સોબત કરાવો ! બચ્ચપણથી-જ સદ્દગુણની છાપ એવી મારો કે એ છાપ, યુવાવસ્થામાં એને ભોમીયા રૂપે મદદ કરે, ને યુવાવસ્થાના ભયંકર અંધારા ભોંયરામાં દીપક બતાવી સન્માર્ગે ચઢાવે ! શાબાશ ! પદ્મકુમારી ! કુશળરામે તને આજ પ્રમાણે સન્માર્ગે ચઢાવી છે, તેથી હું કેટલો સુખી થઇશ ? ! એ પવિત્ર નરે પોતાની ફરજ બજાવવામાં ખામી રાખી નથી. પછવાડેથી અઘોરશંકર સ્વાર્થી નીકળ્યા !! એમાં કુશળરામનો શો વાંક?

પણ હવે શું કરવું ? છેલ્લા શ્લોકમાં સુચના કરી છે. પણ તે પાર શી રીતે પડે ? પરંતુ મેળાપ થયો તોપણ શું ? જ્યાં સુધી લગ્ન નથી થયાં ત્યાં સુધી વિયોગજ છે. માતુશ્રીને મળું ? અરે ! પણ એમને મ્હારે કયા શબ્દોમા વાત કરવી ? ત્યારે શું કરૂં ? લાવ ? એ સુંદરિની છબ્બી લઇનેજ બેસું ! અહા:—

ભમાવે, લોભાવે, ન કંઇ ચીજ ભાવે નિરખવી.
નજોત હું થાકું, રસિલિ, છબી, લાગે નવનવી.
અહા ! લાંબાં કાળાં નિમિષ, નિરખી મગ્નજ થતાં !
રહ્યો જોઇ આ હું વિજળિ સમચક્ષુ ચળકતાં !

ના, ના; આ રસિલા શીખરિણી છંદમાં હું એને પત્રજ લખું ! પ્રત્યુતર આવ્યા વગર બીજો લખું ! એમ કંઇ અવગણના થાય છે ! સ્નેહી આગળ વળી અવગણના શી ? એને શીખરિણી વૃત બહુ પસંદ છે !

(લખે છે.)

"સદાનેત્રો સામે, મનહર હીંસે લજ મુરતી !
"હવામાં વિરામે ! મદનમય મન્ત્રો ઉચ્ચરતી !
"અહા ! વૃત્તિ પૂરી, પુરી લીધી શું તેં પંજર મહીં ?!

"સતી ! તું શું શુરી ! હૃદય મહિં સ્યામાગ્રહી રહી!
"રખેતું રીસાતી, કલહથી નથાતી દુખીં જરા
"હવે રાખી છાતી, દુર કર રહ્યા દિન અધરા
"સ્નેહેના, તુંશાને, કલહ દુઃખહે કામની કહે,
"સહ્યાં જ્યારે તીવ્ર, કુસુમશરનાં તીર વિરહે !!
"સમિપે છે દા'ડો દઇશ કરતું મુજ કરમાં,
"પછી જોડાયેલાં, ઝીલીંશું લલના ! સ્નેહસરમાં.
"જઇશું સંગાથે વિવિધતરૂ કેરાં ઉપવને !
"ગુમાવીશું સાથે, સુખમય, સલુણી દિવસને.
"પરંતુ આજેતો, સ્મરણ કરૂંછું પત્રનું સદા,
"સમો વિત્યો તોયે, કયમ નહિં લખ્યો પત્ર પ્રમદા ?
"ઘડીએ સંભારૂં, સનમુખ છબીને મુકું વળી
"તનુ જોવા હ્હારૂં, કુસુમ તણીશી કોમળ કળી !
"વિયોગે અંધારૂં, દીપક પ્રિયનો પત્ર બહુધા !
"સુખો કેરૂં બારૂં, વિષ વખતમાંહીંજ વસુધા !
"વિયોગે તો શાણી ! સુજન સમજી ધૈર્ય ધરતાં.
"વિયોગે પત્રોનો, વિરહિજન વ્યાપાર કરતાં.

(છોટાલાલનો ગાડીવાળો પ્રવેશ કરે છે.)

ગાડીવાળો—સાહેબ ! આ આપનો કાગળ છે,

ભાનુ—લાવ. (ઉખડતાં પૂછે છે) કોણે આપ્યો છે ?

ગાડીવાળો—છોટાલાલ ભાઇએ;

ભાનુ—છોટાલાલ ભાઇ ક્યા ?

ગાડીવાળો—મારી ગાડી લઇને હું એમની જોડે પરમ દહાડે ગયો હતો. આ કાગળ કાલ આપવો જોઇતો હતો, પણ હું પાછો ભાડું કરીને એક બીજે ઠેકાણે ગયો હતો, તેથી રહી ગયો છે, સાહેબ. માફ કરજો.

ભાનુ—(વાંચે છે.)

"વિબુધ નગર મધ્યે સર્વ શુભોપમાલાયક શ્રી ભાનું-
"શંકરની સેવામાં—

"પ્રથમતો આવો એક પત્ર લખવો" પડે છે એ
પણ મ્હારૂં એક દુર્ભાગ્ય સમજું છું.

"અદ્યાપિસુધી કુશળરામની પૂંજીમાંથી મારી આજી-
"વિકા ચાલતી હતી, અને એ જીવતા હોય તો હાલ હું એ-
"મના ઘરમાંજ નોકર હોત. એમના મારાપર થયેલા ઉપકારો
"અસંખ્ય છે. એથી એમની પુત્રીને દુઃખ પડેતે મ્હારી
"પોતાનીજ બ્હેનને દુઃખ પડે છે એમ ધારી મ્હારે યથા-
"શકિત એના સુખ માટે પરિશ્રમ કરવો જોઇએ.
"આજ—એટલે આ પૂર્ણિમાની રાત્રે દસેક વાગે વિજયા
"નામની પદ્મકુમારીની એક બહુ બાહોશ સખીએ મને
"ખબર આપી કે, જીવરામ નામનો એક દુષ્ટ માણસ,
"(જેની જોડે પદ્મકુમારીનું વેવીશાળ કરવાની કુબુદ્ધિ અભો-
"યશંકરને સુઝી છે તે) શાંતિ ભવન આગળથી, છળ કપટથી
"પદ્મકુમારીને ઉપાડીને પોકળપુરની હદમાં રાત્રે એક વાગતે
"લાવ્યો હતો! તેની મદદમાં તેનો એક મિત્ર તથા એક
"બીજી કુલટા સ્ત્રી હતી. આ ત્રણ જણને એક વાગતા
"પછી આ પત્ર હું લખું છું એ સ્થળે એક ક્ષત્રી મળ્યો
"હશે, તે પદ્મકુમારીને સવારમાં વિબુધ નગર પ્હોચાડશે
"એમ કરીને એને લઇ ગયો છે, પરંતુ શંકા થાય છે કે
"એ ક્ષત્રી બીજો કોઇ નહી, પણ બ્હારવટીઓ મદનસીંહ હશે.

"જો એ લઇજનાર મદનસીંહજ હોય તો તેની ઓ-
"ળખાણ આપવી એ નિરર્થક છે; આપ મારા કરતાં કંઇ
"વીશેષ જાણતા હશે;

"આપનું હજુ લગ્ન થયું નથી, પરંતુ આ બાબતથી
"આપને અમારા સરખોજ—અમારાથી કદાચ્ વધારે ખેદ થશે.

"જો આ કળિયુગમાં ક્વચિતજ નજર આવતા પ-
"રોપકારી ક્ષત્રીમાંથી કોઇ હશે તોતો કંઇ અડચણ નથી—
"સવારમાં પદ્મકુમારીને પ્હોચાડશે. પરંતુ જો પદ્મકુમારી
"સવારમાં ત્રિભુવનગર ન આવી શકેતો એ લઇજનાર મ-
"દનસહીંજ છે એમ ધારી, આપ ચાંપતા ઉપાયો લો તેથી
"આ પત્ર લખ્યો છે.

"ઉપાયો શા લેવા તે હું શી રીતે સૂચવી શકું ?
"પણ પોકળપુર રાજ્યમાં ચાલે તેટલી વગ ચલાવી, મદન-
"સીંહની ભાળ કઢાવી, પદ્મકુમારીની તપાસ કાઢવામાં આ-
પનો વખત રોકશો.

"એ બાઇ નિરાધાર છે. હું એને એક ભાઇ તરીકે
"મદદ કરૂંછું, અને આપ એનું સર્વસ્વ છો; માટે બનતી
"મદદ કરશો એ લખવું પણ જરૂરનું નથી.

"હું એ તજવીજમાંજ રહીશ. પ્રથમતો ત્રિભુવનગર-
"થી જે ત્રણજણ પકડી ગયાં છે, તે મ્હારા કબજામાં છે,
"તેમને પકડવા માટે પોલીસ સિપાઇઓ લઇ આવવા અ-
"ભયશંકર અને સુમતિગવરીને લખ્યું છે; માટે આ ત્રણ
"જણને સ્વાધીન કર્યા પછી હું બીજું પગલું ભરીશ.

"ખેદ ન કરશો. ઇશ્વરેચ્છા. યત્ન કરી પદ્મકુમારીને
"શોધી કાઢવી એ હવે આપણું ભવિષ્યનું કાર્ય !

"શુભેચ્છક

"છોટાલાલ

ભાનુશંકર—અહા ! અણધારેલી આપત્તિ ! આ પત્ર કાગળનો છતાં લોઢાના હથિયારથી વધારે વેદના કરે છે ! આ કાગળની અંદર શબ્દો નથી પણ તીરો છે! અને તે શત્રુ નથી મારતો પણ મિત્ર તરફથી—સ્નેહી તરફથી આવે છે, પછી આથી વિશેષ શી વિપત્તિ ?! હાય ! અચિંત્યું દુઃખ આવે એની લાગણી કેવી થાય છે એનો અનુભવ મને અદ્યાપિ સુધી નહતો ! પદ્મકુમારી ! તારી આ સ્થીતિ ? પવિત્રબાળા ! માતાપિતાનું મૃત્યુ, એ ત્હારે માટે ઓછું દુઃખ હતું કે આ, મહાવિપત્તિ માથે પડી ? માતા અથવા પિતા એમાંથી એકપણ હત, તો આ દુઃખ ન જોવું પડત ! દેવાલયના મેળાપ સમયે, ત્હારૂં એક અશ્રુબિંદુ મ્હારાથી જોઇ શકાતું નહતું, અને આ ત્હારૂં મહાકષ્ટ જોઇ, મ્હારા પ્રાણ કેમ જતા નથી ?! ત્હારી દુઃખદ સ્થીતિનો વિચાર લાવતાં મ્હારાં રોમાંચ ખડાં થઇ જાય છે ! તું કયાં હઇશ ? એક કોઇ પવિત્ર ક્ષત્રિના—પરોપકારી પુરૂષના આશ્રય તળે, કે કોઇ દુષ્ટના કબજામાં? એક સુંદર ભુવનમાં સ્વતંત્ર રીતે હઇશ, કે કોઇ પર્વતની ગુફામાં આવેલા અંધારા ભોંયરામાં ? લગ્નનો સમય પાસે લાવી બધું નક્કી કર્યું હતતો આ પરિણામ ન આવત ! તું મને અપરાધિ ગણીશ ? આર્યોએ સર્વથા સર્વ ગુણના મુકુટ તરીકે ગણેલા, **વિનય**ને આધિન થઇ, મેં ત્યાં આવવામાં ઢીલ રાખી, અબોધશંકરને સમજાવવામાં ભીતિ રાખી, સુમતિગવરી જેવી બુદ્ધિશાળી સ્ત્રી આગળ ખુલ્લી રીતે વાત કરવામાં લજ્જાને આધિન થયો, એ બધા મ્હારા અપરાધ કહેવાય?! સુંદરિ ! 'તું શોકાતુર ન થા' 'જ્યાં હોય ત્યાં ઇશ્વર સ્મરણ કરી, સંતોષથી, થોડો કાળ વ્યતિત કરજે' આટલાં બે સંદેશાનાં વાકયો તને કોણ પ્હોચાડે ?

ત્હારૂં સ્થાન જાણ્યા વિના, ત્હારી શોધ પણ કયે સ્થળે કરૂં ?! નહીં, શોધ ગમે ત્યાં કરીશ ! સ્થાન જાણીને શોધી લાવવું એ કામતો એક નોકરને સોંપ્યું હોયતો તેપણ કરે, પરંતુ નથી જાણ્યું છતાં શોધીશ ! પર્વતે પર્વત ફરીશ, જંગલે જંગલ આથડીશ, શહેરે શહેર ભટકીશ, નદી, નાળાં, કોતર, ખીણો, બધે, એક જંગલી પ્રાણી પેઠે ભ્રમણ કરી, સુકુમાર સુંદરિ ! ત્હારીશોધ ચલાવીશ ! શહેરનાં સુખોનો ત્યાગ કેરી, અરણ્યવાસીની પ્રકૃતિનો અંગીકાર કરીશ. એમ કરવા હું નહિં ધારૂં છતાં મ્હારી ઇચ્છા ઉપરાંતજ થશે—કારણ, એમાં પરિશ્રમજ નહિં પડે? એતો 'સ્નેહશ્રમ[1]'માં ખપશે ! પણ હવે મને આ શહેર બધું અરણ્યજ લાગશે ! કારણકે તું એવા કોઇ શહેરમાં નહીં હોય. અરણ્યમાં તું માટે એમને શહેર જેવુંજ લાગશે !

પણ હવે હું પણ એ માર્ગજ પકડું ! શોકમાં જે કાળ ગુમાવું, તે કરતાં તેની સોધમાંજ વખત ક્હાડું ! અરરર ! પણ પાછું સાંભરી આવે છે ! અહીંથી ઉઠાતુંજ નથી ! પદ્મકુમારી ! આ તારૂં કેવું પ્રારબ્ધ ?! પણ એને મળું ત્યારે એ સવાલતો પૂછુંને ! માટે અહીંથી ઉઠ્ઠુંજ ! દૈવની ગતીજ વિચિત્ર છે ! નહિતો કયાં જનકકુમારી સીતા ? અને કયાં લંકાપતીને ઘેર એનો નિવાસ ?!:—

[2]अयि खलु विषमः पुराकृतानां
भवति हि जन्तुषु कर्मणां विपाकः ।

પણ આનો નિવાસ હવે શીરીતે શોધવો ? દુષ્ટ જીવ-

---

૧ સ્નેહશ્રમ—Love's lab ur.

૨ પૂર્વે કરેલા કર્મનું વિપમપરિણામ ભોગવવું પડે છે.

રામ ક્યાં હશે તે પણ મને ખબર નથી. શહેરમાં શું થાયછે તે ઘણા દિવસથી હું જાણુતોજ નથી! સ્નેહવ્યથામાં પડ્યો છું! લગ્ન સંબંધી તરંગો કરૂંછું. ભવિષ્યના સુખની ઊર્મિઓથી ફુલાઉં છું! મદનની ઇંદ્રજાળનો પ્રત્યક્ષ અનુભવ કરૂં છું! ગ્રહસ્થાશ્રમમાં ભવિષ્યમાં પ્રવેશ કરી, લેવાના વૈભવોની ગણના કરૂંછું! પરંતુ આબધી ઇચ્છાઓ રૂપી પાત્રોને ખીલવનાર સુત્રધારનો પત્તો નથી—આ બધા મહા રોગોનો ઉપચાર કરનારવૈદ્ય અરણ્યવાસી થયો છે! કે કોણ જાણે ક્યાં છે?!

(ચાકર પ્રવેશ કરે છે)

ચાકર—ભાઇ, માતુશ્રી બોલાવે છે, આ હું બીજી વખત બોલાવવા આવ્યો; પ્રથમ આવ્યો, ત્યારે બેત્રણ વખત બોલાવ્યા હતા, પણ બોલ્યા નહિ એટલે પાછો ગયો હતો.

ભાનુ—(મનમાં) અહો! હું સવારનો અહીંજ રહીને બબડયા કરૂંછું-માતુશ્રીની પાસે એક ક્ષણ બેઠો નથી! એમને મ્હારા વિષે શા વિચાર આવતા હશે? ચાલ, જોઉં; અરે, પણ માતુશ્રીજ અહીં આવે છે.

યશોદા—બેટા, અમેતો વર્ષમાંજ વધેલાં. તેં ઘણું જ્ઞાન સંપાદન કર્યું છે, તને શું કહેવું પડશે? આ સમય હવે દિવસે દિવસે વિપરીત આવતો જાય છે, અમારા દિવસ ઘણા સારા હતા—

ભાનુ—માતુશ્રી, આપના બોલવામાંથી કંઇ અર્થ કેમ નીકળતો નથી?

યશોદા—ભાઇ, જે ન સાભળ્યું હોય તે સાંભળીએ છીએ. ન જોયું હોયતે જોઇએ છીએ. આ જગત બધું હવે તો ઝેર જેવું થઇ ગયું છે. ઇશ્વર છુટકો કરેતો સારૂં,

હાય, હાય; નેત્રનાં પાણી મોભે ગયાં! અનીતિવાનને ઇશ્વર તરત દાખલો પણ નથી આપતો!

ભાનુ—[મનમાં] વૃદ્ધાવસ્થા થાય એટલે મનુષ્યો જરા ગાફલ થાય ખરાં, ગમેતે બોલે! આપણાથી સમજાય નહિ કે માંહિ અર્થ શું રહેલો છે. [પ્રકટ] માતુશ્રી, હું સમજી શકતો નથી. જરા સ્પષ્ટ બોલશો? તમે સ્હેજ-જ વાત કરો છો, કે મ્હારી કંઇ ભૂલ માલમ પડી છે, તેથી મને સ્પષ્ટ શબ્દોમાં બોલીને ઠપકો આપી શકતાં નથી?!

યશોદા--મ્હારા ભાનુશંકરને ઠપકો?! બેટા, એ દીવસ કદી આવશે નહિ. કંઇ વાત કરવાની છે તે મ્હારી જીભ ઉપડતી નથી.

ભાનુ--ત્યારે જીભ ઉપાડયા વગર છૂટકો તો છે નહિ ને? બોલીદો!

યશોદા--બેટા! સુમતિગવરી મ્હારી પાસે હમણાં આવ્યાં હતાં; પદ્મકુમારી શાંતિભવન આગળ સખીઓ સાથે રમતી હશે, ત્યાંથી એ ગુમ થઇ છે. સુમતિગવરી અશ્રુપાત કરતાં ગયાં ને કહેતાં ગયાં કે "હવે મ્હારા પગમાં જોર નથી! હું એ મ્હારી લાડકીનું મુખ જોઇશ ત્યારે અન્ન ભાવશે!" મેં એમને શાંત પાડયાં; ને કહ્યું કે તપાસ કરો; માણસો મોકલો; ત્યારે તેમણે ગળગળિત કંઠે કહ્યું કે "હવે મ્હારે મોકલવાનાં માણસો બધાં ખૂટયાં! હવે મ્હારૂં માણસ ભાનુશંકર! એમની અહીં ને બધે પુષ્કળ વગો છે; ઘણા મિત્રો છે; એ માથે લે, તો મ્હારૂં અડધું દુ:ખ ઓછું થાય! તમે એમને જરા આજ્ઞા આપો." મ્હેં કહ્યું ભલે. તમારૂં દુ:ખ તે હવે મ્હારૂં પણ દુ;ખ છે--

ભાનુ—માતુશ્રી ! એ મને કેમ ન મળી શક્યાં ?

યશોદા—બેટા ! ચાકર તારા દીવાનખાનાને બારણે આવી બે ત્રણ વખત બોલાવી ગયો; અંદરથી બારણું બંધ હતું, તું નબોલ્યો, એટલે કંઇ કામમાં હશે એમ ધારીને પછી ન બોલાવ્યો.

ભાનુ—ઠીક, ત્યારે, હું કેટલીક વારમાં નીકળું છું. મ્હારાથી બનતી તપાસ કરીશ. અંબાશંકરને, હું જે પત્ર આપું તે પ્હોંચાડાવજો. શેખમહમદ, પેસતનજી, વગેરે મ્હારા મિત્રોનાં માણસો આવે તેમને કહેજો કે, થોડા વખતમાં હું પાછો આવીશ.

યશોદા—વારૂ બેટા, જોડે ચાકરને લેતો જજે. કંઇ તારો બોજો ઉંચકવાનું વિગેરે કામ કાજ કરશે.

ભાનુ—ના, માતુશ્રી. એનું કંઇ કામ નથી. એ મ્હારો બોજો ઉચકે, પણ એને સાથે રાખું એ મ્હોટો બોજો મ્હારે માથે પડે !

પ્રવેશ ૯ મો.

પોકળપુરનો દરવાજો.

(પ્રથમ) મદનસિંહના મળતિયા.

ગુલાબસિંહ—કેમ લાલાસિંહજી ક્યાંથી આવો છો? આજ કંઈ નવાજુની ખબર લાવ્યા છો કે?

લાલસિંહ—રોજ રોજ તે કંઇ નવાજુની હોયકે? તો પણ એટલી ખબર લાવ્યો છું, કે આપણા મદનસીંહે હમણાં જે કોઇ સુંદરીને જેર કરી છે. તેનું વેવીશાળ પેલા બા-

નુશંકર જોડેજ કરેલું છે. અને એ ભાનુશંકર એની શોધ માં અહીં આવવા નીકળી ચુકયોછે!

ગુલાબસિંહ—હેં ! હેં !

લાલસિંહ—હેં ? હેં ! શું કરોછો? ગભરાઓ છો શું કરવા ? ગદનસિંહ જીવતો છે ત્યાં સુધી આ દુનીયાંના રાજા આપણ છીએ! કોઇપણ વૈભવની આપણને ખામી નથી. ફકત આપણે નિમકહલાલ રહી મદનસિંહને કોઇ પણ ગુપ્ત વાતની ખબર કહાડી આપવી; બસ, એટલી આપણી ફરજ !

ગુલાબસિંહ—પણ આ ખબર તમે કયાંથી લાવ્યા ?

લાલસિહ—ટપાલના કાગળ ફોડીને !! તમે એમ ધારોછો કે આપણ કોઇ ઠેકાણે અટકી પડીએ ?

ગુલાબસિંહ—પણ તમને ખબર શી પડી કે એ ભાનુશંકરના અમુક કાગળમાં સમાચાર છે?

લાલસિંહ—કેમ ભુલો છો ? "ઉત્તમરામ નરભેશંકરને પહોંચે.

"ઠે. લાંચીયા ફળીઆમાં
"પોકળપુર"

આવું સરનામું કરીને ઉપર લખેલું કે "આ કાગળ ભાનુંશંકરને આપજો" ભાનુંશંકર કોણ છે એ ખબર આગળ મળેલી, પછી કેટલીવાર? એતો હમણાં કારકુન નવો આવ્યો છે, નહીતો એ કાગળ એના માલીકને પ્હોંચે ખરા કે ?!! બધા કબજામાં લઉં !! ને ગદનસિંહ પાસેથી મોટું ઇનામ મેળવું !

(હીરીઓ ભીલ પ્રવેશ કરે છે)

ગુલાબસિંહ—કેમ હીરીયા ! ક્યાંથી આવ્યો? ! તું કંઇ નવા જુની લાવ્યો છે ?

હુરીઓ—મદનસિંહે ભાનુશંકર ક્યાં જાય છે," શું કરે છે વગેરે બાબતની બાતમી મેળવવા માણસ રાખ્યાં છે. બધાંને ખબર આપી છે કે પકડીને એની પાસે લઇ જશે એને મ્હોટું ઇનામ મળશે. હું એ બાબતની તપાસ રાખવા લગભગ ત્રિભુવનગરની સીમમાંથી એમની પછવાડે પછવાડે આવતો હતો ! ભાનુશંકરે સાથે અંગરેજના પોલીસ સિપાઇઓ રાખ્યા છે; તેથી કશુંબની ન શક્યું માટે અહીં શહેરમાં ક્યાં જાય તે ને શું કરે છે. વગેરે તપાસ રાખજો. હું તો જાઉં છું.

લાલસિંહ— કેમ જાય છે ?

હુરીયો—આ આપણે કંઇ એકલુંજ કામ છે ? પાછું મદનસિંહ પાસે જઇ આવ્યાની ખબર મળી હોય એટલી પ્હોચાડવાને ? વળી આજે કંઇ આપણી મંડળીમાજ માંહોમાંહે કંઇક જરા અણબનાવ જેવું થયું છે તેમાં મારી જરૂર છે. (જાય છે.)

ગુલાબસિંહ —ત્યારે હવે આપણે શું કરવું ?

લાલસિંહ—ગભરાઓ નહિ. જુઓ એ અહિં આવશે તો આ દરવાજામાંથીજ પેસશે. માટે તમને ફક્ત હું કહું તેમ કરો. તમે બ્રાહ્મણની પાઘડી પ્હેરી એક મ્હોટા જોશીબાવા થઇને અહીં બેસો; હું જે પૂછું તેના જવાબ આપજો હું પણ વાણીઆનો પોશાક પેહેરીને આવુંછું. ચાલો એ તમને બધુ શીખવાડું ! (બન્ને જાયછે) (ભાનુશંકર પ્રવેશ કરેછે.)

ભાનુશંકર—(મનમાં) આહા ! શી વિકટ ભૂમી ! આવાં ભયંકર કોતરોમાં થઇને આવતાં સિપાઇઓ સાથે

છતાં પુરૂષનું ધૈર્ય ડગે છે તો હાય ! પદ્મકુમારી ! તારી શી સ્થીતિ હશે ?! સુંદરી ! હું તને શી રીતે મળું ? ક્યાં પેલા વાદળીઆમાં મિશ્રથએલા ગજસમા પર્વતો. અને ક્યાં તારૂં સુકુમાર હૃદય !! હાય! એ પર્વતોને જડ સરજ્યા તો ભલે પણ બ્રહ્માએ ફક્ત ગુણ એમને આપ્યાં હતતો આજ મને પદ્મકુમારીના સમાચાર મળત. ! અરે ગુફાઓ ! સુંદર—રસમય કવિઓનાં વર્ણનોએ તમારા વીષે મને સ્નેહ ઉત્પન્ન કર્યો છે. તો તમે મને એનિઃસ્વાર્થ સ્નેહના બદલામાં આ સુંદરિની ખબર માત્ર નથી આપી શકતાં ?! સ્નેહ અરસ્પરસ છે એ કુદરતના એક મહાનિયમનું તમે ઉલં ઘન કેમ કરો છો ! જો તમે સંતાડિ હોયતો મને કહ્યું જ હોય ! હાય ! ત્યારે ક્યાં હશે ? એક દિન્નુ પોતાના ઘરમાં કે ભુવનમાંથી બ્હાર પણ ન નીકળે એને આમ વાંકી થયેલી વિધાતા એ અરણ્યવાસ કરવ્યો ?—

ભુવન બ્હાર પગ નવ ધરિયો તે ભમતી હશે વનમાં
ધૈર્ય દુઃખીને દે તે આજ મુઝાતિ હશે મનમાં !
મૃદુ શય્યા સ્થળ શિલા શયનમાં શું હશે આશનમાં ?!
સુંદરિ! સારાં વસ્ત્ર હશે કે હાય! નહિ તનમાં?
ગોળ સકોમળ કંકણ સ્થળમાં બેડી હશે કરમાં !
પંજરગત, પ્રમદા! કે ભમતી ! વન વન વનચરમાં !
વૈભવ વિચાર તજી ભ્રમણમાં ભુલી પડેલી ભામની !
દિન જાય ક્યમ વળિ કામની જાતી હશે ક્યમ જામની ?
ચંદ્રમુખી ! સખી ચકોર વૃંદ ઉદાસી રહું બેસી,
નિરાશી, મેઘની કરૂં પ્રાર્થના હું ચાતક વેશી !

(ગુલાબસિંહ અને લાલસિંહ પ્રવેશ કરે છે.)

લાલસિંહ—ભાઇ, તમોરે ક્યાં રહેવું !

ભાનુ—હું વિબુધનગરમાં રહું છું. તમે કોણ છો?

લાલ—હું એક શરાફ છું, ને આ એક જ્યોતીષ શાસ્ત્રમાં પ્રવીણ-વિદ્વાન બ્રાહ્મણ છે.

ભાનુ—વિબુધનગરથી આટલે આવતાં વચમાં રસ્તો બહુ વિકટ છે નહી વારૂં ?

લાલ—હા જી;

ભાનુ—ત્યારે તમારે કંઇ રોકડનાણું વીગેરેનું જોખમ લાવવું કરવું હોય ત્યારે બહુ વિટંબના પડતી હશે! અહીં લૂંટારાનો ભય બહુ લાગેછે!

લાલ—કેમ વારૂં ? તમારૂં કંઇ લુંટાયું?

ભાનુ—ભાઇ, લૂંટાયું છે તે મન જાણે છે. કંઇ કહી શકાય તેમ નથી.

લાલ—(ગુલાબસિંહને સાન કરેછે કે ભાનુંશંકર તે આ જ છે.) જુઓ, તમે ગભરાઓ નહિ, તમારૂં જે લૂંટાયું હશે મળશે!

ભાનુ—હેં મળશે? મળશે? કયારે મળશે? હું આ શેહેરમાં તદન અજાણ્યોછું; મને જરા ભોમીઓ કરશો?

લાલ—તમે ગભરાઓ નહી, તમારો ઉતારો અમારે ત્યાં રાખજો. તમારી બરદાસ રાખીશું.

ભાનુ—ગોકળપુરમાં આવા સભ્ય ગ્રહસ્થો રહે છે, એવું હું જાણતો નહોતો.

લાલ—અહીંના લોકો એકલા સભ્યજ છે એમ નહી, પણ વિદ્વાન પણ તેટલાજ છે! આ જોશી મહારાજનો દાખલો જુઓ, મનમાં ધારેલો પ્રશ્ન કહી દેશે! એમણે વીશ

વરસ કાશીમાં રહી અભ્યાસ કર્યોછે, દેશ દેશના વિદ્વાનો ને હરાવ્યા છે, જુઓ હમણાંજ તમને એ વાતનો ચમત્કાર દેખાડશે!

ભાનુ—(મનમાં) અને એવા વિદ્વાનનું મેં શું નામ પણ નથી સાંભળ્યું? એ સંભવિત હોય? આ બીચારા કોઇ ભોળા લોકો છે.

(પ્રકટ) હશે, ભાઇ.—

१ पूर्वदत्तेषुया विद्या पूर्वदतेषुयद्धानम, पूर्व दत्तेषुया भार्या अग्रे धावति धावति.

કેમ જોશી મહારાજ ખરૂંને ।

ગુલાબસિંહ—(મનમાં) આપણુ ક્યારે આ શીખ્યા છીએ! પણ હવે જવાબ શો આપવો ?

લાલસિંહ—(ગુલાબસિંહની મુશીબત સમજી જઇ વચમાં બોલે છે.) હાજી; આપનું કહેવું ખરૂંછે. જોશી મહારાજ ઝાઝું બોલતા નથી એ એમનામાં એક ખામી છે, નહી વારૂ?

ભાનુ નાના; તે કંઇ ખામીના કહેવાય. સાધુ પુરૂષો પ્રસંગ વગર બહુ બોલી પોતાના ગુણનો પ્રકાશ કરવામાં હલકાઈ સમજે છે. પુષ્પો એમ કંઇ કહેતાં નથી કે અમારી સુગંધતો જુઓ ! તેમ છતાં પવન એને ફેલાવે છે, તેમ;—

सज्जना एव साधूनां प्रथयन्ति गुणोत्करम्

કેમ મહારાજ ?

---

૧ પુરવ કર્મ પ્રમાણે વિદ્યા; ધન, અને સ્ત્રી આગળ આગળ દોડે છે—મળે છે.

ગુલાબ—(મનમાં] હવે બોલ્યા વગર છૂટકો નથી. [પ્રકટ] હા—

લાલ—ચારૂ ચલો જોશી મહારાજ બોલો આમનું નામ શું હશે ? [જરા ખોંખારે છે એમ કરીને સાવધ રહેવાનું સુચવે છે]

ગુલાબ—એમનું નામ—મ. ઊપર. ભાનુશંકર આવે છે !!

ભાનુ—[મનમાં] આહો ! આતો એક અજાયબી ! અદ્યાપિ સુધી હું એમ ધારૂં છુંકે અસલની જ્યોતિષવિદ્યા આર્ય લોકોએ ગુમાવી છે ! ગણિત પરથી અમુક અનુમાન આ પ્રમાણે કરવું એમ સુચનાઓ જ્યોતિષ શાસ્ત્રમાં ઠેરઠેર જોવામાં આવે છે ખરી, પરંતુ એ શાસ્ત્રકારો એ—સ્વાર્થથી—અજ્ઞાનથી—એ શાસ્ત્રને બ્હોળો ફેલાવો ન આપવો એવી સંકુચિત બુદ્ધિથી—કે કોણ જાણે શાથી, એ અનુમાનનાં પ્રયોજનો—કારણો સંતાડી રાખી, એ શાસ્ત્રને લગભગ હમેશને માટે નષ્ટ કર્યું છે !! એક સરસ વિદ્યા, એક શરસ કિસ્સો, કોઇ ઉત્તમ હુન્નર, બાપ જાણતો હોય પણ પોતાના છોકરાને શીખવાડયા વગર મરી જાય, એવો આપણામાં વખત હતો—એ **વખત**થીજ, જેઆ શાસ્ત્ર કદી પણ હયાતીમાં હોયતો, નષ્ટ થઇ ગયુંછે! પણ ખરૂં પૂછાવો તો આવા અનુમાનીઆ શાસ્ત્રની જરૂર શીછે ? ભવિષ્ય જાણવાનું પ્રયોજન નથી, ને જણાયતો તેથી લાભ કરતાં હાની વીશેષ છે. પણ ત્યારે આ જોશી મારૂં નામ શીરીતે લેછે. ? શું આનષ્ટ થયેલા શાસ્ત્રનો પુન-રૂદ્ધાર કંરવા કોઇ નરરત્ન પાકયો ? પણ મને બરોબર આ માણુનીસ ખાતરી કરવાદો !

ગુલાબ—ભાઇ, શા વિચારમાં પડયા છો ?

ભાનુ—જોશી મહારાજ, મારૂં ચિત્ત હાલ કેવી સ્થીતિમાં છે ? !

ગુલાબ—તમારૂં ચિત્ત એક પદાર્થપર ચોટયું છે !

ભાનુ—જડ પદાર્થ કે ચૈતન્ય ?

ગુલાબ—ચૈતન્ય— લોને વળી પૂરે પૂરૂં કહીદઉં—ઉભારહો, ગણુવાદો. પ-પ-પદ્મ-પદ્મકુમારી પર ! !

ભાનુ—જોશી મહારાજ અવધી થઇ ! ! ! હવે મારી ખાતરી થઇ કે આપ કોઇ મહા સમર્થ વિદ્વાન છો. હવે કૃપા કરીને મારાં માતા પિતાનાં નામ આપના પવિત્ર મુખેથી બોલીદો !

ગુલાબસિંહ—એતો અમારાથી ન કહે—

લાલસિંહ—ના, ના; કહી શકાશે. તમે એમને ઘેર મળજો.

ભાનુ—એમાં કેટલીવાર લાગવાની છે ? તેમ છતાં એમ આપની મરજી હોયતો એમનું ઠેકાણું બતાવશો તો હું ત્યાં આવીશ.

(મનમાં) ઓહો ! આમાં કંઇક પોકળ લાગેછે ખરૂં

ગુલાબ—(લાલસિંહને કાનમાં) આ બધું જવા દઇને ચાલતા થઇએ તો ઠીક ! ઇનામ ઉંધી ગયું ! !

લાલ—તમે 'પાન બજારમાં' એમને મળજો.

ભાનુ—વારૂ, એમનું નામ ?

લાલ—એમનું નામ—એમનું નામ—

ભાનુ—(મનમાં) અહીં કંઇ ચરચાએલી વાત પરથીજ અમારા બે જણનાં નામજ માત્ર આ લોકો જાણે છે, એમ લાગે છે. વળિ પોતાનું નામ પણ જૂઠું આપવા આ વખત લગાડે છે !

લાલ—એમનું નામ હરિદત્ત જોશી !! નામ પૂછી ને આવજો; જરૂર આવજો.

(બંને જાયછે).

ભાનુ—[મનમાં] આ સૃષ્ટિમાં અનેક પ્રકારના માણસો નજરે પડે છે. સજ્જનોની સંખ્યા બહુનાની છે; માટે કોઇનો પણ વિશ્વાસ કરતાં પ્હેલાં વિચાર કરવો જોઇએ. આ રાજ્ય વિષેતો વળી પૂછવુંજ નહિ. જ્યાં અધિકારી વર્ગજ ન્યાયને—પ્રમાણિકપણાને ઓળખતા નથી, જ્યાં નાના નોકરોપર મ્હોટા અમલદારોની દેખરેખ નથી, જ્યાં લાંચિયા, લુચ્ચા, ખુશામતિયા, રાજનીતિનો એકડોપણ આવડે નહિ એવા નીચ પ્રકૃતિના—ક્ષુદ્ર સ્વભાવના માણસો, વગવસીલાથી મ્હોટી જગાઓ સાધી બેઠા છે, ત્યાં રૈયત પણ સારી હોય એ કેમ મનાય ? એવા દુર્ગુણી મનુષ્યો સાથે કામ પડતાં લોકોને પણ તેમનો પ્રસંગ બેસે ને તેપણ 'દેખે એવું કરે!' જ્યાં પોકળ એટલા બધા સુધી ચાલ્યું ગયું છે કે મદનસિંહ જેવા બ્હારવટીઆ જુલમ કરી પ્રજાને કનડે છે—રસ્તે જતા મુસાફરોને લૂટે છે, ત્યાં સજ્જનો રસ્તામાં ફરીજ કેમ શકે ? ! આ કળિયુગમાં સજ્જનોજ કયાં છે ? ! જેમ પથરા, ઇંટાળા, ને કોયલાની સંખ્યાને હીરા ને રત્નોની સંખ્યા જોડે સરખાવતાં એક બહુ મ્હોટો ને એક છેક નાનો એવા ભાગ પડે છે, જેમ કાગડા સ્રૃષ્ટિપર અસંખ્ય હશે, ને કોયલ પક્ષી કવચિત્ જોવામાં આવે છે, તેમ સજ્જનો ભાગ્યે કોઇ સૃષ્ટિમાં ખુણામાં પડયા હશે; અને દુઃખે પોતાનું આયુષ્ય પુરૂં કરતાં હશે ! પણ હવે હુંતો પર્યટન કરી, રખડી, ભટકી, મારો સ્વાર્થ સાધવાને બેઠો છું, તેથી સજ્જનો મળશે,

દુર્જનો ભગશે, માન અપમાન થશે, કષ્ટ પડશે, અને ઇચ્છિત કાર્ય ફળિભુત થવામાં કદાચ્ થોડો વિલંબ પણ લાગશે. કરવું કેમ ?–

(ઉત્તમરામ પ્રવેશ કરેછે)

ઉત્તમરામ–ભાઇ, આપનું નિવાસ સ્થળ આ નથી જણાતું!

ભાનુ—(મનમાં) આ કોઇ કેળવાયલા ગ્રહસ્થ છતાં એકદ્દમ મને પૂછેછે એ અજાયબી ! (પ્રકટ) હું વિભુવનગરનો રહીશ છું. આપ કોણ છો ?

ઉત્તમ—હું વિધાર્થીછું. એમ. એ. ના અભ્યાસ માટે "ટર્મ" ભરૂંછું આ મ્હારૂં વતન છે. થોડો વખત થયાં મુંબઇથી અહીં ઘર સંબંધી કંઇ કાર્ય પ્રસંગે આવેલોછું.

ભાનુ—આપનામાંથી ઇંગ્રેજી કેળવણીએ આર્યત્વ એક અંશે પણ નષ્ટ કર્યું નથી, એ બહુ ખુશી થવા જેવુંછે!

ઉત્તમ—કેમ વારૂ ? કંઇ બરોબર સમજાયું નહીં ! એ કેમ પૂછવું પડયું ?

ભાનુ—આપે મને એક દમ બોલાવ્યો એ પરથી.

ઉત્તમ—હું સમજ્યો ! સમજ્યો ! ત્યારે શું ઇંગ્રેજી કેળવણી લઇને આર્યરૂઢી, તજી દેવી ? ઇંગ્રેજોના ગુણોના ગ્રાહક થવું, પણ એમની મુર્ખાઇ પણ સ્વીકારવી ! "ઇંન્ટ્રોડયુસ" થયા વગર ન બોલવું એ અંગ્રેજોમાં એક જંગલી રિવાજ છે ! સુધરેલી પ્રજામાંએ એક કલંક છે માણસને જોઇ માણસે મુંગા રહેવું એ માણસાઇ નહીં પણ જનાવરપણું લાગે છે ! કોણ જાણે આપણા હિંદના વતનીઓમાં, આ કઢંગો રિવાજ કયાંથી પેસી જવા પામ્યો છે ? ! ! આ વિષે લખાણ કરતાં તમારાજ શહેરના વતની મી. ભાનુશંકરે થોડા વખત પર પ્રજાની ખાતરી કરી આ-

પી હતી કે અંગ્રેજોના ગુણને દુર્ગુણોની પરિક્ષા કરી ગુણુ-જ સ્વીકારવા. એ પરિક્ષા કરવાનો વીધિ કેટલાકને બહુ અઘરો લાગે છે, કેટલી વખત એમ કરતાં ભિન્ન મત પણુ લાગે છે, પરંતુ સાધારણુ રીતે સર્વમાન્ય ગુણો હોય તેજ ગ્રહણુ કરવા. એમના એ મતને હું અનુસરતો છું. થોડી વયમાં, બી. એ. ની કેળવણી સુધીજ જોકે તેમનો અભ્યાસ છે, પરંતુ પછીથી ગીર્વાણુ ભાષાનો અભ્યાસ ચાલુ રાખવાથી અસલ આર્યધર્મનો પુનરૂદ્ધાર કરવા માટે એ પરાક્રમી પુરૂષ ભાગ્યવાન્ થાય એવાં એનાં ચિન્હ જણાય છે !

ભાનુ—આર્યધર્મનો પુનરૂદ્ધાર થશે ? !

ઉત્તમ—"થશે" એમ કેમ પૂછોછો ? કેળવણી રૂપી કલ્પતરૂનું બીજ ઉદારવૃત્તિના, દીર્ઘદર્શી, બહાદુર ઈંગ્રેજોને હાથે રોપાયલું છે; તે ખીલશે, અને તેમનેજ સુખકર થઈ પડશે ! કેળવણીએ ઈંગ્લંડ જેવી મહા પ્રજાઓને સ્વર્ગસુખ આપ્યાં છે ને ભવિષ્યમાં આર્યસ્થાનને પણુ આપશેજ ! કેળવણીએ અન્ય દેશમાં રત્નો પેદા કર્યાછે તેમ આર્ય ભુમિમાં કરવા માંડયાં છે ને ભવિષ્યમાં પણુ કરશે !

ભાનુ—પણુ હજુ આપણા દેશમાં કેળવણી કેટલી ઓછી છે ? !

ઉત્તમ—પણુ કેટલી ઝડપથી વધે છે, એનો તો વિચાર કરો ! તમે વિબુધનગરમાં રહીને આવા પ્રશ્નો કરો છો, એ બહુ અજાયબ થવા જેવું છે ! તમારે ત્યાં અઠવાડિયામાં એક વખતતો અવશ્ય મ્હોટી એક સભા થાય છે એ હુ જાણુંછું, તેમાં તમારા શહેરના મ્હોટા વિદ્વાનો શાસ્ત્રીઓ, ભાગ લેછે. તમારા શહેરના લોકોમાં આગળ વધવાની એટલી બધી ચાલાકી સાંભળીએ છીએ—વાંચી-

એ છીએ કે આ બાજુનાં ગામોમાં વિશુધ્ધનગરને અમે અગ્રેસર ગણીએ છીએ! એવા શહેરના વતની છતાં, તમારા મ્હોંપરથી જાણે નુર ઉડીગયું છે, તમે જાણે નાસિપાસ થયેલા લાગોછો! માટે એવી સભાઓમાં તમારે ભાગ લેવો, જોઈએ.

[ટપાલનો પટાવાળો પ્રવેશ કરે છે.]

ઉત્તમ—કેમ? નૂરમહમદ! કાગળ કંઈ છેકે?!

નૂર—હા; સાબ; હે. એ લો. એક, દો, તીન, ચાર, ઔર એ 'ન્યુસપેપર' આપકે હે—ઔર એ કાગજ આપકે વ્હાં "ભાનુશંકર"કુ દેનેકા હે.

(ટપાલ વાળો જાયછે.]

ઉત્તમ—ભાનુશંકર મ્હારે ત્યાં?!! છાપતો 'વિશુધ નગર' ની લાગે છે! જોઉં, મને આ બીજા પત્રો વાંચવાદો. તેમાં કંઈક એ વિષે હશે. આ રહ્યો વિશુધનગરનો એક મારો પણ પત્ર! (વાંચે છે.)

"**પ્રિયમિત્ર**—મારામિત્ર ભાનુશંકરને એકાએક પોક-
"ળપુર આવવું પડયું છે. મને મળવાનું પણ બની શકયું
"નથી. એ ત્યાં આવે તે પ્રથમજ—આ પત્ર પહોચે તો—
"ખબર કહાડી એમની યોગ્ય બરદાસ રાખશો. જરા સ્વ-
"તંત્ર વિચારના હોવાથી એ ગમેત્યાં—કોઇ ધર્મશાળામાં
"પણ—પડી રહેશે. એમના સ્વભાવ વીષેતો તે દિવસે કહ્યું
"હતું, તેમ ન થવું જોઇએ. ટપાલનો વખત થઈ જવાથી
"ઉતાવળમાં આ પત્ર લખ્યોછે. વધારે વિગત કાલની ટપાલમાં

લી.
દર્શનાતુર,
અંબાશંકર."

ભાનુ—(મનમાં) [અંબાશંકરને હું ગયો એવી ખબર તુરત પડી હશે, તેથી આ કાગળ આજની ટપાલમાં આવી શકયો. હવે મ્હારી સ્વતંત્રતા નષ્ટ થઇ ! હું ગમે ત્યાં ફરી, ગમે તે રીતે તપાસ કરત. એકનો આમને બધું કહેવું પડશે. હશે, પણ છેક નિરાધાર રખડવું એ પણ કંઈ ઠીક હતું ? અંબાશંકરે યોગ્યજ કર્યું હશે.)

ભાનુ—ભાઇ, એ જોડેનો પત્ર મ્હારોજ છે.

ઉત્તમ—શું ભાનુશંકર આપ પોતેજ ! ! અને આ પ્રમાણે આમ અતડા રહેવાનું પ્રયોજન ? ! ! ભાનુશંકર આપજ ? ! હું પણ કેવો મુર્ખ કે પ્રથમ નામજ ન પૂછયું ? ! આ ભૂમિપર આપ સમા પવિત્ર નર ને લાવનાર કાર્યમાં પણ કંઇક મહત્વતા હોવી જાઇએ. ભલે, ચાલો.

ભાનુ—માફ કરજો. મનની વ્યગ્ર સ્થીતિ, વિવેક ભૂલાવે છે. પણ.–

ઉત્તમ—આપના બોલવામાં કંઇક ગંભીર અર્થ હશે; વારૂ, ચાલો મ્હારે ત્યાં પધારી મને ભાગ્યશાળી કરો, નિવૃત્તિએ મને બધું કહો. હવે આપ પરતંત્ર છો એમ જરા પણ વિચાર લાવશો નહીં. મારૂં ઘર તે આપનુંજ નિવાસસ્થાન સમજો. મને કૃતાર્થ કરો ! હું સજ્જન હોઉંશ કે દુર્જન પણ ઉત્તરરામચરિત્રમાંથી એક વાકય બોલી આપની આગળ પુનરૂક્તિ કરવાદો કે

[1]सतां सद्भिः संगः कथमपिहि पुण्येन भवति ।

ભાનુશંકર ! આપ મને એક પરદેશી તરિકે ભલે લાસ ગણીલો, પણ મનેતો આપના માત્ર નામ સ્મરણથી

---

૧ સાધુ પુરૂષોનો, સાધુ પુરૂષો જોડે સમાગમ કોઇ પૂર્વના પુણ્યથીજ થાય છે.

આનંદ થતો હતો ! અંબાશંકરથી મ્હારૂં હૃદય ભિન્ન નથી. અને અંબાશંકરના આપ મિત્ર છો; માટે એમના જેટલો વિશ્વાસ મ્હારામાં મૂકો.

ભાનુ—અંગ્રેજી કેળવણી પામ્યા છતાં અસલના આપણી આર્યોનો અતિથિસત્કાર જોઇ મ્હારૂં હૃદય આર્દ્ર થાય છે ! ભાઇ ! તમારા શબ્દો તમારા અંદર રહેલા શુદ્ધ અંતઃકરણનું સ્પષ્ટ સુચન કરે છે. પણ હું જે કાર્યને અર્થે આવેલો છું તેમાં ફક્ત એકલો હઇશ, તો ફાવે ત્યાં હવાની પેઠે ઉડી શકીશ ! હું ગમે ત્યાં રખડીશ, ફાવે તે કષ્ટ સહન કરવાનું માથે લઇશ, તેમાં તમને દુઃખ દઉં એ તમારા સત્કારનો ખોટો ઉપયોગ કર્યો ગણાશે.

ઉત્તમ—(મનમાં) (ભાનુશંકરને કંઇક બહુ ઉંડો ઘા લાગ્યો હોય તેમ જણાય છે. પણ હવે એમના મનનું સમાધાન કરવું જોઇએ) (પ્રકટ) ભલે, તો હાલતો ચાલો.

ભાનુ—કાર્ય સિદ્ધિ થશે ખરી ?!! હાય ! મ્હારા દુઃખની આપને શીરીતે ખબર પડશે ?! મને આ ભુમીનાં જંગલો, ગુફાઓ જોવા, વાહન આપવા શ્રમ લેજો. ભાઇ, ઉત્તમરામ ! આપનું લગ્ન થયું છે કે નહિ ?

ઉત્તમ—નથી થયું, આપણામાં ઉલટી રીતિ છે. મૂર્ખ--અભણ--ગાંજાખોરિયા--આડંબરી-ભાંગ પીનારા-પણ જો 'કુળવાન' હોયતો તેમને ચાર ચાર પાંચ પાંચ સ્ત્રીઓ મળે છે ને તેઓ દુઃખે જીંદગી ગુજારે છે; શું કરિયે ! મુળ ઘાલીને પેઠેલા કુચાલોનું હજુ કેટલું આયુષ્ય બાકી હશે એ કેમ કળી શકાય ? હું આપના વિશુધનગરમાંજ પરણુત અને તે વળી એક ભણેલી વિદ્વાન કુમારિકા સાથે; પરંતુ એના ઘરમાં ક્લેશ જેવું હતું, તેથી મ્હારા પિતાની સંમતિ

ન મળી, અને અમે કુળમાં જરા હલકા તેથી ત્યાંથી પણ સંમતિ ન આવી–ઇશ્વરેચ્છા ચાલો, આ સામે મ્હારૂં ઘર આવ્યું; ત્યાં નિવૃત્તિએ વાત કરીશું. પછી આપને ગાડી જોડાવી આપુંછું; જ્યાં જવું હોય ત્યાં સુખે જજો (જાયછે)

પ્રવેશ ૧૦ મો.

પદ્મકુમારી ભોંયરામાં

પદ્મ—

લખિયા લેખ ન મિથ્યા થાય આ જગમાંહિ જનેઃના-
બારે દુઝાયે દુઃખથી, મનમાં મુઝાયે; પણ નવ ઉપાય કાંઇ
કરાયે જનથી—લખિયા.

પ્રેમ સરોવરમાં પ્રીતે, કરવા ધાર્યું સ્નાન..
સ્થીર જળમહિં વમળને વિધી તણું તોફાન!
બાનુ ભુલાવી આહા નજર ચુકાવી, ભૂંડી વિધી મને
ક્યાં લાવી સ્થળ આ?......લખિયા.

ભ્રમર વિચારે કમળમાં, પ્રાતઃસમે સુખ થાય,
કમળવૃંદ વિધી લેખથી, હિમ પડી મરી જાય!!
આહા જગમાંહિં દુઃખિને આશાએ બાંધી, સાંધી પ-
છી શું આમ દુખોદે વિધી!......લખિયા.

આહા! હું તો ધારતી હતી કે આ લગ્નસમય આઘો આઘો જાય છે એ એક મહા કષ્ટ છે. પણ એથી આ સંકટ વધ્યું! અને હજુ ક્યાં જઇશ, શું થશે, એ કોને ખબર? અરે રે! હવે હું નહીં છૂટું? ખુલ્લી હવામા ફરવાનું સર્વ પ્રાણીઓ માટે સરજાયલું છે, ને મારે આ કેદખાનું એવા શા અપરાધો મેં કર્યા હશે? ખરે પો-

પટના ગુણોજ એને દુષણ રૂપે થઈ કેદ અપાવે છે! સ્રીને રૂપ ઘણીવાર દૂષણજ થઇ પડે છે:—

¹स्वफल निचयः शाखा भंगं करोति वनस्पते
र्गमन ममलं बर्हाटोपः करोति शिखण्डिनः ।
चतुर गमनो जात्योयोऽश्वः स गौरिव वाह्यते
गुणवतिजने प्रायेणैतेर्गुणाः खलु दूषणम् ॥

હાય! ત્યારે જે પુણ્યના પ્રતાપે વીધિએ આ રૂપ મને આપ્યું, અને જે પાપ વડે આ દુખ દીધું, એ બન્નેની બાદબાકી કરી, વધે એટલુંજ સુખ મને આપવું હતું !

(મદનસિંહ છાની રીતે પ્રવેશ કરી હવે બધું સાંભળે છે.)

પણ એ વીધિના નિયમો કંઇક જુદાજ હશે. મને તો અહીંથી ગમે તે યુક્તિથી છૂટકારો થાય એટલે સર્વે સુખ મળ્યું! ભાનુશંકર ? હાય! તમારી સ્થિતીનો હું વિચાર કરી શકું છું ! તમે મુંઝાશો–ગભરાશો. મહારા કરતાં મોટા કેદખાનામાં, અંધકારમાં તમે હશોજ! પણ તમને ખબર થઇ હશે ?! હાય ! કાકા ! તમેજ આ દુખનું કારણછો! જો તમે સંમતિ આપી હોતતો આ ત્રણ જણ મને ઘસડી લાવત નહીં, અને એ ઘસડી ન લાવત, તો

---

૧ પોતાનીજ ફળો વનસ્પતિની શાખાને ભાગવા—નમાવવા કારણ રૂપ થઈ પડે છે; મોરનાં પોતાનાંજ પીછાંનો ભાર, એની ગતી મંદ કરી નાંખે છે; સારી જાતના ને સુંદર ઘોડાને બળદ પેઠે જોડવામાં આવે છે. એ પ્રમાણે સજનોના ગુણો એમનેજ દોષ રૂપ થઇ પડેછે ॥

હાલ આ દુષ્ટના કબજામાં—આ અંધકારથી ભરેલા બોંયરામાં, હું શા માટે હોત ! ? અરે ! આ બાબતના એ મને સમાચાર કોણ પહોંચાડે ?

મદનસિંહ—(મનમાં) (ઠીક! હવે વળી વધારે સ્પષ્ટ રીતે બધું સમજાયું! ભાનુશંકરની સાથેજ આને પરણવું છે એ નક્કી લાગેછે?!!? દુશ્મન ઠીક હાથમાં આવ્યો ! નસીબની ખૂબી ન્યારી છે.

(પ્રકટ) છોકરી તું શા વીચાર કરે છે ?! અપમાન કરવાનું છોડી દેતાં શીખી ?!

પદ્મ—મેં તમારૂં અપમાન નથી કર્યું, ને કર્યું હોય એમ લાગતું હોયતો માફ માગું છું.

મદન—બસ! ફકત એટલાજ શબ્દો નમ્રતાથી બોલે, તો લે આ હું હજારવાર તારી પાસે માફી માગું છું !! તું કહે તે આ વખત હાજર કરૂં !

પદ્મ—ભાઇ, મારી સ્વતંત્રતા મને આપો, તે સિવાય મારે કશુંયે જોઇતું નથી.

મદન—સુંદરી! આ સ્વર્ગભુવનમાં પાછી તને મોકલુંછું! બસ ?!

પદ્મ—ના, ભાઈ; મારેતો વિભુધનગર જવું છે, તમે એમ કરીને મને, ક્ષત્રી થઇને છેતરશો ! તમે મને વિભુધનગર મોકલવાનું વચન આપ્યું છે.

મદન—પણ આ બંગલામાં કઇ ચીજની ન્યુનતા છે! થોડા દીવસ રહીશ એટલે તને ગમશે. મારા વૈભવથી અજાણ છે ત્યાં સુધીજ બક બક કરીશ, સમજતો ખરી?

પદ્મ—ભાઇ. મારાથી એમ સમજાશે નહી. મને અહીં નહીં ગમે.

મદન—(મનમાં) કંઇક સમજશે એમ લાગે છે ખરૂં હો)(પ્રકટ) જો, આ દુનિયામાં એવી કોઇ પણ ચીજ નહિ હોય કે જે મ્હારે આધિન નહિ હોય. માણસો તો શું, પણ પશુ પક્ષીને આ જડ પદાર્થો પણ મારી મરજી ઉઠાવે છે !! એ મ્હારૂં સામર્થ્ય તને હાલ જણાવું છું. મ્હારા પરાક્રમથી મેં માણસોને વશ કરી લીધા છે ! દુષ્ટોને કપટ જાળથી નમ્ર કરી ગુલામ બનાવી રાખ્યા છે ! રાજાઓને અને રાજ્યના અધિકારીઓને પ્રપંચના પ્રાબલ્યથી એવા બનાવી દીધા છે કે એ મ્હારીજ આંખે દેખે છે ! કીમિયાથી હું કુબેર ભંડારીથી અધીક દ્રવ્ય કમાયો છું ! જાદુથી, પશુ પક્ષી અને આ પર્વતો પણ મ્હારા તાબામાં છે !! જો મ્હારો ચમત્કાર ! આ સામેનો પર્વત આવડો મ્હોટો છતાં ભાગી જશે—તેએના કકડા પેલા સમુદ્રમાં જઇ પડશે !! જો:—એક; બે; ત્રણ. ! ! !

(ગોઠવી રાખેલા પર્વતના તદબીરથી કકડા કરે છે. પદ્મકુમારી મ્હોટા બડાકા થતા જોઇ વિસ્મય પામે છે-ડરે છે.) વળી સાંભળ ગભરામાં મંત્ર, જંત્ર, ઇંદ્રજાળ, એ વગેરેમાં હું કેટલો પ્રવિણ છું તે જો બતાવું—

[સીસોટી વગાડે છે; એટલે ભૂતોનું ટોળું બધું ત્યાં આવી નાચવા કુદવા મંડી જાય છે. થોડીવારે પદ્મકુમારી બહુ બીહી જાય એમ ધારી પાછું અદૃશ્ય કરે છે.)

પદ્મ—પણ આ બધાંને જોવાની મ્હારી કંઇ ઉત્કંઠા નથી. મ્હારે તો ફક્ત ઘેર જવું છે.

મદન—છોકરી ! આટલી ખુશામત કર્યાં છતાં ખુશ નથી થતી ?! શું લોકો કહે છે કે પ્રેમનો અરસપરસ છે ને! હુ તને કેટલો બધો ચાહું છું, તેના બદલામાં તું મને આમ ધિઃકાર છે ?!

પદ્મ—"પ્રેમ" ને વળી "ચાહુંછું" એવા શબ્દો બોલી વાચિક પાપ શામાટે નિરર્થક કરોછો ?'

મદન—તું ગમે તેમ સમજ ! તને અહીં લાવવાનું પ્રયોજન તારી જોડે લગ્ન કરવાનુંજ છે, સમજી ?!!

પદ્મ—બેસ. બેસ, બેવકુફ ! સ્ત્રીજાતિની ઇચ્છા ઉપરાંત શીયળવ્રત કોઇ દિવસ ભાગતું નથી ! તું ગમે તે હોય, મ્હોટો રાજા હોય, મ્હારે શા કામનો ? જેના ઉપર મ્હારૂં ચિત્ત ચોટયું હોય તે પુરૂષ સિવાય દુનિયાના સર્વ અન્ય પુરૂષો મ્હારા ભાઇ બરોબર છે ! તારી દોલત, તારૂં પરાક્રમને તારી આવિદ્યામાં ધૂળ પડી ! પરસ્ત્રીને મા બેન સમાન નથી ધારી તો તે પુરૂષની સમૃદ્ધિ, વૈભવ, ને વિદ્યા ઉલટાં બોજારૂપ—હાનિકારક છે. આક્ષણ ભંગુર દેહમાં રહી, જે આત્મા ઇંદ્રિય સ્વાદ સુખમાં નિમગ્ન રહે છે, તેની અધોગતિ થાય છે. ક્ષુદ્ર બુદ્ધિના પુરૂષો કે ક્ષુદ્ર બુદ્ધિની સ્ત્રી એોજ ક્ષણિક સુખ માટે સર્વોત્તમ મોક્ષ સુખનો ત્યાગ કરે છે. એક સ્ત્રીથી પુરૂષે અથવા એકજ પતિથી સ્ત્રીએ સંતુષ્ટ ન થવું એ નીચ પ્રકૃતિનુંજ લક્ષણ છે.

મદન—આવું સાંભળી રહી શાંત રહે તે જુદા ! બસકર નહિતો—

પદ્મ—નહિતો શું ? પ્રાણ લેવા એથી અધિક તો તું કંઇ કરી શકે એમ છે નહિ. શીયળવ્રત સચવાય તો પ્રાણ ભલે જાય ! ધીમે ધીમે શરીરના કકડા કરીશતો શું ? અધમ ! પાપી ! જીવતી બાળી મૂકીશ તોપણ સહન કરીશ ! પણ તારા દુષ્ટ વિચારને કદી તાબે નહિં થવાય !

મદન—અરરર !! મારા ઉપકારનો આ બદલો ?! એક પરાક્રમી ક્ષત્રીને આમ અપમાન ?! ચાલ, તૈયાર થા ! છો-

કરી ! આ તરવાર તને વિવેક શીખવા સ્વર્ગમાં મોકલે છે !!

પદ્મ—તૈયાર ! તૈયાર !! આવા દુઃખમાં મને સહાય કરનાર મૃત્યુ ! તું મને મિત્ર તરિકે થઇ પડીશ ! યમદૂતો ! વ્હાલાં સગાંમાં વિયોગ પાડો છો, એટલાથીજ હૃદયની ક્રુરતાનો ગર્વના કરશો ! વજ્ર ! કઠિણતાનો ગર્વ ન કરીશ ! તીક્ષ્ણ બાણો ! શસ્ત્રો ! તમારા સર્વ કરતાં વધારે ક્રુર આ રાક્ષસ છે, ફીકર ન કરશો ! એક નિર્દોષ સ્ત્રી પોતાનું શીયળવ્રત નથી ભાગી શકતી, એની જોડે વ્યભિચારવૃત્તિમાં જોડાતી નથી, એટલા માટે એનો અપરાધ ગણી, એનું ધડ જુદું કરવા તૈયાર થયેલો આ એક **ક્ષત્રીનો** હાથ છે, એવું સ્વર્ગમાં રહિને પણ જોનારા—પવિત્ર **રામચંદ્ર** જીના કુળના—ક્ષત્રિઓ ! તમને આ અઘોર કૃત્ય જોઇ કંપારી છૂટે તો બેઘડી સ્થીર રહેજો !! આંખે ન દેખી શકાય તો પાટા બાંધજો ! કાકી ! તમને હું છેલ્લી વખતનાં સંભારી લઉંછું ! તમારી બાળકીની આ અવદશા કોઇ છાપામાં આવે ને વાંચો તો અશ્રુ પાડજો ! કાકાશ્રી ! તમને હું અપરાધી નથી ગણતી ! મારૂં પ્રારબ્ધ વાંકુ તેથી મ્હારો આજ આમ અંત આવે છે !! ભાનુશંકર ! મ્હારી પ્રેમમૂર્ત્તિ ! હાય ! આપણો સમાગમ હજુ બીજા જન્મમાં થશે ! મરી ગઇ નથી ! હજુ તમારા હૃદયમાં જીવતી છું !! ગભરાશો નહિ—મૂઝાશો નહિ—સૃષ્ટિ દુઃખથીજ ભરેલી છે ! સુખીદંપતિ ચિત્રમાં કે ચોપડીઓમાંજ જોવા મળે છે !! બાકી ઘણાંજ થોડાં !

[બ્રહ્મચારી પ્રવેશ કરે છે.]

મદન—કેમ, શીવાનંદ ! તમે આ વખતે અહીં શી રીતે આવ્યા ? ત્યાં કંઇ નવા જુની થઇ કે શું ?

શીવાનંદ—મદનસિંહ ! તમારા વિના બધું ધૂળ ધાણી ! એકડા વગરનાં બધાં મીંડાં નકામાં ! આપણા ભીલોમાં માંહોમાંહે એક બીજાની નિંદા થાય છે. કોઇ કહે છે કે હીરીઓ ફૂટયો છે, ને કોઇ કહે છે કે બહુરિયો ફૂટયો છે.

મદન—પણ એમ થવાનું કારણ ?!

શીવાનંદ—કારણ બીજુ શું ? ભીલભાઇ તે ભીલજ !! વિશુધનગરથી અઘોરશંકર સુમતિગવરી વગેરે કંઇક—પોકળપુર ઘણું કરીને—જવા નીકળતાં હશે. તેમની જોડે બે ત્રણ માણસ બીજાં પણ હતાં. એમની પછવાડે હું—બ્રહ્મચારી જાત્રા એ જાઉછું એમ કહીને—નીકળ્યો. રસ્તામાં એમની પાસે શુંશું છે, એ તપાસ્યું ! આપણું મંડળ ખરે ઠેકાણે—ભૂતગીરિની ખીણમાં આવી પહોંચ્યું !

મદન—પછી લૂટયાં ને !

પદ્મ—(મનમાં) [હાય ! મરતી વખત કાકાને કાકીના આ માઠા સમાચાર ! અરે ! પણ તમે મ્હારી શોધમાં તો છો ?! કાકા ! પ્રથમના સમજ્યાને હવે શોધ કરવા નીકળ્યા છો ?]

મદન—કેમ શીવાનંદ ! તમે ગાભરા કેમ બની ગયા છો ?! સવિસ્તર કહો બધું.

શીવા—કંઇ નહિ. હા. પછી લૂટી લીધાં. દ્રવ્ય પુષ્કળ મલયું હોં !

મદન—પણ એમને જીવતાં કેમ જવા દીધાં ? તમે જાણતા નથી કે પોકળપુર રાજ્યનો સોળમો ભાગ જ્યાં સુધી મદનસિંહને મળ્યો નથી, ત્યાં સુધી રસ્તામાં જતા લોકોને લૂટવા, ગરદન મારવા, રાજ્યપર નવી નવી આફતો આણવી, માંહિ મળી જઇ બધી ખબર કહાડવી, રાજાને

જાણુ નથાય, એવી સાવચેતી રાખવી, દીવાનને લાંચ આપી કબજામાં રાખવો, અંદરથી લૂટારાને બ્હારથી રાજા જેવો દેખાવ રાખવો !

શીવા—હા. એ ભૂલ થઇ ખરી કે એમને જીવતાં જવા દીધાં. ખેર ! બીજી વખત હું નહિ ભૂલું ! હું જરા હજુ થોડા અનુભવ વાળો છું ! મને આ મંડળમાં દાખલ થયે બહુ વખત નથી થયો એટલેજ ભૂલ થઈ.

મદન—તમને અનુભવ થોડો છે પણુ તમે મારો વિશ્વાસ સંપૂર્ણ રીતે સંપાદન કર્યો છે, ફીકર ન કરશો !

શીવા—આપની કૃપાથી બધું છે. પણ હવે મ્હારૂં માનો તો આપને વિબુધનગર જવાની જરૂર છે. એ લોકો માંહોમાંહે લડી મરશે. ફાટાફુટીમાં બધા પકડાશે ! માટે જઇ આવી થોડા કલાકમાં પાછા આવો ! એમના ભાગ કેટલા કેટલા તે જરા નક્કી કરવાનું છે.

મદન—વારૂ, હું જાઉછું. પણ આ નાદાન છોકરીની બાબત તેમજ હાથમાંલો ! આમ આવો !

(શીવાનંદના કાનમાં કંઇક કહે છે.)

શીવા—ઠીક. બહુ સારૂં. એ કામ મ્હારાથીજ થવાનું! બે ફીકર રહો ! આમ આવ, છોકરી ચાલ ઇશ્વરસ્મરણ કરીલે !

મદન—શાબાશ ! મ્હારા બહાદુર વીર ! જો ક્ષત્રીની સોબતથી બ્રાહ્મણ છતાં શુરવીર થયો ! બ્રહ્મચારી મહારાજ રહ્યા હોત તો આટલો વૈભવ ને આટલું શૌર્ય આવત કે ?! ઠીક ત્યારે હું જાઉછું. [જાય છે.)

શીવા—(મનમાં) (શાબાશ ! શીવાનંદ મહારાજ ! સહિ સલામત ! પણ પ્રથમતો ખબર કહાડવા દો કે એ છોકરી તે આજ કે બીજી ! વિબુધનગરના દેવાલયમાં મેં એને તે દિવસે ભાનુશંકર સાથે જોઈ છે.)

(પદ્મકુમારીને અંધારામાંથી જરા બ્હાર ખેંચી લાવે છે.)

પદ્મ—મૂક! દુષ્ટ! હાથ છોડ ! ક્રુર! છેટેથીજ તરવાર મારી તારૂં દુષ્ટ કર્મ કર! લે, આ ઉભી!

શીવા—છોકરી ! જે હાથે તને સ્પર્શ કર્યો, તે બહુ પવિત્ર છે, એમ ધારજે! આ હાથે હજારો દરિદ્રી જનોને પુણ્ય કરેલાં ! છે આ હાથે પરસ્ત્રીસ્પર્શ અનુભવ્યોજ નથી ! આ હાથે પરધનમાંથી એક પાઇ સરખી ઉઠાવી નથી! આ હાથે **તારા સરખી** પવિત્ર બાળાઓને—એમના નિર્દોષ પણાને માટે **આશીર્વાદ આપ્યો** છે ! આ હાથે વર્ષોનાં વર્ષસુધી ગંગા તટપર રહિ, પ્રાત; કાળમાં શીવલીંગપર પખાળ કરેલો છે! શિવાર્ચન કરેલું છે ! આ હાથે લાંબા વખત સુધી દેવની આરતી ઉતારેલી છે! લૂટારાઓના ભેગો રહેવા છતાં હું એક ભકત છું એ નિશ્ચય ધારજે !

પદ્મ—ભોળી સ્ત્રીઓને ફસાવવાની આ મંડળી એક શાળા જણાય છે! મારે જીવીને ભૃષ્ટ નથી થવું—મરીને સુખી થવું છે.

શીવા—અહો ! આ કળિયુગમાં સત્ય ભેગું જૂઠનું મિશ્રણ ઘણું હોવાથી, અમુક બાબતમાં સત્યછે એ સમજાવતાં કેટલો પરિશ્રમ પડે છે! છોકરી ! તું શું કહુ તોમાને ?!

પદ્મ—ભાઇ, હું કોઇ રીતે તમારા પ્રપંચમાં નહિ ભળી શકું—

શીવા—તો, સાંભળ! અરે, ઉભી રહે—મને જોઇ આવવાદે—[જરા આઘે જઇ જોઇ આવેછે કે મદનસીંહ ગયો કે નહિં] જો હું સત્ય પૂર્વક કહું છું કે આ 'દુષ્ટ

મંડળ' માં હું ફક્ત કંઇ મ્હારાં ગુપ્ત કારણોને લીધેજ ભ જ્યો છું. હું એક બ્રહ્મચારીછું; ઇશ્વરનો ભક્તછું; અસત્ય પર મને દ્વેષ છે.

પદ્મ—જો તમે બોલોછો એ બધું ખરૂં હોય, તો એ તરવાર આમ મૂકિદો !—

શીવા—લે ! લે ! બસ ? એ ઠીક કહ્યું ! એના કડકા જોઇએ તો કર ! પછી તું નિશ્ચિત થઇશ ? બસ (આપેછે)

પદ્મ—અહો ! ભાઇ ! તમે કોઇ પરોપકારી પુરૂપ લાગો છો ! તમને કોઇ સ્ત્રીને આવા મહા સંકટમાંથી બચાવવી એ એક મહત્ પુણ્ય નથી લાગતું ?

શીવા—કોઇ સ્ત્રીનું શીયળવ્રત ખંડિત્ થાય તે સ્થળે જો **પુરૂષ** હોયતો તેણે શીર આપવું જોઇએ; એ હું સ્વધર્મ સમજું છું.

પદ્મ—ત્યારે મને અહીંથી મુક્ત થયેલી જોવા તમે ખુશી નથી ? !

શીવા—પણ તારા બચાવની ખાતરજ પરિશ્રમ કર્યો હશે તો ? !

પદ્મ—આહાહા ! ! જગદીશ્વર ! અંતર્યામી ! પણ, ભાઇ ! આપ કોણ છો ? !

(પાસે જઇ બરોબર જોઇને ઓળખે છે)

આહા ! બ્રહ્મચારી મહારાજ ! આપ પોતેજ છો ? આપના સામું અદ્યાપિ સુધી મ્હારાથી જોવાતું નહતું—કારણકે આપને હું એક મારવા મોકલેલા **'મારા'** તરિકે ગણતી હતી. આ સ્થળે આપ ક્યાંથી ? વળી શીવાનંદ નામ કોણે આપ્યું ? !

શીવા—પદ્મકુમારી ! બધું શંકરની ઈચ્છાથી થાય

છે. મ્હારી સવિસ્તર હકિકત કહેવાનો સમય આ નથી; એ સમય આવશે કે નહિ, એ પણ હજુતો શંકા છે; ઇશ્વરેચ્છાએ આવે એવી હું આશા રાખું છું. હાલતો ફક્ત મોતમાંથી તને બચાવવા આ પરિશ્રમ કર્યો છે.

પદ્મ—પણ સૃષ્ટિથી વિરક્ત પુરૂષ આમ આવા પરમાર્થમાં રોકાય એનું કંઇ પ્રયોજન હોવું જોઇએ! મહારાજ!

શીવા—પણ તે પ્રયોજન જરા પ્રથઃકરણ કરીને કહેવાનો સમયતો જોઇએને ? ! આ પ્રસંગ એ કાર્ય માટે અનુચિત છે. વખત પ્રમાણે વર્તન !

પદ્મ—વારૂ, આપણને વિષ્ણુનગર પ્હોચતાં કેટલો વખત લાગશે ?

શીવા— પદ્મકુમારી તારા ! પશ્નો શું સુચવે છે? હું મૂર્ખ છું ? તું આટલી બધી શંકાશીલ સા માટે થાય છે ?

પદ્મ—એક વખત ઠગાઇ; ઓલામાંથી ચુલામાં પડી, ને ચુલામાંથી વળી મ્હોટા ચુલામાં પડું! સ્ત્રી જાતિને પગ ભરતાં પહેલાં ખૂબ વિચાર કરવાનો છે, મ્હારાજ! ખોટું લાગે તો ક્ષમા કરજો! આપતો મ્હારા પિતા સમાન છો.

શીવા—ખોટું નહિ લાગે. શંકા દીર્ઘદષ્ટિ સુચવે છે. પરંતુ હવે આ વિલંબ થાય છે. એ ઠીક નથી. ચાલો!

(જાય છે.)

પ્રવેશ ૧૧ મો.

સ્થળ જંગલ—

છોટાલાલ; જીવરામ; રમણલાલ; ગુમાન.

જીવરામ—ઓ! એ! ઓ! એ! પાણી પીવું છે! પાણી પીવું છે!!

છોટાલાલ—કોણ બોલ્યું ?! ચુપ રહો ! નિરાંતે ઉ-પદ્માદો નહિંતો માર પડશે.

જીવરામ—અલ્યા ! વાણીયા ! કોઇ દહાડો છૂટા થઇશું હો ! હાલ છોડ ! પાણી જરા પીવાદે. વાણીયો થઇને બ્રાહ્મણને પાણીપણ નહિં પીવાદે તો શું સારૂં થશે ?!

છોટા—દુષ્ટ ! વિનય, નમ્રતા, ને હુકમનું મિશ્રણ કરી બોલવાનો પ્રપંચ શું કરવા કરે છે ?! પાણી પીવું હોહોયતો કંઇ છુટા થવાની જરૂર નથી. લે, હું આ પાસેના કૂવામાંથી લઇ આવું છું.

(પાણી લેવા જાય છે.)

જીવ—(ગુમાન, ને રમણને) આ વાણીયો, બીકણ છે, માટે કંઇ યુક્તિ કરીને બીવરાવીશું તો કદાચ છુટીશું—એ આવે એટલે વાઘ કે ભૂતની અને ભીતિ આપીએ.

છોટા—(પાણી લાવીને) લે, પાણી. પી !

જીવ—ભાઇ, હું બ્રાહ્મણ છું-હાથ ધોઇ, મ્હોડુ સ્વચ્છ કરીને અમારે પાણી પીવું જોઇએ ! માટે મને છોડો!

છોટા—નાદાન ! કોને સમજાવે છે ? જેનું અંતઃકરણ મલિન છે, તેના હાથ પગને આખું શરીર સ્વચ્છ હોય તોપણ શા કામનું ? તને બ્રાહ્મણ કોણ કહેશે ? બ્રાહ્મણને ઘેર જન્મ લેવાથી બ્રાહ્મણ થતો નથી. કર્મથી જાતિ બંધાયછે. તારાં માત પિતા બ્રાહ્મણ હશે, પરંતુ તુંતો કર્મથી મ્લેચ્છથી પણ મલિન છે—

જીવ—પણ પેલું કોણ આવે છે ?! હાય ! હાય ! વાઘ છે ! સિંહ છે !! હેં ! હેં ! રમણ ?

રમણ—અરે ! આતો ભુત જણાય છે !

છોટા—હાય ! હાય !! ક્યાં છે ?! ક્યાં છે ?! કઇ દિશામાં ? !

જીવ—અરે ! ઓ આવ્યું ! પાસે આવે છે ! છોટાલાલ છોડ મને ! હમણાં તને ઉપાડયો સમજવો ?!

છોટા—પણ કઇ બાજુ ? !

જીવ—પેલું સામે ! જો ! રમણ !

રમણ—હા, હા; ખરી વાત !

છોટા—પણ ત્યારે હું કંઇ જોઇ શકતો નથીને!

જીવ—છોડે તો બતાવું !

છોટા—ઠીક! અધમ પ્રાણિઓ! હજુ પણ મને ઠગો છો ?! હવે હું વધારે વાર નહિં લગાડું !

(ઝાડની સોટી ભાગી લાવીને મારવા માંડે છે)

છોટા—ચાલ જીવરામ! પ્રથમતો તુંજ ! લે ! એક ! બે ! ત્રણ! ચાર ! પાંચ ! ચાવીજા ! !

જીવરામ—અરરર ! ! ભુલ્યો ! માફ કરો ! હાય હાયરે ! આતો મારી ચામડી ઉપરથી આવેછે !!

છોટા—હવે મને ઠગજે ! ! હવે તું આવ ! (રમણને મારે છે.)

રમણ—મરી ગયો ! હાય ! હવે કદી આવું નહી કરૂં !! માફ કરો !

છોટા—હજુ તો ક્યાં તમારો છૂટકો છે? દુષ્ટો! તમારાં દુઃખતો હજુ શરૂએ નથી થયાં ! લે બીજી !

રમણ—હાય ! બસ કરો ! ગુમાન ! આ બધું હતારી સોબતથી ! જીવરામ તારી દોસ્તીનું આ પરિણામ ? ય ! હાય ! હું લક્ષાધિપતિનો છોકરો ! ને મને એક સાધારણ ગુમાસ્તો આ વખતે આમ મારે એથી શું વધારે ની

શું જોવાનું ?! ભાઇ, છોટાલાલ! મને માર ન મારે તો આ બન્નેની દોસ્તી આજથી છોડું !

છોટા—આટલેથી કંઇ પતવાનું નથી ! જેવો ગુન્હો તેવી શીક્ષા ! હજુ તો ન્યાયની અદાલતમાં હાથ કડી કરી ઉભા રાખશે, ત્યાંથી ન્યાય થયા પછી કેદમાં રાખશે, છાપામાં છપાશે, બાપદાદાનું નામ ગવાશે, કેદમાં સૂકો રોટલો ખાઇ મજુરી કરશો, ત્યારે ખબર પડશે કે "અનીતિ" નું શું પરિણામ આવે છે ! પણ હજુ આતો સૃષ્ટિમાંનીજ શિક્ષા !! ઉપરતો—

(પોલીસના સિપાઇઓ પ્રવેશ કરે છે.)

છોટા—નિરાંત થઇ ! ચાલો !

સિપાઇ—છોટાભાઇ ! તમને ફોજદાર સાહેબે મુબારકબાદી આપી છે ને જેમને તમે પકડયા છે તેમને અમારે સ્વાધિન કરવા કહ્યું છે.

છોટા—ભાઇ, ઉજાગરો કરીને આ ઝાડ સાથે બાંધી, સાચવી રાખેલા આ ત્રણ કેદી !! લેઇ જાઓ !!

(બધા ગાય છે)

સંસારનાં સુખ મુઢ મતીનાં ઘણાંક મનુષ્યને સત્ય જણાય!
વાનર હાથ હીરો ત્યમ જન્મ નિરર્થક જાય રહે હાયની હાય!!
તડકાની છાંયડી-ચડતીને પડતીને, લાગે છે રે જન કેટલીવાર ?!
વાદળીઓ વિખરાઇ જતાં જુઓ લાગે છે રે જન! કેટલીવાર!
યૌવન, કુસુમ, કુંપળ ખીલતાં, સુખ મગ્ન થઇ કેવું છે મલકાય !
મોત, પહોર, વસંત અહા ! તેને, અંત સમે કેવું છે લઇ જાય !
કુસુમની શય્યામાં વિવિધ વિલાસી તે કાષ્ટપથારી મહીંજ સુનાર!
શાલ દુપટ્ટાની હુંફથી કોમળ તનને આલીંગશે હાય અગાન!
નીતિનો સંચય-અમૃત કૂપિકા મોક્ષ સુધી સુખ મેળવનાર!

પાપી જીવોને મુઆ પછીથી આમ જમડા મોરેથકી કરશે પ્રહાર

—(મારે છે) આમ પ્રહાર—

ધર્મનો જય ! અધર્મનો ક્ષય !—સંસારનાં— (જાય છે.)

પ્રવેશ ૧૨ મો..

પદ્મકુમારીને બ્રહ્મચારી.

સ્થલ-જંગલ; એક નાળા આગળ-

બ્રહ્મચારી—પદ્મકુમારી ! બસ! હવે સહી સલામત છીએ ! હવે તું કારાગ્રહમાંથી છુટી! દુષ્ટના પંઝામાંથી મૂક્ત થઇ !

પદ્મ—મહારાજ ! આપનો ઉપકાર થયો ! કેદખાનાના ભોંયરાના બફારામાં રહેલી, અસહ્ય ચિંતાભારથી દુઃખદ સ્થીતિથાં રહેલી, સંસાર તાપથી તપેલી હું હવે આ નિર્મળ ઝરામાં સ્નાન કરી આપને આર્શીવાદ આપું એટલુંજ જોઇએ !

બ્રહ્મચારી—શાબાશ ! પવિત્ર કુમારિકા ! પ્રાતઃકાળમાં પેલા ફુલવૃક્ષમાંથી પુષ્પો ખરે છે તેમ નીકળતા પ્રવિત્ર શબ્દોથીજ હું કૃતાર્થ થયો ! પણ મહારે આર્શીવાદ કેવો ? !

પદ્મ—ખરે ! નહિંજ ! હું ભૂલી ! વૈરાગ્ય ! અહા તારો શો પ્રભાવ છે ? ! આપે જગત છોડયું, વાસના સર્વે છોડી ! ત્યારે આ બધું નિષ્કામ?

બ્રહ્મ—જો, પાછી; તું ઉતરી પડી ખરી ? !

પદ્મ—ક્ષમા કરજો ! આ જગતમાં બધા અસંખ્ય સંચા જોઉછું પણ મનનો સંચો ઘડવામાં ઇશ્વરે કંઇ અદ્ભૂત ચાતૂર્ય વાપર્યું છે.

બ્રહ્મ—ત્યારે એજ છેતો ! મનને કાબુમાં રાખવું એમ બોલીતો સૌ જાણેછે; પણ હજારમાંથી એકને પણ એવા-ઓનો અનુભવ નથી હોતો, સર્વ શાસ્ત્રોનો સાર એછે કે મનને આધિન આપણે ન રહેવું–મનને આપણા આધિન રાખવું–સંસારમાં હજાર જાતની વાસના થાય, તે વખતે આત્માને મનપર અંકુશ રાખવાની જરૂર પડે છે. ભર્તુહરીએ કહ્યું છે કે, ગળામાં પુષ્પનો હાર હોય, કે સાપ હોય; પણ બન્ને વખતે સમાનતા રાખવી; એનું નામતે મનપર અંકુશ.

પદ્મ—પણ એવો સજ્જડ અંકુશ રહે શીરીતે ?

બ્રહ્મ—મહાવરાથી; દરેક વાસના વખતે વિચાર કરવોકે "હું આ વિશ્વમાં અસંખ્ય ગ્રહોમાં પર્યટન કરનાર મુસાફરછું; આગૃહપર કેટલો સમય રહીશ તેનો નિશ્ચય નથી. નકામું કર્મબંધન કરીશતો મુક્ત થતાં વિલંબ લાગશે–ઉલટી અધોગતિ થશે. નિઃસ્વાર્થ બુદ્ધિએ પરોપકાર કરીશ તો ઉર્ધ્વગમન થશે." આવા આવા વિચાર દિવસના મ્હોટા ભાગમાં આવવા જોઇએ. દરેક કાર્ય કરતી વખત આ વિચારની છબી હૃદયભીંતે એવી રીતે લટકાવી મુકવી કે મનને અસંખ્ય વખત તે જોવાનો પ્રસગ આવે. જુલમ કર્યા વગર, મન જોડે મૈત્રી કરવી; તેને નાનું બાળક જાણી ધીમે ધીમે સન્માર્ગે દોરવું. 'જગત્ અસત્ય છે' એવું પળે પળ વિચારવું. ફક્ત સ્મશાનિયું જ્ઞાન ન રાખવું. અ-શાશ્વત્ સુખના લોભી ન થવું. સાત્વિકપ્રકૃતિ રાખી દરેક વિષયને શાન્તિથી તપાસી જોવો.

પદ્મ—ત્યારે ગ્રહસ્થાશ્રમમાં રહીને એમ થાયકે નહિ?!

બ્રહ્મ—ખુશીથી. મનને ઇશ્વર સ્મરણમાંજ ઐક્ય-

તાથી રોકવાનું ગૃહસ્થાશ્રમમાં પણ થાય. એકાંત સ્થાન, ઉત્સાહ, ઇત્યાદિ સાધનો તો જોઇએ. વૈરાગ્યથી આ બધો રસ્તો સુલભ થઇ જાય છે !

પદ્મ—પણ સુલભ રસ્તો લેવા કરતાં, કઠીન રસ્તો લઇ ફત્તેહ મેળવેનો તે અભ્યાસીની પ્રવીણતા વધારેને ? !

બ્રહ્મ—શાની વધારે ? ! એતો ઉલટી સંકુચિત બુદ્ધિ ! કારણ, એકલું મનનું ઐકય કરી, ભક્તિ કરવા મનને તત્પર કરવું, ને પછી ભક્તિ કરવી એટલામાં સર્વસ્વ આવી ગયું કે ? એટલાથીજ મોક્ષ નથી ! પછી જ્ઞાન સંપાદન કરવું જોઇએ. જ્ઞાન વિના ભક્તિ લૂખી !

પદ્મ—પણ મહારાજ ! ત્યારે, ધારોકે વૈરાગ્ય ધાર્યો, જ્ઞાન મેળવવાની સંપૂર્ણ તકનો લાભ લીધો, છતાં જો જ્ઞાન ન મળ્યું તો ? !

બ્રહ્મ—તો પછી પ્રારબ્ધનો વાંક !

પદ્મ—પ્રારબ્ધ શું ?

બ્રહ્મ—પ્રારબ્ધ એટલે 'નિર્ણય'. આપણાં અનેક જન્મનાં કર્મો—સારાંને નરસાં જેમ એક કોઠીમાં ઘઉં, બાજરી, ચોખા, ભરીએ તેમ—એક ખજાનામાં ભરાય છે; પછી જેમ એ કોઠીમાંથી મૂઠી ભરીએ, અને બધું ભેળસેળ થયેલું અનાજ હાથમાં આવે તેમ, પેલા ખજાનામાંથી સારાં નરસાં કૃત્યનું આપણું પ્રારબ્ધ બંધાય છે. આ જન્મમાં જે કરીએ તે પાછું એ ખજાનામાં પડે છે. આ જન્મનું કંઇ આ જન્મમાં ફળી મળતું નથી.

પદ્મ—વારૂ, ત્યારે ગ્રહસ્થાશ્રમમાં રહી જ્ઞાન માટે પરિશ્રમ કરે તો નિરર્થક જાય ? !

બ્રહ્મ—સૃષ્ટિમાં રહ્યા એટલેતો બધું અધારૂં સમજવું!

પદ્મ—એમ કેમ?! મ્હારાજ! આંધળો દીવાને સ્પર્શ કરે, તો પણ દાઝે ને દેખતો પણ દાઝે! અંધારે સાકર ખાય તોપણ ગળી લાગે ને અજવાળે પણ લાગે! જ્ઞાન માટે વૈરાગ્ય લેવાથીજ તક મળે છે, એ મનેતો મિથ્યાવાદ લાગે છે. સૃષ્ટિમાંનાં નિર્દોષને પવિત્ર સુખોની ઉત્પતિનું પ્રયોજન શું? અંતઃકરણ પવિત્ર હોયતો સ્થુલ દેહપર ભસ્મ ધારણ કરી તોયશું અને ચંદન ચર્ચિત કર્યું તોયશું?! કાયાને તપથી કષ્ટ આપ્યું તો પણ શું, અને મુખમલકે પુષ્પશય્યામાં લોટવા રજા આપી તો પણ શું? જનસમુહને વૈરાગ્ય લેવાનું સુચન કરિયેતો પ્રજોત્પત્તિની શી આશા?! એમ ભલે કહો, કે મનને ભાવે એવા સંજોગો મેળવવા યત્ન ન કરવો, પરંતુ, જેવા સંજોગો ઇશ્વરેચ્છાએ આવે, તેમાંજ સંતુષ્ટ રહેવા મનને કેળવણી આપવી. સુખ દુઃખમાં સમાનતા રાખવા મનને પરિચિત કરવું. પછી—

[બહુરિયો ભીલ પ્રવેશ કરે છે.]

બ્રહ્મ—ઓહો! બહુરિયો ક્યાંથી?! તને વળી આ સ્થળ કોણે બતાવ્યું?! ભાઇ, ક્યાંથી આવ્યો?!

બહુ—મહારાજ! પૂહેલાંતો કહો, મ્હારા પર હજુ વિશ્વાસ છેને?!

બ્રહ્મ—જે દિવસથી તેં મ્હારો જીવ બચાવ્યો છે; તે દિવસથી એક ભાઇ કરતાં અધિક હું તને ગણુંછું! બહુરિયા! તું મ્હારો બંધુ છે. આ મંડળમાં મદનસિંહના વિરૂદ્ધ ફક્ત આપણ બેજ છીએ! પણ વિશ્વાસનું શા માટે પૂછવું પડ્યું?!

બહુ—એટલા માટે કે મદનસીંહની જીંદગીનો અંત હવે પાસે લાગે છે!! તેમાં મારે તમારા પર વિશ્વાસની જરૂર છે, ને તમારે મ્હારાપર વિશ્વાસની જરૂર છે; કાંતો

જીવ જાય છે કે કાંતો આ બ્હારવટીઓ રેપલી માતાનો ભોગ થાય છે! કાળિચૌદસ ને દિવસે, અડધી રાત્રે, મડદાપર બેસી, કડોલ મહોલના નાળા પર વીરબાવજીની સાધના કરવાનું એણે વચન આપ્યું છે! બીજી બધી બાબતો પડતી મૂકી અડદના બાકળા કરવા સૌ મંડ્યા છે! તેલ, સીંદુર, લીલાં હાડકાં, છરીઓ, મશાલો, તરવાર, નગારાં, વગેરે તૈયારીઓ ચાલે છે!! માદળિયાંના દોરા ગુંથાયછે!

બ્રહ્મ—વારૂ, પણ આમ એને સમજાવ્યુંછે કોણે?!

બદુ—મેં!

બ્રહ્મ—પછી, એનું કારણ શું બતાવ્યું છે? લાલચ, શી આપી છે?!

બદુ—એકે એમ કરવાથીજ પદ્મકુમારી એનીપર પ્રસન્ન થશે!!!

બ્રહ્મ—શાબાશ! વારૂ, પછી, હવે, એ મરશે શી રીતે?!

બદુ—જુઓ, અડધી રાત્રે એ સાધના કરવા બેસશે. એક કલાક સુધી, મેં અગાઉથી યુક્તિ પૂર્વક તૈયાર કરેલાં ભૂતડાં વગેરે નચાડશે. પછી બધી મશાલો ઓલવી અંધારૂં કરશે. તે પછી પાસેના બંગલામાંથી જોર કરેલો, ૧૦ દિવસનો ભૂખ્યો વાઘ આવશે તેને એ ભેટવા દોડશે!

બ્રહ્મ—શા માટે?!

બદુ—મેં એને એમ સમજાવ્યુંછે કે "તમારૂં તપ પૂરૂં થયું જાણી, વાઘ આવે ત્યારે જાણવું કે માતા પ્રસન્ન થઇ! વાઘ ઉપર માતા બેઠેલી હશે, પણ તમે એને દેખી નહિં શકો. તમારે વાઘને દેખીને ડર્યા વગર એકદમ હાથમાં તરવાર લઇને એના સન્મુખ જવું! તે વખતે

મંત્ર બંત્ર કંઇ ન બોલવા, પણ " હે મારો ભોગ આ તર ફારથી, માતા" એમ બોલીને જવું. માતા પ્રસન્ન થશે, ને ઇચ્છિત કાર્ય સિદ્ધ થશે!"

બ્રહ્મ—પણ, આ બધું એણે કબુલ કર્યું?

બદુ–વ્યભિચારી વ્યભિચાર માટે એક દુષ્કર્મ પછવાડે બીજાં દુષ્કર્મ કરે છે. જીવને જોખમમાં નાંખેછે, ને અંતે મરે છે. આ લોકને પરલોકથી ભૃષ્ટ થાય છે. મદનસીંહ જેવા શું માથે ન લે?!

બ્રહ્મ—વારૂ, તું મને વહેલો કહેવા આવ્યો એ ઠીક કર્યું!

બદુ—હું આવ્યોછું બીજા કામ માટે!

બ્રહ્મ—શું?

બદુ—મને પૂછશો નહિં, મ્હારાથીતે નહિં કહેવાય! મ્હારાથી બોલાતું નથી! મને રસ્તે આવતાંજ સાપ કરડયો હત ને મરી જાત તો ઠીક થાત!

બ્રહ્મ—તથા પદ્મ—હાય! હાય! એવું શું છે?!

બદુ—હાય! આ બ્હેનનું જીવિત દુઃખી થયું!

પદ્મ—હેં! હેં એનો અર્થ શો?! હાય! હાય! ભાઈ, સ્પષ્ટ બોલશો?! મ્હારાથી સમજાતું નથી!

(બદુરિયો નિઃશ્વાસ મૂકી મૂર્ચ્છા આવવાથી હેઠે પડે છે.)

બ્રહ્મ—હાય! પદ્મકુમારી! બેટા! કંઈ મ્હોટી અણુધારી વિપત્તિ છે.

પદ્મ—પણ જાણવી શી રીતે? આતો! આમ પડી ગયો! એને બોલાવો! સાવધ કરો! મહારાજ! હું મુઝાઉંછું.

બ્રહ્મ—તથા—પદ્મ—(બદુરિયાને બોલાવે છે. બોલતો નથી.)

પદ્મ—(રડી પડે છે), મહારાજ! હવે મ્હારૂં ધૈર્ય ન-

થી ર્‌હેતું! ગમે તેમ કરો પણ એને ઉડાડો! મ્હારી એ ટલી ધરજ આફત હોયતો, એને આટલું લાગવાનું પ્રયોજન શું?! મને સમજાતું નથી કે આશું છે!

બ્રહ્મ—આ બહુરિયાને ને મ્હારે ફકત શરીરજ જૂદાં છે! અમે એકાંતમાં બેસી આખી રાત્રીઓ ગાળી છે!—

પદ્મ—પણ આપ એના સ્નેહી હોવ, પણ મ્હારેને એને શું?!—

બ્રહ્મ—બસ!ત્યારે હવે મ્હારે ક્‌હેવું પડશે! કુશળરામનો પણ હું સ્નેહી હતો ને છું—એ સ્વર્ગમાં છે, ને હું અહીંછું એટલોજ તફાવત! આ બાત બહુરિયો જાણે છે ઘણીવખત—

પદ્મ—અહો! મહારાજ! ઉપકાર થયો! હું મર્મ સમજી! પણ આને ઉડાડો! મ્હારૂં ધૈર્ય ડગે છે! ક્યાં સુધી રહે?!

પદ્મ—[ઉડાડવા પ્રયત્ન કરે છે. ઉડતો નથી.) પદ્મ કુમારી! હવે શું કરવું?!

પદ્મ—[બહુરિયાને ખૂબ આમ તેમ હલાવે છે-મડદા જેવો થઈ ગયો છે!]અરેરે!આ વળી વધારાની આપત્તિ! મહારાજ! આ જીવેછે કે મરીગયો!

બ્રહ્મ—સબુર!! સબુર!!! એ સવાલ પછી! પેલું એના ગજવામાંથી કાગળીઉં પડયું એ લેવાદે!

[વાંચે છે.)

"મ્હારા વ્હાલા હીરીયા,

"બહુરીયો, ચાલાક છે, પોતાના કાર્યમાં કુશળ છે,
"એ બધું ખરૂં" પણ અત્યાર સુધી મને એનો વિશ્વાસ તારા
"જેટલો નહતો. જયારથી એણે એના બાપ દાદાના વખત-
"નો ચાલતો આવેલો મંત્ર મને શીખવાડયો છે, ત્યારથી

"એનાપર મ્હારો વિશ્વાસ ચોટયો છે ! હા ! હવે મને પદ્મ-
"કુમારી મળશે ! એ પોતેજ લગ્ન કરવા પૂછતી આવશે !
"બહુરિયો એમ કહે છે ! ને બહુરિયો હવે મ્હારો થયો છે !
"કાળી ચૌદસ ક્યાં આઘી છે ! આ આવે !! પણ એટલામાં તો
"રોજ ભૂતોનાં ટોળાં મ્હારા સ્વપ્નામાં આવે છે ! બાપડાં
"પગે લાગે છે ! વાહ, ફત્તેહ !

"મ્હારા ભગવાન્ની ! લાલસિંહને ગુલાબસિંહને દોઢસો
"દોઢસો મ્હોર ઇનામની આપજે ! પણ એ ગલબાને ચેત-
"વજે કે જરા માણસ થાય ! હું તો હવે આ "સમાધિ"માં
"રોકાયો છું. ભોળા ! "રૈપસી" માતકી જે !! હાથ છૂટા
"રાખજે—પણ કામ સાધજે—ડરીશ નહિ—વિબુધનગરનાં અ-
"બોધશંકરને તેની વહુને ઠારકર્યાં, તેમાં પુષ્કળ દ્રવ્ય મ-
"ળ્યું છે અને—

પદ્મ—હાય ! હાય !! કાકા !! કાકી !! મ્હારી વ્હાલી
કાકી !! ઓ સુમતિગવરી ! પવિત્ર આર્યા ! સતી ! મ્હારી
માતા !! હાય ! તું મરી ગઇ ! માણેકઠારી પૂર્ણિમાને દી-
વસે મને ભવનમાં મોકલીને પાછી નહિ મળે ?! તને દુષ્ટ
મારી ! હાય ! ભવનમાં મોકલતાં તેં મને વસ્ત્ર પ્હેરાવ્યાં
છેને !! કાકી ! આપણો સમાગમ પૂરો થયો ?! અરરર—

બ્રહ્મ—બ્હેન ! આતો હવે તો એથી પણ માઠા સ-
માચાર આગળ છે ! ભાનુશંકરના પવિત્ર શરીરને પણ એ
દુષ્ટે—નથી રહેવા દીધું ! ભાનુશંકર હવે સૃષ્ટિમાં નથી!!!

પદ્મ—બસ !! ભાનુશંકર ! સંસાર પૂરો થયો ?!
હાય ! મ્હારો ભાનુ અસ્ત થયો ! તે સાથે હુંપણ અસ્ત
કેમ નહિ થાઉં ?! સંસાર ! કટુત્વ સરિતા ! છોડ મને !
મદનસીંહે મને પૂરી કરી હતતો ઠીક થાત ! અરે ! આ-
વા વિદ્વાનનું આમ મરણ ! કાકી ! મને દિલાસો આપવા

પણ ન રહ્યાં ! કાકા ! પ્રારબ્ધ વાંકું, તમે શું કરો !! પ-ણ હવે ?! થઇ રહ્યું ? ત્રણે સાથે ?! મ્હારા વગર ત્રણે-જણ શી મસલત કરશો ? પદ્મકુમારીની ત્યાં જરૂર ન પડે ?!—

બ્રહ્મ—પદ્મકુમારી ! આ બદુરિયો આવ્યો તે ફુકે-લાનાજ તારા શબ્દો જો સંભારે તો બસ છે. "સુખ દુ-ખમાં સમાનતા રાખવા મનને પરિચિત કરવું"—હજુ બરોબર ખબર તો મેળવવા દે ! પ્રારબ્ધ આપણને દોરશે કે આપણ પ્રારબ્ધને દોરીશું ? જો, હજુ એના ગ-જવામાં કંઇ કાગળ જણાય છે. આ બે કકડા રહ્યા! પણ અધુરા છે ! કોઇએ ફાડી નાંખેલા છે !

(વાંચે છે.)

"ભાનુશંકરનું આમ થયું તો ઇશ્વરેચ્છા ! હું એનો
"કાકોછું ને મને સંપૂર્ણ સત્તા છે. એના કરતાં અહીં પો-
"કળપુરમાંથીજ કોઇ ઉત્તમવર શોધી એનું લગ્ન કરીશ."

પદ્મ—હાય ! આ મ્હારા કાકાશ્રીના અક્ષર ! વિધી! હવે હું હારી—

બ્રહ્મ—હવે આજે:—

"મનની બધી મનમાં રહી, આ જીંદગી પૂરી થઇ !
"પુરભાદ્રપદમાં સ્નેહસરિતા શુષ્ક થઇ ચાલી ગઇ !
"સુખમાં રહેલાં તે પડયાં દુખી પ્રાણિયોના વર્ગમાં !
"વાંકી વિધીએ ભૂલવ્યાં, મળિશું હવે પ્રિયા સ્વર્ગમાં!!

(બન્ને રડી પડે છે.)

પદ્મ—હા—ય ! ! આ અક્ષર—આ ઉદ્ગાર—દગ્ધહૃ-દય ભાનુશંકરના !!...મળીશું હવે...પ્રિય...સ્વર્ગમાં ! મળી શું...હવે...પ્રિય...સ્વર્ગમાં; વાંકી વિધીએ ભૂલવ્યાં...મળી શું...હવે...પ્રિય સ્વર્ગમાં ! !

બ્રહ્મ—પદ્મકુમારી ! સંસારનો ત્યાગ કર્યા છતાં હું આ એક બાળક પેઠે રડું છું તો તારી શી ગતી ? ! આ હૃદયાર્દ્ર બનાવ જોવાનું પણ મ્હારા નસીબમાં લખેલું ! !

પદ્મ—કાકા ! કાકી ! ! હાય ! બધું કુટુમ્બ નષ્ટ થયું ! ભાનુશંકર ! ગયાજ ? ! !

સુખ માંહિ ઉછરીને રમી સખિયોની સાથ હળીમળી!
ધર્યું અધરપર અમૃત પવાલું ઘડિકમાં ચાલ્યું ઢળી ! !
છે પલકનોજ પ્રસંગ; દીસે યુગ સુધી સાથે રહ્યાં !

° ° ° ° ° ° ° ° ° ° ° °

પણ તમે કહોછો તેમ—

વાંકી વિધીએ ભૂલવ્યાં ! મળીશું હવે પ્રિય સ્વર્ગમાં !!
મળીશું ? ! મળીશું ? ! મળશો ? !

બ્રહ્મ—પદ્મકુમારી ! વિધી આગળ કોઇ ડાહ્યું નથી! તું સમજુ છે. ઘડી પહેલાં વેદાંત વિષય પર ચર્ચા ચલાવતી હતી, એ ભૂલી જાય છે ? આ સંસારમાં કોઇ કોઇનું નથી. નદીના પૂરમાં તણાતાં લાકડાં,પાણીમાંનેપાણીમાં ભેગાં થાય છે, ને પાછાં જુદાંએ પડે છે. તેમ આ મહાસંસારપૂરમાં કોઈ વખત આપણ મનુષ્યો પણ ભેગાં થઇએ છીએ, ને વળી જૂદાં પડીએ છીએ ! પૂર્વજન્મના સંબંધને લીધે સગાં રૂપે કે સ્નેહી રૂપે આ સૃષ્ટિમાં જન્મ લઇએ છીએ. માતા, પિતા, પુત્ર, ભાઇ ભાંડુ, સ્ત્રી, પતિ, એ સર્વ આ સૃષ્ટિમાંનાંજ માત્ર નામ છે—એ બધાં અમુક જાતનાં સંબંધી છે. કાર્ય પૂરૂં થયે સર્વ રસ્તે પડેછે! તું જ્ઞાની છે, સમજુ છે. કોઇપણ સ્નેહીના મરણથી આમ બ્હીવું, કાંપવું, કલ્પાંત કરવું એ જ્ઞાનમાં દૂષણ છે; અસત્ય સંસારને સત્યરૂપે માનવાની મૂર્ખાઇ છે; જ્ઞાન સંપૂર્ણ નથી થયું ત્યાં સુધીનીજ માત્ર ભ્રમણા છે; જગતમાં નામ

માત્રનો નાશ છે. મ્હોટા મ્હોટા-મહાત્માઓ, મહારાજાઓ, મહા પુરૂષો, કાળને શરણ થઇ ગુમ થઇ ગયા છે—નામ સ્મરણ માત્ર શેષ રહ્યું છે. માટે, આ કલ્પાંત છોડીદે•! ઇશ્વર સ્મરણ કર! હવે શું કરવું, ક્યાં જવું એ વિચાર કર! દુષ્ટ મદનસીંહ પાછો આ જગ્યાપર કદાચ આવી પૂ-હોંચે તે પૂર્વેતાં આ પોકળપુરની સીમ બ્હાર જવું ઉચિત છે. સાવધ થા! આપણું ઠેક નિર્ભય નથી!

(બહુરિયો સાવધ થાય છે.)

બ્રહ્મ—ઠીક, થયું ભાઈ, બહુરિયા! ઉઠ! સવિસ્તર ક્હે!

બહુ—(ઉઠે છે.) બજો મ્હારો આવનાર! મ્હારાથી આ બ્હેનનાં આસુ જોવાતાં નથી. વિસ્તાર કરવાનું ના ક્હેશો.

બ્રહ્મ—ઠીક—ઘડી પછી કહેજે! પણ હવે અહિંથી નાશી છૂટવું ઠીક છે. મદનસીંહ આવી ચઢેતો વળી વિશેષ દુઃખ—

બહુ—આટલે સુધી ન આવે હો! રસ્તાથી આઘા છીએ. હવે ફીકર ન કરશો.

બ્રહ્મ—તોપણ ચેતવું એ સારૂં છે. કેમ પદ્મકુમારી?!

પદ્મ—મ્હારે મનતો હવે બધું સરખું છે!! લૂટાયાં પછી લો કેવો?!! હાય! હાય! બધું ગયું! સર્વસ્વ નાશ! કોઇ દુહાડો હવે વાત નહિ થાય?! પણઃ—

"મળીશું..હવે પ્રિય! સ્વર્ગમાં" એ યાદ રાખીશ! સત્યવાદી પુરૂષ! આ વાક્ય ના જાય! કોણ બોલે છે?! પ્રત્યુત્તર નહિ મળે?! ભાનુશંકર! હતો!

બ્રહ્મ—બેટા! હવે જરા સાવધ થા! આ ઝરામાં સ્નાન કરી આપણુ આગળ વધીએ. વિષ્ણુનગર ગયા પછી વાત! કેમ બહુરિયા!

બહુ—હું ધારતો નથી કે બ્હેનથી ચલાય! હું કહું તેમ કરો ! તમે સ્નાન કરશો એટલામાં હું બંગલામાં જઈ તબેલામાંથી એક ગાડી જોડી લાવું-મદનસીંહ છે નહિં-ની હમણાં આવશે પણ નહિં. ગભરાશો નહિં. મારે જરા દૂર જવાનું છે ખરૂં, પણ આવતાં ગાડી દોડાવતો આવીશ ! તે વિના જલદી નહી પ્હોંચાય!

બ્રહ્મ—એ વાત પણ ખરી લાગે છે. ચાલવાનું હજુ ઘણું છે; ને આપણ નિરાધાર છઈએ. ભાઈ, જા ! સત્વર આવ ! બ્હેન ! ચાલો આપણ સ્નાન માટે ! બહુરિયા ! જો જે ! ત્વરા કરવાની છે.

(બહુરિયો ગાડી લેવા જાયછે.)

બ્રહ્મ—ચાલ, બેટા ! હવે આપણ આશ્રમમાં જઈએ !

પદ્મ—(પાછી રડી પડે છે) મહારાજ! મારો પગ નથી ઉપડતો ! હું શું કરૂં છું ! હાય હાય ! હું છેક નીરાધાર થઈ !

બ્રહ્મ—તારી પાસે જ્ઞાન છે; નિરાધારનો ઇશ્વર એક મ્હોટો આધાર છે; હવે કુશળરામનો હું સ્નેહી માટે મને તું કુશળરામજ સમજજે ! હું હવે અબોધશંકર ! હું સુમતિગવરી ! હું કુશળરામ ! હું ત્રણે જણ ! બેટા ! અમારો સ્નેહ તને ખબર નથી, ત્યાં સુધી કંઈક તને ભિન્ન ભાવ રહેશે. અમે ઘણા દિવસ જોડે રહી એક એકના સુખ દુઃખના ભાગીઆ થયા છીએ. જવા દે ! એ સ્મરણથી હું બહુ દુઃખી થઇશ ! બેટા ! આતો છેક કિનારે આવેલું વ્હાણ ડૂબી ગયું !! અમૃતમાં ઝેર ભળ્યું ! પણ તું હજુ છૂટી છે ! લગ્ન નથી થયું ! હું પિતા બેઠો છું! છેક નિરાધાર નથી !

પદ્મ—હવે લગ્ન ?! હવે સંસાર સુખ ?! હવે પ

રણનું ? ! કોની જોડે ? ! નહિં ! નહિં ! મહારાજ ! પિતાશ્રી ! નહિં બને ! હવે સંસાર ! તને છેલ્લા પ્રણામ ! ગૃહસ્થોનાં સુખો ! તમારી હયાતિનો અનુભવ આ સૃષ્ટિમાં આવી મેં લીધો નથી—હવે લેવો પણ નથી—હું તમને ઓળખતી નથી—ઓળખીશ નહી ! હવે બધું સ્વર્ગમાં—સત્યવાદી પુરૂષનું મારી પાસે વચન છે આ રહ્યું—

"મળીશું....હવે....પ્રિય!....સ્વર્ગમાં" ! હવે તો ફક્ત ત્યાં જઇ મળવાની વાટ જોવી ! ત્યાં સુધીમાં અહીં—

વિદ્યા ભાસી—યોગાભ્યાસી !!
રહીશું જગતમાં સદા ઉદાસી !
સદાનિરાશી દરશન પ્યાસી !
વ્હાલાને મળવા જવું નાસી !
ભસ્મવિલેપન ! કષ્ટ સહી તન !
કાઢીશ ચેતન ! મળવા પ્રિયજન !
ધ્યાન ધરીને, સ્મરી સ્મરીને
પત્રનું લેખન ચલાવશે મન !!
સ્વરગ કિનારે બેસી રહેજે !
મૃત્યુ કિનારે મુજને જાજે !

વચમાં મોટો મરણ અખાત !!! વિરહરજનીનું થતાં પ્રભાત !!! દઇશ હાથ માંહિ મુજ હાથ ! !

સંકટ સહજે, ધીરજ ધરજે,
ચિંતાભાર બધો પરહરજે !
રહિશ નહિં અહિં હું ગફલતમાં,
તુજ સ્મરણ તણી પડીશ હું લતમાં !
ભલે ખપીશ હું બધે ભગતમાં !
તદપિ સાચવીશ શિયળ જગતમાં !!
લગ્ન નથી થયું, કાંઈ નથી ગયું !
સ્નેહ થયે, નહિં બાકી કંઈ રહ્યું ! !

મરણથકી એ અધિક થયું ! મન સાથે મન નાશી ગયું !!

ભલે કુમારી, ભલે હું વિધવા !
હૃદય લગનથી દીસે ભર્યું ! !
મન બીજાનું-સ્થૂલ બીજાનું ! !
નીતિ વિવેકને ન્યાય વિનાનું !
બળ્યું પરણવું, ધિક સંસાર !
સમજે તેને એ સુખ શાનું ? !

બ્રહ્મ—જવા દે પદ્મકુમારી ! સમય દુખ ભુલવશે ! ઘા રૂઝવશે !

પદ્મ—કોના ઘા રૂઝવશે ? કેમ ભુલો છો ? આવા ઘાનાં ઓસડ થતાં નથી ! એક મરણ ઓસડ છે. ત્યાં સુધી—

ભર જંગલમાં, પર્ણકૂટીમાં,
સ્નાન કરીને, ભસ્મ ધરીને;
સ્નેહી તણી માળા ધરી કરમાં,
સ્મરીશ હવે હું ફરી ફરીને ! !
પત્રનું આસન, પત્રની શય્યા !
વનસ્પતિ આહાર કરીને !
મન દુરબીનને ગોઠવી ઉંચે,
સ્મરીશ હવ હું ફરી ફરીને !!
પ્રેમ પગથીએ પુરૂં ચડે તે !
કહો પાછું શી રીતે ઉતરે તે !
સિંહ ગુફામાં શયન કરે તે !
જીવનઆશ ઉર કેમ ધરે તે !!
પ્રેમપૂરનાં મ્હોટાં મોજાં !
તેની માંહે ચાલી તણાઇ !
મરણ નાવ વિણ નાવ ન દીસે
આર્ય નીતિતો એજ જણાય !!

બ્રહ્મ—જો, આ નિર્મળ ઝરાની સામીબાજુ પેલા બાવાઓનું ઝુંડ ! ! છે કંઇ એમને દુનિયાની દરકાર?! આ-

તો ગ્રહસ્થાશ્રમીઓને ઉપાધિઓ હોય ! ચાલ, બેટા.

પદ્મ—હા—ય ! વૈરાગ્ય ! પણ, "મળીશું હવે..પ્રિય ...સ્વર્ગમાં;" તેનું શું ? !

(ઝરા આગળ પહોચે છે;)

બ્રહ્મ—આહા ! શું નિર્મળ પાણી ! ! બ્હેન, દુઃખી ગ્રહસ્થામીઓને ચિંતાગાંથી મુક્ત થવાનું જાણે આ રમ્ય સ્થળ—

પદ્મ—આ પાણી જેવું સ્વચ્છ એમનું અંતઃકરણ હતું ! ! હા—ય !


બ્રહ્મ—બ્હેન, ચાલ; સ્નાન કર ! પેલા સાધુઓ ગાય છે, તેમાં મન પોરવ ! જો, પેલાના હાથમાં સારંગીછે!!

સાધુઓ—તું....તું....તું....તું....આ....આ....

"જમકા અજબ તડાકાવે, તું કયા જનને લડકાવે !
"નવબી મરગયે દસબી મરગયે મરગયે ઝંડા જોગી..
ઈ...ઇ...નવબી.
"જપીતપી સંન્યાસી મરગયે (૨) મરગયે વૈદને રોગી
...અરેહાં મરગયે.. જમકા...
"તું....તું....તું....તું....આ...આ....આ....
"મેં તો સંગ ચલુંગી.....જી.....ઈ....ઇ....
"પ્રારબ્ધકી ગત ન્યારી—ઓધવજી—પ્રારબ્ધ......
"બગલેકુ રૂપ અનુપ દીયોહે—કોયલ કર દીનીકારી...ઈ.....
"પતિવ્રતાનાર વાંઝણુ કરડારી—ના—ભુંડણુ જન જણુ
નારી...ઓધવજી....ઇ....

પદ્મ—પ્રાબ્ધ ! પ્રારબ્ધ ! !

બ્રહ્મ—ઈશ્વર સ્મરણ કરી સ્નાન કર ! બહુરિયો આવતો હશે. ચાલ ! (સ્નાન કરવા ઝરામાં ઉતરે છે.)



ધી કાઠીયાવાડ કો. ઓપરેટીવ સોસાઈટી લીમીટેડ.

વઢવાંણ કાંપ.

જીંદગીનો વીમો ઉતારનારી કંપની.

(રજીષ્ટર થઇ છે.)

અમારી તરફથી સદરહું કંપની કાઠીયાવાડમાં પહેલવહેલી સ્થાપવામાં આવી છે. જેમાં નગરશેઠ તથા હાઈકોર્ટ વકીલ વીગેરે ડાયરેકટરો છે. માસીક ફી જુજ છે. ત્રણ વર્ગ રાખેલા છે. જેથી દરેક માણસ લાભ લઈ શકે તેમ છે. મેમ્બરોના માટે લાભકારક ધારા ગોઠવ્યા છે. મેમ્બર ગુજરી ગયા પછી તેના વારસને દરેક કંપની તરફથી મોટો લાભ મળે છે. જે લાભ આ કંપની તરફથી પણ મળે છે. પણ વધારે નવાઇ જેવું એ છે કે ત્રણ ત્રણ વર્ષે ફાળાના લાભ મેમ્બરને તેમની હયાતીમાં પણ મળે છે. તમે દરેક કંપનીના પ્રોસપેકટસ વાંચેલ હશે તેમ આ કંપનીના પ્રોસપેકટસ પણ નીચેના સરનામે લખી મંગાવી એક વખત ખાત્રી કરસો. મેમ્બરોની સંખ્યા વધતી જાયછે. નામ નોંધાવો.

મેસર્સ જગજીવન મુલચંદ એન્ડ કંપની.

સેક્રેટરીઝ એન્ડ મેનેજર્સ.

નીચે લખેલા શહેરોને ત્યાં પૂછવાથી આ પુસ્તક (શીલીકમાં હશે તો) મળશે.

મુંબાઈ...... એન. એમ. એન્ડ કંપની.

" ...... શા. શા. લીલાચંદ શંભુરામ [illegible].

" [illegible] [illegible] [illegible] [illegible] [illegible] રોડ, [illegible] [illegible].

વડોદરા...... એન. એમ. એન્ડ કંપની.

અમદાવાદ...... મી. [illegible] ખુશાલભાઈની કંપની.

નડીઆદ...... શા. શા. [illegible] [illegible].

[illegible] [illegible].

[illegible]...... શા. શા. [illegible] [illegible] પરીખ.

[illegible]...... શા. શા. [illegible] [illegible] [illegible] [illegible].

[illegible] [illegible].

શા. [illegible] [illegible] [illegible] [illegible] [illegible].

મોરબી...... શા. શા. [illegible] લીલાચંદ [illegible].

તે સિવાય જાણીતા પુસ્તકસેલરોને ત્યાં મળશે.